
પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સળંગ અંક
૮૮૪

સંસ્થાપક : ર. મ. રા.
તંત્રી • ધીરુ પરીખ

ઑગસ્ટ ૨૦૦૧
વર્ષ ૭૪મું



રવીન્દ્રનાથ ઠાકુરની એક કલાકૃતિ, જેમાં ઉપર ડાબેથી જોતાં મનુષ્ય-આકાર જણાય છે અને ઉપર જમણી તરફ તથા નીચે મધ્યમાં જોતાં પક્ષી- આકારો જણાશે; પણ આ આકારોની ઓળખ કરતાંય વધુ તો આસ્વાદ્ય છે રવીન્દ્રનાથનું લયપૂર્ણ રેખાંકન



ઇન્દુમતી - વિલાપ, ૧૯૬૨]

[વાસુદેવ સ્માર્ત

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૪મું

અંક ૮

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પૉસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૮૪

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા બહાર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ : ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫ - ૦૦

વાચકો લખે છે

'કુમાર' જૂન ૨૦૦૧ના અંકમાં માર્ગરેટ સેંગરનું જીવનચરિત્ર છાપવામાં આવ્યું છે. કુટુંબ-નિયોજન અને સંતતિનિયમનની બાબતમાં પશ્ચિમના દેશોમાં એમણે એ વિષયમાં કરેલાં કાર્યોથી વાચકોને માહિતગાર કરે છે. તે વખતના રૂઢિચુસ્ત સમાજમાં એમણે બતાવેલી હિંમતની કદર કરવી જ રહી.

લગભગ તે જ સમયે આપણા દેશમાં એ જ વિષય પર મહર્ષિ કર્વે કામ કરતા હતા. આપણા દેશમાં કુટુંબનિયોજન પર કામ કરનારી એ પહેલી જ વ્યક્તિ હતી. સંતતિનિયમન શબ્દ પણ આપણા દેશને એમણે જ ભેટ આપેલો છે.

એમના જીવન વિષે 'ધ્યાસ પર્વ' નામનું મરાઠી ચિત્રપટ શ્રી અમોલ પાલેકરે મહારાષ્ટ્ર સરકારની આર્થિક મદદથી બનાવ્યું છે, જેને આ વર્ષના શ્રેષ્ઠ મરાઠી ચિત્રપટનું ઇનામ પણ મળેલું છે.

ફિલ્મમાં માર્ગારેટ આપણા દેશની મુલાકાતે આવેલાં ત્યારે શ્રી અને શ્રીમતી કર્વેને તેમના ઘરે મળવા અને અભિનંદન આપવા આવે છે, જેનાથી કર્વેદંપતી પ્રોત્સાહિત થાય છે, એવું બતાવવામાં આવ્યું છે. 'કુમાર'માં આવેલા ચરિત્રમાં તેવો ઉલ્લેખ નથી.

એક જિજ્ઞાસુ વાચક તરીકે બેમાંથી સાચી માહિતી શું છે તે જણાવશો તો ગમશે.

માર્ગરેટ ભારતમાં આવે અને એના જેવું જ કાર્ય, એના જ વિષયમાં અને એના જેવા જ સંજોગોમાં કરતાં કર્વેદંપતીને ન મળે એ માનવામાં આવતું નથી.-શરદ દેસાઈ (મુંબઈ)

*

'કુમાર'ના જૂન ૨૦૦૧માં 'વાચકો લખે છે' વિભાગમાં સુરતના રમેશભાઈ શાહનો રજનીભાઈ પંડ્યાના અગાઉના લેખનો પ્રતિભાવ આપેલો છે તેમાં તેમને હિન્દી ફિલ્મના જૂના ગાયક કે.સી.ડે.એ ગુજરાતી ગીતો ગાયેલાં છે જેમાંનાં બે અલભ્ય ગુજરાતી ગીતો તેમની પાસે છે તેની પૂરી વિગત પણ આપી છે. તે નોંધનીય તેમજ પ્રસંશનીય છે. તેમજ તેમને તે ગીતો લોકો સાંભળે તેવી ઇચ્છા પણ વ્યક્ત કરી છે. જો તેઓ શ્રી કેન્દ્ર નિયામક, કંકૂનો સૂરજ, આકાશવાણી, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯ પર પત્રવ્યવહાર કરશે તો આ ગીતો દર મંગળવારે સવારે ૮-૩૦ વાગે જૂની ગુજરાતી ગ્રામોફોન રેકર્ડનો કાર્યક્રમ 'કંકૂનો સૂરજ' પ્રસારિત થાય છે તેમાં આ ગીતો તેઓ જરૂરથી સંભળાવશે. તેનો લાભ ઘણા સંગીતપ્રેમીઓને થશે. 'કુમાર' માસિક દ્વારા થયેલું આ કાર્ય તંત્રીશ્રી અને તમારા માટે ખૂબ જ યાદગાર બનશે. -ભીખુભાઈ એચ. પરમાર (આણંદ)

*

'કુમાર' જૂન'૦૧ અંકમાં ગો.પુ. મકવાણાનો લેખ 'ભૂચર મોરીનું યુદ્ધ' માહિતી થી સભર અને રોમાંચક રહ્યો. પ્રસ્તુત લેખમાં યુદ્ધનું વિશ્લેષણ વેધક બની રહ્યું છે. આ યુદ્ધપ્રસંગ સંબંધિત મૂલ્યાંકનો વિશે જાગરુકતાનો અભાવ પ્રવર્તે છે. ત્યારે વિશેષ માહિતી આપવાની કે...

છેલ્લાં સાત-આઠ વરસથી 'ગુજરાત રાજપુત યુવા સંઘ' નામની સંસ્થા ભૂચર મોરીના યુદ્ધના શહીદોને 'શ્રદ્ધાંજલિ કાર્યક્રમ' ભૂચર મોરી રણમેદાનમાં જ પ્રતિવર્ષ યોજે છે. શ્રાવણ વદ સાતમને દિવસે સૌરાષ્ટ્રનો રાજપુત વર્ગ તેમજ અન્ય જ્ઞાતિના સેંકડો લોકો આ કાર્યક્રમમાં હાજર રહી યુદ્ધવીરોને ઉચિત શ્રદ્ધાંજલિ અર્પે છે. ભૂચર મોરીના આ રણમેદાનમાં યુદ્ધમાં ખપી ગયેલા વિવિધ કોમના શહીદવીરોનું 'કાયમી સ્મારક' રચવાની યોજના પણ ગુજરાત રાજપુત યુવા સંઘે હાથ ધરી છે.

-આર.પી. જાડેજા (અમદાવાદ)

હાલમાં નાગાલૅન્ડના આંદોલનકારો સાથે કેન્દ્ર સરકારે કરેલી સંધિના પરિણામે મણિપુરમાં તોફાનો થયાં છે. નાગ લોકો પ્રાચીન સમયથી સરહદી રાજ્યો માટે સમસ્યાઓ સર્જે છે. આઝાદી પછી ભારતે દાયકાઓ સુધી તેમનો સામનો કરવો પડ્યો છે. નાગ લોકોનો ઇતિહાસ, સંસ્કૃતિ, સભ્યતા વગેરે સમજવા માટે જૂન ૨૦૦૧ના 'કુમાર'માં પ્રગટ થયેલ 'નાગાલૅન્ડ' વિશેનો લેખ ઘણો ઉપયોગી છે. ઈશાન ભારતના સીમાવર્તી વિસ્તારોનાં લોકોને દેશના મુખ્ય પ્રવાહમાં વિલીન કરવા જતાં ત્યાંની વિવિધ જાતિઓ, અલગ બોલી, રિવાજો, પરંપરાઓ સચવાય તે પણ અનિવાર્ય ગણાય. એ જાતિઓ વિષે લોકો વધુ માહિતગાર થાય તે માટે આવા લેખો આવશ્યક છે. -રમેશ પરીખ (અમદાવાદ)

*

'કુમાર'નો એપ્રિલ, ૨૦૦૧નો અંક ખાસ્સો સમૃદ્ધ છે. સૂર્યમાં વસતી સુન્દરી દીપ્તિમાન છે. 'કુમાર' ગોળાકાર સંજ્ઞા મોહક છે. ૧૯૯૮-૯૯-૨૦૦૦ના ધનજી કાનજી સુવર્ણચંદ્રક ધારકો સર્વશ્રી મનહર મોદી, યોગેશ જોષી અને ડૉ. રમેશ શુક્લને માધુકરીનો વૃત્તાંત સુપેરે નાણે છે. કલાગુરુ શ્રી રસિકલાલ પરીખને યથાયોગ્ય બિરદાવવામાં આવેલ છે. (અમે લઘુ સંપુટ ધરાવીએ છીએ.) ધન્યવાદ !

'કુમાર' વાસ્તવમાં પૂરા પરિવારનું સવલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. અફસોસ એટલો કે જાન્યુઆરી ૧૯૨૪માં પ્રથમ અંકની પ્રત છસો, જ્યારે આજે ૭૪ વર્ષે માત્ર પાંત્રીસસો પ્રત. વર્ષો પૂર્વેનો ચં.ચી.નો પુણ્યપ્રકોપ છે કે ગુજરાતી 'ભાયડો' હોટેલમાં એક વખત પરિવાર સાથે ભોજનમાં જે રકમ ખર્ચે છે તે રકમ સામયિકનાં વાર્ષિક લવાજમ માટે ખચશે નહિ. અમેરિકામાં તો ગ્રાહક પુરુષ યા મહિલા ફૂડ સ્ટોર્સમાંથી ખરીદી સાથે અવશ્ય સામયિક યા પેપર-બૉક પુસ્તક ખરીદે. -વી.બી. ગણાત્રા (મુંબઈ)

સુધારો

જુલાઈ ૨૦૦૧ના અંકમાં પી.જી. કડીવારની લઘુકથા 'સુખ'માં કમ્પ્યૂટરની ક્ષતિને કારણે છેલ્લું વાક્ય અધૂરું રહી ગયું છે તે આ પ્રમાણે ઉમેરી પૂર્ણ સમજવું : 'જોઈ એમને થયું કે, ખરેખર સુખ તો ફોટામાં મઢાઈ જવામાં જ છે.'

સૉનેટદ્વય/ ભગવતીકુમાર શર્મા

(મંદાક્રાન્તા)

જન્મદાત્રીનો પુનર્જન્મ]

રેઢાં, સૂનાં પડી-લડી રહ્યાં રિક્ત આકાશિકાએ
માટી-કૂંડે તુલસી કદી જે મ્હોરતાં'તાં ઘણેરાં.
વર્ષા, વાયુ, ધખધખ થતો સૂર્યનો તાપ તીખો,
પંખી-ચાંચો ઠક ઠક કરી ઠોલતી પર્ણ લીલાં;
કિન્તુ માતા નિયમિતપણે સીંચીને વારિધારા
સાંજે દીવો કરી તુલસીને રાખતી છમ્મ લીલાં.

માળે મીંચ્યાં નયન નિજનાં શાશ્વતી નીંદ કાજે
તેના પ્હેલાં તુલસીદલ બે એ જ કૂંડેથી લાવી
મૂક્યાં'તાં મેં જનની-મુખમાં કંપતે હાથ-હૈયે,
અશ્રુભીનાં દંગ-હૃદયથી પ્રાર્થના સદ્‌ગતિની
કીધી, કિન્તુ તુલસી હૃદયેથી પછી વીસરાયાં,
ભીનાં, શીળાં જતન વિણ વૃન્દા બહુ સોસવાતાં,
વર્ષો કેડે જળ તુલસીને સીંચું એ માટી-કૂંડે,
મારામાં હું અનુભવું ફરી જન્મતી જન્મદાત્રી !

[લીલો વારસો

કોઈ દી' તો ઘડી મરણની ઢૂંકશે મારી પાસે
ધીમે પાયે, ગુપચુપ મને ઝાલશે કાંઠલેથી,
શ્વાસો મારા છટપટી જશે છૂટવા ખોળિયેથી,
આંખો ઝાંખી નિમિલિત થવા લાગશે મૃત્યુસ્પર્શે :
ચિન્તાઘેર્યાં સ્વજન ધ્રુસકાં રોકી રાખી પરાણે
ગીતાશ્લોકો ગદગદ સ્વરે બોલશે; કોઈ દીવો
પેટાવીને લઘુક મૂકશે, જાહ્‌નવીતોયબિન્દુ
લાવે કોઈ, તુલસીદલ કાજે જશે કો' અગાશી.
માટીકૂંડું હજી પડ્યું હશે માતથી ઊછરેલાં
વૃન્દા સાથે ? તુલસીદલ બે મૃત્યુની સંનિધિએ
મૂક્યાં માએ જનક-મુખમાં, એ પછી મેં ય મૂક્યાં
બોખા ફિક્કા જનની-મુખમાં ધ્રૂજતે હાથ-હૈયે.
મારા મૃત્યુનિકટ મુખમાં મૂકશે કોઈ લાવી
એ છોડેથી તુલસીદલ - કે વારસો છમ્મ લીલો ?

<u>સૉનેટદ્વય :</u> પ્રથમ સૉનેટ 'જન્મદાત્રીનો પુનર્જન્મ'માં કાવ્યનાયકની માતા આંગણામાં તુલસીનો છોડ જતનથી સીંચી સીંચીને ઉછેરતી હતી તે જ તુલસીદલ મૃત માતાના મુખમાં મૂકવાની વેળાનો સ્થિતિફેર કારુણ્ય જન્માવે છે, તો અંતે જતાં એ જ તુલસીને નાયક જતી ઉંમરે પાણી સીંચી ઉછેરે છે ત્યારે પોતાનામાં પોતાની સદ્‌ગત માતાનો પુનર્જન્મ થતો અનુભવે છે. 'ધખ ધખ થતો સૂર્યનો તાપ તીખો', 'ઠકઠક કરી ઠોલતી' જેવા પંક્તિખંડોમાં ઇન્દ્રિયગ્રાહ્ય ચિત્રો ખડાં કરાયાં છે તે અનુભવી શકાશે. વળી, બીજા સૉનેટમાં આરંભની દસ પંક્તિઓ મૃત્યુક્ષણનું પારંપરિક વાતાવરણ રજૂ કરી કાવ્યનાયક પોતાના ભાવિ મૃત્યુની ક્ષણે આ જ રીતે કોઈ તુલસીદલ પોતાના મુખમાં મૂકશે ત્યારે તે લીલાં છમ્મ વારસો મૂકવાનું ઇંગિત બની રહેશે એવો પ્રશ્ન કરી તુલસીદલના સહારે સાંસ્કૃતિક વારસાનો જિકર કરાયેલી માણી શકાશે. <u>ઉઘાડ જ્યારે નીકળે ત્યારે :</u> ઉઘાડ અને અન્ધકાર, જંગલ અને રણ જેવા વિરોધો રચી વર્તમાન અને અપેક્ષિત ભાવિની વાત કરી કાવ્યનાયક આજનાં તૂટતાં સ્વસ્વપ્નોની કરચો ભોંકાયાની પીડ રજૂ કરે છે અને જીવન જાણે ભગ્ન ભવન જેવું છે તેમ અનુભવી મૃત્યુ ભણી સરતી જતી નિજ ક્ષણોનું દારુણ કારુણ્ય પ્રકટાવે છે. <u>કોઈ મને ઘૂંટે</u> : જીવનમાં અકાળે આવતી આપદા અને તેમાંથી જીવનની ક્ષણભંગુરતાનો બોધ મળતા જીવને તે માટેની તૈયારી કરવા સૂચવી છેલ્લા અંતરામાં યમના આગમનની એંધાણીનું શબ્દચિત્ર આંકી આપી કરુણ સંવેદના પ્રકટાવી રહેતું ગીત. <u>મૌન રાખજે :</u> અપેક્ષાઓથી વિપરીત અનુભવમાં આક્રોશ અનુભવવા કરતાં મૌન રાખવું બહેતર છે એ વાતને વિવિધ દૃષ્ટાંતોથી સબળ બનાવતી ગઝલ. -ધી.પ.

કોઈ મને ઘૂંટે..../યોગેશ પંડ્યા

(ગાન)

શ્વાસ ખૂટ્યા ને સગપણ છૂટ્યાં
અજવાળાનાં અંજળ ખૂટ્યાં
જીવતર-ડાળી પડી ભાંગી ને સાવ અકાળે તૂટ્યા.

ચાલ, રજા લે મનવા, જીવતર પરપોટામાં ડૂબ્યું,
શ્વાસ તણા સમદરમાં સપનું અધવચ્ચાળે બૂડ્યું,
ધાર્યું નહોતું ને પરપોટા સાવ અચાનક ફૂટ્યા.

કાળા ઘોડે, કાળી રાતે, કાળા વેશે આવે,
કોઈ પછી છેલ્લી વેળાએ ગંગાજળ પિવડાવે,
કોઈ મને ઘૂંટે ને મેં તો લીલાં સોમલ ઘૂંટ્યાં.

મૌન રાખજે/કિશોર મોદી

(ગઝલ)

વાણીવિલાસ થાય તો તું મૌન રાખજે,
પ્રજ્ઞાપ્રમાદ થાય તોતું મૌન રાખજે.

દરરોજ ચાતરેલ ચીલે ચાલવું છે પણ
દંભી સમાજ થાય તો તું મૌન રાખજે.

અક્ષૌહિણી અઢારની વચ્ચે ઊભા રહી
ખાલી વિષાદ થાય તો તું મૌન રાખજે.

આ દુન્યવી રીતો સમજવી અઘરી છે ઘણી
મન કૈં અશાંત થાય તો તું મૌન રાખજે.

તારે કિશોર કવિ તરીકે જીવવાનું છે,
જૂઠો પ્રચાર થાય તો તું મૌન રાખજે.

હળ્યા-ભળ્યા ?/ધીરુ પરીખ

(વનવેલી)

કહો છો કે મળ્યા.
કહો, કોને ક્યાં મળ્યા ને હળ્યા ?
મળે તો છે નજરને દૂર દૂર રણમાં શું જળ !
ઘડિયાળે કાંટા મળે બબ્બે વાર બારની એ પળ.
ક્ષિતિજે મળે છે ધરા ને ગગન
આભાસતી સનાતન મિલનની ક્ષણ;
મળે જેમ વાદળનાં દળેદળ
પવનના સપાટે મળે છે પર્ણેપર્ણ.
મળે જેમ ગિરદીમાં એક અને બીજો જણ
છૂટા પડે કશું પણ બોલ્યા વણ.
હવે તમે કહો છો કે મળ્યા !
કહો, કોને ક્યારે અને ક્યાંય તમે હળ્યા-ભળ્યા ?

ઉઘાડ જ્યારે નીકળે ત્યારે..

ચંદ્રકાન્ત શેઠ

(ગાન)

ઉઘાડ જ્યારે નીકળે ત્યારે,
છે અંધારું હમણાં !
જંગલ જ્યારે ઊગે ત્યારે,
હાલ બધું છે રણમાં !

સપનાં તડ તડ તૂટતાં એની
કરચ ગદાતી મનમાં;
નજર કરું ત્યાં સજળ નેણના
પડદા હલે પવનમાં !
ફૂટ્યા શબ્દો અકાળ મૂંગા,
ભીંસે મને ભીતરમાં ?

મોજાં જાણે ખાલી ખાલી !
ખાલી નાવ તરણમાં;
કોણ હોય મળનારું આવા
છેક જ ભગ્ન ભવનમાં ?
ઉંબર પરનાં પગલાં મારાં
સરતાં જોઉં કબરમાં.

સૂત્રસાર

ગુરુ-શિષ્યને સમાન સપાટી પર મૂકવાની પ્રક્રિયા

રાધેશ્યામ શર્મા

સહ વીર્યમ્ કરવાવહૈ...
-શાંતિપાઠ

જેટલાં પણ ઉપનિષદો છે એનો અભ્યાસ કરતાં તરત ખ્યાલ આવી જાય કે પ્રત્યેક ઉપનિષદના આરંભ પૂર્વે શાન્તિપાઠ અથવા શાંતિમંત્ર આવે જ. અહીં 'સહ વીર્યમ્ કરવાવહૈ' એ પ્રસિદ્ધ શાંતિપાઠનો જ ઉત્તરાર્ધનો અંશ છે. મૂળ શાન્તિપાઠનો જાણીતો મંત્ર આમ છે :

ૐ સહ નાવવતુ સહ નૌ ભુનક્તુ સહ વીર્યં કરવા વહૈ
તેજસ્વિ નાવધી તમસ્તુ મા વિદ્વિષાવહૈ ।
ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિ ॥

આવા શાંતિપાઠનું ભાષાન્તર વાંચીએ. ૐ બ્રહ્મ અમારું બન્ને (ગુરુ-શિષ્ય)નું સાથે રક્ષણ કરો, અમારું બન્નેનું સાથે પાલન કરો, અમે બન્ને સાથે જ સામર્થ્ય મેળવીએ, અમારું બન્નેનું ભણતર તેજસ્વી થાઓ, અમે કોઈનો દ્વેષ ન કરીએ. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

શાન્તિપાઠના મંત્રો દરેક ઉપનિષદની શરૂઆતમાં કહેવા-કથવાનું પ્રયોજન શું હશે ? સંસારી માત્ર પ્રવૃત્તિની ઇન્દ્રજાળમાં સપડાયેલું પંખી હોવાથી એ સતત આધિ-વ્યાધિ-ઉપાધિનાં ત્રિવિધ બંધનોમાં જકડાયેલ જોવા મળે તે કુદરતી છે. ઉપનિષદની સાંકેતિક સમાધિ ભાષામાં વણાઈ ગયેલો સંદેશ અને ઉપદેશ ગૂઢ, સંકુલ એકાગ્રતા માગનારો છે. અશાન્તિના અરણ્યનિનાદમાં પેલો પવિત્ર સંદેશ ગૂંચવાઈ ના જાય એ માટે ઋષિ જેવા કવિઓએ અથવા કવિ સમાન ઋષિમુનિઓએ આરંભે શાન્તિપાઠના શુદ્ધ ઉચ્ચારણની જરૂરિયાત માની છે.

વ્યગ્ર, ઉગ્ર, અનેકાગ્ર ચિત્તને ઉપનિષદનું એકાગ્રતાથી ગ્રહણ કરાવવા માટે શાન્તિપાઠના મંત્રો પ્રારંભમાં તેમ જ ઉપનિષદના અંતમાં આવે છે. ઉપનિષદને જો પુસ્તક માનો તો શાન્તિપાઠ એની આગાહી છુપાવતી પરોક્ષ પ્રસ્તાવના મનાય ! ઉપનિષદની સામગ્રીની તે અનુક્રમણિકા નથી. તેમ અંદર જે અકથ્ય વસ્તુ છે એને ઉઘાડી કરી આપવાની માત્ર શબ્દપ્રવૃત્તિ પણ નથી. માત્ર ચિત્તને, મનને સ્થિર શાન્ત કરીને ઉપનિષદના ઉજ્જ્વળ શબ્દને આવવા માટે કોરી સ્લેટ જેવું નિસ્પંદ લીલા મેદાન આ શાન્તિપાઠ રચી આપે છે !

શાન્તિપાઠનું પઠન-મનન કરતાં જ ખયાલ આવે કે એમાં માત્ર આચાર્ય યા ગુરુમહિમાની જ સ્થાપના નથી, પણ સદ્ગુરુ સાથે, એક સમાન સ્તરે શિષ્ય માટેની શુભ ભાવના અને મંગલ કામના વ્યક્ત કરાઈ છે. અહીં ગુરુજનની એકહથ્થુ સત્તા, વડીલશાઈ કે આપખુદીનું લેશ પણ મહત્ત્વ નથી. બાબા બોલ્યા તે બ્રહ્મવાક્ય એ માન્યતાનો અહીં સ્પષ્ટ અનાદર છે. શાન્તિપાઠ જેટલો શાગિર્દ કે શિષ્ય માટે આવશ્યક એટલો જ ગુરુ માટે પણ અનિવાર્ય. આમ, શાન્તિપાઠ એક દૃષ્ટિએ ગુરુશિષ્યને સરખી સપાટી પર પ્રતિષ્ઠિત કરી આપતો લોકશાહીસૂચક મંત્રપાઠ ગણાય.

આધુનિક કાળે ગુરુવાદનાં, મહારાજવાદનાં, સ્વામીવાદનાં, આચાર્યવાદનાં અને ભગવાનવાદનાં વરવાં વિકૃત રૂપો ને અવનવા આકારપ્રકારો પેખેલા છે. ભોળી અંધ આસ્થાનાં આવરણોથી ઘેરાઈ ગયેલ જનસમૂહને યોગ્ય માર્ગદર્શન કરાવી, નિજી પ્રતીતિના પ્રકાશમાં જ અનુયાયીને ગતિ કરવા દેવાનું ભાગ્યે જ બન્યું છે ત્યારે શાન્તિપાઠનો બુલંદ સ્વર અત્યંત પ્રસ્તુત બને છે. એવા મંત્રનો સંદેશ શું કહે છે તે શાન્તિપૂર્વક સાંભળ્યો છે કદી ? મંત્ર ગાય છે : ૐ બ્રહ્મ અમારું ઉભયનું રક્ષણ કરો, ઉભયનું સહપાલન કરો-

પ્રથમ સંરક્ષણ, પછી પાલન અને ત્યાર બાદ અમે ગુરુશિષ્ય ઉભય સામર્થ્ય મેળવી, વિદ્યાતેજસ્વી બનીએ ને કોઈનો અસૂયાપૂર્વક દ્વેષ ન કરીએ. આ સર્વ પછી જ મનમાં અને જીવનમાં ઋષિકુળના ઉપવનની શાન્તિ શાન્તિનો પવન વાય.

'સહ વીર્યમ્ કરવાવહૈ' સૂત્રમાં સામર્થ્યની, પરાક્રમની, વીર્યની ઝલક પામવાની છે. (ક્ષમાપ્રપૂર્ણ અહિંસા પણ આમાં જ છુપાઈને બેઠી હશે કેમ કે કાયર ભાગેડૂની અહિંસાનો કશો અર્થ નથી. ના મળ્યાના બાવાનું શું માહાત્મ્ય ?!)

ખૂબી એની છે કે, ગુરુ ઋષિ જ શાંતિપાઠના પ્રમુખ ઉદ્‌ગાતા છે અને મંત્રોચ્ચાર ગુરુની સાથોસાથ શિષ્યોએ કરવાનો છે.

મંત્ર નિર્દિષ્ટ સામર્થ્ય તેમ જ પરાક્રમ પ્રાપ્ત કરવાની અભિલાષા ગુરુશિષ્યે સાથે સેવવાની સૂચવાઈ એમાં શક્તિનો મહિમા સંગોપિત છે. સંનિહિત છે. સાંભળ્યું હશે કે અદ્વૈત મતપ્રવર્તક આદ્ય શંકરાચાર્ય એમની જીવનકાર્ય-યાત્રામાં માંદા પડી અતિસારના શિકાર થયા ત્યારે તેઓએ જગન્માતા પાસે ભક્તિ ઉપરાંત, શક્તિની પણ યાચના કરી હતી ! મહિમાવાન કર્મ શક્તિની કૃપા વિના સંભવિત નથી. ભક્તિ કરવા માટે પણ જરૂર રહે છે શક્તિની. અશક્તિમાન સાધુ બની જાય એનો કશો અર્થ ખરો ?

પ્રાચીન પદમાં ભક્ત-કવિએ યોગ્ય જ ગાયેલું : પરથમ પહેલું મસ્તક મૂકી વળતી લેવું નામ જોને...હરિ મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જોને...

હરિભક્ત પ્રીતમદાસે પ્રભુપ્રીતિને અસાધારણ કક્ષાના પરાક્રમની સાથોસાથ બેસાડી છે. દુન્યવી ભોગોની ભ્રમભરી રસથાળી છાંડી જવા માટે કેટલું સામર્થ્ય જોઈએ ? એવા બહુરંગી ભ્રમ છોડાય પછી જ બ્રહ્મ પમાય ! જ્યારે અહીં તો ઋષિ બ્રહ્મને જ પ્રાર્થે છે કે ભ્રમભંજન વાસ્તે અમને ઉભયને શક્તિ આપો, સામર્થ્ય અર્પો. પછી થાય ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ.......

શહીદ ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદના સાથી ક્રાંતિકારી ભગવતીચરણ બોહરાનાં ક્રાંતિકારી પત્ની અને ગવર્નર (હેલી) પર ગોળીબાર કરનાર



દુર્ગાભાભી

— અશોક દવે 'મલાલ' —

'વહ લક્ષ્મી થી યા દુર્ગા થી,
વહ સ્વયં વીરતા કા અવતાર.'

શ્રીમતી સુભદ્રાકુમારી ચૌહાણની રાણી લક્ષ્મીબાઈ સંબંધી આ પંક્તિમાં લક્ષ્મીબાઈને દુર્ગાનો અવતાર કહેવામાં આવી છે. પણ ભારતીય ક્રાંતિકારી ઈતિહાસમાં જ્યારે પણ કોઈ વખતે સરદાર ભગતસિંહનો ઉલ્લેખ કરવામાં આવશે ત્યારે દુર્ગાદેવી બોહરાનો ઉલ્લેખ કરવો આવશ્યક રહેશે. દુર્ગાવતાર દુર્ગાદેવીને ક્રાંતિકારી આંદોલનમાં સૌ દુર્ગાભાભી કહીને બોલાવતાં.

દુર્ગાદેવીનો જન્મ તા. ૭ ઑક્ટોબર ૧૯૦૭માં અલ્હાબાદમાં થયો હતો. એમના પિતા પંડિત બાંકેબિહારીલાલ ભટ્ટ વડનગરા નાગર બ્રાહ્મણ હતા. પિતા નિવૃત્ત જજ હતા, દુર્ગાદેવીનાં માતાનું ૧૯૦૮માં અવસાન થતાં એમનો ઉછેર કોઈએ કર્યો હતો. ૧૯૧૮માં માત્ર ૧૧ની વયે દુર્ગાદેવીનાં લગ્ન ભગવતીચરણ બોહરા સાથે કરી દીધાં. પિતાએ દહેજમાં ઘોડાગાડી, મોટરસાઈકલ જમાઈને દીધાં. ભગવતીચરણ વેપાર ધંધા માટે આગ્રામાં રહેતા હતા. ભગવતીચરણના પિતા મૂળ વીસનગર (ગુજરાત)ના પણ લાહોરમાં ઉચ્ચ અધિકારી હતા. એમને (પં. શિવચરણને) ૧૯૧૮માં 'રાયસાહેબ'નો ખિતાબ મળેલો.

ભગવતીચરણ ૧૯૧૮માં મૅટ્રિક પાસ થયા. ભગવતીચરણ દેશની ગુલામીની જંજીરો તોડવા આતુર હતા. એટલા માટે એમણે શ્રીમતી દુર્ગાદેવીને શિક્ષણ આપી ક્રાંતિકારી માર્ગને યોગ્ય બનાવવા લાગ્યા. ભગવતીચરણ ૧૯૨૧માં ઈન્ટર સાયન્સ પાસ થયા. પણ અસહયોગ આંદોલનના પ્રભાવમાં સરકારી-શિક્ષણસંસ્થાઓનો બહિષ્કાર કરવા માટે જ્યારે લાલા લજપતરાયે નૅશનલ કૉલેજની સ્થાપના કરી ત્યારે એમાં દાખલ થયા. નેશનલ કૉલેજમાં એમના સહાધ્યાયી મિત્રો હતા ભગતસિંહ, સુખદેવ, યશપાલ, ઝંડાસિંહ વગેરે. કૉલેજના એ સાથીદારોએ આગળ ચાલીને અંગ્રેજ સરકારને હચમચાવી મૂકી હતી ને ૧૯૨૩માં ભગવતીચરણ બી.એ. પાસ થયા અને શ્રીમતી દુર્ગાદેવી 'પ્રભાકર' પરીક્ષા પાસ થયાં. ભગવતીચરણના પુત્ર શચીન્દ્રનો જન્મ ૩-૧૨-૧૯૨૫ના રોજ થયો.

ગાંધીજીનું અસહયોગ આંદોલન બંધ થતાં ઉગ્રવાદી નેતાઓને ખૂબ જ નિરાશા થઈ. લાલા લજપતરાય એ દિવસોમાં જેલમાં હતા. એમણે ગુસ્સામાં આવીને પોતાનો રેંટિયો જેલમાં તોડી નાખ્યો. એ જ સમયે દેશમાં ફરી એક વાર ક્રાંતિકારી સંગઠનની સ્થાપના થઈ. ૧૯૨૫નું કાકોરી ષડયંત્ર એનું એક પરિણામ હતું. કાકોરી કેદી શચીન્દ્રનાથ સાન્યાલના પુસ્તક 'બંદીજીવન'ની અસર એ નૅશનલ કૉલેજના મિત્રો પર હતી. નવજવાન ભારતસભા, નાટકમંડળી જેવા માધ્યમથી આ યુવકોએ ગુપ્ત ક્રાંતિકારી સંગઠન પણ બનાવ્યાં.

'હિંદુસ્તાન રિપબ્લિકન ઍસોસિએશન' (HRA)નું નામ પંજાબ અને યુક્તપ્રાંત (UP)ના ક્રાંતિકારીઓના પુનઃ સંગઠન પછી બદલીને 'હિંદુસ્તાન સોશ્યાલિસ્ટ રિપબ્લિકન ઍસોસિએશન' (HSRA) રખાયું. ચંદ્રશેખર આઝાદ દળના આર્મી કમાન્ડર-ઈન-ચીફ હતા. માનવ દ્વારા માનવના શોષણની બર્બરતાને સમાપ્ત કરવા તે બંનેના પ્રાણ ધ્યેય હતા.

નૌજવાન ભારત સભાના સૂત્રધાર ભગતસિંહ તથા ભગવતીચરણે ગદર પાર્ટીના શહીદ કરતારસિંઘ સરાબાને માત્ર ૧૯ની વયે અંગ્રેજોની વિરુદ્ધ બગાવત કરવાના ગુનામાં ફાંસી અપાઈ હતી. તેની યાદમાં યુવાનોમાં જાગૃતિ લાવવા માટે બલિદાન દિવસનો ખુલ્લો ઉત્સવ મનાવવા દુર્ગાભાભી તથા સુશીલાદીદી દ્વારા પોતાની આંગળીમાંથી લોહી કાઢીને શહીદ કરતારસિંઘ સરાબાના ચિત્રને તિલક કરતાં સમારોહમાં સનસનાટી મચી ગઈ હતી.યુવાનોમાં ક્રાંતિની લહેર છવાઈ ગઈ હતી અને સમગ્ર લાહોરમાં કૉલેજના વિદ્યાર્થીઓ સ્વતંત્રતા સંગ્રામની લડાઈમાં ક્રાંતિકારીઓ સાથે જોડાવા તૈયાર થઈ ગયા.

એ દિવસોમાં લાલા લજપતરાય સાઈમન કમિશનના વિરોધમાં લાઠીમારને કારણે શહીદીને વર્યા હતા. આખા દેશમાં શોક અને ક્રોધની લહેર દોડી ગઈ. આ રાષ્ટ્રિય અપમાનનો બદલો લેવા ભગતસિંહ, રાજગુરુ, આઝાદે સાંડર્સની હત્યાની યોજના બનાવી. ભગવતીચરણ એ દિવસોમાં કલકત્તા કૉંગ્રેસની તૈયારી કરતા હતા અને યતીન્દ્રનાથ દાસ સાથે એમનો સંપર્ક થયો હતા ભગવતીચરણ જ્યારે લાહોરથી કલકત્તા ગયા ત્યારે ૫૦૦ રૂપિયા શ્રીમતી દુર્ગાદેવીને જરૂર પડ્યે વાપરવા આપી ગયા.

સાંડર્સની હત્યા કરીને ભગતસિંહ અને સુખદેવ દુર્ગાભાભી પાસે ગયા. ભગતસિંહને પોલીસથી બચાવવા લાહોરની બહાર ભાગી જવાની યોજના બનાવી ત્યારે દુર્ગાભાભીએ એ રકમ સુખદેવને આપી દીધી. દુર્ગાભાભી ભગતસિંહનાં પત્ની તરીકે નાના પુત્ર સચીનને સાથે લઈને ભગતસિંહ સાથે ટ્રેનમાં બેઠાં. રાજગુરુ નોકર તરીકે તથા આઝાદ સાધુના વેશમાં ટ્રેનમાં બેસી કલકત્તા નાસી ગયા.

અંગ્રેજોના પંજામાંથી ભગતસિંહને લાહોરમાંથી બચાવી જવા બદલ ભગવતીભાઈએ દુર્ગાભાભીને કલકત્તામાં શાબાશી આપતાં કહ્યું, 'આજે આપણાં સાચાં લગ્ન થયાં છે.'

કલકત્તા કૉંગ્રેસની સમાપ્તિ બાદ દુર્ગાભાભી ફરી લાહોર પાછાં ફર્યાં. ૧૯૨૮માં મેરઠ ષડયંત્ર બારામાં ઠેરઠેર ધરપકડો થઈ ત્યારે ભગવતીચરણનું વોરંટ પણ નીકળતાં તેઓ ત્યાંથી ફરાર થઈ ગયા. જ્યારે સરકારે કેન્દ્રીય અંસેમ્બ્લીમાં 'ટ્રેડ ડિસપ્યૂટ બિલ' અને 'પબ્લિક સેફ્ટી બિલ' લાવવામાં પોતાની કઠોરતા બતાવી તે સમયે ભગતસિંહ અને બટુકેશ્વર દત્તે એસેમ્બલીમાં એપ્રિલ ૧૯૨૯ના બૉંબ ફેંકીને દેશભરમાં વિસ્ફોટક ક્રાંતિકારી સ્થિતિ પેદા કરી દીધી.

ભગતસિંહ, બટુકેશ્વર દત્તને પકડીને જેલમાં લઈ જવાતા હતા ત્યારે સુશીલાદીદી, દુર્ગાભાભી અને શચીન્દ્ર ઘોડાગાડીમાં બેસીને એમનાં દર્શન કરવા ગયાં. એસેમ્બલી કાંડનો મુકદમો શરૂ પણ થયો ન હતો ત્યાં પોલીસને કડી મળી ગઈ કે સાંડર્સની હત્યા પણ આ જ લોકોએ કરી છે. એ પછી લાહોર ષડયંત્રકાંડની તપાસ શરૂ થઈ. આઝાદ ન પકડાયા. ભગવતીભાઈ પહેલેથી જ ગુપ્ત રહેતા હતા. ક્રાંતિકારી આંદોલનના વિખરાતા સૂત્રોને ફરીથી સંગઠિત કરવાનું કામ ભગવતીભાઈએ કર્યું. લાહોરમાં ભગવતીભાઈ, દુર્ગાભાભી બૉંબ તૈયાર કરવા લાગ્યાં. ભગતસિંહને છોડાવવાની યોજના બનાવવામાં આવી.

ભુસાવળમાં જ્યારે ભગવાનદાસ માહૌર અને સદાશિવ મલકાપુરકર પર મુકદમો ચાલ્યો ત્યારે એની વિરુદ્ધ ગવાહી દેવા માટે લાહોર ષડયંત્રના તાજના સાક્ષી ફણીન્દ્ર ઘોષ અને જયગોપાલને લઈ જવાયા. ભગવતીભાઈએ ખાવાના ડબામાં પિસ્તોલ છૂપાવીને માહૌરને મોકલી. ભગવાનદાસ માહૌરે ફણીન્દ્રનાથ ઘોષ પર ગોળી ચલાવી, જેમાં એમને હત્યાના અપરાધમાં લાંબી સજાઓ ભોગવવી પડી. ફણીન્દ્રની ગવાહીના આધારે રાજગુરુ, સુખદેવ, ભગતસિંહને ફાંસીની સજા થઈ હતી.

ભગવતીચરણનો સંપર્ક કલકત્તા, મુંબઈ, કાનપુર, લખનઊ, દિલ્હી, મેરઠ વગેરે બધાં જ મોટાં શહેરોમાં હતો. જયપુર, ગ્વાલિયરથી બાંબના ખોલ મંગાવતાં ઘૂંઘટવાળી મારવાડી મહિલાના વેશમાં દુર્ગાભાભી બાંબના પ્રયોગોમાં શામેલ રહેતાં.

ગાંધીજીએ એસેમ્બ્લી કાંડ બાદ ક્રાંતિકારીઓને આતંકવાદીઓ કહી કડવી ટીકા કરીને 'ધ કલ્ટ ઑફ બૉમ્બ' નામનો લેખ લખ્યો હતો. ક્રાંતિકારી યુવકોને હિંસાનો માર્ગ છોડવાની ગાંધીજીએ વિનંતી કરી હતી. યશપાલ અને ભગવતીચરણે એનો જવાબ 'ધ ફિલૉસૉફી ઑફ બૉમ્બ' નામના લેખથી આપ્યો.

ભગવતીચરણ અને યશપાલે વાઇસરોય ઇરવીનની ટ્રેન બૉંબ-ધડાકાથી ઉડાવી દેવા બાંબ મૂકયો. પણ સદ્‌ભાગ્યે બૉંબધડાકા સમયે ઇરવિનનો ડબો આગળ નીકળી જતાં બચી ગયા પણ સ્પેશ્યલ ગાડીનો પાછલો ડબો ઊડી ગયો. અને યશપાલ તથા ભગવતીચરણ પોલીસથી માંડ બચીને નાસી ગયા.

એ પછી લાહોરમાં બહાવલપુર રોડ પર જ્યાં વસ્તી ઓછી હતી ત્યાં તેઓએ એક કોઠી ભાડે લીધી. ભગતસિંહ અને તેના સાથીઓને જેલમાંથી છોડાવવા માટે બૉંબપ્રયોગ કરવા લાગ્યા. એકાદ ડઝન બૉંબના પરીક્ષણનું કામ સ્વયં ભગવતીભાઈએ પોતાના ઉપર લીધું, ૨૮ મે ૧૯૩૦ના રાવી નદીના તટે ભયંકર જંગલમાં બૉંબ હાથમાં જ ફૂટ્યો અને ભગવતીચરણ ગંભીર રીતે ઘાયલ થયા. યશપાલ ભગવતીભાઈ પાસે પહોંચ્યા એ વખતે ભગવતીભાઈ મરતાં મરતાં બોલ્યા, 'હું જાઉં છું, પણ ભગતસિંહને છોડાવવાનું કામ છોડી દેશો નહીં...'



શચીન્દ્રનાથ, ભગવતીચરણ બોહરા અને દુર્ગાભાભી

માત્ર ચાર વર્ષના લગ્નજીવન બાદ વિધવા બનેલાં દુર્ગાભાભીની મનોદશાનું અનુમાન થઈ શકે છે. આઝાદે ભાભીને સાંત્વના આપી.

દુર્ગાભાભી, સુશીલાદીદી, ચંદ્રશેખર આઝાદની સંભાળ લેતાં હતાં. આઝાદે દિલ્હીમાં ગડોદિયા બૅન્ક લૂંટીને પૈસા દુર્ગાભાભીને સાચવવા આપ્યા. દિલ્હી એંજિનીઅરના મકાનમાં પંદર દિવસ ગુપ્તવાસ બાદ અલ્હાબાદમાં સુરેન્દ્રનાથ શર્મા નામના પત્રકારના ઘેર કેટલોક સમય વીતાવ્યો. રાજર્ષિ બાબુ પુરુષોત્તમદાસ ટંડનના ઘેર પણ દુર્ગાભાભી કેટલાક દિવસ આશરો મેળવીને રહ્યાં.

લાહોરમાં ભગતસિંહે સાથીઓ સાથે જેલમાં ઉપવાસ કર્યા ત્યારે આખા દેશમાં ક્રાંતિની વીજળી ચમકી. યતીન્દ્રનાથ ઉપવાસમાં શહીદ થયા. યતીન્દ્રની અંતિમ વિધિમાં સુભાષચંદ્ર બોઝ, એહસાન ઈલાહી, કિરતા દાસ, મોહનલાલ ગૌતમ, ડૉ. બનારસીદાસ ચતુર્વેદી સાથે દુર્ગાભાભી પણ હતાં ! સરકારે આ પછી લાહોર કેસ ઝડપથી ચલાવી ૧૯૩૦ના અંતમાં ભગતસિંહ, રાજગુરુ, સુખદેવને ફાંસીની સજા સંભળાવી. બીજા ક્રાંતિકારીઓ શિવવર્મા વગેરેને લાંબી લાંબી સજાઓ સંભળાવી.

એ વખતે સરદાર પૃથ્વીસિંહ આઝાદે મુંબઈના ગવર્નર હેલી જે પંજાબના ગવર્નર રહી ચૂક્યા હતા, તેને ગોળીથી ઉડાવી દેવાની યોજના બનાવી. એને મદદ કરવા દુર્ગાભાભી મુંબઈ આવ્યાં. ત્યાં એ લોકો વીર સાવરકરના મોટાભાઈ બાબાસાહેબ સાવરકરને મળ્યા. અને વિશ્વનાથ વૈશમ્પાયનના એક સંબંધીના મકાનમાં ઊતર્યા. મુંબઈના ગવર્નર હેલી પોતાના બંગલાની લૉન પર બેસીને લોકોને મળતા હતા. યોજના એવી

હતી કે દુર્ગાભાભી કોઈ પારસી મહિલાના નામથી એની મુલાકાતે જાય અને જ્યારે તેઓ વાતોએ વળગે ત્યારે એમના સાથી ક્રાંતિકારી એના પર ગોળી ચલાવે. આ પ્રકારનો પ્રયાસ બે દિવસ ટલ્લે ચડ્યો અને પોલીસ આ લોકો પર કરડી નજર રાખવા લાગી. એક સાંજે ગવર્નમેન્ટ હાઉસની નજીક લેમિંગ્ટન રોડ પર એ લોકોની મોટર જઈ રહી હતી ત્યારે ગવર્નમેન્ટ હાઉસમાંથી નીકળનાર અંગ્રેજ પર દુર્ગાદેવીએ ગોળી ચલાવી દીધી. આ જ કાંડ 'લેમિંગ્ટન શૂટિંગ કાંડ'ના નામથી જાણીતો થયો. એમાં સેનાના અધિકારી ટેલર ઘાયલ થયા. ગોળી ચલાવતી વખતે ટેલરને જ ગવર્નર સમજી લેવાયા હતા.

આ કાંડ બાદ દુર્ગાભાભી મુંબઈથી સંતાઈને ફરી કાનપુર પહોંચી ગયાં. બાબાસાહેબ સાવરકરે શમીન્દ્રને કાનપુર મોકલી દીધો. દુર્ગાભાભી ફરી દિલ્હી ગયાં. શમીન્દ્રને એક સજ્જનને ઘેર રાખવાની વ્યવસ્થા કરી. આઝાદ એ દિવસોમાં કાનપુરમાં હતા. પોલીસ આઝાદની શોધમાં કાનપુર આવી. પણ આઝાદ અલ્હાબાદ નીકળી ગયા હતા. ૨૭ ફેબ્રુઆરી ૧૯૩૦ના દિને આલ્ફ્રેડ પાર્ક અલ્હાબાદમાં આઝાદ વીરતાભરી શહાદત પામ્યા અને ઈતિહાસમાં અમર થઈ ગયા.

હવે પોલીસ દુર્ગાભાભી અને સુશીલાદીદી પાછળ હતી.શચીન્દ્રની ચિંતામાં હિંમત હારી જઈને તેઓ દિલ્હી આવ્યાં. પછી લાહોર પહોંચીને એમણે 'ફ્રી પ્રેસ'ના સંવાદદાતાને એક બયાન પ્રેસમાં છાપવા આપ્યું, જેમાં પોલીસ તરફથી સતત પરેશાની કરવાની ફરિયાદ કરી હતી. લાહોરમાં દુર્ગાભાભીની ધરપકડ થઈ. પૂછપરછ અને રિમાન્ડ લેવાયા. પછી ૧૯૧૮ના રેગ્યુલેશન ૩ કલમ હેઠળ નજરબંધ કરાયાં. છ મહિનાની નજરબંધી પછી એમને લાહોર શહેરની હદમાં ત્રણ વર્ષ સુધી નજરબંધ રખાયાં. આમ, થોડા સમય બાદ નજરબંધીમાંથી મુક્તિ મળતાં દુર્ગાભાભી ગાઝિયાબાદ આવ્યાં. ત્યાં પ્યારેલાલ ગર્લ્સ સ્કૂલમાં અધ્યાપિકા તરીકે કામ શરૂ કર્યું.

હવે કૉંગ્રેસની રાજનીતિમાં દુર્ગાભાભી સક્રિય થયાં. દિલ્હીના કૉંગ્રેસી નેતા રઘુનંદશરણે દુર્ગાભાભીને ગાંધીજી સાથે ડૉ. અન્સારીની કોઠીમાં મુલાકાત કરાવી. ૧૯૩૬/૩૭માં દિલ્હીમાં દુર્ગાભાભી સુશીલા-દીદી અને સત્યવતી સાથે રહેતાં. સત્યવતી કૉંગ્રેસ સૉશ્યલિસ્ટ પાર્ટીની પ્રમુખ હતી. દુર્ગાભાભી દિલ્હી પ્રદેશ કૉંગ્રેસ કમિટીનાં અધ્યક્ષપદે ચૂંટાયાં આ પરથી સમજી શકાય કે એમનું એ ક્ષેત્રમાં કેટલું મહત્ત્વ હતું.

એ પછી એમણે લખનઉ મોંટેસરી સ્કૂલની સ્થાપના કરી. એમના મેનેજરપદે આ સ્કૂલે રાષ્ટ્રિય ખ્યાતિ મેળવી. જવાહરલાલ નેહરુ, રફી એહમદ કીડવાઈ, પુરુષોત્તમદાસ ટંડન પણ લખનઊમાં દુર્ગાભાભીની મુલાકાત લેવા એ સ્કૂલે આવતા. ત્યારે શચીન્દ્ર ગાઝિયાબાદમાં ચીફ ઍંજિનીઅરપદે નોકરી કરતા હતા. ૧૯૭૮ના મે મહિનામાં દુર્ગાભાભીને એમના ઘેર અમે મળવા ગયેલા એ સમયનો આ લેખ પ્રકટ કર્યો ફોટોગ્રાફ સાથેનો છે. એ સમયે એમની સાથે પાડોશમાં યશપાલના નાના ભાઈ ક્રાંતિકારી ધર્મપાલ બાંટરાના સસરા ક્રાન્તિકારી સરદારસિંહ રહેતા હતા. સરદારસિંહ લાહોર ષડયંત્ર કેસ નં. ૨ના આરોપી હતા અને જેલની સજા ભોગવી હતી.

દુર્ગાભાભીની ઈચ્છા હતી કે ભારતમાં ક્રાંતિકારી શહીદો માટે કોઈ એક એવું સંગ્રહાલય બનાવાય કે જેથી પ્રજામાં એમની સ્મૃતિ કાયમ જળવાઈ રહે. દુર્ગાભાભીની આ ઈચ્છા પૂરી કરવા સૂરગંજ, કાનપુરથી કૉમરેડ શિવશર્મા લખનઊ આવ્યા. દુર્ગાભાભીનું નિવાસસ્થાન મોન્ટેસરી સ્કૂલ, લખનઊમાં જ સરદાર ભગતસિંહ અને તેના સાથીઓનું સંગ્રહાલય બનાવ્યું ! શિવ વર્માએ જ પોતે બૉંબ બનાવેલો કે જે ભગતસિંહે ઍસેમ્બલીમાં ફેંક્યો હતો. શિવવર્માએ દુર્ગાભાભીના નિવાસને ફેરવી નાખતાં દુર્ગાભાભી પોતાના પુત્ર શચીન્દ્રને ઘેર ગાઝિયાબાદ રહેવા જતાં રહ્યાં. ગત વર્ષે શિવવર્માનું પણ લખનઊમાં અવસાન થઈ ગયું.

હમણાં દુર્ગાભાભી નાદુરસ્ત તબિયતને કારણે કુલતારસિંહ (ભગતસિંહના નાના ભાઈ) સાથે રાજકોટમાં ન આવ્યાં. અંતે લકવાની બીમારીમાં દુર્ગાભાભી ૧૪ ઑક્ટોબર ૧૯૯૯માં ગાઝિયાબાદમાં અવસાન પામ્યાં. હિન્ડન નદીના તટે દુર્ગાભાભીના રાજકીય માન-સન્માન સાથે તેમના પુત્ર શચીન્દ્ર (રિટાયર્ડ ચીફ ઍંજિનીઅર)ના હાથે અંતિમ સંસ્કાર થયા...

આમ, દુર્ગાભાભીના અવસાનથી ક્રાંતિકારી જગતની એક મહાન નારીએ આપણી વચ્ચેથી વિદાય લીધી ! ❒

પ્રસંગકથા

વિનોદ ભટ્ટ

સાહસકથાઓ લખનાર વિખ્યાત લેખક જુલે બર્ન એક વાર પોતાના મિત્રની રાહ જોતો તેની બેઠકમાં બેઠો હતો. બીજો એક માણસ પણ બાજુની બેઠકમાં કોઈકની વાટ જોતો બેઠો હતો. એ જુલે બર્નનો જબરો ચાહક હતો, જુલે બર્ન પાસે જતાં તે બોલ્યો 'અરે બર્નસાહેબ, તમે તો ઘણી લાંબી લાંબી સફરો વારંવાર ખેડો છો. વધુ પડતી મુસાફરીઓને લીધે તમે ઘણા જ થાકી ગયા હશો. સોફા પર આરામથી લંબાવો અને થાક ઉતારો. કેવી દિલધડક સફરો તમે ખેડો છો ! આ સાંભળી ખડખડાટ હસી પડતાં જુલે બર્ને જણાવ્યું : 'અરે ! જિંદગીમાં ભાગ્યે જ મેં એકાદ વખત પણ ૬૦ માઈલથી લાંબો પ્રવાસ ખેડ્યો હશે. મુસાફરીનો મને ભારે કંટાળો છે. મારી બધી જ સાહસકથાઓ મેં બંધ બારણે બેસીને જ ઘસડી છે.

•

કવિ મીર માટે કહેવાય છે કે તે એક બિસ્માર મકાનમાં રહેતો. એક મિત્રે તેને પોતાના નવા મકાનમાં એક ઓરડો લખવા-વાંચવા માટે કાઢી આપ્યો. એ ઓરડાની એક માત્ર બારી બગીચાની સામે પડતી હતી. એક દિવસ મિત્રકવિને મળવા ગયો. બારી બંધ હતી ને કવિ લખતો હતો. બારી ખોલી નાખતાં મિત્રે કવિને કહ્યું : 'જુઓ તો ખરા, કેવો સુંદર બાગ છે ! આ રંગબેરંગી ફૂલ તમે જોયાં ?' પોતાની આસપાસ વેરાયેલી કવિતાઓના કાગળો તરફ આંગળી ચીંધતાં મીર બોલ્યો, 'હું તો મારાં આ ફૂલો ખીલવવામાં એટલો મશગૂલ થઈ ગયો છું કે અહીં આ બારીની બહાર ઉમદા બાગ છે એની તો મને ખબર જ ના પડી.'ને મિત્રે જોયું તો એ તમામ કવિતાઓ ફૂલો પર લખાયેલી હતી.

એક સ્ત્રી - નામે

દુર્ગા

મુનિકુમાર પંડ્યા

રાત પડી ચૂકી. દુર્ગાએ બધાંને જમાડી લીધાં પછી વધ્યું ઘટ્યું પોતે ખાધું. હાથ ધોયા. એઠાં વાસણનો ખડકલો ચોકડીમાં મૂકવા જતાં ને બેસી પડી. મોંમાંથી ચીસ નીકળી ગઈ : 'ઓય માડી રે...'

તેની દર્દપૂર્ણ ચીસ અને વાસણ પછડાયાનો અવાજ એકસાથે ઊઠ્યાં.

કેશવલાલ જમીને ગલીના નાકે પાન ખાવા જવાની તૈયારી કરતા હતા. ચીસ સાંભળીને તે રસોડામાં ધસી આવ્યા : 'શું થયું ? શું થયું ? હેં, શું થયું ? દુર્ગા ! દુર્ગા !'

વેરણ છેરણ વાસણ વચ્ચે દુર્ગા ફસડાઈને પડી હતી. જમણો હાથ છાતીએ દબાવીને આંખો મીંચી ગઈ હતી. થરથરતો ડાબો હાથ જમીન પર માંડમાંડ ટેકવાતો હતો. દૂબળા હાથમાં ઊપસેલી નસો સૂકીભઠ નદીનો ખ્યાલ આપતી હતી.

રૂમમાં ટી.વી. સામે બેસીને લેસન કરતી રૂપા દોડી આવી. રાજુની વહુ મીના પણ દોડી આવી. 'પપ્પા, મમ્મીને શું થઈ ગયું ? મમ્મી ઈ ઈ ઈ' રૂપા રડવા લાગી.

'રાજુ... રાજુને બોલાવો...' દુર્ગાના મોંમાંથી માંડમાંડ શબ્દો નીકળ્યા : 'છાતીમાં ભીંસ થાય છે. ડૉક્ટરને બોલાવી લાવ, રાજુ...' આટલું કહેતામાં તો દુર્ગા હાંફવા લાગી. ઓય વૉય રે...!'

'રૂપા-મીના પથારી કરો' કહેતા કેશવલાલ દુર્ગાને ઊંચકી અંદરના રૂમમાં લઈ ગયા.

દૂબળું દમલેલ હાંફતું પોટલું સહેલાઈથી ઊંચકી શકાયું. જોને, વાળ પણ કેવા ટુકડા ટુકડા થઈ ગયા છે ! આ કંતાયેલા શરીરે ત્રીસત્રીસ વરસથી ઘર આખાનો ભાર વેંઢાર્યો છે. બે દીકરીઓને અને એક દીકરાને ઊછેર્યાં છે. મોટી દીકરી સુલભાને પરણાવીને સાસરે વળાવી, દીકરાને પરણાવ્યો ને વહુ ઘરે લાવ્યાં. નાની રૂપા ઓણ સાલ બારમાની પરીક્ષા આપવાની છે.

એકવડા શરીરને પથારીમાં સૂવડાવતાં કેશવલાલને અહેસાસ થયો : 'ચિતા પર લાશને ગોઠવી કે શું ?' તે કમકમી ગયા. દુર્ગાના કપાળે બાઝેલાં પરસેવાનાં ટીપાંને લૂછવાની તે હિંમત ન કરી શક્યા. એક દિવસ શરમાતી નવોઢાના કપાળે હાથ રાખી મોં ઊચું કર્યું હતું. કેટલા દિવસો વીતી ગયા ! ત્રીસ વરસ... પૂરાં ત્રીસ વરસ ! લગ્નનો એ દિવસ...

રાજુ ડૉક્ટરને બોલાવી લાવ્યો.

નાડી તપાસી ડૉક્ટરે પૂછ્યું : 'માજીની કેટલી ઉંમર થઈ છે ?'

'હં... નબળાઈ ઘણી આવી ગઈ છે. દર્દીને પૂરતો આરામ આપજો. શ્રમ લેવા ન દેજો.' કહી ડૉક્ટર વિદાય થયા.

દુર્ગાની નબળાઈ વધી રહી છે. શરીર લેવાતું જાય છે. પથારી મોટી થતી જાય છે. હાંફતી ઊંચીનીચી થતી છાતી જ એકમાત્ર તેના અસ્તિત્વનો પુરાવો છે. હા, મોં પરનું સ્મિત વિલાયું નથી. કોઈએ ને કોઈએ પથારી પાસે હાજર રહેવું પડે છે.

સુલભા પણ સાસરેથી આવી પહોંચી છે.

દરરોજ સાંજે સગાંસંબંધીઓ દુર્ગાની ખબર કાઢવા આવે છે. તેની પથારી પાસે રાતે જાગવાના વારા ઘરનાંએ ગોઠવ્યા છે. દુર્ગાને હાથ પકડીને બાથરૂમ લઈ જવાની હોય, પાણી પીવડાવવાનું હોય, ટાઇમસર દવા આપવાની હોય. દિવસેય કામ ક્યાં ઓછું રહે છે ? દુર્ગાને પથારીમાં બેસાડવી, માથું ઓળી આપવું, કપડાં બદલી આપવાં, લાઈટ કરવી, પંખો ચાલુ કરવો, બંધ કરવો...

દર બીજા દિવસે ડૉક્ટર ઈન્જેક્શન આપવા આવે છે. આ સમયે ઘરનાં બધાં સભ્યો પથારીની આસપાસ ગૂંચળું વળે છે. ડૉક્ટરને રોગ અંગે પૂછવું જોઈએ. આવડે એવું પૂછવું જોઈએ. કોઈ ને કોઈ પૂછે છે. 'સારું તો થઈ જશેને સાહેબ ! રોગ ક્યારે મટશે ? કાંઈ ચિંતા કરવા જેવું નથી ને !'

દર્દીની વચ્ચે જ જીવવા ટેવાયેલા ડૉક્ટરના જવાબ પણ ટેવવશ હોય છે : 'ચિંતા કરવા જેવું નથી. દવા આપું છું. ઈન્જેક્શનનો કોર્સ કમ્પ્લિટ કરવો જ પડે.' વિઝિટ-ફી ખિસ્સામાં મૂકતાં કોઈ વાર ડૉક્ટર પ્રશંસા પણ કરે છે. 'તમે લોકો ચાકરી સારી કરો છો તેથી વાંધો નહીં આવે.'

પ્રશંસા સાંભળતાં બધાંનાં મોં પરથી બીમારીનો ઓથાર થોડી વાર પૂરતો હઠી જાય છે. કર્તાપણાનો ભાવ ચમકી રહે છે.

આમ ને આમ છ દિવસ પસાર થઈ ગયા.

ગુરુવાર હતો એટલે ખબર કાઢવા આવનારાની સંખ્યા વધારે હતી. મોડી સાંજે કેશવલાલના મિત્રો પણ આવી ચડ્યા. 'કેમ છો રાજા ! તમારું અર્ધું અંગ ખોટું પડી ગયું ગણાય, કાં ?' રતિલાલ હેડકલાર્કે મશ્કરી-ના સૂરમાં કહ્યું : 'ભાભી ! કેશવલાલની ચિંતા જરાય ન કરશો, હાં ! અમે બાર વરસના બેઠા છીએ.'

આછું હસીને દુર્ગાએ સંમતિસૂચક માથું હલાવ્યું.

'કોની ? ત્રિવેદી ડૉક્ટરની દવા ચાલે છે ને !' નવનીતલાલે પૂછ્યું. પૂછતાં પૂછતાં ટેબલ પરથી દવાનું ખોખું લઈ ચશ્માં ઉતારી ખોખા પરનું લખાણ વાંચ્યું.

'હા' કેશવલાલ બોલ્યા, 'ડૉક્ટર પાસેથી પ્રાપ્ત કરેલા જ્ઞાનને પ્રગટ કરવાનો મોકો મળતાં તેના મોઢામાં પીપરમિન્ટનો રસ છૂટ્યો.' એનિમિયાનું નિદાન થયું છે. દરદ લંબાય પણ ખરું. લોહી ઘટી જવાથી શરીર ફિક્કું પડી ગયું છે. હેમેટોનિકનાં ઈન્જેક્શન દર બીજે દિવસે આપવાનાં. બ્લડ ટ્રાન્સ્ફ્યુઝન પણ કરાવ્યું છે. ને ડૉક્ટર પાસેથી...' રસ વધુ છૂટતો રહ્યો.

'પોતાના રોગ અંગેની વાતો દુર્ગા તટસ્થ રહીને સાંભળે છે.' કેશવલાલના મને નોંધ લીધી. મોંઢા પરની ફિક્કાશ વધતી જાય છે, પણ સ્મિત કાયમ રહ્યું છે, જે પરણ્યાના પહેલા દિવસે હતું !

બેઠી દડીનાં, સ્થૂળ , વૈધવ્યને પચાવી ગયેલાં ભાભુ પણ તે દિવસે ખબર કાઢવા આવ્યાં : 'અરે, વહુમા ! તમે વળી ક્યાં બીમાર પડ્યાં ! મારો ભત્રીજો બિચારો રખડી ન પડે ક્યાંક. દવાઓય, જુઓને, કેવી મોંઘીદાટ થઈ ગઈ છે ! મૂઆ ડૉક્ટરો ! બે મહિના પહેલાં તું માંદો પડ્યો ત્યારેય નહીં નહીં તોય હજારેકનો ખરચો તો થઈ ગયો'તો કાં ?'

ભાભુ થંભ્યાં. થાક ખાધો... દુર્ગાને થયું : 'કહી દઉં ભાભુને કે તમારા ભત્રીજાની માંદગીમાં ઉજાગરા વેઠીવેઠીને તો હું માંદી પડી ગઈ.'

પણ ના, દુર્ગા ન બોલી. તેણે કાંઈ જ જવાબ આપ્યો નહીં. આજ સુધી ક્યારેય કોઈને ક્યાં કશું કહ્યું છે, કહી શકી છે ? તે મૂંગી મૂંગી સાંભળતી રહી.

રાત પડી. ખબર કાઢવા આવનારાઓ વિદાય થયા. ટ્યૂબલાઈટ ઊપડી નહીં. આછા અજવાળામાં બધાં વાળું કરવા બેઠાં. દુર્ગાને બેઠી કરી વઘારેલા મમરા ખાવાને આપ્યા. ખીચડી ખારી થઈ હતી. બેચાર કોળિયા ભર્યા ન ભર્યા ને કેશવલાલ ઊભા થઈ ગયા. કટાણું મોં કરીને કોગળા કર્યા. દુર્ગાએ ખાતાં વધેલાં મમરાની ડિશ ટેબલ પર હતી. કેશવલાલે બેચાર મમરા મોંમાં મૂક્યા. તરત થૂ થૂ કરી ઊઠ્યા. મમરામાં તો ખીચડી કરતાંય વધારે મીઠું હતું. દુર્ગાને પાણી આપતાં કેશવલાલને થયું : 'આવા મમરા આના ગળે શી રીતે ઊતર્યા હશે ?'

મોડી રાતે દોઢેક વાગ્યે કેશવલાલ જાગી ગયા. દુર્ગાની રૂમમાં ડોકિયું કર્યું. ટેબલ લૅમ્પના અજવાળામાં સુલભા ભરતગૂંથણની ચોપડી વાંચવામાં ડૂબી ગઈ હતી. પડખે શેતરંજી ઉપર મીનાનું સ્થૂળ શરીર ઘસઘસાટ નસકોરાં ગજાવતું પડ્યું હતું. અસ્તવ્યસ્ત કપડામાં એનું માંસલ પેટ ઊંચુંનીચું થઈ રહ્યું હતું. થૂંકદાની પર ફરતા વંદામાંથી એક વંદો અંદર ઊતરી ગયો. દવાની તીવ્ર વાસમાં બાથરૂમની વાસ ભળી ને મિશ્ર પ્રકારની દુર્ગંધ આખા રૂમમાં ફેલાવતી હતી.

કેશવલાલ કમકમી ઊઠ્યા. બાથરૂમ પાસે જઈને થૂંક્યા. ધડાક કરીને બારણું બંધ કર્યું. પાણી પીવાની ઇચ્છા થઈ. ગોળામાં પ્યાલો બોળ્યો. અંદર થોડુંક જ પાણી હતું. દુર્ગાની પથારી નીચે બીજી માટલી હતી.

પતિને પાસે આવેલો જોઈને દુર્ગા અધમીંચેલી આંખો ખોલી ફિક્કું હસી. પાણી પીવું છે એમ હાથના ઈશારાથી સૂચવ્યું. તો શું દુર્ગા જાગે છે ? સુલભાને પાણી આપવાનું કાં ન કહ્યું ?

દુર્ગાને બેઠી કરીને કેશવલાલે પાણી આપ્યું. ચીડને દબાવી તો ખરી છતાં બોલી પડ્યા : 'અલી એય ક્યાં છે તારું ધ્યાન તારી મા ક્યારની પાણી માગે છે એ જોતી નથી ?' કહેવું તો હતું.' 'બધી વેઠ મારે જ કરવાની ?' પણ શબ્દો ગળીગયા. રોષભર્યો નિસાસો નાખ્યો, 'હે ભગવાન !'

હાથ ખેંચીને દુર્ગાએ પતિને વાર્યા.

સુલભા ઝબકી ગઈ : 'શું છે પપ્પા ! શું છે મમ્મી !' તે પલંગ પાસે આવી. 'મમ્મી, મને પાણી આપવાનું નથી કહેવાતું ! પપ્પાને ખીજાવું પડે છે તે !' મીના સફાળી બેઠી થઈ. વાંસો ફરીને કપડાં સરખાં કરવા લાગી.

'એક પાંચ મિનિટ આડે પડખે થઈ એમાંય તે !' માથું ખંજવાળતાં ખંજવાળતાં મીનાએ પોતાના રૂમમાં જઈને ધબ્બ કરતાંક બારણાં વાસી દીધાં.

'અર્ધી રાતે આ શી ધમાલ ?' કોઈ સુવાય દેતું નથી, ઊંહ !' બંધ બારણામાંથી રાજુનો રોષભર્યો અવાજ આવ્યો.

'ભાઈ-ભાભી પોતાનામાંથી જ નવરાં નથી પડતાં પછી મમ્મીની ચાકરી કરવાનું શાનુંસૂઝે ! હું ખબર કાઢવા આવી તો ગાળિયો મારા ગળામાં નાખી દીધો. નહીં સાસરે નિરાંત કે નહીં નિરાંત પિયરમાં. સુલભા રડમસ થઈ ગઈ.

'તું સૂઈ જા, હું બેઠો છું.' કેશવલાલે તો કહેવા ખાતર જ કીધેલું, પણ સુલભાએ તરત સ્વીકારી લીધું ને જઈને પોતાની પથારી'માં પડી. નિરાંતનો દમ ખેંચી ઘસઘસાટ ઊંઘવા માંડી.

અધમીંચેલી આંખે ઝોકાં ખાતા કેશવલાલ દુર્ગાનું મુખ નિહાળી રહ્યા. દર્દીની છાતી પરથી એક જીવડું ઊડીને તેના નાકે અથડાયું. કેશવલાલ ઝબક્યા : 'માંદગી મને વળગી કે શું ?' જીવડાને આઘું કરીને તે ફરી ઝોકે ચડ્યા.

મળસકું થયું. પાંચના ડંકા સંભળાયા. દુર્ગા ઘસઘસાટ ઊંઘતી હતી. હવે તો સવાર થવા આવ્યું. મનોમન બબડી ને કેશવલાલ પોતાની પથારીમાં જઈને સૂઈ ગયા.

ધૂંધળી સવાર પડી.

રાજુ અરીસા સામે ઊભો રહી વાળ ઓળતાં ફિલ્મીગીત ગણગણતો હતો. કેશવલાલે તેને પાસે બોલાવીને કહ્યું, 'રાજુ આજે ઇન્જેક્શનનો વારો છે. અગિયાર પછી ડૉક્ટર આવશે.'

'પણ પપ્પા, આજથી હું નોકરીએ ચડી જાઉં છું. આમ ને આમ મારે કેટલા દિવસ બગાડવા ?'

'બગાડવા !'

મીના રસોડામાં લોટ બાંધતી હતી. લોટવાળા હાથે તે બહાર આવી. પતિની વાતમાં તેણે ટાપસી પૂરી. ઉનાળામાં અમારે આબુ ટૂર માં જવું છે ત્યારેય પાછી રજા જોઈશેને ! ને સુલભબહેન તો છે.'

'ના ભાભી, હું તો આજ બપોરની બસમાં જવાની છું. ગઈ કાલે જ મારે તો જવું'તું. પણ અવજોગ નડ્યો. તમારા નણદોઈનો સ્વભાવ તો તમે પાછાં જાણો છો ને ! એમણે તો બે જ દિ'માં ખબર કાઢીને આવી જવાનું કીધેલું; પણ બેના બદલે ચાર દિ' થયા.'

'બેટા, એકબે દા'ડા આઘાપાછા કરી શકાય એમ નથી ? તારી બારી બીમારી તો તું જુએ છે ને ! ક્યારે શું થશે એની કાંઈ ખબર પડે એમ નથી.'

'પણ પપ્પા, તમે છો, ભાઈ છે, ભાભી છે. બાબલાને બાલમંદિરેય ક્યાં સુધી પાડવું ? ઊંચી ફી ભરીને માંડ સારા બાલમંદિરમાં એક મિશન લીધું છે.'

રસોડામાં પાછાં ફરતાં મીના બબડી : 'લ્યો બોલ્યાં. ભાઈભાભી છે ને ! ભાભી એટલે તો જાણે વગર પૈસાની નોકરડી.'

અકળાઈને કેશવલાલે બે હાથે માથું પકડી લીધું. મનમાં ને મનમાં તે મૂંઝાવા લાગ્યા, 'ઓહ, આનો હવે અંત ક્યારે આવશે ?' સાંજે મિત્રો સાથે બાગમાં બેસીને પત્તાં રમવાનું અટકી ગયું છે. રાત્રે વાળુ કરીને દુકાનના પાટિયે મિત્રોની બેઠકમાં હાજરી આપવાનુંય બંધ થઈ ગયું છે. ક્યારે છૂટીશ હું તો !'

પથારીમાં પડીપડી દુર્ગા નિર્લેપભાવથી છત પર ફરતો પંખો જોઈ રહી છે.

બપોરની બસમાં સુલભા સાસરે ગઈ.

રૂપા ટી.વી. સામે બેસીને લેશન કરે છે. કેશવલાલ દુર્ગાની પથારી પાસે બેઠાબેઠા ઝોકાં ખાય છે. દવા આપવાની થાય ત્યારે દુર્ગા યાદ દેવડાવે તો દવા પાય છે. મીના દુર્ગાને બેઠી કરીને બાથરૂમ લઈ જાય છે. ઑફિસે જતાં અને ઑફિસેથી આવતાં રાજુ પૂછે છે : 'કેમ છે મમ્મી ! સારું છે ને !' પણ જવાબની દરકાર કરતો નથી. ખબર પૂછવા આવનારા આશ્વાસન આપે છે : કાલે સારું થઈ જશે. પણ કાલ આવતી નથી !

ગુરુવાર, શુક્રવાર, શનિવાર બપોરે રાજુ ઑફિસેથી વહેલો આવ્યો. બણબણતી માંદગી વચ્ચે સહુએ મૂંગામૂંગા ચાના ઘૂંટડા ગળે ઊતાર્યા.

(અનુસંધાન પૃ. ૪૭૨)

ફિલ્માકાશ - ૮

ધ ન્યૂ થીએટર્સ
તેજસ્વી સિતારો પૃથ્વીરાજ કપુર

રજનીકુમાર પંડ્યા

૧૯૩૫ની સાલમાં ધ ન્યૂ થીએટર્સ દ્વારા બંગાળી અને હિંદી એમ બન્ને ભાષામાં સીમાચિહ્નરૂપ ગણાય એવી બે ફિલ્મો 'દેવદાસ' અને 'ધૂપછાંવ' મળી એની વાત કરીએ એ પહેલાં એ, વાત અવશ્ય નોંધવી જોઈએ કે એ વર્ષ આમ પણ બીજી અનેક રીતે ભારતીય સાંસ્કૃતિક ક્ષેત્રમાં નોંધપાત્ર રહ્યું.


૧૯૩૫માં જ ઈંડિયન બ્રોડકાસ્ટિંગમાં સર્વિસે (અત્યારનો ઑલ ઈંડિયા રેડિયો) પોતાનું દિલ્હી સ્ટેશન શરૂ કર્યું. એ જ વર્ષમાં દક્ષિણ ભારતના મદ્રાસ અને કોઈમ્બ્તૂર તથા સાલેમમાં ફિલ્મ પ્રોડક્શન સ્ટૂડિઓ સ્થપાયા. આસામી અને પંજાબી ભાષામાં પહેલી જ ફિલ્મો, અનુક્રમે 'જોયમતિ' અને 'શૈલા' બની. ઉપરાંત પહેલી જ વાર મોશન ફિલ્મ કન્વેન્શન કલકત્તામાં યોજાયું. ડી.કે. પારકરે પહેલવહેલું ફિલ્મવિષયક સામયિક 'ફિલ્મ ઈંડિયા' શરૂ કર્યું તે પણ આ ૧૯૩૫ની સાલમાં જ. એને પાછળથી બાબુરાવ પટેલે સંભાળ્યું અને જે છેક ૧૯૬૧માં બંધ પડ્યું.

સાંસ્કૃતિક અને કલાક્ષેત્રના આ નવપ્રસ્થાનના દિવસોમાં ધ ન્યૂ થીએટર્સે પણ પોતાનો માતબર ફાળો નોંધાવ્યો. ભારતની એ વર્ષની કુલ ૨૩૩ ફીચર ફિલ્મોમાંથી ૧૫૪ હિંદી અને ૧૯ બંગાળી ફિલ્મો હતી (ગુજરાતીમાં માત્ર એક જ ! અને તે દ્વારકાદાસ સંપતિ નિર્મિત 'ઘર જમાઈ').

આમ તો 'રૂપલેખા' પછી ધ ન્યૂ થીએટર્સની એ સાલની છેલ્લી ફિલ્મ 'ડાકુ મનસૂર' (યાને કે કરિશ્માએ કુદરત) પણ ૧૯૩૫ની ૨૫મી મેના દિવસે ચિત્રા સિનેમામાં રજૂ થઈ હોવાથી એ પણ ૧૯૩૫ની જ ફિલ્મ ગણાય. પણ હિંસાનો અતિરેક સાંપ્રદાયિકતા ભડકાવવાના બહાના હેઠળ બ્રિટિશ સરકારે એના ઉપર પ્રતિબંધ મૂક્યો હતો. પરિણામે એ ફિલ્મની બહુ ઝાઝી નોંધ ક્યાંય લેવામાં આવતી નથી. નહિતર એમાં પૃથ્વીરાજ કપુરની મુખ્ય ભૂમિકા હતી ને કે.એલ. સાયગલ એમાં બીજા ક્રમે હતા. એમાં પહાડી સન્યાલ ઉપરાંત હુશ્નબાનો, ઉમાશશી અને મોલિનાદેવી જેવાં નીવડેલાં અદાકારો હતાં. સંગીત પણ રાયચંદ બોરાલનું અને દિગ્દર્શન નીતિન બોઝનું હતું. આમ, તંતોતંત ધ ન્યૂ થીએટર્સની બ્રાંડની હોવા છતાં તે ફિલ્મ ચાલી ન શકી, નહીં તો એમાં બાર જેટલાં તો ગીતો હતાં. અલબત્ત, એ કોણે કોણે ગાયાં હતાં એની જાણકારી પ્રાપ્ય નથી, કારણ કે એની રેકોર્ડ્ઝ પણ બહાર પડી નહોતી.

એટલે ૧૯૩૫ની 'ફ્લેગ શિપ' - વાવટા ફરકાવનારી - ફિલ્મ 'દેવદાસ' પહેલાં. પણ આ જ સાલમાં ધ ન્યૂ થીએટર્સ એ જ સાલમાં કવેગ (બલુચિસ્તાન)માં થયેલા ભૂકંપને લક્ષમાં રાખીને એક કથાત્મક (ફીચર) ફિલ્મ બનાવી હતી 'આફ્ટર ધી અર્થક્વેક' યાને 'ઈન્કિલાબ' એમાં પણ પૃથ્વીરાજ કપુર મુખ્ય ભૂમિકામાં હતા. ઉપરાંત આગળ ઉપર નવાબ તરીકે જાણીતા થનાર ચરિત્ર અભિનેતા સય્યદ મુહમ્મદ નવાબ, દુર્ગા ખોટે, કે.સી.ડે. જેવાં કલાકારો હતાં. વાચકોને એ જાણીને નવાઈ લાગશે કે રાજ કપુર એમાં બાળકલાકાર તરીકે હતા, તો ભવિષ્યમાં એમના ગુરુ તરીકેનું આદરભર્યું સ્થાન હાંસલ કરનાર કવિ, દિગ્દર્શક કેદાર શર્માની પણ એમાં નાનકડી ભૂમિકા હતી. એમાં એમણે તો 'આઓ રી ચમેલી એક બાત બતાએં', મુખડાવાળું એક ગીત ખુદે લખીને ખુદે ગાયું હતું. કથા પટકથા-દિગ્દર્શન બધું જ દેવકી બોઝનું હોવા છતાં ફિલ્મે ધારી સફળતા ન મેળવી, પણ એ ફિલ્મથી પૃથ્વીરાજ કપુર, અને કેદાર શર્મા મિત્રો બન્યા અને કેદાર શર્માએ જ બાળકલાકાર રાજને તાલીમ માટે પોતાને સોંપવાની દરખાસ્ત કરી, જેનું શું સોનેરી પરિણામ આવ્યું તે આપણે સૌ જાણીએ છીએ. રાજ કપુર મરતાં સુધી એ પણ વિસર્યા નહોતા. એ જ વર્ષ ૧૯૩૫ની 'દેવદાસ'ની વિગતે વાત કરતાં પહેલાં અને ન્યૂ થીએટર્સની બીજી ફિલ્મોની વાતોને ઉલેખતાં પહેલાં પૃથ્વીરાજ કપુર અને કેદાર શર્માના આગમનની રસિક વાતો જાણવા જેવી છે. જો કે દુર્ગા ખોટે કે જેમણે પૃથ્વીરાજ કપુર સાથે છેક ૧૯૬૦ના મોગલે આઝમ સુધી જોડી જાળવી રાખી તેમની કથા પણ સંક્ષેપમાં જાણવી જોઈએ, પણ કેદાર શર્મા અને દુર્ગા ખોટેની વાતો આપણે આગળનાં પ્રકરણોમાં જોઈશું.

કદાવર કહેવાય તેવી બેમિસાલ કદકાઠી, રોમન યોદ્ધા જેવું વ્યક્તિત્વ અને પેશીદાર સુદૃઢતા, રાજસી આભાવાળા ચહેરા અને નીચા સ્વરમાં પણ રૂઆબદારીનો અનુભવ કરાવે તેવા હિંદી ફિલ્મસૃષ્ટિના એકમાત્ર અભિનેતા પૃથ્વીરાજ માટે નાટક એ પહેલો પ્રેમ અને બીજો પ્રેમ તે સિનેમા. ૧૯૦૬ની ત્રીજી નવેમ્બરે વિશ્વેશ્વરનાથ (ઘણા એનો ઉચ્ચાર




પૃથ્વીરાજ કપુર અને તેમના પિતા વિશ્વેશ્વરનાથ કપુર

બશેશરનાથ કરે છે. તેમણે ફિલ્મ 'આવારા'માં ન્યાયાધીશની નાનકડી ભૂમિકામાં દેખા પણ દીધી હતી)ને ત્યાં પેશાવરમાં જન્મેલા પૃથ્વીરાજને અભિનયક્ષેત્રમાં જવાની કોઈ જ તમન્ના નહોતી કારણ કે મૂળ સમુંદરી નામના ગામડાના બશેશરનાથ એક સામાન્ય પોલીસ અધિકારી હતા, જેમના પરિવારમાં નાટક સંગીતનું કોઈ જ વાતાવરણ નહોતું. હાલ પાકિસ્તાનમાં આવેલા લાયલપુર અને પેશાવરમાં એમણે પ્રારંભિક શિક્ષણ લીધું ત્યારે પણ નાટકની કોઈ રુચિ નહોતી ઊપસી આવી. પેશાવરમાં એમણે એડવર્ડ કૉલેજમાં આગળ અભ્યાસ માટે પ્રવેશ લીધો ને ત્યાં થોડી નાટક-ચેટકની પ્રવૃત્તિનું વાતાવરણ સાંપડ્યું, 'દીના કી બારાત' જેવા એ જમાનાના મશહૂર એકાંકીમાં એમણે ગુંડા સામે બાથ ભીડતા યુવકનું પાત્ર ભજવ્યું ત્યારે સામેનું પાત્ર ભજવતો પહેલવાન જેવો છોકરો ખરેખર ઘાયલ થઈ ગયો હતો. એમ તો એમણે પંદર વર્ષની ઉંમરે ગલીઓમાં છોકરીનું પાત્ર ભજવ્યું હતું પણ એમાં લોકોએ એમની હાંસી ઉડાવી હતી. એટલે પ્રત્યાઘાત રૂપે આ મર્દાના કિસ્મની ભૂમિકામાં એમનાથી જરા ઓવર ઍક્ટિંગ થઈ ગઈ અને એનું આ લોહિયાળ પરિણામ આવ્યું ! ૧૯૨૩ના ડિસેમ્બરની ૧૦મીએ એમનું લગ્ન એમનાં મા-બાપે રમાદેવી નામની હિંદીભાષી કન્યા સાથે કરી નાખ્યું જેથી છોકરો કાબૂમાં રહે અને ખીલે બંધાય. એક જ વર્ષમાં એટલે કે ડિસેમ્બર ૧૪, ૧૯૨૪ના દિવસે પ્રથમ સંતાન રણવીર રાજ (રાજકપુર)નો જન્મ થયો. એ દરમ્યાન કૉલેજનો અભ્યાસ ચાલુ જ હતો.

પેશાવરમાં સ્નાતકની પદવી મેળવી પૃથ્વીરાજે લાહોરની કૉલેજમાં કાયદાના અભ્યાસ માટે પ્રવેશ મેળવ્યો પણ તે દરમ્યાન અભિનયક્ષેત્રમાં આગળ વધવાની તેમની ઝંખના બળવત્તર બની ગઈ હતી. તે પછી એટલી બધી એ અદમ્ય બની કે અભ્યાસને અધૂરો મૂકીને પત્ની અને પુત્રને પેશાવર મૂકીને તેઓ માત્ર એકાદ સાધારણ ઓળખાણના તરાપે તરીને મુંબઈ આવ્યા. એ સાલ હતી ૧૯૨૯ની. ફૉરાસ રોડ જેવા બદનામ વિસ્તારમાં એક ઓરડી ભાડે રાખીને રહ્યા અને પછી નજીકમાં જ ગિરગાંવ વિસ્તારમાં આવેલી અરદેશર ઈરાનીની ઇમ્પિરિયલ ફિલ્મ કંપનીની બહાર લાગેલી એક્સ્ટ્રા કલાકારો (હવે એમને જૂનિઅર કલાકારોના જરા શોભિતા નામે ઓળખવામાં આવે છે)ની લાંબી કતારમાં ઊભા રહી ગયા. સ્વાભાવિક રીતે જ બીજા સામાન્ય ઉમેદવારો કરતાં તેમનું પેશાવરની કૉલેજમાં લેખક ઇંદર રાજ આનંદ (ટીનુ આનંદના પિતા)ના નાટકમાં કામ કરવાનો થોડો અનુભવ હતો એટલે બીજા કરતા પહેલા પસંદ થયા. અરદેશર ઈરાનીની મૂક ફિલ્મ 'ચેલેંજ' ઉર્ફે 'દો ધારી તલવાર'માં નાનકડી સહાયક ભૂમિકા ભજવવાનો મોકો મળ્યો. એમાં એમની સાથેની અર્મેલીન (**Ermeline**) નામની હિરોઇન સામે ઈ. બીલીમોરિયા હિરો હતા. દિગ્દર્શન બી.પી. મિશ્રાનું હતું. એ ફિલ્મમાં એમનું કામ અને દેખાવ જોઈ પ્રભાવિત થયેલા અરદેશર ઈરાનીએ એમને પોતાની બીજી મૂક ફિલ્મ 'સિનેમા ગર્લ'માં હિરોની ભૂમિકા આપી. આ પછી તો એમની 'તૂફાન' અને 'શેરે અરબ' ફિલ્મો પણ આવી. 'શેરે અરબ'માં એમણે અરેબીઅન નાઇટ્સના કેન્દ્રવર્તી શાહજાદાની ભૂમિકા ભજવી હતી.

૧૯૩૧માં સવાક્ ફિલ્મોના આગમન સુધીમાં પૃથ્વીરાજની 'બીડ ફાર ધ થ્રોન', 'વિજયકુમાર', 'નિમકહરામ કૌન', તથા 'ગોલીબાર' જેવી અનેક મૂક ફિલ્મો આવી અને એમાં મોટા ભાગની ફિલ્મોમાં એમની જોડી લીલાવતી સાથે જમાવવામાં આવી હતી. એ મૂક ફિલ્મોના આથમતા



પૃથ્વીરાજ કપુરની પ્રથમ ફિલ્મ 'સિનેમા ગર્લ'નું શૂટિંગ (૧૯૩૦)
પૃથ્વીરાજ અને અર્મલીન

યુગમાં પણ પૃથ્વીરાજ અભિનયના ઉદીયમાન પણ ઝળહળતા સૂર્ય સાબિત થયા. આ સફળતાની એમને લેશમાત્ર કલ્પના નહોતી, પણ સવાક્ ફિલ્મોનો યુગ શરૂ થતાં જ અરદેશર ઇરાનીએ એમનો ફરી ઇન્ટર્વ્યૂ કર્યો. એમને અંદેશો હતો કે આ જુવાન ભલે મૂક ફિલ્મોમાં સફળ રહ્યો પણ જો એને હિંદી ભાષાની ડાયલોગ ડિલીવરી બરાબર નહીં આવડે તો એની સફળતાનો કોઈ જ મોકો નથી. 'તમને હિંદી આવડે છે ?' અરદેશરના એ પ્રશ્નના જવાબમાં આ પંજાબી માતૃભાષાવાળા, યુવાન પૃથ્વીરાજે હા પાડી કે તરત જ એમને બીજા પ્રશ્નનો સામનો કરવાનો આવ્યો 'કેવી રીતે ? શું તમને હિંદી વાંચતાં પણ ફાવે ?' જવાબમાં આ પડછંદ મરદ જરા શરમાયા. કહ્યું : 'આમ તો ન આવડે. પણ મારી જોરૂ રમા હિંદીભાષી છે. તેણે મને પહેલો પ્રેમપત્ર લખ્યો ત્યારે તેને વાંચી બતાવવા માટે હું મારા હૉસ્ટેલના રૂમ પાર્ટનર પૂરણસિંગ પાસે ગયો. એણે મને ટોણો માર્યો કે આમ જો બીજા મરદ પાસે તારો પ્રેમપત્ર વંચાવીશ તો તારા સંસારમાં ત્રીજા આદમીનો પ્રવેશ થયો સમજજે. આ ટોણો કામ કરી ગયો. અને મેં રાતોરાત હિંદી શીખી લીધું. નિર્ણય કર્યો કે 'ખૂબ સિખુંગા પરિણામે આજે મારા હિંદીવાચનની ગતિ પંજાબી કરતાં પણ વધારે છે.'

જવાબ સાંભળીને અરદેશર ઈરાની રાજી થયા. ખાસ તો તેમાં રહેલી રમૂજ ઉપરાંત એના અવાજ અને વાક્છટા ઉપર તરત જ એમણે એને ભારતની પ્રથમ સવાક્ ફિલ્મ 'આલમઆરા' (રજૂઆત ૧૪મી માર્ચ ૧૯૩૧)માં હિરોઈન ઝુબેદાના સેનાપતિ પિતાની રોફદાર ભૂમિકા આપી. એમાં હિરા માસ્ટર વિઠ્ઠલ હતા ઉપરાંત જગદીશ શેઠી, જિલ્લુ, સુશીલા, મોહમ્મદ જેવા મૂક ફિલ્મોનાં યુગનાં જાણીતાં કલાકારો હતાં. આ એ જ વઝીર મોહમ્મદખાન કે જેણે આ ફિલ્મ દ્વારા ભારતીય બોલપટનું સર્વપ્રથમ ગીત 'દે દે ખુદા કે નામ પે પ્યારે તાકત હો ગર દેનેકી કુછ ચાહે અગર તો માં. લે મૂઝ સે હિમ્મત હો ગર લેને કી', ગાયું હતું. આ ફિલ્મ મુંબઈની મેજેસ્ટિક સિનેમામાં ૧૪મી માર્ચે ૧૯૩૧ના રોજ રજૂ થઈ. બીજે જ અઠવાડિયે અખબારોમાં ફિલ્મની સમીક્ષા પ્રગટ થઈ તેમાં ફિલ્મના બીજા કલાકારોનાં વખાણ કરવામાં આવ્યાં. સંગીતકાર ફિરોઝ શાહ મિસ્ત્રી (સંગીતકાર કેરસી મિસ્ત્રીના પિતા) અને કથા-સંવાદ લેખક યહૂદી નાટ્યલેખક જોસેફ ડૅવિડ સુધ્ધાંનાં વખાણ કરવામાં આવ્યાં, બસ, એકમાત્ર પૃથ્વીરાજના અવાજની બહુ કટુ આલોચના કરવામાં

આવી. એક અખબારે તો એમ લખ્યું કે પૃથ્વીરાજનો ઊંચા શ્રવણાંક (ડેબિબલ)નો અવાજ સ્પીકરને તો શું પણ પરદાઓને ફાડી નાખશે. અરદેશર ઈરાનીને પોતાને પણ અવાજપરીક્ષામાં થાપ ખાઈ ગયાનું લાગ્યું. એટલી હદ સુધી ટીકાઓનો મારો વરસ્યો. પણ પૃથ્વીરાજ સ્વસ્થ રહ્યા. અરદેશરને તેઓ સમજાવી શક્યા કે અવાજનું વોલ્યુમ તો રેકોર્ડિંગની તદબીરથી સુધારી શકાય. પણ અવાજની આ ગુણવત્તા અને ઉચ્ચારણછટાને કોઈ મશીન દ્વારા નિપજાવી નહિ શકાય. આગ ઉપર એમની ભવિષ્યવાણી સાચી પડી તે આપણે જાણીએ છીએ. એ જ અખબારોએ આગળ ઉપર સવાક ફિલ્મ 'દ્રૌપદી' (૧૯૩૧)માં દ્રૌપદી (અર્મલીન) સામે એમના અર્જુન તરીકે બોલાયેલા સંવાદોની અને અવાજના ગોરંભની મન મૂકીને પ્રશંસા કરી. એ વેળા અરદેશર ઈરાનીએ તેમને એક મોટર સાઇકલ ભેટ આપી. આ પછી જ પૃથ્વીરાજની માર્કેટ વૅલ્યૂ ઊભી થઈ તે ૧૯૩૩ની ન્યૂ થીએટરોની 'રાજરાણી મીરાં' (૧૯૩૩)થી પૂરી પ્રસ્થાપિત થઈ. એ વર્ષના 'ન્યૂ મૅન' નામના મૅગેઝીનમાં એમણે કહ્યું કે 'દિશાઓ સાથે મેં માથાં પછાડ્યાં છે ત્યારે મને દિશાઓએ હવે જગ્યા કરી આપી છે.'

એ જ દિવસોમાં એમનો રંગમંચનો શૉખ પુનર્જીવિત થયો. મુંબઈના ઑપેરા હાઉસમાં એમણે ગ્રાંડ ઇન્ડિયન નૅશનલ થીએટર્સ નામની સંસ્થા સાથે જોડાઈને થોડાં નાટકો કર્યાં. એ પછી તરત જ ગ્રાન્ડ એન્ડરસન થીએટર્સમાં ચીને શેક્સપિયરનાં કેટલાંક નાટકો ઉત્તમ રીતે ભજવ્યાં. એમાં તેમણે રંગમંચ પર તાદૃશ્ય કરેલું હૅમ્લેટનું પાત્ર તેમનું અતિશય કીર્તિ અપાવવામાં નિમિત્ત બન્યું.

પણ મુંબઈ સિનેસૃષ્ટિ કરતાં તેમને કોલકતાની સિનેસૃષ્ટિ વધુ આકર્ષક લાગી. માદન થીએટર્સ અને ધ ન્યૂ થીએટર્સ દ્વારા બનાવાતી સાહિત્યરંગી ફિલ્મો તેમની કલાકેન્દ્રી ચેતનાને વધુ સ્પર્શતી હતી. એ દરમિયાન દેવકી બોઝ સાથે પણ તેમને કંઈક સંપર્કસેતુ ઊભો થયો. આને પરિણામે ૧૯૩૨ની એક છેલ્લી ફિલ્મ (અરદેશર ઈરાનીની ઇમ્પિરિયલ ફિલ્મ કંપનીની) તેમણે કરી તે 'દગાબાજ આશિક', જે સામાન્ય સ્ટંટ ચિત્ર હતું ને એમાં નાસિર નામનું થોડું ખલનાયકીના રંગવાળું પાત્ર પૃથ્વીરાજે ભજવ્યું હતું. પણ તેમના આત્માને આવા કામથી સંતોષ નહોતો. બહુ જલ્દી તેમણે મુંબઈ છોડીને કોલકતા આવીને વસવાટ શરૂ કર્યો તે સાલ ૧૯૩૩ની હતી. તેમને જેમની સાથે સંપર્કસેતુ ઊભો થયો હતો તે દેવકી બોઝ ધ ન્યૂ થીએટર્સના એક આદરણીય દિગ્દર્શકની પદવીએ હતા. તેમણે તરત જ મિત્ર પૃથ્વીરાજને ધ ન્યૂ થીએટર્સનો બંગાળી હિટ ફિલ્મ 'મીરાંબાઈ' કે જેનું દિગ્દર્શન પણ પોતે જ કર્યું હતું તેની હિંદી આવૃત્તિ 'રાજરાણી મીરાં'માં મુખ્ય પાત્ર આપ્યું. સાયગલ એમાં છેક ત્રીજા ક્રમે હતા. અલબત્ત, સામે નાયિકા તરીકે દુર્ગા ખોટે હતાં, જે મરાઠી રંગમંચ અને ફિલ્મોના ઉજ્જ્વળ ઇતિહાસવાળાં અભિનેત્રી હતાં.

'રાજરાણી મીરાં' સફળતાને વરી, લોકો બંગાળી ફિલ્મ 'મીરાં'માં પાત્ર ભજવનાર દુર્ગાદાસ બૅનરજી અને હિંદી 'રાજરાણી મીરાં'માં એ જ પાત્ર ભજવનાર પૃથ્વીરાજની સરખામણી કરવા માંડ્યા અને પૃથ્વીરાજને વધુ ઊંચા ક્રમે મૂકવા માંડ્યા. આમ બંગાળમાં પણ પૃથ્વીરાજની બોલબોલા શરૂ થઈ અને તે પણ ધ ન્યૂ થીએટર્સની ફિલ્મોથી જ. પૃથ્વીરાજે બહુ ઝડપથી કામચલાઉ બંગાળી શીખી લીધું. તેમનો પુત્ર રાજ સાત વર્ષનો, થયો હતો ત્યારે પુત્ર શમ્મી માત્ર બે જ વર્ષનો. બંગાળી શીખવાના માધ્યમ તરીકે પૃથ્વીરાજ આ બન્ને સંતાનો સાથે વધુ ને વધુ વાત કરવાના પ્રયત્નો



પ્રથમ સવાક ફિલ્મ 'આલમ આરા'ની પ્રચાર-પુસ્તિકાનું પ્રથમ પૃષ્ઠ, નીચેના જમણે ખૂણે પૃથ્વીરાજ અને જિલ્લુ છે

કરતા, કારણ કે શિશુઓ બંગાળી આબોહવામાંથી સહેતુક શબ્દો ઝડપથી ગ્રહણ કરી લેતા હતા અને એનાથી પિતાનું શબ્દભંડોળ સમૃદ્ધ કરતા હતા. તેમણે જ્યારે ૧૯૫૧માં પુત્ર રાજકપુરની 'આવારા'માં નિઃશુલ્ક કામ કર્યું ત્યારે કહેતા (અલબત્ત મજાકમાં જ !) કે રાજ તો મારો ગુરુ છે અને આ તો છે ગુરુદક્ષિણા. તેમણે જ પોતાના પિતા બશેશરનાથને રાજની ફિલ્મમાં નાનકડો રોલ લેવા સમજાવ્યા, કે જેમણે જિંદગીમાં અભિનયનો અ સાંભળ્યો નહોતો. બશેશરનાથે એમની વિનંતી માન્ય રાખી અને એમાં ન્યાયાધીશની ભૂમિકા લીધી. એ ફિલ્મમાં એ રીતે એમની ત્રણ પેઢી એક જ દશ્યઘટક (સિક્વન્સ) દરમ્યાન સાથે આવી. વીસ વર્ષો પછી ૧૯૭૧માં રાજકપુરના પુત્રે 'કલ આજ ઑર કલ'માં એ રોમાંચને પુનર્જીવિત કર્યો. એમાં પૃથ્વીરાજ, રાજકપુર અને રણધીર કપુર સાથે આવ્યા.

ખેર, ૧૯૩૪ની સાલમાં કોલકાતા આવીને પૃથ્વીરાજે ધ ન્યૂ થીએટર્સનાં બે ચિત્રો 'રાજરાણી મીરાં' અને 'ડાકુ મનસૂર'માં કામ કર્યું. આપણે અગાઉ જોયું તેમ 'ડાકુ મનસૂર' ચિત્ર પ્રતિબંધિત થયું તે હિંસા અને સાંપ્રદાયિકતાના મુદ્દા ઉપર. તેથી તે ચિત્રમાં પૃથ્વીરાજે સબળ ભૂમિકા ભજવી હોવા છતાં તેમની છબીને લોકમાનસમાં દૃઢમૂલ કરવામાં એ ફિલ્મ કામ ન આવી.

પૃથ્વીરાજ અને ધ ન્યૂ થીએટર્સનો સાથ છેક ૧૯૩૯ સુધી રહ્યો. તેની વિગતો આગળ ઉપર તબક્કાવાર આપણે જોઈશું. પણ ૧૯૩૯ સુધીમાં પાંચ વર્ષના ગાળામાં તેમણે ધ ન્યૂ થીએટર્સની દસ ફિલ્મો કરી; પણ નોંધનીય વાત એ છે કે આ ગાળામાં માત્ર ધ ન્યૂ થીએટર્સ સાથે બંધાયેલા રહેવાને બદલે બીજા નિર્માતાઓની ફિલ્મોમાં પણ અગત્યની ભૂમિકાઓ કરી. તેમાં મુંબઈના કેટલાક નિર્માતાઓ પણ હતા અને કોલકતાના પણ. મતલબ કે તેમણે બન્ને જગ્યાએ આવન-જાવન ચાલુ રાખી ધ ન્યૂ થીએટર્સની ફિલ્મો ઉપરાંત તેમણે એ ગાળામાં ભારત પિકચર્સની રામાયણ, ઈસ્ટ ઈંડિયા કંપનીની દેવકી બોઝ નિર્દેશિત ફિલ્મ 'સીતા' ઉપરાંત એ. આર.

(અનુસંધાન પૃ. ૪૮૫)

ભારતનાં રાજ્યો - ૧૧

પંજાબ

ડૉ. જયકુમાર ર. શુક્લ


ભારતની વાયવ્ય દિશામાં પંજાબનું રાજ્ય આવેલું છે. તેની ઉત્તરે જમ્મુ અને કાશ્મીર, પૂર્વમાં હિમાચલ પ્રદેશ, દક્ષિણમાં હરિયાણા તથા રાજસ્થાન અને પશ્ચિમે પાકિસ્તાન આવેલાં છે. આ રાજ્ય પાકિસ્તાનની સરહદે આવેલું હોવાથી વ્યૂહાત્મક દૃષ્ટિએ તે ઘણું મહત્ત્વ ધરાવે છે. તેનું ક્ષેત્રફળ ૫૦,૩૬૨ કિલોમીટર અને ૧૯૯૧ની ગણતરી અનુસાર તેની વસતી ૨,૦૧,૮૧,૯૬૯ છે. તેમાંના ૩૦ ટકા લોકો શહેરોમાં વસે છે. રાજ્યના કુલ પુરુષોમાં ૬૫.૬૬ ટકા અને સ્ત્રીઓમાં ૫૦-૪૧ ટકા લોકો સાક્ષર છે. રાજ્યની ભાષા પંજાબી છે. પંજાબમાં ૬૩ ટકા શીખ, ૩૫ ટકા હિંદુ અને બાકીનાં મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે ધર્મના લોકો રહે છે. ત્યાંનાં ૮૫ ટકા લોકો પંજાબી, ૫ ટકા લોકો હિંદી તથા બાકીનાં અન્ય ભાષા બોલે છે. ખેતીનું કામ કરતાં મજૂરોને લઘુતમ વેતન રૂપિયા ૫૫.૫૮ ભોજન વિના અને રૂપિય ૪૯.૫૩ ભોજન સહિત આપવામાં આવે છે. રાજ્યનાં ૬.૧૬ ટકા લોકો ગરીબીરેખા નીચે જીવે છે. લોકોની માથાદીઠ વાર્ષિક આવક રૂપિયા ૪૧૬૮ છે, જે સમગ્ર દેશમાં સૌથી વધારે છે.

આ રાજ્યમાં ૨૮૪૨ ચોરસ કિલોમીટર વિસ્તારમાં જંગલો આવેલાં છે. વહીવટ માટે રાજ્યને ૧૭ જિલ્લામાં વહેંચી દેવામાં આવ્યું છે. રાવી, સતલજ, બિયાસ, જેલમ અને ચિનાબ આ પાંચ નદીઓનો પ્રદેશ હોવાથી તેનું નામ પંજાબ પડ્યું છે. પરંતુ આ રાજ્યમાં બિયાસ, સતલજ, રાવી અને ઘાઘર નદીઓ આવેલી છે. અમૃતસર, ભટીન્ડા, લુધિયાણા અને ચંડીગઢ અહીંનાં મુખ્ય હવાઈ મથકો છે. પાટનગર ચંડીગઢ આધુનિક સ્થાપત્યના નમૂનારૂપ આયોજિત નગર છે. કાર્બુઝર નામના પ્રસિદ્ધ ફ્રેન્ચ સ્થપતિની આગેવાની હેઠળ સ્થપતિઓની ટુકડીએ તેનું આયોજન કર્યું હતું. તેમાં ૩૦ લંબચોરસ સેક્ટર આવેલાં છે.

સરકાર : આ રાજ્યની વિધાનસભાના સભ્યોની સંખ્યા ૧૭૭ની છે આ રાજ્યમાંથી ચૂંટણી દ્વારા ૧૩ સભ્યો લોકસભામાં અને ૭ સભ્યો રાજ્યસભામાં મોકલવામાં આવે છે.

ઇતિહાસ : વેદકાળની મહાન સંસ્કૃતિનું ઉદ્ભવસ્થાન તથા આર્ય સંસ્કૃતિનું કેન્દ્ર પંજાબ છે. સિંધુ ખીણની સંસ્કૃતિના અવશેષો મોહેં-જો-દડો અને હડપ્પામાંથી મળી આવ્યાં હતાં. તે બંને સ્થળો હવે પાકિસ્તાનમાં છે. પરન્તુ તેના જેટલાં જ પ્રાચીન અવશેષો ચંડીગઢ પાસે આવેલા રૂપડમાંથી મળી આવ્યાં છે. મધ્ય એશિયામાંથી આવીને આર્યોએ સૌપ્રથમ પંજાબમાં વસાહતો સ્થાપી અને વેદોની રચના કરી. ભારત પર હુમલા કરતા વિદેશીઓનો સૌપ્રથમ સામનો અહીં થતો અને દેશના ઇતિહાસને મહત્ત્વના વળાંકો આપનાર ઐતિહાસિક નિર્ણાયક લડાઈઓ આ પ્રદેશમાં થઈ હતી. અહીં જેલમ નદીના કાંઠે મેસિડોનિયાના સિકંદરનો રાજા પુરુ તથા કેટલાંક ગણરાજ્યોનાં સૈન્યોએ વીરતાપૂર્વક સામનો કરીને તેને આગળ વધતો રોકયો હતો. ગઝની, ઘોરી અને મુઘલો જેવા મુસલમાનોનાં આક્રમણો આ બાજુથી થયાં. સરહદ પરના નબળા શાસકોને હરાવીને મુસ્લિમોએ ભારતમાં પોતાનાં રાજ્યો સ્થાપ્યાં હતાં. ગુરુ નાનકે પંજાબમાં એકતા અને સદાચારની ભૂમિકારૂપે શીખધર્મ સ્થાપ્યો. આ ધર્મના કુલ દસ ગુરુઓ થયા. તેમના દસમા ગુરુ ગોવિંદસિંહે ધર્મના રક્ષણ વાસ્તે રાજકીય સત્તા હોવાની આવશ્યકતા જણાવી. તે પછી મહારાજા રણજીતસિંહે પંજાબમાં એક મજબૂત અને વિશાળ રાજ્ય સ્થાપ્યું. ત્યાર





અમૃતસરનું સુવર્ણમંદિર

બાદ અંગ્રેજોએ સત્તા હસ્તગત કરી. દેશના સ્વાતંત્ર્ય-સંગ્રામમાં પંજાબનાં લોકોનું પ્રદાન નોંધપાત્ર છે. અમૃતસરમાં જલિયાંવાલા બાગમાં અનેક લોકોએ શહીદી વહોરી. લાલા લજપતરાયે ત્યાંનાં લોકોને સ્વાતંત્ર્ય મેળવવા જાગૃત કર્યાં. ભગતસિંહ અને તેમના સાથીઓએ ક્રાંતિકારી ચળવળની આગેવાની સંભાળી. લાહોરમાં ૩૧ ડિસેમ્બર, ૧૯૨૯ના રોજ કોંગ્રેસના અધિવેશનમાં પૂર્ણ સ્વરાજ્યનો ઠરાવ પસાર કરવામાં આવ્યો. ઑગસ્ટ ૧૯૪૭માં આઝાદી મળી ત્યારે પંજાબનું વિભાજન થયું. તે સમયે થયેલાં રમખાણોમાં અસંખ્ય લોકોએ જાન ગુમાવ્યા અને ઘરબાર વિહોણાં થયાં. પંજાબના ફળદ્રૂપ અને સિંચાઈવાળા વિસ્તારો પાકિસ્તાનમાં ગયા. પતિયાળા, નાભા, કપૂરથલા વગેરે દેશી રાજ્યોનું પંજાબમાં જોડાણ થયું. લોકોની માગણી હોવાથી ૧૯૬૬માં પંજાબ અને હરિયાણા એમ બે અલગ રાજ્યોની રચના કરવામાં આવી. પાકિસ્તાન સાથેની ૧૯૭૧માં થયેલી લડાઈમાં પંજાબમાં સખત મુકાબલો કરવામાં આવ્યો હતો. રાજ્યમાં ફેલાયેલી આતંકવાદી પ્રવૃત્તિને અંકુશમાં લેવા લશ્કરનો ઉપયોગ કરવો પડ્યો હતો.

<u>ઉત્સવો :</u> પંજાબનો સૌથી વધુ જાણીતો અને મહત્ત્વનો તહેવાર બૈશાખીનો છે. ગુરુ ગોવિંદસિંહે ઈ.સ. ૧૬૮૯માં આ દિવસે શીખોને 'ખાલસા'માં સંગઠિત કર્યા હતા. તેથી શીખોમાં આ તહેવારને આનંદપૂર્વક ઊજવવામાં આવે છે. આ પ્રસંગે તલમાંથી બનાવેલ રેવડી તથા સાકર વહેંચવામાં આવે છે. 'જોરમેલા'ના પ્રસંગે સરહિંદમાં હજારો લોકો ગુરુ ગોવિંદસિંહ પ્રત્યેના ખૂબ ભક્તિભાવથી ભેગા થાય છે અને ત્યાં ગુરુના લંગરમાં લોકો જમે છે. આ મેળામાં પારંપરિક હથિયારો, પહેરવેશ, હસ્તકલાની વૈવિધ્યપૂર્ણ વસ્તુઓ વગેરે લોકો ખરીદે છે. એ રીતે હોળી, દશેરા તથા દિવાળીના તહેવારો પણ પંજાબનાં લોકો દ્વારા ખૂબ ઉત્સાહપૂર્વક ઊજવવામાં આવે છે. આ ઉપરાંત દસ ગુરુઓની સંવત્સરી પણ ભક્તિપૂર્વક ઊજવવામાં આવે છે.

<u>નૃત્ય :</u> પંજાબી પુરુષોનું જોરદાર નૃત્ય ભાંગડા સમગ્ર દેશમાં જાણીતું છે. પાક લણવાના ઉત્સવ વૈશાખી દરમિયાન પંજાબના પુરુષો ઉત્સાહપૂર્વક ભાંગડા નૃત્ય કરે છે. તેમાં ભાગ લેનારને આનંદવિભોર કરી દેતા આ નૃત્યમાં શારીરિક કસરત મળવા સહિત રમૂજનો સુમેળ સધાય છે. મહિલાઓ ગીધા નામના નૃત્ય સહિત તાલીઓ પાડીને સમૂહમાં 'બોલી' ગાય છે. ત્યારે તેઓ ગરબાની રીતે ઘૂમે છે. હોલા મોહલ્લા ઉત્સવ દરમિયાન આનંદપુર સાહિબમાં શીખ યોદ્ધા પારંપરિક પ્રાચીન લડાઈઓનાં જાણીતાં દૃશ્યો રજૂ કરે છે.

<u>મુખ્ય પાક :</u> ૧૯૪૭માં દેશનું વિભાજન થયું ત્યારે પંજાબમાં વિપુલ પ્રમાણમાં વિનાશ થયો હતો. તેમ છતાં લોકોના પરિશ્રમના ફળસ્વરૂપે આજે તે દેશનાં સમૃદ્ધ રાજ્યોમાંનું એક છે. પંજાબની સમૃદ્ધિ તથા અર્થતંત્રનો મુખ્ય આધાર તેની ખેતી ઉપર છે. રાજ્યના કુલ વિસ્તારના ૮૪ ટકા પ્રદેશમાં ખેતી કરવામાં આવે છે. ઘઉં, ચોખા, મકાઈ, ચણા, જવ, શેરડી, કપાસ, બટાટા, તેલીબિયાં વગેરેનો પંજાબમાં મબલક પાક થાય છે. ઉત્તર પ્રદેશ પછી બીજા ક્રમે પંજાબ, સૌથી વધારે અનાજ ઉગાડનાર રાજ્ય છે. કેન્દ્ર સરકારનાં અનાજનાં ગોદામોમાં પંજાબનો હિસ્સો ઘણો મોટો હોય છે.

<u>ઉદ્યોગો :</u> પંજાબમાં લઘુ ઉદ્યોગનાં ૧,૯૭,૦૦૦ એકમોમાં રૂપિયા ૧૯,૭૩૦ મિલ્યનથી વધુ મૂડીરોકાણ થયું હતું અને તેમાં ૮,૫૭,૦૦૦ માણસો રોજી મેળવતા હતા. આ એકમોમાં સીવવાના સંચા, મશીન ટુલ્સ, મોટરના સ્પેર પાર્ટ્સ, સાઇકલના સ્પેરપાર્ટ્સ, ઇલેક્ટ્રોનિક વસ્તુઓ, રમતગમતનાં સાધનો, કાપડ, હોઝિયરી, ખાંડ, રસાયણો, ખાતરો ચામડાની વિવિધ વસ્તુઓ વગેરેનું ઉત્પાદન છે. આ ઉપરાંત ત્યાં ૬૪૨ જેટલા મધ્યમ કદના અને મોટા ઉદ્યોગો છે, જેમાં રૂપિયા ૬૫,૦૦૦ મિલ્યનથી વધુ મૂડીરોકાણ કરવામાં આવ્યું છે.

<u>જોવાલાયક સ્થળો :</u> અમૃતસરનું હરમંદિર સાહેબ એટલે પ્રસિદ્ધ સુવર્ણમંદિર. માત્ર શીખોને નહિ, પરન્તુ સર્વે ધર્મના લોકોને આકર્ષે છે. ગુરુ ગોવિંદસિંહે પ્રથમ પાંચ શીખોને ખાલસામાં દીક્ષા આપી હતી તે આનંદપુર સાહેબ પંજાબનું અગત્યનું તીર્થધામ છે. દેશની સ્વતંત્રતા વાસ્તે પોતાનાં પ્રાણોની આહુતિ આપનાર સેંકડો શહીદોના રક્તથી પવિત્ર થયેલ જલિયાંવાલા બાગની ભૂમિ અમૃતસરમાં આવેલી છે. આ ઉપરાંત દુગિઆના મંદિર, ભાકરાબંધ સંકુલ, જલંધરનું સોડલ મંદિર વગેરે સ્થળો જોવા માટે પ્રવાસીઓ ઉભરાય છે. લુધિયાણા ઊનનાં વસ્ત્રો માટે પ્રસિદ્ધ છે. લાહોરના શાલીમાર ઉદ્યાનોની તરેહનો પતિયાળામાં મોતીબાગ મહેલ બાંધવામાં આવ્યો છે.

વિશિષ્ટતા : અમૃતસરના સુવર્ણમંદિર એટલે કે હરમંદિર સાહેબને શીખો દરબાર સાહેબ તરીકે પણ ઓળખે છે. આ મંદિર શીખોના પાંચમા ગુરુ અર્જુને ઈ.સ. ૧૬૦૧માં બંધાવી તેને અમૃતસર (અમૃતનું તળાવ)નામ આપ્યું. ઈ.સ. ૧૬૦૪માં તેમાં આદિ ગ્રંથની વિધિપૂર્વક સ્થાપના કરવામાં આવી. અહમદશાહ અબ્દાલીએ કરેલા હુમલામાં આ મંદિર તોડીને લૂંટ કરી હતી. તે પછી પંજાબ જીતીને શીખોએ મંદિર ફરી બાંધ્યું. ઈ.સ. ૧૮૦૩માં મહારાજા રણજિતસિંહે તેમાં આરસપહાણ જડાવી, સુવર્ણથી મઢ્યું. તેનો ઘૂમટ ૪૦૦ કિલોગ્રામ સોના વડે મઢીને સુવર્ણમંદિર નામ આપ્યું.

ભારતની સૌથી મોટી રિવરવેલી યોજના ભાકરા નાંગલ શિવાલિક પહાડોની ખીણની વચ્ચે આવેલ છે. સતલજ નદી ઉપરનો ૨૨૬ મીટર ઊંચો બંધ, દુનિયામાં સૌથી વધારે ઊંચો છે. તેના જલાશયનું ક્ષેત્રફળ ૧૭૧ ચો.કિ.મી. છે. નાંગલમાં બે પાવર હાઉસ-નાંગલ હાઇડલ કેનાલ ઉપર આવેલાં છે. તેની ૪૮૨૮ કિ.મી. લાંબી નહેરો ઉપરાંત પાણીની વહેંચણી માટે બીજી નાની નહેરો પણ છે. આ યોજનાથી પંજાબ, હરિયાણા અને રાજસ્થાનની ૪૦ લાખ એકર જમીનની સિંચાઈ થાય છે.

પંજાબમાં ૩૭૨૫ કિલોમીટરની રેલવે તથા ૪૨,૭૫૭ કિલોમીટરના માર્ગો આવેલા છે. તેમાંથી પ્રાંતિક માર્ગો ૪૧,૫૫૯ કિલોમીટર અને રાષ્ટ્રિય ધોરી માર્ગો ૧૧૯૮ કિલોમીટર છે. ❐



સંમુખ સાગરમઠ-૨૮
ઝૂરતાં, હસતાં, સહતાં, ડરતાં

—— પ્રીતિ સેનગુપ્તા ——

તિબેટ જેવા ઉચ્ચ, અલિપ્ત પ્રદેશમાંના પ્રયાણ દરમ્યાન દરેક જાતની અનિશ્ચિતતા રહેવાની – ઋતુ કેવી હશે, રસ્તા કેવા હશે, શું બંધ હશે, શું જોવાની સરકારી સંમતિ મળશે, રહેવાનું ઠીક હશે કે નહીં, ભોજનવિષયે કશાં ઠેકાણાં હશે કે નહીં વગેરે. મેં આવી કોઈ બાબતની ચિંતા પહેલેથી કરી ન હતી, અને દસેક દિવસ સુધી તો એવી ખાસ જરૂર પણ પડી ન હતી. પરન્તુ એ પછી બધી અનિશ્ચિતતાઓ એક મોટા સૈન્યનું પરિમાણ લઈને ચડી આવી હતી. પગલે પગલું ખૂબ સાચવીને મૂકવાનો સમય આવ્યો હતો.

સરહદ પરના અવ્યવસ્થિત અને ઉપેક્ષિત એવા ઝાન્ગ્મુ ગામમાંની કૈંક ઠીક કહેવાય એવી ઝાન્ગ્મુ હોટેલમાં દાખલ થતાં એની લૉબિ તો મોટી, સાદી, અને ચોખ્ખી હતી. મારો રૂમ પણ ઘણો સરસ અને મોટો હતો. બાથરૂમના નળમાં પાણી ન હતું. વધારે વખત બગાડ્યા વગર હોટેલની રેસ્ટોરાંમાં જઈ શાકાહારી નૂડલ-સૂપ ખાઈ લીધો. પછી છએક જણ મારા રૂમમાં ભેગાં થયાં. કઠિન દિવસને અંતે થોડી વાતો કરતાં સાથે મળીને હસતાં જાણે થાક ઊતરી ગયો.

ઑસ્ટ્રેલિયન માર્કના ઓરડાની છતમાંથી પાણી ટપકતું હતું. સ્વિસ માર્ગારેટ કહે, 'હા, હા, અમારી બાથરૂમમાં જરૂર પાણી આવે છે. એ નળમાંથી નહીં, પણ ફર્શ પર વહી રહ્યું છે.' અમે બધાં ખૂબ હસ્યાં. એક પછી એક એ દરેક જણ મારી બાથરૂમમાં ડોકિયું કરી આવ્યું, પછી નક્કી કર્યું કે મારી બાથરૂમ સૌથી ચોખ્ખી હતી, ને રૂમ સૌથી સારો હતો. અમેરિકન બૉબ એને 'વિ.આઈ.પી રૂમ' કહેવા માંડ્યો !

અંધારું થતાંમાં વળી પાછી વરસાદની ઝરમર ચાલુ થયેલી. અગિયારેક વાગ્યે અમે છૂટાં પડ્યાં ત્યારે તો એ ભારે હેલીમાં નિપજી હતી. વળી પાછી આવતી કાલની ચિંતા થવા માંડેલી. રસ્તો તો આમેય તૂટેલો હતો. એના પર આટલો વરસાદ ! ફસકી પડેલા ઢોળાવોને વળોટવા અમારે પાંચ તો બસો બદલવી પડવાની હતી. તોફાની વહેણમાંથી જવાનું હશે તો જરૂર ડર લાગશે. વળી, બસ માટે પણ ભીના, પોચા, સાંકડા એવા રસ્તે જવાનું સલામત ન હતું. શું થશે ? મેં પ્રભુની કૃપા અને અનુકંપાની યાચના કર્યા કરી.

બાથરૂમોમાં તો પાણી જ ન હતું. તેથી સવારે ઊઠીને ખંખોળિયું ખાવા જેટલી પણ તક ન હતી. થરમૉસમાંના પાણીથી મેં દાંત-મોઢું સાફ કરી લીધાં. માર્કના રૂમમાં છત આખી રાત ટપકતી રહેલી, પથારીની બરાબર બાજુમાં. પછી એણે પ્લાસ્ટિકનું એક વાસણ ત્યાં મૂક્યું, તો ટપક ટપક થતા પાણીનાં ટીપાંના અવાજે એને જાગતો રાખ્યો. છેવટે થાકીને વાસણ એણે ખસેડી નાખ્યું. આ બધામાં એની ઊંઘ તો બગડી જ. મારી પથારીની અંદર એક સ્પ્રિંગ ઊંચી થઈ આવતી હતી. પડખું ફરું, એ વાગે, હું જાગી જાઉં. સારું હતું કે એ બહુ તીણી ન હતી, નહીં તો બેઠાં બેઠાં જ રાત કાઢવી પડી હોત.


જો કે કોઈ ખાસ ઊંઘ્યું લાગ્યું નહીં, કારણ કે સવારના સાડા સાતમાં નીકળવાના સમય કરતાં કલાક વહેલાં બધાં સામાન ઊંચકી ઘસડીને લૉબીમાં લઈ જવા માંડેલાં. સવાર સ્વચ્છ ઊગેલી. રાતે વરસાદ તો થયો, પણ હવે આકાશ ભૂરું હતું, ને સૂર્ય બહાર નીકળી રહ્યો હતો. ચાલો એટલી નિરાંત તો થઈ. ઉપરાંત, બહાર નીચે, નજીક થઈને વહેતી ભોટે કોશી નદીના ફેનિલ પ્રવાહનો રવ અવિરત હતો, ને વરસતાં પાણી જેવો હતો. કદાચ તેથી એવું લાગ્યું હોય કે આખી રાત વરસાદ પડતો ના રહ્યો હોય !

સવારના નાસ્તામાં ખાસ કશું હતું નહીં, બટાકાની વેફર્સ હતી. કેકના ટુકડા ઠીક હતા. ચીની ગાઈડ માટે એક મોટા વાડકામાં ભાતનું પોરિજ આવ્યું. એમાંથી મેં થોડુંક લીધું. ઈંડું તો હું ખાઉં નહીં. રસ્તા પર દસથી અગિયાર કલાક પ્રયાણ કરવાનું હતું, તેથી થોડું તો ખાઈ લેવું પડે તેમ હતું.

સરહદ પરનું જાંચ-તપાસ-થાણું બાજુમાં જ હતું. એ ખૂલતાં જ અમે એના બારણા પર હતાં, પણ હજી અડધો કલાક ચીની અમલદારોએ અમને ઊભાં રાખ્યાં. ટ્રકમાં બધો સામાન ક્યારનો મુકાઈ ગયેલો. આ ટ્રક ચારે બાજુથી, તેમજ ઉપરથી તદ્દન બંધ હતી. ગઈ કાલે જ્યારે વરસાદ પડતો હતો ત્યારે ખુલ્લી ટ્રક મળેલી. હવે દિવસ સરસ છે, તો ટ્રક બંધ છે, અંધારી અને હવા વગરની છે.

તિબેટની ચીની સત્તા તળેની સરહદ અને નેપાલની ભારતીય નજર હેઠળના સીમારંભના વચ્ચેની 'અસ્વામિક' કે અવાંતર ભૂમિ-પટ્ટી હતી તો સાત કિ.મી. લાંબી, પણ લાગી ઘણી વધારે લાંબી. ભાંગ્યા-તૂટ્યા રસ્તા પર ટ્રકની ગતિ ધીમી હશે, ને તોય કનડગત-રૂપ હતી. એક તો, ટ્રકની છત જેટલા ઊંચા જાડા સળિયાને પકડીને ઊભા રહેવું, સમતોલન રાખવું મારે માટે અઘરું હતું. બીજું, ટ્રક ઉબડખાબડ રસ્તા પર એવી ઊછળતી-અથડાતી જતી હતી કે એ ઊંચા આધારને પકડી રાખવો ઘણો વધારે કઠિન હતો. આવશ્યક એવો એ પ્રયત્ન કરીકરીને મારાં બાવડાં દુ:ખી ગયાં. અંદર તદ્દન અંધારું હતું, ને બહારનું કશું દેખાતું ન હતું. ક્યારે રસ્તો ખૂટે, ને ક્યારે ટ્રક ઊભી રહે એ ઘડીની રાહ મેં જોયા કરી. ગાંધારીની આંખનું અંધારું, અને દ્રૌપદીનો વહારે આવવા માટેનો આર્તનાદ - એ બંનેનો અનુભવ મને થયો હોય તેમ લાગ્યું.

અંતે ટ્રક જ્યાં ઊભી રહી ત્યાંથી નેપાલી સરહદ બેએક કિ.મી. દૂર હતી. અહીં નેપાલી ગાઈડ રાહ જોતો હતો, ને અમને આવી મળ્યો. હિન્દીમાં એની સાથે વાત કરી શકવાથી રાહત લાગી. હજી અમે આગળ જઈ શકીએ તેમ ન હતાં. ચીની પોલીસે રસ્તો બંધ કરેલો, કારણ કે થોડે



પહાડી જગ્યાએ રહેઠાણ

નીચે ક્યાંક તૂટી પડેલી, ફસકી આવેલી ભેખડોને ખસેડવા માટે સુરંગ ફોડવામાં આવી રહી હતી. એ પતે નહીં તે પહેલાં આગળ જવામાં ખતરો હતો. એ પૂરું થવાની રાહ જોવામાં અમે એક કલાક ગુમાવ્યો - સાવ ઊભાં ઊભાં, બેસવા જેટલું કોરું ક્યાંયે હતું જ નહીંને.

અંતતઃ ત્રણ સુરંગો ફૂટી. જોરથી ધડાકા થયા, ધરણી થરથરી ઊઠી, અને ગાઢ લીલા પર્વતોમાં થઈને હવાનું કૃત્રિમ કંપન ક્યાંય સુધી પરાવર્તન પામતું રહ્યું. ઓહ, આ પહાડો એટલા ગીચોગીચ ભરાયેલા છે. વધારે પડતી વનસ્પતિથી ખચિત છે એ. હજી પણ અમે તિબેટ છોડ્યું નથી, પણ કેટલી આઘાતજનક અસમાનતા છે એના ભૂમિ-અંશોમાં. ક્યાં કુદરતનું આ આછકલાપણું, તથા એની અતિશયોક્ત પ્રચુરતા, ને ક્યાં પેલો સુંદર, સ્તબ્ધ, અક્ષુબ્ધ, ગરિમા-યુક્ત પ્રદેશ જ્યાં દેવોને વસવું ગમે તેવો પરિસર ! હતો એ, ને અમારે પાછા આવી જવું પડ્યું છે મર્ત્યલોકમાં. હા, હા, આ સર્વત્ર-સ્થિત હરિત અલંકાર દૃષ્ટિને પ્રસન્નકર અવશ્ય છે, પણ મને યાદ આવતાં રહે છે પેલા અન્ય અકલ્પ્ય વર્ણો અને પેલાં અપૂર્વ પર્વતીય પરિરેખન.

બસ, એ પછી બધાં એક સીધી ઊંડી કેડી ઊતરવા માટે ધસ્યાં. મુખ્ય રસ્તાના પહોળા, સલામત વળાંક પરથી પણ જઈ જ શકાયું હોત, પણ કેડી ટૂંકી બને. સામાન પોર્ટરોએ ઊંચકેલો. એમને તો આ કેડીનો કેટલોયે અનુભવ હશે. એ બધા તો લગભગ દોડતા ચાલ્યા. હું સાચવીને પગ મૂકતી હતી. મારા બે ખભા પર ભાર હતો – કૅમરા બૅગ, અને પૈસા-પાસપોર્ટ વગેરેની નાની થેલી. વળી ક્યાંક કાદવ, ક્યાંક ભીનું ઘાસ, ને ક્યાંક વળી તૂટેલા પથ્થરથી બનેલી હતી એ કેડી. જલદી ચાલવા જાઉં ને લપસું, કે ઠોકર ખાઉં તો ? મારી પાછળ આવતા, જલદી જવા માગતા પુરુષોને હું આગળ જવા દેતી ગઈ.

નીચે પહોંચ્યા પછી, કોદારી નામની જગ્યાએ નેપાલી સરહદનું થાણું હતું. એક નાના રૂમના કાર્યાલયમાં ત્રણેક પુરુષો કામ કરતા હતા. એ હસ્યા, હિન્દી બોલ્યા ને સરકારી કારકુનોની જેમ મોઢું ને ભવાં ચડાવેલાં ન હતાં. મુખ્ય અમલદાર દેખાવે ભારતીય જ લાગે. જો કે એ બધા હતા નેપાલી-મિસ્ટર પોન્ડેલની નાનકડી ઑફિસમાં મેં એમની સાથે થોડી વાતો કરી. હિન્દી બોલતી પ્રવાસી હું એક જ હતીને ! આઠ-નવ મહિનાથી એમની બદલી આ નાનીસૂની જગ્યાએ થયેલી. આખો વખત વરસાદ, ને પ્રવૃત્તિ કોઈ નહીં. બહુ એકલું લાગતું હતું એમને. ઉપરાંત એમનું કુટુંબ કાઠમંડુમાં હતું. નિત્ય-જીવનની વાસ્તવિકતાની સોટીઓથી કોણ બચી શકે ?

મારા જૂથમાં કેટલાંક જણ પાસે નેપાલમાં પ્રવેશનો પરવાનો ન હતો. તે ત્યાં જ ફૉર્મ ભરી, ફી પેટે અમુક ડૉલર આપતાં મળી ગયો. બંને પક્ષને સમજૂતી આપવામાં, હિન્દી દ્વારા, હું મદદરૂપ પણ બની. સત્તાવાર રીતે અમે હવે તિબેટ છોડ્યું હતું. એના હૃદ્ય સ્વરૂપની વિદાય તો ક્યારની લેવાઈ ચૂકી હતી. હા ધિક !

મારો સામાન જેણે ઊંચકેલો તે પોર્ટરને પૈસા તો નેપાલી ગાઈડ દ્વારા અપાયા, પણ મેં એને એક સ્વેટર અને મોજાંની જોડ આપી. હવે મને એમની જરૂર પડવાની ન હતી, ને એને લાંબો સમય કામમાં આવશે.

બીજી એક ટ્રક સામાન સાથે અમારી રાહ જોતી હતી. એ પણ બધી બાજુ તેમજ ઉપરથી સાવ બંધ હતી. એની ફર્શ ભીની હતી, ને એના પર ઘાસ, તથા લાકડાની પટ્ટીઓ પડ્યાં હતાં. છેલ્લે એ માલ ભરીને એ લઈ ગઈ હશે. હવે અમારો વારો હતો. ને અમે મૂંગાં પ્રાણીઓની જેમ એમાં ભરાયાં હતાં, જાણે કતલખાને લઈ જવાતાં હતાં !

આ વખતે હું એકાદી બૅગ પર બેસી ગઈ. મને થયું કે હાથ લાંબા કરી સળિયો પકડવા મથવા કરતાં ને બાવડાં દુઃખાડવાં કરતાં એ સહેલું પડશે. આ ટ્રકના ઉપલા, કૅનવાસ જેવા જાડા કપડાના ઢાંકણમાં બિલકુલ કાણાં કે કાપ હતાં નહીં, ને તેથી એ ઘણી વધારે ગૂંગળામણી હતી. જે સ્થાનિક પુરુષો ચડી ગયેલા, ને 'બારણા' પાસે ઊભેલા એમના દ્વારા-થોડું અજવાળું આવત-તે પણ અટકાઈ જતું હતું. એટલે અમે અંધારામાં બેસી રહ્યાં. દૃશ્યપટ અંગે અનુમાન કરતાં, એકાદ ધોધ પડવાના અવાજથી એનો ખયાલ પામતાં. આંધળાં હોવું આ અનુભવથી સહેજ પણ જુદું ના હોઈ શકે.

આમ ને આમ અગિયારેક કિ.મી. પસાર થયા, અને બીજો એક તૂટેલો ભાગ આવી લાગ્યો. ટ્રકમાં ચડવું, ને એમાંથી ઊતરવું પણ સહેલું ન હતું. એટલી બધી ઊંચી હતી ટ્રકો. કોઈ ઉપરથી હાથ ખેંચતું, કોઈ નીચેથી ધક્કો મારતું, ને એમ અમે સ્ત્રીઓ અંદર ચઢી શકતી. નીચે આવવા માટે કૂદવું પડતું. કોઈએ ધરેલા હાથને પકડીને એના પર વજન આપીને પડતું મૂકવું પડતું. આગળ રસ્તે શું થવાનું હતું, એની કોઈ જાણ રહેતી નહીં. બસ, જાણ રહેતી એટલી કે આગળ જવાનું છે !

એ તૂટેલા ભાગમાં વચ્ચે બે શીઘ્રગતિ, ફીણ ફીણ હિલ્લોળવાળા ઝરણ-પ્રવાહ આવતા હતા. મને એ થોડું ડરાવતા હતા. એમાંના પથ્થરો લીલવાળા, લપસણા હોઈ શકે. ચાલવા પ્રત્યે મને કોઈ મુશ્કેલી ન હતી, પણ આ વેગીલાં, વ્યાકુળ-વિહ્વળ વહેણ મન અટકાવતાં હતાં. છતાં, જવાનું તો હતું જ. મેં પહેરેલાં મોજાં અને શૂઝ સાવ ભીનાં થઈ ગયાં. એક જોડી સૅન્ડલ મેં સાથે, બહારના થેલામાં, રાખેલાં, કે બધું પતે પછી બદલી લેવાય. પણ હજી એને વાર હતી !

આવું દુષ્કર સ્થાન આવતાં કોઈ ને કોઈ પોર્ટર મારો હાથ પકડી લેતો. ક્યારેક તો ગબડી પડેલા, ઊંચા-નીચા, તીણી ધારવાળા કાળા અસંખ્ય પાષાણ-ખંડોના પથરાટ પરથી જતી વખતે પણ કોઈ મને આધાર અને આસાએશ આપી રહેતું. દરેક સફરમાં અરસપરસ સહાય કરવાનો એક વણલખ્યો નિયમ હોય છે. સાહસિક સફરમાં તો ખાસ.

સહચારિતાનો થોડો આધાર મળે, જોખમી સ્થાન પાર થઈ જાય, ને ફરી પાછાં આપણે રાજા ! રાજા-પાઠમાં તો ખરાં જ ! ❐

અનુસંધાન] એક સ્ત્રી નામે દુર્ગા [પૃ. ૪૬પથી

અચાનક દુર્ગાનો જમણો હાથ ઊંચો થયો. નીચે પછડાયો. માથું એક બાજુ ઢળી ગયું. મોં ખૂલી ગયું. આંખો દીવાલ સોંસરું તાકી રહી. પત્નીના હાથ તળે દબાયેલો પોતાનો હાથ કેશવલાલે હળવેથી ખેંચી લીધો.

સૂરજ ડૂબ્યો ન ડૂબ્યો ને ડાઘુઓ સ્મશાનેથી પાછા આવી ગયા.

રાત્રિના દશના સુમારે દુર્ગા ઘર પાસે આવી. બારણાં બંધ દીઠાં ઘર આખું ઘોરતું હતું. પોતાનો ખાટલો ચોકમાં ઊભો કરી દીધો હતો. ઉપર સૂકાતો ઓછાડ હવામાં હાલી રહ્યો હતો. દીવાલ પર ચડી અંદર દાખલ થવાનો દુર્ગાને વિચાર આવ્યો. ઊંચે નજર કરી તો અચાનક દીવાલની ઊંચાઈ વધી ગયેલી લાગી. દવાનાં ખાલી ખોખાં અને ઇન્જેક્શનોની તૂટેલી સીરિંજોને કચડતી દુર્ગા નામની એ સ્ત્રી જ્યાંથી આવેલી ત્યાં પાછી ચાલી ગઈ ચૂપચાપ. ❐

નવ હજાર વર્ષો પુરાણી વેણુઓ

વી.બી. ગણાત્રા

વાત તો કરવી છે ચીનમાં પક્ષીનાં હાડકાંમાંથી બનાવેલ નવેક હજાર વર્ષો પુરાણી વેણુની. ભારતે પક્ષીનાં હાડકાંમાંથી ઘડાયેલ વેણુ જાણી નથી, ભારતે જાણી છે વેણુગોપાલની વાંસની વેણુ.

યોગાયોગ સંગીતશાસ્ત્રજ્ઞ ડૉ. હસુ યાજ્ઞિકે પ્રશ્ન છેડ્યો છે : 'સુષિરવાદ્યો : વેણુથી હાર્મોનિયમ' (સંગીતશાસ્ત્ર ૪૬, કુમાર, એપ્રિલ ૨૦૦૧, પૃ. ૨૧૨) તેઓશ્રીનું કથન છે : 'આમાં મુખ્ય વાદ્ય વંશ, વેણુ, બાંસરી છે. આ વેદકાલીન વાદ્ય છે... પરંતુ વેણુ-વાંસળી-બાંસૂરીનું સ્થાન શાસ્ત્રીય સંગીત તથા લોકસંગીતમાં કાયમ જ રહ્યું અને શ્રીકૃષ્ણ જેવા દૈવી નાયક સાથે આ વાદ્ય સંકળાતાં કલાના બધા જ પ્રકારોમાં તેને માનભર્યું સ્થાન મળ્યું...

વેણુ બધાં જ વાદ્યોમાં અત્યંત સાદું અને માત્ર એક જ અવયવ ધરાવતું વાદ્ય છે. વાંસની કે અન્ય કોઈ ધાતુની પોલી વાંસળીમાં મુખ્ય છ નાદ-છિદ્રો કરીને આ વાદ્ય બનાવી શકાય છે.

ગોપીમુખે 'નરસૈયો ભક્ત હરિનો' (ઈ. ૧૪૧૦ (૧૪૧૪-૧૪૮૦) વદે છે :

'વાંસલડી ! તે શાં તપ કીધા રે
અધર-ધરી તું વનમાં ગાજે, ચિત્ત હરીને લીધાં રે.
આઠે પહોર ન મૂકે અળગી, શામળિયા સંગ રાજે રે,
અમ અબળાને ઉર પર આવી બાણ થઈને વાજે રે'
સખી સાંભળ મારી વાત વહાલી હું કેમ થઈ રે,
મેં તો દીધાં દેહને દુઃખ, તમે દીધાં નહીં રે,
અમે તજ્યાં સંસારનાં સુખ, કે વનમાં જઈ રહી રે
ચોમાસાનાં ચારે માસ વર્ષા શિર પર સહી રે,
કાર્તિક માસનાં હિમ, તેણે અંગ ઠારિયું રે,
ઉનાળાની અગન તેણે અંગ પરજળ્યું રે,
મેં કપાવ્યું મારું અંગ, સંઘાડે જઈ ચડી રે,
છોલાવ્યો મારો વંક, તેણે થઈ પાધરી રે.
માંહે શાર પડાવ્યા સાત, વહાલાને વહાલી ઘણું રે,
અમને દોષ ન દેજો, માય ! ભોગવે ભાગ્ય આપણું રે,
એવાં તપ શીખો, નર ને નાર !' વાંસલડી એમ કહે રે :
નરસૈંયો કહે ના'વે સમતોલ્ય (પ્રેમ હરિ નામને રે.)

(નરસિંહ મહેતાની કાવ્યકૃતિઓ : સંશોધક-સંપાદક. શિવલાલ તુલસીદાસ જેસલપુરા, ૧૯૮૧, પૃ. ૨૦૧-૨).

શ્રીમદ્ ભાગવતમાં દશમ સ્કંધમાં રાસલીલામાં વેણુગોપાલ વેણુના નાદે ગોપીઓ સંગાથે 'મહારાસ' ખેલે છે.

ડૉ. હસુ યાજ્ઞિકના શબ્દોમાં, 'આ વેદકાલીન વાદ્ય છે.' વેણુ વેદકાલીન વાદ્ય હોય તો પણ વેણુનો મહિમા તો શ્રીમદ્ ભાગવતની વેણુગોપાલની રાસલીલાને કારણે.

મહાભારતના વેણુગોપાલ શ્રીકૃષ્ણ વર્તમાનથી કેટલા પ્રાચીન ?

'Most of the Rg Veda (ઋગ્વેદ) was composed between 1500 and 1000 BC (વર્તમાનથી ૩૫૦૦ અને ૩૦૦૦ વર્ષો પૂર્વે મહાભારત અને શ્રીકૃષ્ણ ત્યાર બાદ. ૯૦૦ B. C (વર્તમાનથી ૨૯૦૦ વર્ષો પૂર્વે. મહાભારત યુદ્ધ (ધ વન્ડર ધૅટ વૉઝ ઇન્ડિયા એ.એલ. બારાથ, વીસમુ સંસ્કરણ, ૧૯૫૯, પૃ. xix, ૩૧)

મોહેં-જો-દડો, હડપ્પા સંસ્કૃતિ વર્તમાનથી પાંચેક હજાર વર્ષો પુરાણી. ઝાઝું ખેંચો તો છ એક હજાર વર્ષો પુરાણી, મહાભારત અને વેણુગોપાલ શ્રીકૃષ્ણનો યુગ વર્તમાનથી ઝાઝું ખેંચો તો ચારેક હજાર વર્ષો પૂર્વે.

વેણુ વેદકાલીન વાદ્ય હોય તો પણ વર્તમાનથી પાંચેક હજાર વર્ષોથી અધિક પ્રાચીન તો નહિ જ. જ્યારે ચીનમાંથી સાંપડે છે વર્તમાનથી નવેક હજાર વર્ષો પુરાણી વેણુઓ. આમેય ચીન અને ઇજિપ્તની સંસ્કૃતિ મોહેં-જો-દડો અને હડપ્પા સંસ્કૃતિથી એક-બે હજાર વર્ષો પ્રાચીન ગણાય છે.


સામાન્ય રીતે ઇજિપ્તનાં ગિઝાનાં પિરામિડો વર્તમાનથી સાડા ચારેક હજાર વર્ષો પુરાણા ગણાય છે, પરંતુ અદ્યતન સંશોધન અને એક ગ્રંથ અનુસાર પ્રસ્તુત પિરામિડોને વર્તમાનથી છ-સાત હજાર વર્ષો પુરાણાં પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.

ભલે ચીને વેણુગોપાલ શ્રીકૃષ્ણને જાણ્યા ન હોય, પરંતુ ચીનના હેનાન પ્રાંતના જિઆન વિસ્તારમાંથી સાંપડે છે છ અખંડિત વેણુ ઉપરાંત ત્રીસ વેણુના ટુકડાઓ. વેણુ વર્તમાનથી નવ હજાર વર્ષોથી ૭૭૦૦ વર્ષો પુરાણી છે. પક્ષીઓનાં પાંખનાં હાડકાંમાંથી બનાવવામાં આવેલ છે. તેમાં પાંચ-છ-સાત-આઠ છિદ્રો છે. સુપેરે જળવાયેલ વેણુની લંબાઈ નવ ઇંચની છે. અખંડિત વેણુમાંથી સૂર ધ્વનિમુદ્રિત કરવામાં આવ્યા છે તે ઇન્ટરનેટ વેબસાઇટ પર માણી શકાય છે. રેડિયો કાર્બન C_{14} પદ્ધતિથી ઉત્ખનનનાં થરોનો કાળ નિયત કરવામાં આવેલ છે.

દ્વિમાસિક 'આરકેઓલૉજિ' નવે. ડિસે. ૧૯૯૯, પૃ. ૧૩ પર વેણુના ફોટાઓ આબેહૂબ છે. ઉપરોક્ત વૃત્તાંતોમાં છ વેણુના ફોટાઓ પ્રકાશિત છે. વૃત્તાંત હેનાન પ્રાંતના તત્કાલીન જનજીવન પર પ્રકાશ ફેંકે છે.

વેણુઓ પક્ષીની પાંખનાં હાડકાંમાંથી બનાવેલી હતી નવેક હજાર વર્ષો જળવાઈ રહી. વાંસ-ધાતુમાંથી બનાવવામાં આવેલ વેણુ આટલાં વર્ષો જળવાય નહિ. ભારતે ઇજિપ્તના પિરામિડો શાં સ્થાપત્યો જાણ્યાં નથી.

ચીનની વેણુઓ વેણુગોપાલ શ્રીકૃષ્ણના યુગથી પણ પાંચેક હજાર વર્ષો પુરાણી. ભારત રખેને ગુમાન કરે. ચીન ભલે ગોપીઓ સંગાથે શ્રીકૃષ્ણ



૯૦૦૦ વર્ષો પૂર્વે ચીનમાંની હાડકાંમાંથી બનેલી વાંસળીઓ

લીલા જાણી ન હોય, પરંતુ જે સંસ્કૃતિમાં, જનજીવનમાં નવેક હજાર વર્ષો પૂર્વે વેણુવાદન પ્રચલિત હતું તે સંસ્કૃતિ સુપેરે વિકસિત હશે જ. ત્યાં પણ પં. પન્નાલાલ ઘોષ, પં. હરિપ્રસાદ ચોરસિયા હસ્તી ધરાવતા હશે.

નવેક હજાર વર્ષો પૂર્વે ભારતમાં મધ્યપ્રદેશમાં (તત્કાલીન મધ્યભારત) ભોપાલથી સાઠેક કિ.મી. દૂર ભીમબેટકાની ગુફાઓમાં (જે સાતેક કિ.મી. વિસ્તૃત છે પરંતુ વર્તમાનમાં ગણીગાંઠી નીરખી શકાય છે) દીવાલો અને છતમાં માનવ અને પ્રાણીઓની રેખાકૃતિઓ છે, શિકારનાં, અને ગણ્યાંગાંઠ્યા નૃત્યનાં પણ દૃશ્યો છે. તત્કાલીન માનવ શિકારી પ્રાકૃતિક પરિબળોથી ભયભીત. એક વિદ્વાનના મતાનુસાર ભીમબેટકાનો માનવ આર્ય નથી, દ્રવિડ હોવા સંભવ છે. (દ્રવિડ એટલે આર્યથી ઊતરતો એમ માનવાનું નથી). આર્ય સંસ્કૃતિ ત્યાર બાદ ઉદ્ભવી (આર્યોએ દ્રવિડનાં યક્ષયક્ષીઓને વર્તમાનમાં ખેતરપાળ અપનાવ્યાં. દ્રવિડનાં કર્મકાંડ અપનાવ્યાં. મહાભારતનો ભીમ (ભીમબેટકા એટલે એક અર્થ ઘટન અનુસાર ભીમની બેઠક) પણ ત્યાર બાદ. ભીમબેટકાનાં ગુફાચિત્રોમાં વેણુ અને વેણુવાદન દૃશ્યમાન નથી. અમે ભીમબેટકાની સાતેક ગુફાઓ નીરખેલ છે, વાંકા વળીને પણ, વાનરની જેમ 'ચાર પગે' પણ (સ્ટોન એજ પેઇન્ટિંગ ઇન ઇન્ડિયા) (ભીમબેટકા અને અન્ય ગુફાઓ વિષયક વિષ્ણુ એચ. વાકણકર અને રૉબર્ટ આર.આર. બ્રુકસ, ૧૯૭૬ સંશોધન સંકલન સમાર્જનમાં માનદંડ સમાન ગ્રંથમાં વેણુ અને વેણુવાદનનો નિર્દેશ નથી.

પરંતુ નવેક હજાર વર્ષો પૂર્વે ચીનમાં હેનાન પ્રાંતમાં જિઆહુ વાસી માનવ પક્ષીનાં હાડકાંમાંથી વેણુઓ રચે છે, પાંચ-છ સાત-આઠ છિદ્રોવાળી. વેણુના સૂર કર્ણપ્રિય છે, સુમધુર છે. અહીં આપેલા ચિત્રમાં નીચેથી બીજા નંબરની વેણુમાં (M 282-20) સાત છિદ્રો છે. પ્રથમ છિદ્રની બાજુમાં નાનકડું છિદ્ર છે. સૂરની ખામી દૂર કરવા, સૂર સુધારવા, જે માનવીને આવી કલા હસ્તગત છે એ માનવી જંગલી સંભવી ન શકે. એક મંતવ્ય અનુસાર ખેતી વર્તમાનથી આઠેક હજાર વર્ષો પૂર્વે વર્તમાન જિઆહુ માં હસ્તીમાં આવી પરંતુ Jiahu વાસી તેથી પણ એકાદ હજાર વર્ષો પૂર્વે ખેતીથી અજાણ હતો એમ માની શકાય નહિ.

ભારતનો ગુફાચિત્રો દોરતો માનવ દક્ષિણ ફ્રાન્સનાં ગુફાચિત્રોના કલાકારથી ખાસ્સો પછાત. દક્ષિણ ફ્રાન્સનાં અનેકવિધ પ્રાણીઓનાં આબેહૂબ ગુફાચિત્રો વર્તમાનથી ત્રીસેક હજાર વર્ષો પ્રાચીન છે. ભીમબેટકાથી વીસેક હજાર વર્ષો પ્રાચીન છે : માનવ-શ્વાસોચ્છ્વાસથી પણ ગુફાચિત્રોને હાનિ ન પહોંચે એટલા ખાતર અસલ ગુફાઓને સીલ કરવામાં આવેલ છે. પર્યટકો માટે બાજુમાં પ્રતિકૃતિઓ સર્જવામાં આવેલ છે. ન્યૂ યૉર્કના મેટ્રોપોલિટન મ્યૂઝીઅમ ઑફ આર્ટમાં આબેહૂબ પ્રતિકૃતિઓ પ્રદર્શિત છે. અજન્ટાનાં બાવીસસોથી સોળસો વર્ષો પુરાણાં અનુપમ કલાચિત્રો સંદર્ભે દાયકાઓ પૂર્વે અગમચેતી સાવચેતી દાખવવામાં આવેલી હોત તો વર્તમાનમાં છે તેવાં માત્ર ધાબાં જ બચ્યાં ન હોત. લેડી હેરિંગહામની પ્રેરણાથી ઈ. ૧૯૧૦-૧૧માં અજન્ટાનાં ચિત્રોની શાંતિનિકેતનના કલાકારો દ્વારા (આચાર્ય નંદલાલ બોઝ અને સહયોગીઓ) વિશાળ પ્રતિકૃતિઓ સર્જવામાં આવી, તે હૈદરાબાદના અલ્પ જાણીતા પુરાતત્ત્વ મ્યૂઝીઅમમાં પ્રદર્શિત છે. અને તે પણ વર્તમાનમાં જર્જરિત હાલતમાં છે અજન્ટાની ચિત્રકલાની પ્રતિકૃતિઓ થીરુ-અનન્તપુરમની ચિત્ર આર્ટ ગૅલરીમાં પણ પ્રદર્શિત છે, સુપેરે જળવાયેલ છે.

દક્ષિણ ફ્રાન્સનાં ગુફાચિત્રોનો કલાકાર ત્રીસેક હજાર વર્ષો પૂર્વે ચારેકસો આબેહૂબ પ્રાણીચિત્રો (જેમાંનાં, કેટલાંક પ્રાણીઓ વર્તમાનમાં નામશેષ છે) દોરે છે એ જંગલી અણઘડ કેમ હોઈ શકે ? પ્રેરણા ક્યાંથી સ્ફુરી ? ચિત્રોના રંગો ત્રીસ હજાર વર્ષો સુધી જળવાયા છે. દક્ષિણ ફ્રાન્સનો ગુફાચિત્રોનો દોરનાર ત્રીસ હજાર વર્ષો પૂર્વે 'કલાકાર' હોય તો પછી જિઆહુનો વેણુવાદક નવ હજાર વર્ષો પૂર્વે તત્કાલીન લલનાઓને મોહિત કેમ ન કરે ?

(Cranes તો મોહિત કરતો જ ('ધી ન્યૂયોર્ક ટાઇમ્સ વૃત્તાંત') ભલે એ લલનાઓ 'ગોપીઓ' ન હોય અને વેણુવાદક 'વેણુગોપાલ' ન હોય. શ્રીમદ્ ભાગવતની હસ્તી તો સૈકાઓ બાદ. ❒

લઘુકથા

શિક્ષણ

બકુલ દવે

શરદના મિત્રો સકુટુંબ શરદના ઘેર આવ્યા હતા. શરદની પત્ની શ્વેતાએ પોતાના ચાર વર્ષના પુત્ર અનુપને બોલાવ્યો ને કહ્યું : 'અનુ, એ-બી-સી-ડી બોલ...'

ને અનુપમ એકશ્વાસે પોપટની જેમ એ-બી-સી-ડી બોલી ગયો. કોઈ મહેમાન આવે ત્યારે એને એ-બી-સી-ડી, ફળ-ફૂલનાં તેમ જ પશુપક્ષીઓનાં અંગ્રેજી નામ બોલવાં પડતાં. એ ક્રમ હતો. એ પૂરું થાય તે પછી પોતાની મમ્મી અંગ્રેજી કવિતા બોલવાનું કહેશે તે અનુપ જાણતો હતો. એણે શ્વેતા કશું કહે તે પહેલાં જ કહ્યું : 'હવે પોએમ ગાઉં ?'

'હા, બેટા...'

'પછી તું ચૉકલેટ આપીશ ને ?'

'પ્રોમીસ...' શ્વેતા હસી ને પછી આસપાસ એક દૃષ્ટિ ફેરવી.

અનુપ વેઠ વાળતો હોય તેમ ઝડપથી કવિતા બોલવા લાગ્યો : 'બા...બા... બ્લૅક શીપ હેવ યૂ એની વૂલ ?'

કવિતા પૂરી થઈ. બધાએ તાળીઓ પાડી. અનુપ રમવા જતો રહ્યો.

'અનુપને સારું અંગ્રેજી આવડે છે. એ કઈ સ્કૂલમાં જાય છે ?' એક મિત્રે પૂછ્યું.

'સ્કૂલમાં તો એ કૈં શીખતો જ નથી. અમે એને ઘરમાં જ શિક્ષણ આપીએ છીએ...' પછી શરદ હસ્યો ને ઉમેર્યું, 'અમે નહીં, પણ શ્વેતા જ એને બધું શીખવે છે...'

'સારું કહેવાય. મારી બેબીને તો હજી એ-બી-સી-ડી ય નથી આવડતી...' શરદ અને શ્વેતા હરખાયાં.

ત્યાં મિત્રની બેબીએ ચીસ પાડી. એ રડવા લાગી.

'શું થયું ?' બેબીની મમ્મીએ પૂછ્યું.

'અનુપે મને બટકું ભર્યું...'

બેબીના હાથ પર, અનુપે દાંત ઊપસી આવે એવું બટકું ભરી લીધું હતું. બેબીનાં મમ્મીએ, અનુપને સમજાવટભર્યા સૂરમાં કહ્યું, 'આવું કરાય બેટા ? બહેનને બટકું ન ભરાય...'

અનુપે એમને ધક્કો માર્યો, 'આઘી ખસ, નહિતર તનેય બટકું ભરી લઈશ...' ઘડીભર સ્તબ્ધતા છવાઈ ગઈ. શરદ અને શ્વેતાના ચહેરા શરમથી ઝંખવાઈ ગયા. અનુપના વર્તન માટે શું ખુલાસો આપવો ?

'જુઓને...' શરદ બોલ્યો, 'નિશાળમાંથી બાળકો કેવું શીખી લાવે છે. શિક્ષણ જ બગડ્યું છે ત્યાં...'

અશ્રુપુરાણ

રિદ્ધિ દેસાઈ

દુઃખમાંય, સદા હસતા રહેવું જોઈએ ! દુનિયાભરના મનોચિકિત્સકોનું આમ કહેવું છે. દર્દીને આવી પવિત્ર સલાહ આપનાર મનોચિકિત્સકને એની ફી ન ચૂકવવા જેવડું ટચૂકડું દુઃખડું આપી દઈએ તો એ હસી શકે ખરો ? હસે તેનું ઘર વસે – આપણા પૂર્વજો આવી મહાન કહેવત ઝીંકતા ગયા છે, પરંતુ ઘર વસ્યા બાદ કોઈ હસી શક્યું છે ખરું ? આપણા આરોગ્યશાસ્ત્રનેય હસવામાં જ શતગુણ દેખાયો છે. કહેવાય છે કે હાસ્યને પરમ ઔષધ માનતો જપાનનો લી મીંગ તાઈ નામનો એક ડૉક્ટર પિસ્તૉલ અવળી દિશામાં ફોડીને મૃત્યુ પામ્યો હતો. પોતાની અત્યંત સંવેદનશીલ સુસાઈડનોટમાં એણે લખ્યું હતું : હાસ્યના ભીષણ કારમા દુકાળમાં લી મીગ તાઈ નામનો આ શખ્સ ભૂખમરો વેઠીવેઠીને આખર મૃત્યુ પામ્યો. આવું બધું જોઈ જોઈને પ્રભુ ઈશુની પેઠે હું ય કહી ઊઠું છું : હે પ્રભુ ! એ લોકો અજ્ઞાની છે. એમને માફ કરી દેજે !

મારી ફિલસૂફી તો એ લોકોથી સાવ નોખી છે. મને જીવનમાં જે કંઈ ખુશીઓ મળી છે, તે બધી બે આંસુઓના પ્રતાપે જ મળી છે. લગ્ન બાદ લીધેલાં મારાં પ્રાણપ્રિય બસ્સો ને દસ વસ્ત્રોનો જ વૈભવ એ મારા ચારસો ને વીસ (બે આંખનાં ખરાં ને !) અશ્રુઓની જ અણમોલ દેણ છે એમ હું દૃઢપણે માનું છું. ખુદા જબ હુસ્ન દેતા હૈ તો નઝાકત આ હી જાતી હૈ - શેર મુજબ રુદનશૂરી આંખોની સાથેસાથે મને માસૂમ દેખાતો ચહેરો અને ઘણીબધી હૃદયદ્રાવક અદાઓ ઈશ્વરદત્ત ભેટ સ્વરૂપે મળી છે, જેણે જીવનમાં મને ખાસ્સો આત્મવિશ્વાસ અને સાથસહકાર પૂરો પાડ્યો છે. આ અંગે એક મંગળ-પ્રસંગ મને રહી રહીને યાદ આવે છે. એક ગાયિકા તરીકેની મારી કારકિર્દીની કુમળી વયે મને કાર્યક્રમ આપવા વિદેશ જવાની તક સાંપડે એમ હતી. પરંતુ એમાં વિઘ્નરૂપ હતી અન્ય સોળ ષોડષી ગાયિકાઓ. અમારા સત્તર-સમૂહમાંથી માત્ર બે જ કન્યાઓની વરણી થવાજોગ હતી. એમાં પરીક્ષક ભાઈબહેનો સમક્ષ અમારે અમારા પરિવારનો ઊડતો પરિચય આપવાનો રહેતો. એમની સમક્ષ મારા મહાન પરિવારનો પરિચય આપતાં મેં મારી જીવતીજાગતી માતાને મોટર અકસ્માતમાંથી એક માસૂમ બાળકીને ઉગારી લેવા આત્મબલિદાન દેવાનું અને પિતાજીને આઝાદીના જંગમાં શહીદી વહોરવાનું પરમ સૌભાગ્ય અપાવી દીધું એટલું જ નહીં, અશ્રુથી છલછલ થતી આંખે મારા જીવનમાં ચાર નાનાંનાનાં માસૂમ ભાઈબહેનોનોય કરુણમધુર પ્રવેશ કરાવી દીધો. ગાયિકાની પસંદગી કરનાર સભ્યો મારાં આંસુઓમાં આબાદ વહી ગયા અને હું પસંદ થઈ ગઈ. ક્યારેક મને લાગે છે કે આંસુ ગંગાજળ કરતાં સ્હેજેય ઓછાં પવિત્ર નથી. ઊલટાની ગંગાજળની આજની કફોડી હાલત જોતાં આંસુને વધુ હાઈજનિક ગણી શકાય. દિલીપકુમાર અને મીનાકુમારી જેવા મહાન કલાકારો આંસુની જ દેણ છે. આંસુઓએ દિલીપકુમાર, મીનાકુમારી અને મારા જેવા ન જાણે કેટકેટલાની કેરિયર બનાવી હશે ! માત્ર બનાવવાનું જ નહીં, બગડતી સુધારી લેવાનું સામર્થ્ય પણ આંસુ કને ખરું, હો ! લાખ સાવેચતી રાખવા છતાં પ્રેમિકાની લિપસ્ટિક ખરે ટાણે ધોખો દઈ જાય, ખમીશ પર રંગીન ઓષ્ઠપ્રત સાથે પતિદેવ ઝડપાઈ જાય ત્યારે પત્નીના ખોળામાં (અથવા તો પગમાં સુધ્ધાં !) માથું મૂકીને તે ફાટફાટ અશ્રુસાગર વહાવી દે છે. પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે...

આપણા ભૂતપૂર્વ (અભૂતપૂર્વ) ક્રિકેટર શ્રી કપિલદેવ મૅચફિક્સિંગ કૌભાંડમાં સલવાયા એટલે ટી.વી. કૅમરા સામે નાના વલવલતા બાળકની પેઠે ચોધાર આંસુએ રડી પડ્યા, પરંતુ આપણા સંનિષ્ઠ, કાનૂને કોઈ પણ પ્રકારનો પક્ષપાત ન દાખવતાં તપાસ આદરી. સાંભળ્યું છે કે કાનૂને એમને નિર્દોષ ગણીને આરોપમાંથી મુક્ત કર્યા છે. કાનૂન આંધળો છે એ ખરું, પરંતુ કંઈ લાગણીહીન છે એવું થોડું છે ? ખાનગી સૂત્રો દ્વારા અમને જાણવા મળ્યું છે કે ભાઈ શ્રી કપિલ એક ખૂબ જ ધાર્મિક વૃત્તિવાળો સજ્જન છે. એણે પ્રયોજેલ કલ્પાંત-કીમિયાની પ્રેરણા એને સાક્ષાત્ પ્રભુ નટવર-નાગર શ્રીકૃષ્ણ પાસેથી મળી છે. ખોબેખોબા માખણ ચોરીને ખાઈ જવા છતાં 'મૈયા મોરી મેં નહીં માખન ખાયો' કહીને રડતા બાળકૃષ્ણનાં મોતીડાં જેવાં આંસુઓ જોઈને જેમ જશોદાજી ગદ્‌ગદ થઈ ગયેલાં એમ.સી.બી.આઈ.વાળાય પલળી જવાના એવી એની સમજ એ અપૂર્વ ધર્મશ્રદ્ધા નહીં તો બીજું શું ?

આપણું આરોગ્યશાસ્ત્ર હસવાના ફાયદા ગણાવે છે, પરંતુ રુદન પ્રત્યે સાવ ઓરમાયું વર્તન દાખવતું આવ્યું છે. તમે નોંધ્યું હશે કે હસતી વખતે તો માત્ર ગાલ અને હોઠને જ કસરત મળે છે, જે અન્ય સુંવાળા માર્ગોએ ય મેળવી શકાય છે, પરંતુ રડતી વખતે આંખ, ગાલ, હોઠ, નાક, ભવાં, ગળું, ફેફસાં અને હાથ એમ એકી સાથે આઠઆઠ અંગોને વ્યાયામ મળે છે. રડવાથી આંખમાંથી જૂનાં વાસી આંસુ નીકળી નવાં તાજાં આંસુ ભરાય છે, જેથી આંખો એની પાસે અપેક્ષિત તમામ પ્રકારનાં કાર્યો કરવા ચુસ્તદુરસ્ત રહે છે. તમે જો દિવસમાં રોજ એકાદ વાર પણ રડી નાખતા હો તો તમારી આંખો કોઈ પણ પ્રકારના સુરમા, કાજળ, અંજન કે ટીપાંની મહોતાજ નહી રહે. એ જીવનપર્યંત સ્વમાનભેર પાંપણ ઊંચી રાખીને જીવી શકશે. તમે ઘણી વાર ફિલ્મોમાં જોયું હશે કે નટી જ્યારે રડતી હોય છે ત્યારે નટ એને આંસુ લૂછવા ખૂબ જ ઉમળકાપૂર્વક પોતાનો હાથરૂમાલ આપે છે, જેના વડે એટલા જ ઉમળકાપૂર્વક નટી આંસુઓની સાથેસાથે પોતાનું નાક પણ સારી પેઠે સાફ કરી નાખતી હોય છે. આયુર્વેદરત્નવિભૂષણ મણિકા શ્રી સોન્વન્તરિજી પોતાના 'સોનુપ્રકાશ નિખટ્ટુ' ગ્રંથમાં નોંધે છે કે રુદન એ કફપ્રકોપનો રામબાણ ઈલાજ છે. વળી, રુદનમાં હીબકાં, ડૂસકાં, ઠસકાં વગેરે પણ દૂધમાં સાકર ભળે એમ ભળતાં હોવાથી ફેફસાંને, ભરપેટ પ્રાણવાયુ મળી રહે છે. ઊર્મિઓના ઉછાળેઉછાળે શ્વાસોચ્છ્‌વાસની પ્રક્રિયા તેજ થતાં દમના દર્દીઓ નિરાંતે દમ ભરીભરીને લાંબું જીવી શકે છે. રડવાથી હૈયાનું ઈંધણ બળે છે અને શરીરનો મેદ ઓગળે છે. રુદન એ કોઈ પણ પ્રકારની પરેજી પાળ્યા વિના સ્લીમટ્રીમ રહેવાનો ઘરેલુ નુસ્ખો છે. સોનેરી જુલ્ફાંવાળી પાશ્ચાત્ય શ્વેતાઓને તમે જ્યારે જોશો ત્યારે એ કોકના ને કોકના પ્રેમમાં ડૂબીને આંસુડાં સારતી જોવા મળશે. તેથી જ તેઓ સદૈવ કમનીય કાયા સાથે હરતીફરતી જોવા મળે છે. જ્યારે ભારતીય ભામિનીઓ પોતાના વન ઍન્ડ ઓન્લી વન સિતમગર પતિદેવના સિતમો મૂંગે મોંએ સહી લે છે. આંસુય સારતી નથી. પરિણામસ્વરૂપ કસમયે પોઠિયા જેવી થઈને મ્હાલમમ્હાલા કર્યા કરે છે. આપણી ભારતીય ભોળુડીઓ આંસુની મહત્તા ક્યારે સમજશે ? મારું તો કહેવું છે કે માત્ર મનુષ્યજાતની જ નહીં, બધાં પ્રાણીઓની માદાઓએ અશ્રુપુરાણના પાઠ કંઠસ્થ કરવા જોઈએ. આંસુ સાથે જેનું નામ અદ્‌ભુત રીતે જોડાયેલું છે એ પ્રાણી મગરનું 'મગરનાં આંસુ વાળું મગરમ્હેણું તો માત્ર મગરને જ લાગુ પડે છે. મગરી એ

મ્હેણાથી સર્વથા મુક્ત છે. મગરનાં આંસુને કોઈ સિરીઅસલી લેતું નથી. પરંતુ મગરીનાં આંસુ જોઈને તો ખુદ મગર પણ ચિંતિત થઈ જાય છે. ગઈ કાલે ડીનરમાં આખેઆખો માણસ ગળચી ગયેલી તે પેટમાં દુઃખતું હશે ? અથવા તો, મારી હારી બીજા કો'ક હેન્ડસમ મગરના પ્રેમમાં તો નહીં પડી ગઈ હોય ને ? કે પછી હું અન્ય માદક મગરી સાથે અફેર ચલાવી રહ્યો છું એ રીતે તો નહીં હોય ને ?

આંસુ એ સ્ત્રીઓનું ગરવું ભૂષણ છે. પિયરિયામાં રુદનની તાલીમના અભાવે ઘણી કોડીલી કન્યાઓ અણઘડ અને ફૂવડ રહી જાય છે, જેથી શ્વસુરગૃહે એમને ઘણી અગવડ પડે છે. લગ્નજીવનના પ્રારંભિક દિવસોમાં તમારા પતિદેવ એમના માતુશ્રીની કાતિલ નજર ચૂકવીને તમારે માટે કંઈ ને કંઈ ભેટ લાવતા રહેશે. આવા મંગળ ટાણે આંસુઓનું શું કામ ? એ રીતે ભ્રમિત થયેલી ભામિનીઓએ ખાસ યાદ રાખવાનું કે અહીં તમારે દ્રવિત થઈને તમારા 'એમને' દ્રવિત કરી નાખવાના છે. સોગાદે સોગાદે તમે સાશ્રુ ગદ્ગદ થઈ જશો તો સામેવાળાનો ભેટ આપવાનો ઉત્સાહ જળવાઈ રહેશે એટલું જ નહીં, બલકે ભેટ આપવાની એમની વૃત્તિ વધુ ફલશે-ફાલશે. એક તરફ તમારી આંખો છલછલ થતી હશે તો બીજી તરફ (ભેટસોગાદોથી) તમારો પાલવ. પછી તમે જો જો ! ઊનાં પાણીનાં બે માછલાં (આંખો) તમને સાચે જ અદ્ભુત લાગવા માંડશે. આ તો રહી લગ્નજીવનની પ્રારંભિક કહાણી. ખરાખરીનો ખેલ તો ત્યાર બાદ જ શરૂ થાય છે. રોજરોજ તમારું એકનું એક મુખારવિંદ જોઈને તમારા પતિદેવના ઉમળકામાં શનૈઃ શનૈઃ ઓટ આવતી જશે. હવે તમારે અભિપ્સિત વસ્તુઓ મોઢે માગવાના દા'ડા આવી જશે. બલિહારી તો ત્યાં છે કે મોઢે માગવા છતાંય તે તમને નહીં મળે. સ્ત્રીજીવનમાં અશ્રુપ્રપાતનો આ હાઇ-ટાઈમ ગણાય છે. આવા ટાણે તમારે એક અઠંગ લેખકની વરસોવરસ ચાલ્યા કરતી કૉલમ જેવડો લાં....બો નિઃસાસો નાખી દેવાનો. ત્યાર બાદ તમારા મૌલિક વાયસવિક્રીડિત છંદમાં રુદનનો એક લેવલનો પ્રકાર છેડી દેવાનો આટલેથી વાત ન બને તો પછી બારે મેહ ખાંગા થયા હોય એ રીતેય તૂટી શકો. યાદ રહે કે તમારે સીતા, સાવિત્રી કે શકુંતલા નથી બનવાનું, સત્યભામા બનવાનું છે. હીબકાં, ડૂસકાં, ક્રંદન, આક્રંદ, વલોપાત, કલ્પાંત અને ઠૂઠવો... રુદનનો એક એક પ્રકાર બ્રહ્માસ્ત્રની પેઠે છોડતાં જવાનું. અહીં તમારે ખરજથી લઈને સપ્તમ સૂર સુધીની તીર્થયાત્રા કરવાની છે. વાતાવરણને રુદાલીઓની રેલી નીકળી હોય એવું ભર્યુંભાદર્યું કરી નાખવાનું. આંસુઓની સાથે સાથે ઊના ઊના નિઃશ્વાસ અને મુખમાંથી ચિત્કાર કરતાં શીખી જશો તો સોનામાં સુગંધ ભળશે. કવિ શ્રી અસીમ રાંદેરીએ સત્ય જ કહ્યું છે : 'હર આંસુમાં ખૂશ્બુ ને નિઃસાસામાં તરન્નૂમ.' જાણે કો 'કલાપી'ની ગઝલ ગાઈ રહ્યો છું.

'તમારી વાત તો લાખ રૂપિયાની છે, બહેન ! પરંતુ અમારે ટાણેકટાણે આંસુ બહાર લાવવાં શી રીતે ?' મારી શિષ્યા થવા થનગનતી ઘણીબધી બહેનોનો આ એક જ પ્રશ્ન હતો. તો હે ભારતભૂમિની આર્યનારીઓ ! ચાલો, હું તમને બતાવું છું અશ્રુપાત ના લીલોતરા રસ્તાઓ.

આંખમાં સરળતાપૂર્વક અને વૈજ્ઞાનિક પદ્ધતિથી આંસુ લાવવાનો પ્રથમ મારગ છે ગ્લીસરીન, જે તમને કોઈ પણ મેડિકલ સ્ટોરમાં ઊંઘની ગોળી જેટલી જ સહેલાઈથી પ્રાપ્ત થઈ શકશે. વળી, તમે દુકાનદાર પાસે ગ્લીસરીન માગશો તો એ તમને ભવિષ્યની એક મહાન અભિનેત્રી ધારીને તમારાથી પ્રભાવિત થઈને લોકલ ટૅક્સ લગાડ્યા વિના જ સસ્તાદરે શીશી પૂરી પાડશે. (આ વાત અમદાવાદ શહેરને લાગુ પડતી નથી.) એક નાની શી ડબ્બીમાં થોડુંક ગ્લીસરીન કાઢી એને હંમેશાં તમારા હૃદય પાસે જકડી રાખો. જરૂરત ટાણે તુરત આંજીને સામેવાળાને આંજી નાખી શકાશે. અશ્રુપાતનો દ્વિતીય ફક્કડ નુસખો છે નેત્રપ્રભા અને એના સગોત્ર આંજણાં. આવાં આંજણોની શીશી ખૂબ જ નાની હોવાથી એને ગમે ત્યાં સંઘરી શકાય છે. એક બહેનને મેં એમના વિશાળ અંબોડામાં નેત્રપ્રભાની શીશી સરકાવતાં જોયેલાં. તો વળી એક બહેને એમના ગળાના માદળિયામાં આતંકવાદીઓ સાઇનાઇડની ગોળી સંઘરે એમ એક આંજણ સંઘરી રાખેલું. નેત્રપ્રભા લગાવો અને પ્રસંગે પ્રસંગે પર્વ મનાવો !

આજકાલ સંતરાની છાલનો પાઉડર ખીલની અકસીર દવા તરીકે વપરાય છે. એક વાર સંયોગવશ એ આંખમાં લાગી જતાં આંખોમાંથી દડદડ આંસુડાં સરી પડેલાં અને હોઠ ખડખડ હસી પડેલા. એક સફરજનના પડવાથી ન્યૂટનને થયેલો એટલો જ આનંદ એ વખતે અમનેય પ્રાપ્ત થયેલો. સંતરાની છાલનો પાઉડર એ અશ્રુપ્રપાતનો મજાનો ઘરેલુ નુસખો છે. આપણા ભવ્ય ઇતિહાસની ભવ્ય રાણીઓ એમના પ્રિયતમને મળવા જવા એક ભવ્ય નુસખો અપનાવતી હતી. નાનીશી દાબડીજડિત એમની વીંટીમાંથી ગાઢ નિદ્રામાં પોઢી જવાય એવું ઔષધ રાજાના શરાબમાં ભેળવી દેતી. તમેય એવી વિશિષ્ટ વીંટી ઘડાવી એમાં સિફતપૂર્વક સંતરાની છાલનો પાઉડર રાખી શકો. જ્યારે જ્યારે રુદનની આવશ્યકતા જણાય ત્યારે ત્યારે ચપટી લઈને આંજી દેવાનો, પરંતુ યાદ રહે સ્ત્રીઓએ આવી અદ્ભુત વીંટીનો ઇતિહાસસિદ્ધ ઉપયોગ કરવો નહીં. નહીંતર એમાં આ લેખ લખનારની કોઈ પણ જવાબદારી રહેશે નહીં. હાં, તો મારી પ્રિય ભગિનીઓ, રુદનના આવા રોમાંચક રસ્તાઓ પર આગેકૂચ કરો અને વિજયને વરો !

એ દિવસ હવે દૂર નથી જ્યારે મહિલાઓ માટે ઠેરઠેર ક્રાઈંગકલબો ખૂલશે, જેમાં અનુભવી રુદનવિશેષજ્ઞાઓ રુદનની શાસ્ત્રીય તાલીમ આપશે રુદનના લાભાલાભ અંગે વક્તૃત્વ-સ્પર્ધાઓ, નિબંધસ્પર્ધાઓ, પ્રવચનો અને ચર્ચાસભાઓ યોજાશે. રુદન પર કવિતાઓ, ભજનો, ગઝલો અને ગરબાઓ લખાશે. રુદનના નવનવા પ્રકારોનો આવિષ્કાર થશે. એની પર ઘણી વિદૂષીઓ મહાનિબંધ લખીને ડૉક્ટર ઑફ ક્રાયોલૉજિની માનનીય પદવી હાંસલ કરશે. ક્રાઈંગ ક્લબોમાં અને ઘેરઘેર આંસુ રળિયામણાં, રડે તેનું ઘર ચડે, રડો અને રડવા દો, રડતી નાર સદા સુખી, વાંકી આંખે મોટાં આંસુ, પહેલું સુખ તે જાતે રડ્યા, નયણાં સાજાં તો ઉત્તર ઝાઝા, નેત્ર ચંગા તો ગાલ પર ગંગા, જેવી કહેવતોનું સામ્રાજ્ય હશે. પોતાના જીવનનાં બહુમૂલ્ય વર્ષો રુદનને આપી તે થકી સિદ્ધિ પ્રાપ્ત કરનાર વીરાંગનાને રુદનવીરચક્ર એનાયત થશે. તદુપરાંત રુદન દ્વારા વિવિધ ક્ષેત્રે જ્વલંત સફળતા મેળવનાર વિદૂષીઓને 'રુદનસામ્રાજ્ઞી', 'રોકકળરાણી', 'ક્રંદનકાન્તા', 'વિલાપસુંદરી', 'કલ્પાંતકામિની' અને 'રોતલ પદમણી' જેવા ખિતાબોથી સન્માનિત કરવામાં આવશે. ડૉક્ટરનાં દવાખાનાંઓનેય ટક્કર મારે એટલી સંખ્યામાં ક્રાઈંગકલબો ખૂલશે જેના ઉદ્ઘાટનાર્થે નાટકો અને ફિલ્મોમાં સૌથી વધુ રડેલી અભિનેત્રીઓને ચીફ ગેસ્ટ તરીકે આમંત્રિત કરવામાં આવશે, જે માઇકમાં એક હૃદયદ્રાવક ડૂસકું ભરીને આંસુ લૂછવાના રૂમાલોનું બનાવેલું તોરણ કાપીને ક્લબનું ભવ્ય ઉદ્ઘાટન કરશે. આહાહા ! કેટલું ભવ્ય દૃશ્ય હશે એ ! કેટલું અદ્ભુત વિશ્વ હશે એ !

આવા પાવન પ્રસંગે મારી આંખોમાંથી આંસુ અને હોઠેથી કવિ શ્રી રમેશ પારેખની ('વરસાદ' શબ્દના પરિવર્તન સાથેની) આ પંક્તિઓ સરી પડે છે :

'આજ ગ્લીસરીન નથી એમ ના કહેવાય રમેશ
એમ કહીએ કે હશે આપણે ભીના ના થયાં.' ❒

પસ્તીનાં પાનાં

ડૉ. પ્ર. ચુ. વૈદ્ય

સિમલા કરારની ફલશ્રુતિ

તા. ૮-૭-૭૨. અત્યારે તો અહીં બધે જનાબ ભૂટ્ટો સાથેની સિમલા પરિષદ અને તેનાં પરિણામોની ચર્ચા થઈ રહી છે. હજાર વર્ષ સુધી યુદ્ધ લડવાની વાત કરનાર ભૂટ્ટો હવે ત્રીજા પક્ષની દરમિયાનગીરી વગર ભારત-પાક વચ્ચેના બધા જ પ્રશ્નો વાટાઘાટોથી ઉકેલવા તૈયાર થયો છે. ૧૯૭૧ના ડિસેમ્બરના૧૪ દિવસના યુદ્ધ દરમિયાન ભારતીય લશ્કરે પૂર્વમાં આખું પૂર્વ પાકિસ્તાન જીતી લીધું અને પશ્ચિમમાં, સિંધ અને પંજાબમાં થોડો પ્રદેશ જીતી લીધો. તેમાંનું પૂર્વ પાકિસ્તાન તો હવે આઝાદ બાંગલા દેશ બન્યો છે. અને આ વાટાઘાટોને અન્તે પશ્ચિમમાં આપણે જીતેલો પ્રદેશ આપણે પાકિસ્તાનને પાછો સોંપ્યો છે. આ જીતેલો પ્રદેશ પાછો સોંપીને ભારતે ત્રણ વાત એકસાથે હાંસલ કરી છે. એક તો પોતે વિજયી હોવા છતાં આ યુદ્ધ પ્રાદેશિક લાલસા માટે નહોતું લડાયું તે બતાવી આપ્યું છે અને વિશાળ ભારતની ઉદારતા પ્રતિબિમ્બિત કરી છે. બીજું, યુદ્ધ દરમિયાન અમેરિકન પ્રમુખ નિક્સન એમ કહેતો હતો કે ભારતની નેમ પશ્ચિમ પાકિસ્તાનને છિન્નભિન્ન કરી તેને જીતી લેવાની છે, તેને એક સજ્જડ તમાચો મારવાનો પણ હેતુ આ વાટાઘાટોથી સર્યો છે. અને ત્રીજું, ભારતે જીતેલા પ્રદેશમાંથી જે દસ લાખ જેટલા નિરાશ્રિતો પાકિસ્તાનમાં હેરાન થતા હતા તેમને પુનઃ ઠરીઠામ થવાનો મોકો આપીને પાકિસ્તાની પ્રજામાં ભારત તરફી જરા લાગણી ઊભી થાય તેવો પણ પ્રયત્ન થયો છે.

પણ આ બધાં કરતાંયે મહત્ત્વનું પરિણામ તો જુદું જ છે. આઝાદીનાં ૨૫ વર્ષમાં ભારત-પાકિસ્તાન વચ્ચે આ ચોથી સશસ્ત્ર અથડામણ થઈ. પહેલી કાશ્મીરમાં તાયફાવાળા ઘૂસી આવ્યા ત્યારે એટલે કે ૧૯૪૮માં. તે વખતે આપણે યુનો (UNO) પાસે ગયા. પણ વળ્યું કાંઈ નહિ. પછી ૧૯૬૪માં કચ્છના રણમાં છમકલું થયું. ત્યારે ઈંગ્લન્ડનો વડોપ્રધાન વચ્ચે પડ્યો અને પ્રશ્ન આંતરરાષ્ટ્રિય અદાલતને સોંપવાનું નક્કી થયું. લાલબહાદુર શાસ્ત્રીના જમાનામાં ૧૯૬૫માં યુદ્ધ થયું ત્યારે યુનોની દરમિયાનગીરીથી યુદ્ધ બંધ થયું અને રશિયાની રાહબરી નીચે તાશકંદમાં વાટાઘાટો થઈ. આમ, અત્યાર સુધી જાણે બે છોકરાં લડે અને કોઈક મોટેરા પાસે તેનો તોડ લેવા જાય તેવું થતું હતું. આ વખતે પણ યુદ્ધ દરમિયાન અને યુદ્ધ પછી પણ પાકિસ્તાન અને અમેરિકાની એવી જ ચાલ હતી કે કોઈ ત્રીજા પાસે સમાધાન થાય. પણ હવે ભારતની આઝાદીની અસર ભારતના રાજકારણીઓની પુખ્તતામાં પરિણમી છે. આ પહેલો જ પ્રસંગ છે જ્યારે કોઈ ત્રીજા દેશની હાજરી વગર કોઈ દેશનો એલચી પણ હાજર ન હોય તેવી જગ્યાએ (સિમલામાં) વાટાઘાટો થઈ. અને કોઈ પણ આઝાદ દેશ જેવું વર્તન અને મિજાજ રાખે તેવું વર્તન અને મિજાજ ભારતે દાખવ્યાં. મારે મન સિમલા પરિષદની આ સૌથી મોટી ફલશ્રુતિ છે. આઝાદી પહેલાં ૧૦૦ વર્ષ સુધી યુરોપીય લોકોએ આપણા રાજકારણમાં દખલ કરી છે. આઝાદી પછીનાં ૨૫ વર્ષ પણ આડકતરી રીતે એ દખલ ચાલુ રાખી છેલ્લે છેલ્લે બંગાળના ઉપસાગરમાં નૌકા જહાજ મોકલીને અમેરિકાએ તો દખલ સક્રિય કરવાનો પણ પ્રયત્ન કર્યો. પણ કોઈની દાળ ગળી નહિ અને આપણે જગત સમક્ષ ખરેખર આઝાદ રાષ્ટ્ર તરીકે ઊભા રહ્યા. આ કાંઈ જેવી તેવી સિદ્ધિ કહેવાય ?

આઝાદીનાં ૨૫ વર્ષ

તા. ૧૩-૮-૭૨. અત્યારે તો આઝાદીનાં ૨૫ વર્ષ પૂરાં થવાની ઉજવણીનો મૂડ ચાલે છે. એ ઉજવણીમાં પણ આપણી 'ભારતીય' વિશિષ્ટતાઓ દેખાય છે. નમૂના આ રહ્યા.

તા. ૧૫મી ઑગસ્ટથી અમેરિકાના Zip Code જેવો ભારતમાં પોસ્ટલ ઇન્ડેક્સ કોડ (Pin Code) દાખલ થાય છે. ગુજરાતીમાં તે પિન કોડ કહેવાશે. અમેરિકામાં પાંચ આંકડાનો કોડનંબર છે. પણ ભારતને પાંચ આંકડાથી ન ચાલે. આજે ભલે ભારતની પોસ્ટ ઑફિસોની સંખ્યા અમેરિકાની પોસ્ટ ઑફિસોની સંખ્યા જેટલી કે કદાચ તેથી થોડી ઓછી હશે, પણ છેવટે તો આપણે ગામેગામ ડિલિવરી પો. ઑ. આપવા છે એટલે વસ્તીના પ્રમાણમાં પો.ઑ.ની સંખ્યા થશે. તેથી ભારતીય પિનકોડ છ આંકડાનો રાખ્યો છે. તે પ્રમાણે અમારી પોસ્ટ ઑફિસનો નંબર ૩૮૦ ૦૦૭ છે. એટલે સરનામામાં અમદાવાદ-૭ને બદલે અમદાવાદ ૩૮૦ ૦૦૭ લખવાનું રહેશે. વળી, આ પિન કોડ ગુજરાતી કે નાગરી કે અન્ય લિપિમાં નહિ પણ આન્તર રાષ્ટ્રિય લિપિમાં જ લખવાનો થશે. આ પણ ભારતીય વિશેષતા !

આ ૨૫ વર્ષની ઉજવણીમાં સરકારી મકાનો પર રોશનીનો કાર્યક્રમ નક્કી થયો હતો. પણ ગુજરાતમાં વરસાદ ખેંચાયો છે. છેલ્લા એક મહિનાથી લગભગ બધે જ હવામાન સૂકું રહ્યું છે. પરિણામે આ સીઝનમાં ખેતરના જે વીજળી પંપો સામાન્ય સંયોગોમાં નવરા હોય તે બધા આજે તો ચલાવવા પડે છે એટલે હવે રોશની માટે વીજળી વાપરવી યોગ્ય ન રહે. આથી રોશનીનો કાર્યક્રમ બંધ રહ્યો છે. આઝાદીનાં ૨૫ વર્ષ પછી પણ આપણો આકાશ ઉપર આધાર એટલો જ રહ્યો છે. ફેર એટલો પડ્યો છે કે આજે વરસાદ ન આવે તો ખેતરોમાં પાણી પહોંચાડવાના કૂવા અને તે પરના પંપની સંખ્યા ઘણી વધી છે.

દેશના કેટલાક રાજકીય પક્ષોએ વરસાદ ખેંચાયો છે. માટે ૨૫ વર્ષની ઉજવણીનો બહિષ્કાર કરવાનું નક્કી કર્યું છે. એ બતાવે છે કે ૨૫ વર્ષની રાજકીય આઝાદી પછી પણ પૂરતી પુખ્તતાએ ન પહોંચ્યા હોય તેવા રાજકીય પક્ષો હજુ દેશમાં છે. દેશની આઝાદી એ રાજકીય પક્ષાપક્ષીથી પર એવો વિષય છે અને તેની ઉજવણી એ રાજકારણનો મુદ્દો ન હોઈ શકે એટલું સમજવા જેટલી પુખ્તતા આ કક્ષામાં હજુ નથી આવી !

અમદાવાદમાં આ રાષ્ટ્રિય પર્વની ઉજવણીના અનુસંધાનમાં બે પ્રકારના મનોરંજન કાર્યક્રમો ગોઠવાયા છે. એક તો સરકારી રાહે ગાંધીનગર અને અમદાવાદમાં કાર્યક્રમો ગોઠવાયા છે અને બીજા સંસ્કાર મંડળ Cultural Guild ના આશ્રયે ટાઉન હૉલમાં ગોઠવાયો છે. હમણાં રાજ્ય સરકારે સંગીત-નૃત્ય-નાટક અકાદમીની પુનર્વ્યવસ્થા કરી. તેમાં જે કળાકારોની નિમણૂક કરી છે તે સામે કળાકારોનું એક જૂથ અસંતુષ્ટ છે. આ અસંતુષ્ટ જૂથમાં ચં.ચી. મહેતા, મૃણાલિની સારાભાઈ, નીરુ દેસાઈ વગેરે મુખ્ય છે. તેમણે સરકારી કાર્યક્રમોનો બહિષ્કાર કર્યો છે અને પોતે જ ખાસ કાર્યક્રમ આયોજન ટાઉન હૉલમાં કર્યું છે. કાર્યક્રમની

ટિકિટ નથી પણ ટાઉન હૉલ ઉપરથી આમંત્રણ-પત્રિકા લઈ જવાની જાહેરાત કરી છે. આ પણ ઉજવણીની વિશિષ્ટતા છે ને !

ખાતરનાં સહકારી કારખાનાં

તા. ૧૫-૧૧-૭૨. અમારા પાડોશીનો દીકરો દ્વારકાથી કલોલ આવી ગયો છે. કલોલમાં ખાતરનું મોટું કારખાનું થાય છે ત્યાંના દવાખાનામાં કંપાઉન્ડર તરીકે જોડાયો છે. આ કારખાનાંનો ઇતિહાસ જાણવા જેવો છે. કારખાનું ઇફકો (IFFCO) તરીકે ઓળખાય છે. **Indian Farmers' Fertiliger Cooperative નું ટૂંકું રૂપ IFFCO** (ઇફકો). ભારતનાં ૧૦ જુદાં જુદાં રાજ્યોની, ખેડૂતોની સહકારી મંડળીઓ આ ઇફકોની સભ્યો છે અને આમ સહકારી ક્ષેત્રે બે મોટાં ખાતરનાં કારખાનાં ઊભાં થાય છે. એક, કલોલ પાસે અને બીજું કચ્છમાં કંડલા ખાતે. ૧૯૭૩માં કલોલનું અને ૧૯૭૪માં કંડલાનું કારખાનું ઉત્પાદન કરતું થઈ જશે. તેની ઉત્પાદનશક્તિ વરસના ૨૫ લાખ ટનની છે. પણ ભારતના ખેડૂતો રાતોરાત કાંઈ વરસના ૨૫ લાખ ટનને હિસાબે રાસાયણિક ખાતર વાપરતા થોડા જ થઈ જાય ? એટલે તેનો એક સરસ ઉપાય આ સહકારી મંડળીએ કાઢ્યો છે. કારખાનાનું ઉત્પાદન તો હવે શરૂ થવાનું છે પણ IFFCO તો આજ ત્રણ વર્ષથી અસ્તિત્વમાં આવ્યું છે. અને તે દર વર્ષે થોડું થોડું વિદેશી ખાતર આયાત કરે છે અને સભ્ય મંડળીઓમાં વેચે છે. ૧૯૭૩માં એ પોતાના ઉત્પાદન જેટલું ખાતર આયાત કરીને સભ્યોને વેચશે અને ૧૯૭૪થી તેના કારખાનાનું ઉત્પાદન શરૂ થશે ત્યારે તે માટે ઘરાક તૈયાર જ હશે ! છેને અફલાતૂન સહકારી રસ્તો ? કલોલ અને કંડલાનાં કારખાનાં કામ કરતાં થઈ જાય એટલે પછી ભટીંડા અને હજીરામાં બીજાં બે કારખાનાં કરવાં અને એમ ભારતભરમાં જ્યાં જ્યાં પેટ્રોલની રિફાઈનરી છે ત્યાં ત્યાં ખાતરનાં કારખાનાંની હારમાળા ગોઠવવાની યોજના છે. અને આ સહકારી ખાતર-કારખાનાંની યોજનાની શરૂઆત કરવી હોય તો તે, સહકારનું સફળ ઉદાહરણ પૂરું પાડનાર ગુજરાતમાં જ થાય એમાં શી નવાઈ ?

સરકારી કર્મચારીઓની હડતાળ

તા. ૧૧-૧૨-૭૨. અહીં તો અત્યારે હડતાળ હડતાળ ચાલે છે. દિલ્હી યુનિવર્સિટીનું કોકડું તો ગૂંચવાયેલું જ છે. હવે તો વિદ્યાર્થીઓ વાઇસ ચૅન્સેલરની જાત ઉપર જવા માંડયા છે ત્યાં છેલ્લાં પાંચ વર્ષમાં ત્રણ વા.ચૅ. થયા. પ્રો. ગાંગુલી, પછી ડૉ. રાજ અને અત્યારે ડૉ. સ્વરૂપ સિંહ વાઇસ ચૅન્સલર છે. વિદ્યાર્થીઓનું સ્લોગન છે 'રાજ-ગાંગુલી ચલે ગયે, સ્વરુપા તૂ ભી જાય!' હિન્દીમાં તૂ તો એકદમ તુચ્છ પ્રયોગ છે. વિદ્યાર્થીઓ વા.ચૅ.ને જાણે જમીનદાર તેના મજૂરને સંબોધતો હોય તેમ સંબોધે છે ! અને આ બધાંનું મૂળ ક્યાં છે તે જાણવું હોય તો દિલ્હી યુનિવર્સિટીની ચૂંટણી જોવી પડશે. દિલ્હી યુનિવર્સિટી વિદ્યાર્થી યુનિયનના મહામંત્રીપદ માટે રાજકીય પક્ષોએ ઉમેદવાર ઊભા રાખ્યા હતા. કૉંગ્રેસ અને જનસંઘના ઉમેદવારો મુખ્ય હતા. છેવટે જનસંઘી જીત્યો અને કૉંગ્રેસી હાર્યો ! વિદ્યાર્થીઓની ચૂંટણીમાં રાજકીય પક્ષો સીધી રીતે પડે પછી સ્વરૂપા તૂ ભી જાયગા એવા સ્લોગન બોલાય તેમાં નવાઈ શી ? આપણા દેશમાં એક વાત નાબૂદ કરવા જેવી હોય તો તે આ રાજકારણના અતિરેકની !

૭મી તારીખથી ગુજરાત સરકારના કારકુનો હડતાળ ઉપર છે ખૂબી તો એ છે કે સરકાર કહે છે કે અઢી લાખ કર્મચારીઓમાંથી ફક્ત ૬૫ હજાર જ હડતાળ ઉપર છે, જ્યારે કારકુનોનું મંડળ કહે છે કે અઢી લાખમાંથી ૬૫ હજાર જ કામ પર જાય છે, બાકીના હડતાળ ઉપર છે. સાચું ખોટું રામ જાણે ! રોજે રોજ ગુજરાત સરકારની અડધા પાનાની જાહેર ખબર છાપામાં આવે છે અને કર્મચારીઓ ક્યાં ખોટા છે અને નિરર્થક હડતાળ પર ગયા છે એમ પ્રચાર ચાલે છે. હવે સરકારે હડતાળ પર ગયેલા ટેમ્પરરી નોકરોને છૂટા કરવાના હુકમો કાઢ્યા છે. તો તેની સામે કર્મચારીઓએ આ ૧૮મી તારીખે અમદાવાદ બંધનું એલાન કર્યું છે.

મને મનમાં થાય છે કે સરકાર તો નિયમને વળગીને પગલાં ભરે છે પણ કર્મચારીઓ સમજપૂર્વક નિર્ણયો કેમ લેતા નહિ હોય ? આ સરકારી કર્મચારીઓ તરફ જનતાની જરાય હમદર્દી ન હોય, કારણ કે લાંચ-રુશ્વત વગર પી.ડબ્લ્યુ.ડી. કે રેવન્યુના કર્મચારીઓ કોઈ કામ જનતાનું કરી ન આપે. ટૅક્ષના કર્મચારીઓ વેપારીઓ-દુકાનદારો પાસેથી નાણાં ખાય. એ બધા અમદાવાદ બંધનું એલાન કરે ત્યારે તેને જનતા શું સહકાર આપે ? હા, સરકાર મૂર્ખાઈ કરે અને લાઠીચાર્જ કે ગોળીબાર જેવી ભૂલ કરી બેસે તો જનતાની સહાનુભૂતિ હડતાળીઆ તરફ જાય. બાકી અમદાવાદનાં લોકોને તો ખબરે નથી કે સરકારી કર્મચારીઓની હડતાળ ચાલે છે. આજે હું રિક્ષામાં ઘેર આવતો હતો. લાલદરવાજા પરનાં બહુમાળી મકાન પાસેથી રિક્ષામાં બેઠો. બહુમાળી મકાનમાં બધી જ સરકારી ઑફિસો છે અને હડતાળને કારણે ત્યાં સંખ્યાબંધ પોલીસો છે. પેલો રિક્ષાવાળો મને કહે, ભાઈ અહીં એટલો બધો પોલીસ બંદોબસ્ત શું કામ છે. વડા પ્રધાન ઇન્દિરા ગાંધી આવવાનાં છે ? લ્યો, સાંભળો અમદાવાદના રિક્ષાવાળાને આ સરકારી સાહેબોની હડતાળની માહિતી પણ નથી ! આ પાશ્ચાદ્ભૂમિમાં અમદાવાદ બંધનું એલાન કેવું બેહૂદું લાગે ? ❐

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

મંગળવાર ૧૮મી મે ૧૯૪૩
પ્રિયતમ કિટી,

થોડી વાર પહેલાં મેં જર્મન અને અંગ્રેજ વૈમાનિકો વચ્ચે ખેલાયેલું ભયંકર યુદ્ધ જોયું. દુર્ભાગ્યે, મિત્ર પક્ષના બે વૈમાનિકોને ભડકે બળતા વિમાનમાંથી નીચે કૂદી પડવું પડ્યું. હાફવેગમાં રહેતા અમારા દૂધવાળાએ રસ્તાની બાજુએ બેઠેલા ચાર કેનેડિયનો જોયા હતા. એમાંના એકને અસ્ખલિત ડચ આવડતું હતું. દૂધવાળા પાસે સિગારેટ સળગાવવા દીવાસળી માગી અને વાતે વળગ્યો. હકીકતમાં એમના વિમાનમાં છ જણાં હતાં. મુખ્ય વૈમાનિક તો સળગીને મૃત્યુ પામ્યો અને બીજો ક્યાંક સંતાઈ ગયો હતો. જર્મન સુરક્ષા દળ એમને ચારને પકડી ગયું. આ ચારમાંથી કોઈને કોઈ પ્રકારની ઈજા પહોંચી નહોતી. સળગતા વિમાનમાંથી નીચે કૂદ્યા પછી આટલી સ્વસ્થતાથી વાત પણ કઈ રીતે કરી શકતા હશે આ લોકો ?

અહીં ગરમી ઘણી છે. છતાં એકાંતરે દિવસે અમારે અંગિઠી સળગાવ્યા સિવાય આરો નથી, કારણ કે શાકભાજી અને બીજો કચરો બાળી નાખવો જરૂરી છે. અમારાથી કોઈ જાતનો કચરો બહાર ફેંકાય એમ નથી. કારણ કે તેથી અહીં કામ કરતાં બીજાં લોકોને ખબર પડી જાય. એક નાનીસૂની ભૂલ પણ અમારા અંતનું કારણ બની શકે !

જર્મન સરકાર અને એમના નવા નિયમોનું અમે સમર્થન કરીએ છીએ એવા અર્થનું લેખિત વ્યક્તવ્ય આપવાનો યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ પર હુકમ બજાવવામાં આવ્યો છે. એંશી ટકા જેટલા વિદ્યાર્થીઓએ પોતાના ખરા મતને વળગી રહેવાનો નિર્ધાર કર્યો છે, પણ આમ કરવાની શિક્ષા પણ કડક હશે. જે વિદ્યાર્થી સહી કરવા નકારશે એને જર્મન કામગાર છાવણીમાં ભરતી કરી દેવામાં આવશે. દેશના બધા જ નવયુવાનો જો જર્મનીમાં કાળી મજૂરી જ કરશે તો એમના ભવિષ્યનું શું ?

કાલે રાતે બંદૂકના ધૂમધડાકાનો એટલો તો અવાજ થતો હતો કે મમ્મીએ બારીઓ વાસી દીધી. હું તો પીમની પથારીમાં જ ઘૂસી ગઈ હતી. ત્યાં અચાનક બરોબર અમારી ઉપરના માળે શ્રીમતી વૅનડાન કૂદ્યાં, જાણે માઉશી જ કરડી સમજો ! એટલામાં એક મોટો ધડાકો થયો, મને લાગ્યું કે મારી નજીક જ અગનગોળો પડ્યો. હું જોરથી બૂમ પાડી ઊઠી : 'લાઈટ કરો, લાઈટ કરો.'

પીમે લાઈટ કરી. મને લાગ્યું કે હવે કોઈ પણ ક્ષણે રૂમમાં આગ ભભૂકી ઊઠશે. પણ એવું કાંઈ જ થયું નહિ. શું થયું એ જોવા અમે ઉપર દોડ્યાં. વૅનડાન દંપતીએ બારીમાં લાલ રંગનો પ્રકાશ જોયો. અને એમને લાગ્યું કે આગ લાગી છે. શ્રીમતી વૅનડાનને તો લગભગ ખાતરી જ થઈ ગઈ હતી કે આગ અમારા મકાનને જ લાગી છે. ધડાકો થયો ત્યારે શ્રીમતી વૅનડાન કાંપતા પગે પથારી પાસે ઊભાં હતાં. ડસેલ સિગારેટ પીવા ઉપર રહ્યા અને અમે પાછાં પથારીભેગાં થયાં. પંદરેક મિનિટમાં તો ફરી ગોળીબાર શરૂ થયા. શ્રીમતી વૅનડાન પથારીમાંથી કૂદ્યાં. અને એમના પતિ પાસે રહીને જે સલામતી મળતી નહોતી એ મેળવવા ડસેલના રૂમમાં નીચે પહોંચી ગયાં. 'આવો દીકરા, મારી સાથે !' ડસેલ એમનું સ્વાગત કરતાં બોલ્યા.

અમે બધાં જ ખડખડાટ હસી પડ્યાં. બંદૂકના ધૂમધડાકાનો ડર તો ક્યાંય ભાગી ગયો. અમારી સર્વ પ્રકારની ભીતી દૂર થઈ ગઈ.

લિ. એન.

રવિવાર ૧૩મી જૂન ૧૯૪૩
પ્રિયતમ કિટી,

મારા જન્મદિવસ નિમિત્તે પપ્પાએ સુંદર કવિતા લખી. એટલી સરસ કવિતા છે કે કહ્યા વિના મારાથી રહેવાય એમ નથી.

પીમ કાવ્ય જર્મનમાં કરે છે, એટલે માર્ગટ કવિતાનું ડચમાં ભાષાંતર કરી આપવા તૈયાર થઈ. હવે તું જ જો, માર્ગટને માટે ગર્વ થાય એમાં કાંઈ ખોટું છે ? શરૂઆતમાં આખા વર્ષનો સાર છે અને પછી કવિતા આગળ વધે છે.

છે નાની અમ સર્વથી, પણ નહિ નાની ઉંમરે,
દેવી શિખામણ-સલાહ તમને, એ જ કામ ધર્યુ અવ ઉરે,
બન્યા કઠણ તુજ દિવસો, કેવા કંટાળાભર્યા હાય રે !

અનુભવી અમે, રે શીખ તું અમ પાસથી
જોતી નથી, તરી પાર આવ્યાં ઓ પારથી ?

જોયા ઘણા દાવ, અને જોઈ ઘણી રમત,
વર્ષો વીતી ગયાં, એમાં કદી ન કો ફરક !

ખામી ક્ષતિ પોતામાં, એ વાતમાં તે શું માલ છે ?
ક્ષતિ અન્યની ભલે નાની, પણ એ જ મોટી વાત છે !

વાંક જોવો હંમેશ સહેલો, પણ જો મુશ્કેલી અમ મા-બાપ તણી,
નિત પ્રયત્ન-રત, પરિકઠણ, રીત ભલા રે' ન્યાય તોળવા તણી

મોટેરાંમાં બન્યાં નાનાં, તો રહી વાત એક જ શક્ય,
કરવાં સહન ટપલાં, છે કઠણ પણ તે જ એક સત્ય.

હા, કટુ હશે હકીકત, પણ રહી સ્વીકારવી
ઘર તણાં સુખશાંતિની, એ જ એક ગુરુચાવી.

વીતી મહિનાઓ ગયા, પણ ગયા ન એળે,
સદુપયોગ મળ્યો વખત તણો, તું તો જાણે આપમેળે !

ભરી દીધું સમયપત્રક, વિધવિધ અભ્યાસ-વાંચને
ન જોઈએ આ કંટાળો, એના એક માત્ર નિશ્ચયે.

પ્રશ્ન અહીં સૌથી મોટો, ને સ્વીકારવો જરા ન સહેલો,
પહેરવા ક્યાં છે ઠીક કપડાં, જરા કોઈ તો બોલો,

નથી યોગ્ય પેટીકોટ, બાકી કપડાં ચડે તસોતસ,
બટન ગાજને બને નહિ, લાગું જોવા જેવી બરોબર.

બૂટ પહેરવા માંડું, તો કાપવા જરૂરી અંગૂઠા,
અરે ભગવાન, શા કાજે પાછળ આટઆટલાં દુઃખડાં ?

અમારા ખોરાક વિશેના ભાગનો પ્રાસ બેસાડતાં માર્ગોટને ફાવ્યું નહિ એટલે એટલો ભાગ છોડી દીધો છે. એ સિવાય કવિતા સરસ છે નહિ ?

બાકી તો બધાંએ મને ખૂબ લડાવી. ખૂબ ભેટ આપી છે, જેમાં મારા પ્રિય વિષય ગ્રીક અને રોમન પૌરાણિક કથાસંગ્રહનું એક મોટું પુસ્તક પણ છે. મીઠાઈ ન મળી એમ કહેવાને તો અવકાશ જ નથી. બધું જ પોતાની રહીસહી બચતમાંથી આપ્યું છે. 'ગુપ્ત નિવાસ'ની ગુડિયાને તો હકથી ય વધારે મળ્યું છે.

લિ. ઍન.

ગુરુવાર ૧૫મી જૂન ૧૯૪૩
પ્રિયતમ કિટી,

ઘણી બધી ઘટનાઓ થઈ ગઈ છે. પણ ઘણી વાર મને થાય છે કે મારી આ નિરર્થક બડબડથી તું ખાસ્સી કંટાળી ગઈ હોઈશ. એના કરતાં તો પત્રો જ ઓછા થઈ જાય તો સારું એમ તને થતું હશે. એટલે આજે તો હું તને ટૂંકમાં જ સમાચાર આપવાની છું.

શ્રી વૉસ્ક્યૂલના ઑપરેશનનું કારણ ચાંદું નીકળ્યું જ નહિ. પેટ ખોલી નાખ્યા પછી ડૉક્ટરોએ જોયું કે એમને તો કૅન્સર છે. રોગ એટલો બધો વધી ગયો હતો કે ઑપરેશનનો ખાસ કાંઈ અર્થ નહોતો. એટલે ટાંકા લઈ લીધા. ત્રણ અઠવાડિયાં સુધી હૉસ્પિટલમાં રાખ્યા, સારું ખવડાવ્યું, પીવડાવ્યું અને ઘેર મોકલી દીધા. પણ એમાં એ લોકોએ મોટી ભૂલ કરી જે માટે તેઓ માફીને પણ પાત્ર નથી. વૉસ્ક્યૂલને બધી જ વાત કહી દીધી. એમને કામ કરવું તો શક્ય નથી. આઠ છોકરાંઓ સાથે ઘેર બેઠા બેઠા મૃત્યુની વાટ જુએ છે. મને એ વાતનું દુઃખ છે કે હું મળવા પણ જઈ શકતી નથી. નહિતર, થોડા થોડા દિવસે એમને ઘેર જઈ એમનું મન બહેલાવત. હવે અમને વખારમાં થતી વાતો કોણ કરશે ? એમાં તો અમને ખરેખર મોટી જ ખોટ પડી છે. સલામતીની બાબતમાં પણ વૉસ્ક્યૂલ અમારા સાચા મદદગાર અને સલાહકાર હતા. એમની અમને ખૂબ યાદ આવે છે.

આવતે મહિને સરકારને રેડિયો સોંપી દેવાનો વારો અમારો છે. અમારા સુંદર મોટા ફિલિપ્સના રેડિયાની જગ્યા હવે ક્લાઈમને ચોરી-છૂપી-સંતાડી રાખેલો એક નાનકડો રેડિયો લેશે. મોટો રેડિયો આપી દેવાનું જરાય ગમતું તો નથી, પણ અજ્ઞાતવાસમાં રહેતાં હોઈએ ત્યારે સરકારી લોકોને તમારે ત્યાં અંદર આવવાનું બહાનું મેળવી આપવું પણ કોઈને પોસાય નહિ. અલબત્ત, અમારો ટચૂકડો રેડિયો અમે ઉપર જ રાખવાનાં છીએ. હવે જ્યાં ચોરીછૂપીથી યહૂદીઓ રહેતા હોય, ચોરીછૂપી નાણાં રાખ્યાં હોય ત્યાં ચોરીછૂપીથી રેડિયો રાખવામાં તે શી મોટી વાત ?

આખા દેશમાં બધે જ લોકોને આશાને તાંતણે બાંધી રાખતા આ રેડિયાને બચાવવા સારુ થઈને સરકારને વિના દિક્કત સોંપી દેવાય એવા જૂના રેડિયાને મેળવવા મથે છે. અને વાત પણ સાચી છે કે જ્યારે આસપાસની પરિસ્થિતિ દિવસે ને દિવસે વણસતી જોવા મળે છે ત્યારે પોતાના મધુર અવાજથી રેડિયો જ અમને નિરાશ થતાં બચાવે છે. અને અમે પોતાને જ કહેતાં રહીએ છીએ, 'હિંમત હારો મા, પરિસ્થિતિ જરૂરથી સુધરશે.'

લિ. ઍન.

રવિવાર ૧૧મી જુલાઈ ૧૯૪૩
પ્રિયતમ કિટી,

ફરી એક વાર છોકરાંઓના સાંગોપનના વિષય પર આવીએ. (લગભગ હજારમી વાર) મારે તને એ વાત કહેવી જ રહી કે હવે હું બધાંને મદદરૂપ થઈ રહેવાનો, બધાંની સાથે મૈત્રીપૂર્વક વર્તન કરવાનો અને બધાંની તરફ સારાં બનીને વર્તવાનો ખરા મનથી પ્રયત્ન કરું છું. અને આમ વઢ ખાવાના પ્રસંગોના વરસાદની જગ્યાએ ઝરમર થાય માટે પણ હું પ્રયત્નશીલ રહું છું. પરંતુ તમને જેમની સાથે જરાય ફાવે નહિ એવાં વડીલોની વચમાં આવા સુશીલ બાળક બનીને રહેવું જરાય સહેલું નથી. એમાંય જ્યારે તમે જે બોલતાં હો તે એની સાથે મૂળ તમે જ સંમત ન હો ત્યારે તો ખાસ. પણ હું જોઈ શકું છું કે મનમાં હોય તે બધું જ કહી દેવા કરતાં (કોઈનેય એ જાણવામાં રસ ન હોય છતાં પણ) આવી જાતનો ડોળ કરવાથી ફાયદો તો થાય છે. અલબત્ત, જ્યારે મારી સાથેનું વર્તન ઝાઝું અન્યાયી થઈ જાય ત્યારે મારો ગુસ્સો કાબૂમાં રહી શકતો નથી. અને પછી મહિના દિવસ સુધી મારા જેવી ગરમ મિજાજની છોકરી દુનિયામાં નહિ હોય એવું ગાણું ગવાતું રહે. તને નથી લાગતું કે ક્યારેક કોઈએ મારી પણ દયા ખાવી જોઈએ ? એ તો સારું છું કે સ્વભાવે હું રોતડિયણ નથી, નહિતર અત્યાર સુધી તો હું તુંડમિજાજી જ બની ગઈ હોત. એમના વઢવાની હળવી બાજુ પણ હું જોઈ શકું છું, પણ એની પર હસવું ત્યારે આવે જ્યારે કોઈ બીજાને વઢવામાં આવતું હોય.

હમણાં (ઘણાબધા વિચારાંતે) મેં શૉર્ટહૅન્ડનો કોર્સ છોડી દેવાનું નક્કી કર્યું છે. પહેલું કારણ કે મને એમ કરવાથી બાકીના વિષયનો અભ્યાસ કરવા વધુ વખત મળશે અને બીજું કારણ છે મારી આંખો. દુઃખની વાત છે કે મારી આંખો ટૂંકી દૃષ્ટિથી પીડાય છે. ઘણા વખત પહેલાં જ મારે ચશમાં કરાવી લેવાં જોઈતાં હતાં (સાવ કેવી ચાડિયા જેવી લાગીશ નહિ ?) પણ તને કહેવાની જરૂર નથી કે અજ્ઞાતવાસમાં રહેનારાઓ માટે....

મારી આંખો એ બધાંની જ ચર્ચાનો ગઈ કાલે વિષય હતો. કારણ કે મમ્મીનું કહેવું થયું કે શ્રીમતી ક્લાઈમન સાથે મારે આંખોના ડૉક્ટર પાસે જવું. આ વાતથી જ મારા તો પગ ઢીલા થઈ ગયા. એ કાંઈ નાનીસૂની વાત નથી ! બહાર જવાનું, એટલે વિચાર કર, બહાર રસ્તા પર ચાલવાનું, હું તો એ વાત કલ્પી પણ શકતી નથી. પહેલાં તો મને ગભરામણ છૂટી ગઈ, પણ પછી છૂપો આનંદ થયો. પણ એ કાંઈ એમ સહેલાઈથી નક્કી નહિ થાય. પહેલાં તો અહીંના વિવિધ અધિકારીઓએ એની પર સંમત થવું જોઈશે, પણ એ લોકો તો કોઈ નિર્ણય લઈ શક્યા નહિ. મને લઈ જવા મીપ તૈયાર હતી પણ આમ કરવાના ખતરાઓ અને મુશ્કેલી પર વિચારવિમર્શ જરૂર હતો. દરમ્યાનમાં, કબાટમાંથી મેં મારો ભૂખરા રંગનો કોટ કાઢ્યો, પહેરી પણ જોયો, એ તો મારી કોઈ નાની બહેનનો હોય એવો લાગતો હતો. અંદરની સિલાઈ ઉકેલી નાખી તોય બટન બંધ થઈ શકે એમ નહોતું. નિર્ણય શું લેવાય છે એ જાણવા મારી ઉત્કંઠા એકદમ

(અનુસંધાન પૃ. ૪૮૩)

ધારાવાહી બંગાળી નવલકથા

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

ડૉક્ટરે પૂછ્યું, 'પછી એ આવ્યો નહીં ?'

પલટુએ કહ્યું, 'જુઓ ડૉક્ટર, લોકો પાસે પૈસા ન હોય તે સમજી શકાય, તબિયત સારી ન હોય તે પણ સમજી શકાય, કારણ મેં એ બન્ને ન હોવાને કારણે જે જીવન જીવવા જેવું નથી રહેતું તે અનુભવ્યું છે. તેથી આખું જીવન હું પૈસા મેળવવા જાત ઘસતો રહ્યો. મને પૈસા સિવાય જીવનમાં બીજા કશાની જરૂરિયાત લાગેલી નહિ. મેં માન્યું ધન મળે તો જીવનમાં બધું મળી ગયું. માન્યું હતું કે જેની પાસે અઢળક પૈસો છે તે આ જગતમાં બધા કરતાં સુખી છે. પણ પૈસા મળ્યા ત્યારે મારી ધારણા ભૂલભરેલી હતી તે સમજાઈ ગયું. જો હું મધ્યવિત્ત સમાજનો માણસ હોત તો મારી વહુની આવી માંદગી ન હોત. તો મારી પત્નીને આવો રોગ થાત નહિ. સંસારના અછત અને જરૂરિયાતો પૂરી ન થાય તેવી દશામાં, નકામી વાતનો વિચાર જ ન આવે. રાંધવું, ખાવું, વાસણ માંજવાં, કપડાં ધોવાં એમાં દિવસ જોતજોતામાં વીતી જાય. એ બધાં કામ કરવાથી શરીર પણ સ્વસ્થ રહે.

પણ અસુખ હોય છે ખૂબ ધનવાન લોકોની વહુઓને. એ પોતાને હાથે કશું કામ કરતી જ હોતી નથી. ન રાંધે, ન વાસણ માંજે કે કપડાં ધૂએ કે વાળઝાડ કરે. ને મારી પત્નીને તો એને જાતે કંઈ જ કામ કરવાનું નહિ. પોતાની જાતે નાહવાનું પણ નહિ. એની આયા એને બાથરૂમમાં લઈ જઈને નવડાવે. ઊંઘતાં પહેલાં પગ દબાવે. ફ્રીઝમાંથી એક પ્યાલો પાણી લઈને પીવું તે પણ એને વસમું લાગે.

એવાને માંદગી ન ઝડપે તો કોને ઝડપે ? આપણા અતિ ધનિક લોકોમાં સભ્યતાનું ઝેર ઘેર ઘેર કૅન્સરની જેમ પ્રસરતું હોય છે. મારો બાથરૂમ પણ એરકન્ડિશન્ડ છે. તો પછી રોગ શા માટે ન ઘૂસે ? રોગનો અપરાધ શો ?

જે માણસ છોકરાને લઈ આવ્યો હતો તેને દશ રૂપિયા આપ્યા. મેં કહ્યું, 'તારા ગાડીભાડા માટે આ પૈસા લે. આ છોકરાને કંઈ ખવડાવજે. જો એ મારે ત્યાં આવવા રાજી થાય તો એને બરાબર બધું સમજાવીને લઈ આવજે.'

એ માણસ મારી વાત સાંભળીને ગયો. ત્યાર પછી કેટલાક દિવસ પછી અમે નિત્યક્રમ પ્રમાણે સાંજના ફરવા જઈ રાતે પાછાં આવ્યાં હતાં. ઘરમાં પેસતાં જ જોયું કે એ છોકરાને લઈને એ જ માણસ દરવાજાનાં પગથિયાં પર સૂતો હતો. અમારા ચોકીદાર વીરસિંહે એમને અંદર આવવા દીધા નહોતા. એમને જોતાં જ હું ઓળખી ગયો.

ચોકીદારને પૂછ્યું : 'આ બન્ને ક્યારે આવ્યા ?'

ચોકીદારે કહ્યું : 'તમે ફરવા જવા નીકળ્યા પછી તરત જ આવ્યા હતા. મેં અહીં બેસાડી રાખ્યા હતા. અહીં બેઠાં બેઠાં જ એ ઊંઘી ગયા.'

મેં વિચાર્યું, 'ચોકીદારનો શો વાંક ? એણે તો એની ફરજ બજાવી છે.'

રીટાએ પૂછ્યું : 'એ લોકો કોણ છે ?'

મેં કહ્યું : 'એ લોકો પેલા મયરાડાંગા ગામમાંથી આવ્યા છે.'

મયરાડાંગાની વાત સાંભળતાં રીટાના ચહેરા પર ફેરફાર થઈ ગયો. રીટાને મયરાડાંગામાં એના થયેલા અપમાનનું સહેજે સ્મરણ થયું. કપાળની રેખાઓ તંગ થઈ ગઈ.

રીટાએ પૂછ્યું : 'પાછા શા માટે આવ્યા ? તમે એ લોકોને મળશો નહિ. તગેડી મૂકો. મયરાડાંગાવાળાં લોકો હરામી છે, બદજાત છે.'

એની વાત પર મેં ધ્યાન આપ્યું નહિ. રીટા ઘરની અંદર ગઈ. મેં ચોકીદારને બોલાવ્યો અને કહ્યું, 'એમને ઉઠાડ ને અહીં લઈ આવ હું. દીવાનખાનામાં છું. એમની જોડે મીઠાશથી વાત કરજે.' કહીને હું દીવાનખાનામાં ગયો.

ચોકીદારે એમને ઢંઢોળ્યા. પેલો માણસ તો સફાળો બેઠો થઈ ગયો. એણે પૂછ્યું : 'કેટલી રાત થઈ ? બાબુ આવ્યા ? ચોકીદારે કહ્યું, 'હા, બાબુ આવી ગયા.'

રાતના મોડે સુધી ઊંઘ્યા કર્યું એટલે એ માણસને ડર લાગ્યો. રાતના પાછા શી રીતે જવાશે ? મયરાડાંગા જવાની બસ તો મળશે નહિ. ચોકીદારે કહ્યું, 'ઊભા થાવ, બાબુ તમને બોલાવે છે.'

પેલા માણસે બાબલાને ઢંઢોળ્યો. એણે કહ્યું,' બાબલા, ચાલ ઊઠ. બેઠો થા. બાબુ આવી ગયા છે.'

સિમેન્ટના પ્લાસ્ટરવાળી જમીન પર ધૂળના થર બાઝેલા તોયે બન્ને જણ આરામથી સૂતા હતા. બહુ વાર ઢંઢોળ્યો, હચમચાવ્યો ત્યારે બાબલાએ આંખ ઉઘાડી. પાછી બંધ કરી - જાણે ઊંઘ એનો કેડો મૂકતી નહોતી.

પેલાએ બાબલાને જોરજોરથી ઢંઢોળ્યો. બાબલો બેઠો થયો ને પાછો ઢળી પડ્યો. પેલાએ કહ્યું, 'ચાલ.'

આખરે એણે બાબલાને પોતાની કેડ પર લીધો ને એમ જ એ એને ઊંચકીને ચોકીદારની સાથે ચાલવા લાગ્યો. બહુ વિશાળ બંગલો હતો. પેલો માણસ પહેલાં એક વાર આ બંગલામાં આવ્યો હતો. પણ ત્યારે દિવસ હતો. પણ આજે અંધારામાં એને એ ભૂલો પડ્યો હોય એમ લાગતું હતું. તેમાં વળી કેડ પર પાંચ છ વર્ષનો છોકરો વળગાડ્યો હતો તેનો ભાર લાગતો હતો. મારા ખંડની બહાર આવીને ચોકીદારે કહ્યું : 'હજૂર એ લોકો આવ્યા છે.'

મેં એ માણસને જોયો. એણે બાળકને કેડ પર બેસાડ્યો હતો. એ ઊભો હતો.

મેં કહ્યું, 'તું ઊભો કેમ રહ્યો છે ? બેસ.'

ઓરડામાં એક દીવાન હતો. મેં કહ્યું : 'આની પર એને સુવાડી દે. તું બહુ હેરાન થયો નહિ ?'

પેલાએ છોકરાને ધીમેથી દીવાન પર સુવાડ્યો ને રાહત અનુભવી. પછી એના ધોતિયાના છેડાથી મોઢા અને કપાળ પરનો પરસેવો લૂછ્યો.

મેં પૂછ્યું, 'તમે બન્ને ક્યારે આવ્યા હતા ?'

એણે કહ્યું, 'બપોરે એની માસીએ એને ખવડાવી-પિવડાવી, મારે ત્યાં મોકલ્યો હતો. અને મને ચાર રૂપિયા આપેલા મારા જવા-આવવાના ગાડી ભાડાના. બસમાં અમે આવ્યા. એકાએક બસ બગડી. બે કલાકે બસ ચાલી ત્યાં સુધી બસમાં બેઠા રહ્યા. તેથી આટલું મોડું થઈ ગયું. અમે આવ્યા અને સાંભળ્યું કે તમે ફરવા ગયાં છો. ચોકીદારે અંદર આવવા દીધા નહિ એટલે શું કરું ? અહીં દરવાજા આગળ જ આડો પડ્યો. ને

પછી ક્યારે રાત પડી તેની ખબર પડી નહિ. ઊંઘ આવી ગઈ.'

મેં કહ્યું, 'તો તમે આખા દિવસના ભૂખ્યા છો ?'

એણે કહ્યું, 'જી હું તો ઘરડો માણસ છું. એટલે એક દિવસ ન ખાઉં તો કશું બગડી જવાતું નથી. આ બાબલાને ખાવાનું આપો. એને ભૂખ લાગી હશે.'

મેં તરત જ મારા માણસોને બે જણનો ખાવાનો બંદોબસ્ત કરવા કહ્યું, ને પછી એને કહ્યું કે તમે લોકો મારા માણસ જોડે જાઓ. જમી આવો.

પેલો માણસ બાબલાને ઢંઢોળીને કહેવા લાગ્યો, 'બાબલા, ખાવા ચાલ. ચાલ જમી આવીએ. ઊઠી જા.'

પણ બાબલો તો ભરઊંઘમાં હતો. એ તો હાલતો પણ નહોતો. જેટલી વાર એને પેલો બૂમ પાડે, ત્યારે જરાક આંખ ઉઘાડી પાછો આંખો બંધ કરી પડખું ફેરવીને સૂઈ જાય.

પેલા માણસે કહ્યું, 'રહેવા દો, હજૂર ! એ ભરઊંઘમાં છે. એક વાર ઊંઘી જાય પછી કેમે કરીને એ જાગે નહિ. એથી જ માસી કહે છે કે એને તો કોઈ મોટા લોકોને ત્યાં જન્મવું જોઈતું હતું.'

મેં એને પૂછ્યું, 'છોકરો બહુ તોફાની છે, ખરું ? પેલા માણસને ડર લાગ્યો. એણે વિચાર્યું હશે, કે હું છોકરાને કદાચ નહિ રાખું. એટલે તરત જ એણે કહ્યું, 'ના, ના' એવો તોફાની નથી. એ ચબરાક નથી એટલું જ. ખેડૂતના છોકરા જેમ ઝાડ પર ચઢે ને કેરી પાડે, તળાવમાં ભૂસકા મારે, ખેતરમાં પેસી કેળાંમૂળા ચોરે ને નાસી જાય, એવો એ નથી. ફક્ત માસીનો કેડો નથી મૂકતો.'

'એટલે શું કરે ?'

પેલા માણસે સમજાવ્યું, 'ગામના છોકરા તો રાતદિવસ ખેતરોમાં અને મેદાનોમાં ધમાચકડી કરે, પણ આ એવો નથી. એ માસીનો છેડો પકડીને જ ફરતો હોય, માસી લોકોને ઘેર કપડાં ધૂએ, વાસણ માંજે, અનાજ સાફ કરે, ત્યારે એ માસીની પાછળ પાછળ ફર્યા કરે. માસી જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં એ સાથે જવાનો જ. એનાં માબાપ નથી ને તેથી માસીને જ એ એની મા હોય તેમ વ્હાલ કરે છે.'

મેં પૂછ્યું, 'એનાં માબાપ ક્યાં છે ?'

એણે કહ્યું, 'એનો બાપ બજબજની શણની મિલમાં કામ કરતો, ત્યાં જ એક દિવસ એ મરી ગયો ત્યારે એનો જન્મ થયો, એ સાંભળી એની માસી બજબજમાં બહેનને મળવા ગઈ. એના જન્મથી જ એની મા માંદી પડી. પછી જ્યારે બાબલો એક વર્ષનો થયો ત્યારે એની મા મરી ગઈ. ત્યારથી માસીએ જ એને ઉછેર્યો.'

તે પછી ભોજનખંડમાં નોકરો બે જણનું ખાણું લઈ આવ્યા. મેં કહ્યું, 'જાઓ, મોડી રાત છે. તમારે પાછું ઘેર જવાનું છે.'

પેલા માણસે કહ્યું, 'હજૂર આને અહીં જ રહેવા દો. હું એકલો પાછો જઈશ.'

મેં કહ્યું, 'તારું આ છોકરા સાથે કશું સગપણ નથી તો તારા કહેવાથી હું એને અહીં રાખું શી રીતે ? આખરે એની માસી કશું કહે તો ?'

એણે કહ્યું, 'ના ના, હજૂર ! એની માસી કશું નહિ કહે. એની માસીએ જ તો એને મારા હાથમાં સોંપ્યો છે ને અહીં તમને આપી આવવા કહ્યું છે. તમે એને રાખશો તો એની માસી ઘણી રાજી થશે. માસીની કમાણી બહુ ઓછી છે, ઘણાં ઘરોમાં છૂટક કામ કરે છે. એની કમાણીમાંથી એનું પોતાનું પેટ ભરાતું નથી તો ભાણેજનો ખર્ચો શી રીતે પોષાય ? તમે જ વિચારો.'

પણ મારા મનમાં થયું, 'જો આખરે પાછી પહેલાંની જેમ કંઈ ગરબડ થાય તેથી કહું છું એની માસી જો જાતે આવીને મને સોંપે તો બાબલાને હું મારી પાસે રાખું. નહિ તો ન રાખું. તું એક વાર એની માસીને મારી પાસે લઈ આવ.'

એ માણસ મારી વાત સાંભળી વિચારમાં ખોવાઈ ગયો. એણે કહ્યું : 'તો હું માસીને શું કહું, હજૂર.' મેં કહ્યું. 'મેં જે કહ્યું તે જ કહેજે.'

પેલાએ કહ્યું, 'પણ હું તો તમને કહું છું, કે તમે નચિંત જીવે એને રાખો. હવે પહેલાંના જેવું થવાનું નથી તેની ખાતરી રાખજો. હું તમને પૂરી જવાબદારીથી કહું છું.' મેં કહ્યું, 'ના તારા કહેવાથી હું એને ન રાખી શકું. કદાચ હું કબૂલ થાઉં તો પણ મારી વહુ કબૂલ ન થાય. આ વખતે તો હું રીતસર દાનપત્ર રજિસ્ટર કરી સ્ટેમ્પ પેપર પર તારી માસીની સહી લઈ બધું પાકે પાયે કરવા ચાહું છું. એમ ન કરું તો મારી વહુ એને રાખે નહિ. આજે તું એને ખવડાવી-બવડાવીને ઘેર પહોંચાડ. પછી એક દિવસ એની માસીને સાથે લઈને આવજે.'

પેલાને એમ કર્યા વિના છૂટકો નહોતો. એણે સૂતેલા છોકરાને જગાડવા બૂમાબૂમ કરી, 'બાબલા, ઊઠી જા. જમવા ચાલ. ખાઈ લે. રાત પડી ગઈ છે. પાછા ઘેર જવાનું છે ને ?'

બહુ ઢંઢોળ્યાં પછી છોકરો જાગ્યો. ચારે બાજુ નજર ફેરવવા લાગ્યો. બધું અજાણ્યું લાગતું હતું. કહેવા લાગ્યો, 'મારી માસી ક્યાં છે ?'

પેલા માણસે કહ્યું, 'માસી મયરાડાંગામાં છે. ચાલ, તને માસી પાસે લઈ જાઉં છું, કહીને છોકરાને પકડીને ઊભો કરવા લાગ્યો. પણ એકાએક શું થયું. એને તે કંઈ સંદેહ થયો ને એ ચોંક્યો.

એણે કહ્યું, 'તને તાવ આવ્યો લાગે છે. જોઉં.'

કપાળ પર હાથ રાખીને એણે જોયું ને કહ્યું, 'હા, તાવ ચઢ્યો છે.' પછી મારી તરફ જોઈને કહ્યું, 'હવે શું થાય હજૂર ?'

મેં પૂછ્યું, 'ખરેખર તાવ આવ્યો છે ?' એમ કહીને મેં પણ એને કપાળે હાથ મૂકીને જોયું. તો શરીર બહુ ગરમ હતું. હું બહુ ગભરાયો. આટલા તાવમાં આટલી રાતે એને શી રીતે મયરાડાંગા મોકલાય ? એથી તો એનો તાવ વધી જાય.

છોકરો આંખ ઉઘાડતો નહોતો. જરા આંખ ઊઘડી તો આંખો લાલઘૂમ હતી.

મેં વિચાર્યું કે આ હાલતમાં છોકરાને મયરાડાંગા મોકલવો સલામત નથી. મેં તરત જ ડૉક્ટરને ફોન કર્યો.

પેલા માણસને કહ્યું, 'તું ખાઈ લે. મેં ડૉક્ટરને બોલાવ્યા છે. ડૉક્ટર જો કહે કે જવામાં વાંધો નથી તો તું એને લઈ જા. નહિ તો છોકરાને અહીં જ રાખીશું.'

એ માણસ જમવા ચાલ્યો ગયો. પછી ડૉક્ટર આવ્યા. ડૉક્ટરે એને ઘણી વાર સુધી તપાસ્યો, ને મને પૂછ્યું :

'આ તમારો શું સગો થાય, મિસ્ટર સેન ?'

મેં કહ્યું, 'એ મારો સગો નથી. એ ગામડાનો છોકરો છે. અમારે ત્યાં આવ્યો હતો. તડકામાં આવ્યો તેથી એને તાવ ચઢ્યો છે. તો આ સ્થિતિમાં એને ગામ મોકલવો ઠીક નહિ ને ?'

ડૉક્ટરે કહ્યું, 'ના. તાવ તો એક સો ચાર છે.'

મેં કહ્યું, 'જુઓ ડૉક્ટર ! હું એને દત્તક લેવાનો વિચાર કરું છું.'

'એટલે ?'

મેં કહ્યું, 'તમે મને એકાદ છોકરાને દત્તક લેવાને કહ્યું હતું એટલે હું વિચારું છું કે આને દત્તક લઉં. તમે સંમતિ આપો છો ?' ડૉક્ટરે કહ્યું : 'જો મારો મત જાણવો હોય તો હું કહું છું, કે તમારી પસંદગી સરસ છે.'

મેં કહ્યું, 'ના, હજી મિસીસની સંમતિ લીધી નથી. તમે જો એને કહો કે આ દત્તક લેવા જેવો છોકરો છે તો સારું. મારો મોટો કોયડો ઊકલી જાય.'

ડૉક્ટર રાજી થયા, અને અંદર ગયા. હું પણ સાથે ગયો. ડૉક્ટરે કહ્યું. 'મિસીસ સેન ! તમે છોકરાને જોયો છે ?' રીટાએ તે વખતે પણ એને જોયો નહોતો. એણે પૂછ્યુ. 'ક્યા છોકરાની વાત કરો છો ?'

ડૉક્ટરે કહ્યું : 'તમે મારી સાથે આવો. તમને બતાવું.'

બહારના ખંડમાં આવીને ડૉક્ટરે બાબલાને બતાવ્યો, 'આ જુઓ આ છોકરો. મારી વાત માનો તો એને દત્તક લઈ લે હું મારા અનુભવથી કહી શકું કે છોકરાનું ભવિષ્ય ઊજળું છે.'

છોકરો દીવાન પર ટૂંટિયાં વાળી સૂતો હતો. શરીર સુડોળ હતું. મોઢું ગોળ હતું. માથાના વાળ વાંકડિયા હતા. આખી બપોર તડકામાં મુસાફરી કરી હોવાથી શરીર તપી ગયું હતું. તેમાં સખત તાવ, એથી એનું મોઢું લાલલાલ થઈ ગયું હતું.

રીટાએ પૂછ્યું, 'એનાં માબાપ નથી ?'

મેં કહ્યું, 'ના, માબાપ મરી ગયાં છે, એટલે એ બાજુથી કશો વાંધો નથી. ફક્ત એક વિધવા માસી છે. એણે જ એને ઉછેર્યો છે. એ વિધવા પણ ઘણી ગરીબ છે.'

રીટાએ પૂછ્યું : 'એ આમ કેમ પડી રહ્યો છે ?'

ડૉક્ટરે કહ્યું, 'એને તાવ છે.'

રીટાએ પૂછ્યું, 'એ ઘેર શી રીતે જશે ?'

ડૉક્ટરે કહ્યું, 'આજે એને ઘેર ન જવા દેતાં. અહીં જ રહેવા દો. હું દવા મોકલાવું છું.

ડૉક્ટર ચાલ્યા ગયા. મેં નોકર પાસે એક તકિયો મંગાવ્યો. એના માથા નીચે ગોઠવી દીધો. એટલામાં દવા આવી ગઈ... એને આપી. એ બેભાન જેવો પડ્યો હતો.

પેલો માણસ જમીને આવી ગયો.

મેં પૂછ્યું. 'પેટ ભરીને જમ્યોને ? શરમાયો નથીને ?'

એણે કહ્યું, 'હા, બરાબર ખાધું છે. તો હવે હું જાઉં ? બાબલો તો અહીં જ રહેશે.'

મેં કહ્યું, 'એને તો એક સો ચાર તાવ છે. હમણાં જ ડૉક્ટર આવી ગયા. એમણે એને તપાસ્યો. દવા મોકલાવી છે. તે ખવડાવી છે.'

પેલાએ કહ્યું, 'તો હું જાઉં, આને અહીં મૂકીને.'

'એને એક સો ચાર તાવ છે. ડૉક્ટરબાબુ આવી ગયા. એને તપાસ્યો છે. એની માસીને કહેજે કે જરીય ચિન્તા ન કરે. ત્રણચાર દિવસ પછી એને જરા ઠીક થાય, એટલે તું આવીને એને લઈ જજે.'

એ માણસે નીચા વળીને મારો ચરણસ્પર્શ કર્યો. પછી કહ્યું, 'તો હું જાઉં, હજૂર ? તમારી પાસે રાખી જાઉં છું. એટલે અમને જરાયે ચિન્તા નથી.'

મેં કહ્યું, 'ઊંઘમાંથી ઊઠે અને તને ન જોતાં ભેંકડો તાણે તો એને શું કહું ?'

'કહેજો કે હું બે દિવસમાં જ એને મળવા આવીશ. બાળક છે ને ? તમારા ઘરમાં રહેશે એટલે બધું ભૂલી જશે. તમારે ત્યાં સારું ખાવાપીવાનું અને પહેરવાઓઢવાનું મળશે એટલે દુ:ખનું નામનિશાન નહિ રહે.'

'પણ એની માસી ? એની માસીને તો એને માટે ઘણી ચિન્તા રહેવાની.'

પેલાએ કહ્યું, 'માસીને તો નિરાંત થઈ જશે. એને માથેથી ભાર ઊતરી ગયો. બિચારીને નિરાંત થઈ જશે. એ તો ઊગરી ગઈ.'

મેં એને પાછી દશ રૂપિયાની નોટ આપી. એના વાટખર્ચ માટે. એણે કહ્યું, 'તમે મને રૂપિયા શા માટે આપો છો, હજૂર માસીએ તો મને ગાડીભાડા પેટે પાંચ રૂપિયા આપેલા. પછી તમે આપો છો. તો માથે ચડાઉં છું.' કહીને નોટને માથા પર મૂકીને ગજવામાં મૂકી. છોકરો હજી ય ગાઢ નિદ્રામાં હતો. એને ખબર નહોતી કે જેની જોડે એ અહીં આવ્યો હતો તે એને એકલો મૂકીને જાય છે.

મેં કહ્યું, 'બાબલાને જગાડું. તું એને કહીને જા કે તું જાય છે.'

એણે કહ્યું : 'કાંઈ જરૂર નથી, બાબુ ! પાછો રડારોળ કરે તો ? એટલે હું ચૂપચાપ ચાલ્યો જાઉં. તમે એને જોતા રહેજો. એની માસીનું સરનામું લખી રાખો, હજૂર ! જો તમને ઠીક લાગે તો બાબલાની ખબર-અંતર આપતા રહેજો.'

મેં એની માસીનું સરનામું લખી લીધું. એ ચાલ્યો ગયો. ❐

અનુસંધાન] રોજનીશી [પૃ. ૪૮૦થી

વધી ગઈ છે. પણ મને નથી લાગતું કોઈ નિર્ણય લેવાય, કારણ કે બ્રિટને સિસિલિનો કબ્જો કરી લીધો છે એટલે અહીં 'પિતાશ્રી' બને તેટલી ત્વરાથી બધું પતાવી દેવા માગે છે.

મને અને માર્ગટને બેપ ઘણું બધું ઑફિસનું કામ આપે છે. એથી અમે જાણે ખૂબ મહત્ત્વનું કામ કરતાં હોઈએ એવું લાગે છે. અને બેપને મદદ રહે છે. આમ તો પત્રોને ફાઇલ કરવાનું અને વેચાણનો હિસાબ ચોપડામાં ઉતારવાનું કામ તો કોઈ પણ કરી શકે, પણ અમારું કામ ચોક્કસ છે.

મીપ રોજ રોજ એટલો બધો સામાન લઈને આવે છે કે જાણે સામાન લાદેલું ટટ્ટુ જ જોઈ લ્યો. લગભગ રોજ એ શાકભાજીની શોધમાં નીકળી પડે છે અને સામાનથી લદાયેલી સાઈકલ લઈને પાછી ફરે છે. એ જ અમને દર શનિવારે પુસ્તકાલયમાંથી પાંચ પુસ્તકો લાવી આપે છે. ત્યારે કોઈ નાનું બાળક ભેટ જોઈને હરખાય એમ અમે હરખાઈ જઈએ છીએ. સામાન્ય લોકોને કેવી રીતે ખબર પડે કે અમારી જેમ બંદીવાન લોકો માટે પુસ્તક કેવી મોટી મહત્ત્વની વસ્તુ છે ! વાચન, અભ્યાસ અને રેડિયો જ અમારી એકધારી જિંદગીમાં થોડો બદલાવ આણી શકે છે.

લિ. ઍન

(ક્રમશઃ)

વિષ્ણુનાં ચોવીસ સ્વરૂપો અને તેની શક્તિઓ

ડૉ. પ્રિયબાળા શાહ

પુરુષ અને પ્રકૃતિ એ દ્વંદ્વ જગતનું રક્ષણ કરનાર છે. પુરુષપ્રધાન સમાજની તે રીતે જગતનિયંતા વિષ્ણુ આપણું રક્ષણ કરે છે : પણ વિષ્ણુની મૂર્તિ જોઈએ તો સ્હેજે પ્રશ્ન થાય કે આ ભગવાન હંમેશ શંખ, ચંદ્ર, ગદાથી સજ્જ છે તો તે આપણું રક્ષણ શી રીતે કરશે ? એવો પણ પ્રશ્ન ઉદ્‌ભવે કે તેમને કોની બીક લાગતી હશે કે તે હંમેશ સજ્જ થઈને ઊભેલા છે ! પણ ના, એમ નથી. ભગવાન વિષ્ણુ પોતાના ચાર હાથ અને સ્વયં પોતે એ રીતે પંચમહાભૂતને ધારણ કરે છે ત્યાં સુધી આ પૃથ્વીનું અસ્તિત્વ છે અને જ્યારે તે થાકશે કે તેને જરૂર જણાશે ત્યારે એક પછી એક તત્ત્વ છૂટા કરશે. અને તે રીતે પૃથ્વીનો પ્રલય થશે. આવી એક પૌરાણિક માન્યતા છે.


આ વાત થઈ સ્વયં વિષ્ણુભગવાનની. પણ આપણે જાણીએ છીએ કે તેમણે જરૂર જણાઈ એ રીતે પોતાના અવતારને પૃથ્વી ઉપર મોકલ્યા. પહેલો અવતાર મત્સ્ય જે પાણીમાં જ રહે. બીજો કૂર્મ. તે પાણી અને જમીન બંનેમાં રહી શકે. પછી વરાહ, નરસિંહ, વામન કે ત્રિવિક્રમ, પરશુરામ, રઘુરામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ, મત્સ્યપુરાણ પ્રમાણે ભૃગુના શાપને કારણે વિષ્ણુએ જુદાં જુદાં સ્વરૂપો ધારણ કર્યાં હતાં અર્થાત્ અસુરોના નાશ માટે અને ધર્મની સ્થાપના માટે વિષ્ણુએ ઉપર પ્રમાણે મુખ્ય દસ અવતારો લીધા. ભાગવતપુરાણ ૨૨ અવતારોનાં નામ આપે છે. જો કે વિષ્ણુના અવતારો અસંખ્ય છે - જેમ મહાસરોવરોમાંથી અસંખ્ય ઝરણાં વહે તેમ ઋષિઓ, મનુઓ, દેવો, મનુના પુત્રો, પ્રજાપતિ વગેરે વિષ્ણુના અંશો છે. રામાયણ, મહાભારત, ભાગવતપુરાણ, વિષ્ણુપુરાણ વગેરે વિષ્ણુના અવતારો આપે છે.

હવે વિષ્ણુના અવતારો પછી વિષ્ણુનાં ૨૪ સ્વરૂપોની વાત કરીએ. આપણે જોઈ ગયા છીએ તે પ્રમાણે ભગવાન વિષ્ણુ શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરે છે; કારણ તે ચતુર્ભુજ છે. હવે જુદા જુદા હાથમાં જુદી જુદી વસ્તુઓ (આયુધો) પકડે તો તેમનાં નામ બદલાઈ જાય છે. જેમ કે જે હાથમાં શંખ પકડ્યો હોય અને બીજા સ્વરૂપમાં શંખને બદલે ચંદ્ર હોય અને તે પ્રમાણે ગદા અને પદ્મના સ્થાનમાં પણ ફરક હોય તો તે પ્રમાણે તેમનાં નામ-સ્વરૂપો બદલાય છે. તેને અવતાર ના કહી શકાય. ટૂંકમાં આ ચાર આયુધોના ક્રમમાં ફેરફાર કરવાથી ચોવીસ મૂર્તિઓ થઈ શકે છે. આયુધ ઉપરના જમણા હાથથી શરૂ થાય અને નીચેના જમણા હાથમાં એટલે કે વર્તુળાકારમાં પૂરું થાય છે. રૂપમંડન તેમજ પદ્મપુરાણના પાતાળ ખંડમાં વિષ્ણુની ચોવીસ મૂર્તિઓનાં લક્ષણો આપેલાં છે. તેમનાં નામો પ્રમાણે ચારે હાથમાં જુદાં જુદાં આયુધો બતાવેલાં છે, જેથી એકનજરે જુદી જુદી મૂર્તિઓના ભેદ સમજી શકાય.

પાટણની (ઉત્તર ગુજરાત) રાણીની વાવમાં વિષ્ણુનાં ૨૪ સ્વરૂપોની મૂર્તિઓ કંડારેલી છે. તેને જોતાં જ તેના હાથમાં પકડેલાં આયુધોથી તે મૂર્તિઓના ભેદ સમજી શકાય છે.

	મૂર્તિનું નામ	ઉપરનો જમણો હાથ	ઉપરનો ડાબો હાથ	નીચેનો ડાબો હાથ	નીચેનો જમણો હાથ
૧.	કેશવ	શંખ	ચક્ર	ગદા	પદ્મ
૨.	નારાયણ	પદ્મ	ગદા	ચક્ર	શંખ
૩.	માધવ	ચક્ર	શંખ	પદ્મ	ગદા
૪.	ગોવિંદ	ગદા	પદ્મ	શંખ	ચક્ર
૫.	વિષ્ણુ	પદ્મ	શંખ	ચક્ર	ગદા
૬.	મધુસૂદન	શંખ	પદ્મ	ગદા	ચક્ર
૭.	ત્રિવિક્રમ	ગદા	ચક્ર	શંખ	પદ્મ
૮.	વામન	ચક્ર	ગદા	પદ્મ	શંખ
૯.	શ્રીધર	ચક્ર	ગદા	શંખ	પદ્મ
૧૦.	હૃષીકેશ	ચક્ર	પદ્મ	ગદા	શંખ
૧૧.	પદ્મનાભ	પદ્મ	ચક્ર	ગદા	શંખ
૧૨.	દામોદર	શંખ	ગદા	ચક્ર	પદ્મ
૧૩.	સંકર્ષણ	શંખ	પદ્મ	ચક્ર	ગદા
૧૪.	વાસુદેવ	શંખ	ચક્ર	પદ્મ	ગદા
૧૫.	પ્રદ્યુમ્ન	શંખ	ગદા	પદ્મ	ચક્ર
૧૬.	અનિરુદ્ધ	ગદા	શંખ	પદ્મ	ચક્ર
૧૭.	પુરુષોત્તમ	પદ્મ	શંખ	ગદા	ચક્ર
૧૮.	અધોક્ષજ	ગદા	શંખ	ચક્ર	પદ્મ
૧૯.	નરસિંહ	પદ્મ	ગદા	શંખ	ચક્ર
૨૦.	અચ્યુત	પદ્મ	ચક્ર	શંખ	ગદા
૨૧	જનાર્દન	ચક્ર	શંખ	ગદા	પદ્મ
૨૨	ઉપેન્દ્ર	ગદા	ચક્ર	પદ્મ	શંખ
૨૩	હરિ	ચક્ર	પદ્મ	ગદા	શંખ
૨૪.	શ્રીકૃષ્ણ	ગદા	પદ્મ	ચક્ર	શંખ

આ ઉપરાંત ૨૪ મૂર્તિઓનાં સ્વરૂપો વાલમ ગામમાં વિષ્ણુ મંદિરમાં છે. આ મંદિર સંવત્ બારમા સૈકામાં બંધાયું હોવાનો મત ડૉ. હરિલાલ ગૌદાનીનો છે. સદ્‌ભાગ્યે ગર્ભગૃહમાંની મૂર્તિઓ ઉપર નામ લખાયેલાં છે એટલે મૂર્તિને ઓળખવાનું સહેલું થઈ પડ્યું છે. આ મંદિરમાં શિલ્પશાસ્ત્રના પુસ્તક 'રૂપમંડન'માં વર્ણવેલ એકથી સોળ સ્વરૂપોની મૂર્તિઓ મુકાયેલી છે. બાકીનાં પુરુષોત્તમ, અધોક્ષજ, નરસિંહ, અચ્યુત, જનાર્દન, ઉપેન્દ્ર, હરિ અને કૃષ્ણની મૂર્તિઓ ગર્ભગૃહમાં જણાતી નથી પણ એ સ્વરૂપો મંડૉવરની જંઘા, સભામંડપના વેદીબંધ ઉપર કોતરાયેલા હોવાનો મત ડૉ. ગૌદાનીનો છે. આ મંદિરનો બહારનો ભાગ ચૂનાના જાડા થરોથી ઢંકાયેલો છે, જેથી એ ભાગની મૂર્તિઓને ઓળખવાનું મુશ્કેલ બને છે. ચૂનાનું આવરણ કાઢી નાખવામાં આવે તો જ બાકીની આઠ મૂર્તિઓની



હક્કપ્યા-ગુડીના મંદિર ૯માંની છત પરનું અનંતશયન વિષ્ણુનું ૮મી સદીનુ શિલ્પ

ઓળખ થઈ શકે.

જ્યારે વાલમના મંદિરની આ લેખિકાએ મુલાકાત લીધી ત્યારે તેની દીવાલમાં જે મૂર્તિઓ હતી તેની આગળ કબાટો ગોઠવી દીધાં હતાં તેથી આ મૂર્તિઓ પ્રત્યે કેટલી બેદરકારી છે તેનો ખયાલ આવે છે. આવી જ રીતે આપણું શિલ્પધન નષ્ટ થાય છે. કબાટો ખસેડાવીને વિષ્ણુની મૂર્તિઓનો (સ્વરૂપોનો) અભ્યાસ કર્યો. આ ચોવીસ વિષ્ણુનાં સ્વરૂપોનાં નામ આ પ્રમાણે છે :

૧. કેશવ, ૨. નારાયણ, ૩. માધવ, ૪. ગોવિંદ, ૫. વિષ્ણુ ૬. મધુસૂદન, ૭. ત્રિવિક્રમ, ૮. વામન, ૯. શ્રીધર, ૧૦. હૃષીકેશ, ૧૧. પદ્મનાભ, ૧૨. દામોદર, ૧૩. સંકર્ષણ ૧૪. વાસુદેવ, ૧૫. પ્રદ્યુમ્ન, ૧૬. અનિરુદ્ધ, ૧૭. પુરુષોત્તમ, ૧૮. અધોક્ષજ, ૧૯. નરસિંહ, ૨૦. અચ્યુત, ૨૧. જનાર્દન ૨૨. ઉપેન્દ્ર ૨૩. હરિ અને ૨૪. શ્રીકૃષ્ણ.

વિષ્ણુની ૨૪ મૂર્તિઓમાંની કેટલીક મૂર્તિઓ સાથે શક્તિ સંકળાયેલી છે. તેની નોંધ નારદપંચરાત્રાગમમાંથી મળી આવે છે. જો કે તેમાં ચૌદ મૂર્તિઓની સાથે શક્તિ બતાવેલી છે. બાકીની દસ મૂર્તિની સાથે શક્તિ કેમ નથી તેનું કાંઈ કારણ આપેલું નથી. પરંતુ જુદા જુદા સંસ્કૃત ગ્રંથોને આધારે ૨૪ વિષ્ણુની શક્તિઓનાં નામ આ પ્રમાણે મળી આવે છે : ૧. કીર્તિ, ૨. કાન્તિ, ૩. તુષ્ટિ, ૪. પુષ્ટિ, ૫. ધૃતિ, ૬. શાન્તિ, ૭. ક્રિયા, ૮. દયા, ૯. મેધા, ૧૦. હર્ષા ૧૧. શ્રદ્ધા, ૧૨. લજ્જા, ૧૩. લક્ષ્મી, ૧૪. સરસ્વતી, ૧૫. પ્રીતિ, ૧૬. રતિ, ૧૭. વસુધા, ૧૮. સ્થિરા, ૧૯. વિદ્યુતા, ૨૦. ઉન્માનિ, ૨૧. ઉમા, ૨૨. ઉપેન્દ્રશક્તિ ૨૩. શુદ્ધિ અને ૨૪. ભક્તિ.

વિષ્ણુનાં ૨૪ સ્વરૂપોની મૂર્તિઓ મળી આવ્યાંનો ઉલ્લેખ ઉપર કરવામાં આવ્યો છે તો પછી તેની ચોવીસ શક્તિઓની મૂર્તિઓ પણ મળવી જોઈએ. તે તે દેવોની શક્તિને તે તે દેવોનાં આયુધો આપેલાં હોવાથી ઓળખવામાં સુગમતા રહે છે. પરંતુ ગુજરાતમાં વિષ્ણુની શક્તિઓ ભાગ્યે જ જણાય છે. પરંતુ ઔરંગાબાદ પાસેના એક વૈષ્ણવ મંદિરમાં આ ૨૪ શક્તિઓનું મૂર્તિવિધાન નજરે પડે છે. આ વૈષ્ણવ મંદિર એક કાળે લક્ષ્મીનું મંદિર હતું, જ્યારે આજે તે શૈવ મંદિર તરીકે જાણીતું છે. જ્યાં ગર્ભગૃહમાં લક્ષ્મી અથવા તેના સ્વરૂપની મૂર્તિ હોવી જોઈએ ત્યાં આજે શિવલિંગ છે. છતાં પણ મંદિરની અંદર અને બહારથી શિલ્પના જે પુરાવા મળે છે તે સ્પષ્ટ કરે છ કે આ મંદિર એક કાળે લક્ષ્મીનું મંદિર હશે. વિષ્ણુને ઓળખવા માટે ઘણાં લાંછન છે, પરંતુ મુખ્ય ચાર શંખ, ચક્ર, ગદા અને પદ્મ તે ચતુર્ભુજામાં ધારણ કરે છે. અને તે જ રીતે તેની શક્તિઓ પણ તે પ્રમાણે ધારણ કરે છે. શંખનું નામ પાંચજન્ય. પાંચજન્ય નામના અસુરે વિષ્ણુને આપેલો તેથી તે પાંચજન્ય શંખ તરીકે જાણીતો છે. ગદાનું નામ કૌમોદકી. ગદા હાથમાં ધારણ કરે છે તેથી વિષ્ણુ ગદાધર પણ કહેવાય છે. એક કથા પ્રમાણે વિશ્વકર્માએ અસુરના હાડકામાંથી ગદા બનાવી. ચક્ર તેને સુદર્શન પણ કહેવાય છે, કારણ ભગવાન શોભનીય એટલે કે વધુ સુંદર દેખાવમાં છે અને પદ્મ તે તો લક્ષ્મીનું પ્રતીક છે. વળી પદ્મ પવિત્રતાનું પ્રતીક છે. લક્ષ્મી પણ પદ્માવતી, પદ્મજા, પદ્મા, પદ્મરૂપા, વગેરે નામથી ઓળખાય છે. ટૂંકમાં, વિષ્ણુનાં ચોવીસ સ્વરૂપોની મૂર્તિઓમાં જે પ્રમાણે આયુધો, તેને ગ્રહણ કરવાની પદ્ધતિ બતાવેલી છે તે રીતે જ વિષ્ણુની શક્તિની મૂર્તિઓના પણ ચાર હાથ, તે પ્રમાણે આયુધો અને તેને ગ્રહણ કરવાની પદ્ધતિ પણ એક- સરખી છે, હવે આપણે વિષ્ણુની ચોવીસ મૂર્તિઓ અને તેની શક્તિઓનાં નામ જોઈએ :

	વિષ્ણુનાં સ્વરૂપો	શક્તિ
૧	કેશવ	કીર્તિ
૨	નારાયણ	કાન્તિ
૩	માધવ	તુષ્ટિ
૪	ગોવિન્દ	પુષ્ટિ
૫	વિષ્ણુ	ધૃતિ
૬	મદુસૂદન	શાન્તિ
૭	ત્રિવિક્રમ	ક્રિયા
૮	વામન	દયા
૯	શ્રીધર	મેધા
૧૦	હૃષીકેશ	હર્ષા
૧૧	પદ્મનાભ	શ્રદ્ધા
૧૨	દામોદર	લજ્જા
૧૩	વાસુદેવ	લક્ષ્મી
૧૪	સંકર્ષણ	સરસ્વતી
૧૫	પ્રદ્યુમ્ન	પ્રીતિ
૧૬	અનિરુદ્ધ	રતિ
૧૭	પુરુષોત્તમ	વસુધા
૧૮	અધોક્ષજ	(ઉન્માની ?)
૧૯	નરસિંહ	વિદ્યુતા
૨૦	અચ્યુત	(સ્થિરા ?)
૨૧	જનાર્દન	ઉમા
૨૨	ઉપેન્દ્ર	ઉપેન્દ્રશક્તિ
૨૩	હરિ	શુદ્ધિ
૨૪	શ્રીકૃષ્ણ	ભક્તિ

કેટલાંક ગ્રંથોમાં ૨૪ મૂર્તિઓનાં નામો અને આયુધોમાં પણ થોડોક ફેરફાર નજરે પડે છે તે પણ નોંધવું જોઈએ.

અનુસંધાન] ફિલ્માકાશ [પૃ. ૪૬૮થી

કારદાર દ્વારા દિગ્દર્શિત નેશનલ મુવિટોનમાં બનેલી 'સ્વર્ગકી સીઢી' અને ધ ન્યૂ થીએટર્સની જ સ્પર્ધક ગણાય તેવી ચંદુલાલ શાહની રણજિત મુવિટોનની ફિલ્મ 'અધુરી કહાની' (૧૯૩૯) અને હિમાંશુ રાયની સંસ્થા બૉમ્બે ટોકીઝની ફિલ્મ 'જીવનપ્રભાત'માં પણ કામ કરીને પોતાના સામર્થ્ય અને સંપર્કોની સંગીનતા એમ બેઉનો પરિચય કરાવ્યો. એ ફિલ્મોમાં જ્યારે કલાકારો એક જ સંસ્થાના પગારપત્રકના ખીલે બંધાઈને રહેતા એ દિવસોમાં કઈ તદબીરથી તેઓ આમ કરી શક્યા હશે તે પ્રશ્નાનાર્થચિહ્ન નહીં આશ્ચર્યચિહ્નનો મામલો છે. ૧૯૩૫માં પૃથ્વીરાજને લઈને ધ ન્યૂ થીએટર્સે ઉપર જણાવી તે ફિલ્મો ઉપરાંત 'કાવલોન' નામની તામિલ ફિલ્મ પણ બનાવી. ૧૯૩૫માં ધ ન્યૂ થીએટર્સે 'દેવદાસ' જેવી સીમાચિહ્નરૂપ ફિલ્મ આપી તે પહેલાં કેટલીક સામાન્ય ફિલ્મો પણ બનાવી હતી, જેમાં 'એકસક્યૂઝ મી સર' (હિંદી અને બંગાળી) 'બ્લડ ફ્યુએડ' (જોશે ઇંતેકામ) બિજોયાં (બંગાલી) જેવી ફીચર ફિલ્મો ઉપરાંત 'પી. બ્રધર્સ' અને 'આંન અ મુનલાઇટ' જેવી કાર્ટૂન ફિલ્મોનો પણ સમાવેશ થાય છે. જો કે એ ફિલ્મો બની હતી ૧૯૩૪માં અને એમાં પણ સંગીત આર.સી. બોરાલનું જ હતું. એક 'કારવાને હયાત' નામની સાયગલ અભિનિત ફિલ્મે પણ ધ ન્યૂ થીએટર્સને આ જ સાલમાં કમાણી કરાવી આપી હતી, પણ 'દેવદાસ' અને 'ધૂપછાંવ'ની તો વાત જ અલગ હતી. (ક્રમશઃ)

હું અને રામલીલા

— પ્રફુલ્લ રાવલ —

જ્યારે અભિવ્યક્તિ માટે આજના જેવાં સમૂહમાધ્યમો નહોતાં ત્યારે મનોરંજનનું માધ્યમ હતું રામલીલા. મેં જે રામલીલાઓ જોઈ છે તેમાં ક્યાંય રામનું નામનિશાન નહોતું. એ તો હતા ભવાઈના વેશો જેવા ખેલ. ન નાટક, ન ભવાઈ, ન વેશ - માત્ર ખેલ જ. આ રામલીલાના વાહકો હતા તરગાળાઓ. અસાઈતના વંશજો જ કહેવાય. રામલીલા જ એમનો વ્યવસાય. એ જ જીવન, એ જ કળા. એમનું કોઈ સ્થાયી રહેઠાણ ન મળે. એક ગામથી બીજે ગામ ફર્યા કરે. સતત સાંસ્કૃતિક યાત્રા. આ રામલીલામાં જ પુરુષ સ્ત્રીનો વેશ ભજવે અને એ સ્ત્રી-એવી કે આંખ થાપ ખાઈ જાય ! એનો પહેરવેશ, ચાલ, લજ્જા બધું સ્ત્રી-સહજ. જાણે નરી નમણી નાર ! મેં આ ખેલ જેવી રામલીલા મારી શિશુઅવસ્થામાં ખૂબ જ જોઈએ છે. મારી નિશાળ શાળા નંબર ત્રણની બાજુમાં બે વૈષ્ણવ હવેલી ઊભી છે. એ હવેલી આગળ ચોક છે. આ ચોકમાં રામલીલા થતી, બલકે રચાતી. માગશર-પોષની કાતિલ ઠંડીના દિવસોમાં તરગાળા આવતા. ચોકમાં ચાર વાંસના થાંભલા ખોડે. રાતે એક રંગીન ચિત્રનો પડદો લગાવે. ઉપર ચંદરવો હોય. જમણી બાજુ હાથ-પગથી ચાલતું હાર્મોનિયમ વાજું હોય, જેને પેટી કહેતાં. એક પેટ્રોમૅક્ષ લટકતી રહેતી. એનાં અજવાળાંમાં રામલીલાના ખેલ થતા, ભવાઈ રમાતી. એ જમાનામાં અમારા જેવાં માટે નાયકો હતા, આ રામલીલીનાં એ પાત્રો. હરિશ્ચંદ્ર, ભર્તૃહરિ, નળ કે પૃથ્વીવલ્લભનું પાત્ર ભજવનારને દિવસે જોતાં તો પણ એમનું ઉદાત્ત પાત્રત્વ ભુલાતું નહીં. પિંગળા કે જસમા ઓડણ મન પર છવાયેલાં સ્ત્રીપાત્રો હતાં. ભાવ-લાગણીના એ દિવસો હતા. પછી એ દિવસો પગેરું કરી ગયા. હળવે હળવે. સામે આવી ગઈ વાસ્તવિકતા : નિર્મળ આનંદને સ્થાને ગણતરીનું ગણિત પ્રાધાન્ય પામતું ગયું.

પણ રામલીલા મનોરંજનનું મારું પહેલું માધ્યમ. એ પહેલાં મને મનોરંજનનું ઝાઝું અભિજ્ઞાન નહોતું. સવારે લેસન બાનું. સાંજે નિશાળનું સૂતાં પહેલાં પ્રાર્થના. બા વાર્તા કહેતી, રામાયણ-મહાભારતની. પછી સૂઈ જવાનું. સંધ્યાકાળે મહોલ્લામાં રમવાનું. સાતતાલી મારી પ્રિય રમત. રમીને થાકી જવાતું એટલે ઊંઘ વહેલી આવતી. પણ એક વાર બા બહારગામ ગઈ અને એ રાતે લક્ષ્મીભાભી લઈ ગયાં મને રામલીલા જોવા. ખેલ હતો ભર્તૃહરિનો. 'મૈયા પિંગળા ભિક્ષા દે' એમ કહેતો ભર્તૃહરિ અવિચળ ઊભો હોય અને પિંગળા પ્રાયશ્ચિત્ત કરતી પ્રેમની આજીજી કરતી હોય છતાંય ભર્તૃહરિ હોય અક્કડ, જરાય પીગળે નહીં. પિંગળા રડતી રહે અને ભર્તૃહરિ ભિક્ષા માગતો રહે. આખું દૃશ્ય આબેહૂબ. એ રાતે આખી રામલીલા ટગર ટગર જોઈ હતી તે ય પહેલી હરોળમાં બેસીને મુગ્ધભાવે. એ રાતથી રામલીલાનું એવું ઘેલું લાગ્યું કે પછી મેં જિદ કરીને, રડીને ઘણી વાર રામલીલા જોઈ છે. પછી તો સખીનો સંગાથ મળી ગયો અને તેથી વગર પૂછે ગયાનો ઠપકો પણ ઘણી વાર સાંભળ્યો છે. ઘણી વાર બીજે દિવસે નિશાળમાં એ પાત્રોના અભિનયની નકલ પણ કરી છે.

વારંવાર એકનો એક ખેલ આંતરે દિવસે થતો. શગાળશાનું નાટક મને બહુ ગમતું. એમાં ય જ્યારે સત્ય ખાતર પુત્ર ચેલૈયાને ખાંડણિયામાં ખાંડે છે એ દૃશ્ય જોતાં હું રડી પડતો. થોડું નવું કહી શકાય તેવું નાટક 'વડીલોના વાંકે' મેં રામલીલામાં જ જોયેલું. આ રામલીલામાં ખેલ ગમે તે હોય પણ વચ્ચે વિદૂષક જેવું એક પાત્ર આવતું. એ હતી વિદૂષિકા ! એ ઓળખાતી 'બટાકી' એવા નામથી. ચાલુ ખેલે વચ્ચે વિરામ પડે અને બટાકી લટકાં-મટકાં કરતી પડદા પાછળથી આવે. આનંદનું મોજું ઊછળી રહે ! એનું કામ હસાવવાનું. પણ હસાવતાં હસાવતાં એ એમની નાટ્યમંડળી માટે ફાળો કરતી રહે. આ ફાળો એટલે અનાજનું ઉઘરાણું. એમ જ બીજા દિવસના ભોજનના પ્રબંધની રમત પૂરી થતી. રોકડ રકમ માટે બટાકી પાસે તરકીબ હતી. તે ગાયન કરતી. બટાકી પ્રચલિત ફિલ્મનું ગાયન ગાવાનું શરૂ કરે. અધવચ્ચે એ ગાયન કટ કરાવીને એની પાસે બીજું ગાયન ગવડાવી શકાય. આ ગાયન-કટના ચાર આના આપવા પડે. વળી, એ ગાયન બીજું કોઈ કટ કરાવે તો એને આઠ આના આપવા પડે. રકમ બમણી થયાં કરે. ગાયનકટની રમઝટ થતી. મારા શિશુમનમાં ક્યારેક ગાયનકટ કરાવવાની ઇચ્છા થતી. પરન્તુ ચાર આના બહુ મોટી રકમ ગણાતી. અને ગાયનકટ તો પાછળ ઊભેલા જ કરાવે એવું ભાભીએ સમજાવી દીધું હતું. ભાભીઘેલું મન માની પણ ગયું હતું. પણ મોટાભાઈ ગાયન કટ કરાવવાના ભારે શોખીન. એક વાર શબ્દવ્યૂહની હરીફાઈમાં કમાયેલા દસ રૂપિયા રાતે ગાયનકટમાં વાપરી નાખેલા. બાપા કહેતા કે 'બચુએ' પૈસા વેડફી નાખ્યા. સાલો ઉડાઉ છે. પણ મને એમ લાગ્યું નહીં. એક વાર તો ગાયનકટની સ્પર્ધા એવી જામી કે રૂપિયા કે રૂપિયા વધતા જ ગયા. મોટાભાઈ પાસે રોકડ રકમ નહીં તે બીજા દિવસે આખી નાટ્યમંડળીને ઘરે જમવા નોતરી ત્યારે બટાકી આવેલી અને હું સ્તબ્ધ ! આ બટાકી તો સ્ત્રી નહોતી, પુરુષ હતો. વળી, એ બીડી પણ પીતી હતી. એ પછી અનેક વાર બટાકીનો અભિનય જોયો છે. પણ એ પુરુષ હોવાના ખયાલ સાથે. હા, હવે એનાં રૂપનું આકર્ષણ રહ્યું નહોતું. અને શંકાએ મને સખી વિશે સંશય જન્માવેલો. પણ સખી તો સખી જ હતી. સખા નહોતી.

રામલીલાની નાટ્યમંડળી પાસે કોઈ ભૌતિક સગવડતા નહોતી કે નહોતી વેશભૂષા. ક્યારેક તો આજુબાજુ રહેતાં લોકો પાસેથી સાડી માગી લાવતા અને લોકો આપતા પણ ખરા. સાંજે રામલીલા જોતાં પોતાની સાડી પહેરીને આવતી બટાકી જોઈને ગર્વ અનુભવાય. સ્ત્રીઓની સંખ્યા વધતી જતી હતી. સંવાદના સર્જક કલાકારો જ છતાંય અભિનય તો હતો જ. મન પર છવાઈ જશે. અભિનયતો ઘણા કલાકારના અવાજ ખરજતા. ત્યારે માઈકની વ્યવસ્થા નહોતી. વળી માઇકનો ખર્ચ પણ ભવાયાઓને પાલવે નહીં, પોસાય નહીં. બાપડા મોટા જનસમૂહમાં છેલ્લાં માણસ સુધી અવાજ પહોંચાડવાની લ્હાયમા મોટેથી બોલતાં અને અવાજ બની જતો ખરજતો.

આ રામલીલા જોતાં જેમ ક્યારેક ખડખડાટ હસ્યો છું. તેમ ક્યારેક રડ્યો પણ છું, વીરત્વનો ભાવ પણ પામ્યો છું. છતાંય આ કલાકારો કહેવાતા તો ભવાયા જ. રંગભૂમિ એમની કર્મભૂમિ હતી. જ્યાંથી એ રોટલો રળતા હતા. કોઈ પણ કલાકાર કોઈ પણ વેશ ભજવી શકતો. એમના સંવાદો પ્રેક્ષકોને તરબોળ કરી નાખતા. માત્ર સંવાદથી જ એ દૃશ્ય ઊભું કરતા. પ્રણયનો અભિનય કરતા ત્યારે બન્ને પુરુષ છે તેનો ભેદ ભુલાઈ જતો.

આ મંડળીનો એક મોભી રહેતો. એનું કામ વ્યવસ્થાનું. એ ભાગ્યે જ વેશમાં ભાગ લે. છતાં ય એને આવડે બધું ય. એક વાર તો મેં કલાકારોને પડદા પાછળ અંદરોઅંદર ઝગડતા જોયેલા, પણ એમનો વારો આવ્યો ત્યારે સ્વસ્થતા એવી જ. અભિનય પણ આબાદ. ઠંડીના દિવસોમાં રાત

જામતી તેમ રામલીલાના ખેલમાં જાણે નવો સંચાર થતો. જોવાની મઝા આવતી. વાતાવરણમાં ભીનાસ હોય અને રામલીલાના કલાકારોમાં અભિનયનો અવનવો ઉઘાડ થતો. પ્રેક્ષકો તરબોળ થઈ ગયાં હોય ત્યાં અચાનક પોલીસનો ડંડો ખખડતો અને અધવચ્ચે ખેલ રોકાઈ જતો. મને ત્યારે એ પોલીસો પર ચીડ ચડતી, ગુસ્સો આવી જતો. ખેલનો નશો ઊતરી જતો. અધૂરા ખેલે કમને ઘરે જવું પડતું, પણ ન તો મારું કંઈ ચાલતું કે ન તો પેલી બટાકીનો લટકો ખપ લાગતો. રાજા હરિશ્ચંદ્રનો ખેલ લાંબો ચાલતો. બે-ત્રણ દિવસ લગી કથા ચાલતી. વચ્ચે વચ્ચે બીજી ભવાઈ રમાતી. ખરડો થતો. મેં પૂરા ભાવથી એ રામલીલાઓ જોઈ છે. એ ખેલના કથાનકો આજે ય બરાબર સ્મરણમાં જડાયેલાં છે. અને ક્યારેક એ કથાનક વાંચવામાં આવે છે ત્યારે રામલીલાનાં એ પાત્રોનું સ્મરણ મનને આહ્‌લાદિત કરી નાખે છે.

રામલીલા મોડી રાત લગી ચાલતી તોય ઊંઘ આવતી નહીં. હા, દિવસે ક્યારેક નિશાળમાં ઝોકું આવી જતું, તે ય માસ્તર ભણાવે ત્યારે. રિસેસમાં તો રામલીલાની જ વાતો થતી. શિયાળાના એ ટૂંકા દિવસો ઝડપથી પસાર થતા. જોતજોતામાં મહિનો થઈ જતો. ભવાયા એમની કળાનો સંકેલો કરીને બીજે ગામ જવાની તૈયારી કરવા માંડતા. જ્યારે ભવાયાનો છેલ્લો ખેલ હોય ત્યારે મન ખિન્ન થઈ જતું. જાણે કોઈ સ્વજન વિદાય લેવાનું હોય તેવો ભાવ થતો. ભવાયા પણ વિદાયને વસમી બનાવે તેવી વાત કહેતા. ભાવુકતાથી ક્યારેક ગળગળા થઈ જાય. ક્યારેક કૃતજ્ઞતાથી આંખ ભીની થઈ જતી. અલબત્ત, એ ધંધાની કારીગરી હતી. પરન્તુ મારા શિશુમાનસ પર એની છાપ દિવસો સુધી રહેતી.

એક વાર ભવાયાઓએ વિદાય લીધી અને લક્ષ્મીભાભી મને ફિલ્મ જોવા લઈ ગયાં. બોલતુંચાલતું ચિત્રપટ જોઈને હું કોઈ અલૌકિક દુનિયામાં હોવાની પ્રતીતિ મને થઈ અને પછી રામલીલાનો જાદુ ઓસરતો ગયો. આજે નજર પાછળ કરીને જોઉં છું તો રામલીલા જોયાનાં એ વર્ષો ટહુકો કરીને વિગત કાળને સજીવ કરતા હોય એવો ભાસ થાય છે. પણ પેલું કૌતુકરાગી શિશુમન ખોઈ બેઠો છું. વળી, ખોઈ બેઠો છું સાથે રામલીલા જોતી સખીને. તો આજે ક્યાં રહ્યાં છે લક્ષ્મીભાભી !? □

પ્રસંગ

અધ્યાત્મની એક અંગતતમ-મહત્તમ ઘટના

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવા અઠવાડિયામાં છ દિવસ મૌન પાળી સાતમા દિવસે પોતાના અધ્યાત્મ-અનુભવોના અનુસંધાને શિષ્યોને અડધો કલાક વક્તવ્ય આપતા, ને પછી દસેક મિનિટમાં સમાવેશ થઈ શકે તેટલા શિષ્યોના પ્રશ્નોના બહુ જ ટૂંકાણમાં જવાબ આપતા.

આજે બજુવાએ પોતાના આધ્યાત્મિક પુસ્તકોના વાચનના અનુસંધાને વાત શરૂ કરી. 'અધ્યાત્મને લગતું જ્ઞાન મેળવવા માટે મેં સૌપ્રથમ વેદો-ઉપનિષદો, ગીતા, તેમજ બીજાં કેટલાંય પુસ્તકોનો ઊંડો અભ્યાસ કરેલ. પણ અધ્યાત્મ-આંતરયાત્રામાં કશી જ પ્રગતિ જેવું ન જણાતા હું ગ્લાનિ-બેચેની અનુભવવા લાગ્યો. આથી ઘણી વખત મને થતું, આ બધું વાંચેલું ભૂલી જવાય તો કેવું સારું ને બધાં જ પુસ્તકો એક બાજુ પેક કરીને મૂકી દીધાં. જે કંઈ વાંચેલું મગજમાં છપાઈ ગયું હતું તેને સાવ ભૂલી જવા હું મથામણ કરવા લાગ્યો. એ વખતે હું એટલું પણ સમજી શકેલો નહીં કે ભૂલવાને નિમિત્તે હું પુસ્તકિયા જ્ઞાનને જ ચિત્તમાં કોતરી રહ્યો છું !'

'એક વખત સાંજના શહેરના બગીચાના બાંકડા ઉપર બે પગ વચ્ચે માથું ટેકવી ઊંડી દ્વિધા અનુભવતો હું બેઠો હતો, ત્યાં બાજુમાં રહેલા વૃક્ષ ઉપરથી મારા ઉપર એક ફૂલ પડ્યું. વિચારોમાંથી ઝબકીને મેં એ ફૂલ મારા હાથમાં લીધું. ફૂલ એટલું બધું સુંદર હતું કે મારી આંખો જ તેના ઉપર ચોંટી ગઈ. બસ હું ફૂલને ધારી ધારીને એકીટશે જોવામાં વ્યસ્ત થઈ ગયો. ને મને એક તીવ્ર અનુભૂતિ થઈ. જાણે હું આખેઆખો જ ફૂલમાં કેમ ન ઓગળી ગયો હોઉં ! પહેલી જ વખત ચિત્તમાં શૂન્યતાનો, પ્રગાઢ શાંતિનો જાણે સાક્ષાત્કાર થયો ! ક્યારેય કંઈ પણ ન વાંચ્યું હોય કે ન વિચાર્યું હોય એવું કોરું ચિત્ત થઈ ગયું. હું અનાયાસે જ ઊંડા ધ્યાનમાં ઊતરવા લાગ્યો. -હવે તમને પ્રશ્ન થશે એક માત્ર ફૂલને જોવાથી ચેતનામાં આટલી હદે રૂપાંતરણ થઈ શકે ખરું ? ફૂલને જોવામાં એવાં ક્યાં પરિબળોએ કામ કર્યું, જેથી ચેતનાનું આટલી હદે ઊર્ધ્વીકરણ શક્યું બન્યું હશે ?

'મારા જ અનુભવને ધ્યાનમાં રાખી ઉપરોક્ત પ્રશ્નોના અનુસંધાને તમને ટૂંકાણમાં સમજાવવા પ્રયત્ન કરું છું. જે વસ્તુ કે પદાર્થને આપણે સમગ્ર રીતે જોઈ શકીએ છીએ ત્યારે એને માત્ર જોવાના કારણે જ આપણે એને સાંભળી પણ શકીએ છીએ. વસ્તુ કે પદાર્થનું એકીસાથે થતું દર્શન અને શ્રવણ જ વસ્તુ કે પદાર્થના રહસ્યની સાક્ષી જ પ્રકૃતિના રહસ્યને આપણી આંખો સામે ખુલ્લું કરી દે છે. બીજી રીતે કહું તો ચિત્તમાં થતું વસ્તુ, પદાર્થ કે પ્રકૃતિના રહસ્યનું ઉદ્‌ઘાટન રહસ્યનું અજવાળું જ આપણી ચેતનાને વિસ્તારમાં નિમિત્ત બની જતું હોય છે. એટલે જ તો અધ્યાત્મમાં 'દર્શન' અને 'શ્રવણ' એ બે શબ્દો મહિમાવાન બની ગયા છે.'

પછી શિષ્યોએ કેટલાક પ્રશ્નો પૂછતાં તેના અનુસંધાને બજુવાએ બધાને પૂછ્યું : 'અત્યારે તમે મને જોઈ શકો છો ?'

શિષ્યોએ જવાબ આપ્યો : 'હા'.

બજુવાએ બીજો પ્રશ્ન પૂછ્યો : 'અત્યારે તમે મને સાંભળી શકો છો ?'

શિષ્યોએ જવાબ આપ્યો : 'હા.' 'તમે મને અત્યારે જુઓ છો, ને સાંભળો છો ખરા ?'

શિષ્યોએ જવાબ આપ્યો : 'હા'.

બજુવા બોલ્યા : 'તમારા ત્રણેય જવાબો ખોટા છે. એકીસાથે તમે મને જો જોતા હો અને સાંભળતા હોત તો મને જવાબ આપવા માટે મારી સમક્ષ તમારી હાજરી જ ન હોત. મતલબ કે તમે સ્વયં ધ્યાનમાં જ ઊંડા ઊતરી ગયા હોત - મારું વક્તવ્ય પૂરું થવાની સાથે જ.'

શરમ અને ક્ષોભ સાથે શિષ્યોએ પૂછ્યું : 'આપે ઘણું બધું સમજાવ્યા છતાં અમે કેમ નહીં સમજી શક્યા હોઈએ ?'

બજુવા બોલ્યા : 'એનો જવાબ તો તમારે તમારાં આંખકાન પાસેથી જ મેળવવો રહ્યો !' ને બજુવાએ ઉમેર્યું, 'ગુરુ બધું જ આપી શકે છે. પણ આપી શકતો નથી આંખ અને કાન, એટલે કે કેવી રીતે જોવું અને સાંભળવું એ ગુરુ પણ ક્યારેય કોઈ રીતે સમજાવી શકે નહીં !' □

અતીતમાં અવગાહન

(ભારતના સ્વાતંત્ર્યની સુવર્ણજયંતી ઉજવાઈ ચૂકી છે ત્યારે એની રજત જયંતી ટાણે પ્રકટ થયેલો આ નીચેનો લેખ અને સામે પાને એ ક્રાંતિ વીરોના સ્કેચ-ફોટા પ્રસ્તુત અને પુરસ્કાર્ય બનશે.)

પાયામાં પુરાયેલા

આજે આપણે સ્વાતંત્ર્યની રજત-જયંતી માણીએ છીએ ત્યારે એને માટે પાયામાં પુરાએલાઓનું સ્મરણ ઉચિત થશે. તેની પ્રાપ્તિ માટે ઝૂઝનારાઓ વિષેનો પ્રથમ ખયાલ મોટે ભાગે હોમરૂલ ચળવળ ઉગ્ર બની ત્યારથી લોકમાન્ય તિલક, એની બેસંટ, મહાત્મા ગાંધી અને એ સૌના સાથીઓનો આવે છે. અને તે પૂર્વે ૧૮૫૭ના વિપ્લવથી માંડીને ૧૯૪૨ની 'કરેંગે યા મરેંગે'ના આખરી જંગ સુધીમાં હિંસક માર્ગે નાનીમોટી ક્રાન્તિકારી ચળવળો ચલાવીને સ્વાતંત્ર્ય-યજ્ઞમાં બલિ થઈ જનારાઓને આપણે વંદીએ છીએ. વસ્તુતઃ તો ગુલામી સાથે દેશે કદી સમાધાન સાધેલું નથી. કોંગ્રેસના યે જન્મ પહેલાં તે પોતાનું રાષ્ટ્રિય સંમાન જાળવવા પ્રયત્નશીલ હતો જ. છેક ૧૮૨૩માં 'કલકત્તા ગેઝેટ'માં છપાએલા એક લેખ માટે જાહેર મતપ્રદર્શનને રૂંધતો કાયદો રચવામાં આવ્યો ત્યારે રવીન્દ્રનાથના દાદા પ્રિન્સ દ્વારકાનાથ ટાગોર અને રાજા રામમોહન રાય તે સામે સુપ્રીમ કોર્ટમાં ગએલા અને ગુલામી વિરુદ્ધ ઈંગ્લંડભરમાં ઝુંબેશ ચલાવનાર જ્યૉર્જ થોમ્પ્સનને હિંદ બોલાવ્યો ત્યારથી આપણા સ્વાતંત્ર્ય વિચારનું બીજ રોપાયું.

તે પછી ૧૮૫૭નો વિપ્લવ જો કે કચડી નાખવામાં આવ્યો, પણ ગુલામીને નાબૂદ કરવા માટેની ફનાગીરીની ભાવના આ દેશમાં જલતી જ હતી. ગાંધીજીની અહિંસક ક્રાંતિની ઝુંબેશ પહેલાં પચ્ચીસેક વર્ષ પર સ્થપાએલી કોંગ્રેસનું ધ્યેય જ્યારે માત્ર બ્રિટિશ સરકાર પાસે દેશના વહીવટમાં હિસ્સો માગવા પૂરતું જ ગોપાળ કૃષ્ણ ગોખલે અને ફિરોજશાહ મહેતા જેવાઓ સેવતા હતા ત્યારે પણ આઝાદીપરસ્ત યુવાનોને એ મવાળગીરી રુચતી ન હતી. ઈ. ૧૮૫૭ પછી ચાલુ રહેલી એ ચિનગારી પ્રજાના મનમાં એ સૂત્ર સદા ઘૂંટતી રહી હતી કે 'શહાદતના ખાતર વિના આઝાદીની ફસલ કદી ઊતરવાની નથી.' અને તદનુસાર એ શહાદતની પરંપરા નાનામોટા વિદ્રોહો રૂપે ત્યારથી નેવું વર્ષ સુધી ચાલુ જ રહી હતી. એનો પહેલો ઝબકારો ૧૮૭૨ના પંજાબના ગુરુ રામસિંહના 'કૂકા વિદ્રોહ'થી થયો. તે પછી એના અનુસંધાનમાં મહારાષ્ટ્રમાં વાસુદેવ ફડકેએ પેટાવેલી મશાલ 'હિંદુ ધર્મરક્ષિણી સભા' દ્વારા દામોદર અને બાળકૃષ્ણ ચાફેકર બંધુઓએ જે ૧૮૯૪થી ઉપાડી લીધી તે વીસમી સદીની શરૂઆત સુધી 'મિત્રમેળા'ના નામ હેઠળ ઠેર ઠેર રચાતાં સંગઠનો દ્વારા 'સ્વાતંત્ર્યલક્ષ્મીનો જય' એ ઘોષણા દ્વારા જલતી રહી, જેને વિનાયક દામોદર સાવરકરે ઈ. ૧૯૦૪માં 'અભિનવ ભારત'ના સંગઠન સ્વરૂપે ભભૂકાવી દીધી વડોદરાના વ્યાયામ-પુરોધા રાજરત્ન માણેકરાવ, સ્વાતંત્ર્ય પછી મુંબઈના પંતપ્રધાન બનેલા સ્વ. બાળાસાહેબ ખેર, સર સિકંદર હયાતખાન, સેનાપતિ બાપટ અને આજના આપણા કાકાસાહેબ કાલેલકર ને આચાર્ય કૃપલાની પણ તેના સભ્યો હતા.

ઈ. ૧૮૮૪ના ડિસેમ્બરમાં મદ્રાસ મુકામે દીવાન બહાદુર રઘુનાથરાવને ત્યાં, માતૃભૂમિની સ્વતંત્રતા માટે રાષ્ટ્રિય પાયે કાંઈક આંદોલન ઉપાડવાનું કેટલાંક હિંદીઓએ એકઠા થઈ નક્કી કર્યું. એ આંદોલન બહુ જોર ન પકડે એ ખયાલથી ત્યારના વાઈસરૉયે એલન ઑક્ટેવિયસ હ્યુમ જેવા એક નિવૃત્ત નોકરિયાત દ્વારા કોંગ્રેસની સ્થાપના કરાવીને બ્રિટિશ હકૂમત માટે એક 'સેઈફટી વાલ્વ' ઊભો કર્યો. તે પછી ઈ. ૧૯૦૫ સુધીના એ કોંગ્રેસના બે દાયકા ગોપાળકૃષ્ણ ગોખલે, સર ફિરોઝશાહ મહેતા આદિ વિનીત નેતાઓની રાહબરી નીચે બ્રિટિશ સરકારને રાજકારભારની ક્ષતિઓ દૂર કરવાની વિનંતિઓ કરવામાં જ વીત્યા. પણ ઈ. ૧૯૦૫ની સાલ એમાં પરિવર્તનકારી નીવડી. એ સાલની ૧૫મી ઑક્ટોબરે વાઈસરોય લૉર્ડ કર્ઝને બંગાળના બે ભાગલા પાડ્યા. આખા દેશે એનો વિરોધ કર્યો અને ઈ. ૧૯૦૬માં મળેલી કલકત્તા કોંગ્રેસના પ્રમુખપદેથી દાદાભાઈ નવરોજજીએ પહેલી જ વાર હિંદનું ધ્યેય સ્વરાજ્ય પ્રાપ્ત કરવાનું હોવાની ઘોષણા કરી.

ઈ. ૧૯૦૬માં સાવરકર ઈંગ્લંડ ગયા ત્યારે વિદેશોમાં પણ એમણે તથા શ્યામજી કૃષ્ણ વર્મા, રાજા મહેન્દ્રપ્રતાપ રાણા, માદામ કામા આદિએ ઈંગ્લંડ, ફ્રાન્સ અને જર્મનીમાં ભારતની આઝાદીનો નાદ ગુંજતો રાખેલો. તેમ બીજી બાજુ અમેરિકા ને કૅનડામાં વસતા હિંદીઓમાં પણ એ ગુંજી ઊઠેલો, ત્યાં પહેલા મહાયુદ્ધ વખતે ફરમાવાએલી મનાઈ સામે લાલા હરદયાળની નેતાગીરી નીચે 'ગદર' પાર્ટીમાં સંગઠિત સરદાર કરતારસિંહ આદિ જવાનોએ કોમાગાતા મારુ વાળા જહાજ મારફત હિંદીઓને ત્યાં ઉતારવાની જહાલ કામગીરી બજાવી. એ જહાજને પાછું વાળીને ગુજારેલા જુલમમાં અનેકો શહીદ થયા અને તેની ચિનગારી બંગાળમાં પહોંચી ને ત્યાં રાસવિહારી બસુ, શચીન્દ્રનાથ સાન્યાલ, વિષ્ણુ ગણેશ પિંગલે વગેરેએ પંજાબમાં વિદ્રોહ જગાડવાની જાળ રચી. પણ 'ગદરબાબા'ઓનો એ પ્રયત્ન નિષ્ફળ ગયો.

મહારાષ્ટ્રના 'અભિનવ ભારત'ના આંદોલન જેવાં જ બંગાળમાં 'આત્મોન્નતિ સમિતિ' અને 'અનુશીલ સમિતિ'નાં આંદોલનો દ્વારા શ્રી અરવિંદ ઘોષના ભાઈ બારીન્દ્ર ઘોષ ઉલ્લાસકર દત્ત આદિએ આ દરમિયાન ચિનગારી ચાંપી દીધી હતી અને એક હેમ કાનૂનગો તો ફ્રાન્સ જઈ બૉમ્બની બનાવટ શીખી લાવ્યા હતા. ઈ. ૧૯૦૫માં બંગાળના ભાગલા થતાં એમાંથી જ્વાળા ભભૂકી ઊઠી, તેમાં ખુદીરામ બોઝ, પ્રફુલ્લ ચાકી, કન્હાઈ દત્ત, સત્યેન્દ્ર બસુ, ત્રૈલોક્ય ચક્રવર્તી, યતીન્દ્ર મુખરજી આદિ બલિ બની ગયા.

પહેલા મહાયુદ્ધના અંત પછી ક્રાન્તિ-આંદોલન માત્ર છૂટક ધાડ તથા હત્યાઓથી આગળ ન વધી શક્યાં; અને ગાંધીજીનો અહિંસાનો માર્ગ લોકોને રાજનીતિ રૂપે પણ વધુ કાર્યસાધક લાગવા માંડ્યો હતો. પણ અમૃતસરના જલિયાંવાલા બાગના હત્યાકાંડ પછી જુવાનોમાં પ્રતિહિંસાની ભાવના ઉગ્ર બની અને પંજાબમાં 'બબ્બર અકાલ દળ'અને પછી ઉત્તર ભારત વગેરેમાં 'હિંદુસ્તાન રીપબ્લિકન એસોશીએશન' અસ્તિત્વમાં આવ્યાં. એમાં કર્મસિંહ, નંદસિંહ, દીલિપસિંહ આદિ પંજાબમાં, તથા આ બાજુ રામપ્રસાદ બિસ્મિલ, રાજેન્દ્ર લાહિડી, ચન્દ્રશેખર આઝાદ, અશફાકુલ્લાખાં, અને છેલ્લે ભગતસિંહ, બટુકેશ્વર દત્ત, રાજગુરુ, જતીન્દ્ર દાસ આદિની કામગીરી ને જાનફેસાની તો ઈતિહાસનાં પાને તાજી છે. ઈ. ૧૯૪૨ના ઑગસ્ટમાં હિંદની ક્રાન્તિને ગાંધીજીએ પરાકાષ્ઠાએ પહોંચાડી. એ પરાકાષ્ઠા વહેલી જ આવી જવા પામી હોત, જો મુસ્લિમ લીગે ભારત એ હિંદુ અને મુસ્લિમ એવાં બે રાજ્યોનો બનેલો દેશ હોવાની ફાચર ન મારી હોત તો. એ રાષ્ટ્રઘાતી સિદ્ધાંતે જ છેવટે દેશના બે ભાગલા પડાવ્યા.

(સળંગ 'કુમાર' અંક ૫૮૪માંથી) ❐



પ્રબુદ્ધતાનાં વિચારતત્ત્વો-૭

યોગેન્દ્ર માંકડ

જ્ઞાનનું ગણરાજ્ય

અઢારમી સદીના ઉત્તરાર્ધથી પરિસ્થિતિમાં પ્રમાણમાં ઝડપથી પરિવર્તન આવવાની શરૂઆત થઈ ચૂકી હતી. જ્ઞાનપ્રકાશયુગીન ચિંતકોની લેખકો, કવિઓ, સંપાદકો વગેરે તરીકે આગવી વગ સ્થપાતી જતી હતી. લેખકો અને સુધારકો એમ બન્ને દૃષ્ટિએ આ ચિંતકોને શ્રોતાઓ, મુક્ત અભિવ્યક્તિ અને સન્માનનીય દરજ્જાની જરૂર હતી. અઢારમી સદીએ આ માટે અનુકૂળ વાતાવરણ પૂરું પાડ્યું. એ અર્થમાં પ્રબુદ્ધતા અને આ ચિંતકો વચ્ચે જાણે કે એક પ્રકારનો સમન્વય હતો. પ્રબુદ્ધ વિચારોની સમગ્ર સફળતાનો આધાર વિચારશીલ અને ઊંચી સમજ ધરાવનાર વાચકવર્ગ ઉપર હતો. આ વાચકવર્ગ સંખ્યાની દૃષ્ટિએ પ્રમાણમાં નાનો હતો પરંતુ યુરોપના મોટા ભાગના દેશોમાં પ્રબુદ્ધ વિચારોના પ્રસાર અને પ્રચારમાં પ્રવૃત્ત-પ્રતિષ્ઠાનોને આર્થિક અને નૈતિક પીઠબળ પૂરું પાડી શકે તેટલો મોટો તો હતો જ. માનસિક કે વિચારોત્ક્રાંતિના ભગીરથ કાર્યમાં ખૂંપેલા પ્રબુદ્ધો માટે સમૃદ્ધ, ઊભરતા જતા, વિસ્તરતા જતા, સંવેદનશીલ અને વિચારગ્રાહી વાચકવર્ગથી વધુ આરોગ્યપ્રદ પોષણ બીજું શું હોઈ શકે ? શરૂઆતના તબક્કામાં પેટ્રનપ્રથા આવકાર્ય હતી, પરંતુ પ્રબુદ્ધ ચિંતકો જે પ્રકારનું આમૂલ પરિવર્તન ઝંખતા હતા તેના સંદર્ભમાં પેટ્રનપ્રથાનાં ગર્ભિત અને લાંબા ગાળાનાં જોખમો સ્વયંસ્પષ્ટ હતાં.

જ્ઞાનપિપાસુઓની સંખ્યામાં વધારાની સાથે બીજી પણ એક મહત્ત્વની જરૂરીઆત ઊભી થઈ - પુસ્તકો વાંચવા આપતાં ગ્રંથાલયો એ અઢારમી સદીની દેન છે. ફ્રાંસમાં માત્ર પૅરિસમાં જ નહિ, તેના પ્રાંતીય નગરોમાં પણ ગ્રંથાલયોની સંખ્યા વધતી ગઈ. ઉદાહરણ તરીકે સોળમા લૂઈના શાસનકાળ દરમ્યાન **Lyon** નામક નગરના (આજે તે મોટું શહેર છે) ગ્રંથાલયમાં તે સમયે પચાસ હજારથી વધુ પુસ્તકો હતાં. બીજાં શહેરોમાં મહત્ત્વાકાંક્ષી શહેરી નેતાઓએ પોતાનાં ખાનગી ગ્રંથાલયોનાં દ્વાર જાહેર જનતા માટે ખુલ્લાં મૂકી દીધાં અને પ્રાંતીય યુનિવર્સિટીઓ તેમજ અકાદમીઓએ રજાના દિવસો બાદ કરતાં બાકીના દિવસોમાં વાંચવાની સવલત ઊભી કરીને જ્ઞાનપિપાસાને સંતોષવાનો સફળ પ્રયત્ન કર્યો. ૧૭૬૦ પછી સાહિત્યિક સભાઓનો વ્યાપ અને વિસ્તાર વધ્યાં, વિદ્વત્તાની ઊંચી કક્ષા ધરાવતાં જર્નલોનું ચલણ વધ્યું અને દિદેરોના 'એનસાઇકલોપેડી'ની માગ વધી. સેક્યુલર નૉલેજ(બિનસાંપ્રદાયિક જ્ઞાન)ની સ્થપાતી જતી કાયદેસરતા, સંવેદનશીલ જ્ઞાનપિપાસુઓનો વિસ્તરતો જતો વર્ગ અને પ્રસ્થાપિત આપખુદ રાજકીય પ્રથાનું ઉત્તરોત્તર થતું જતું ધોવાણ - આમૂલ પરિવર્તન માટે આથી વસ્તુલક્ષી સંસ્થિતિ બીજી કઈ હોઈ શકે ? સ્થાનિક રાજકીય કારણોસર જર્મનીમાં આ પ્રક્રિયા પ્રમાણમાં ધીમી ગતિએ આગળ વધી. બીજી બાજુ રશિયામાં હજી પણ કેટલાક ઉમરાવો અશિક્ષિત હતા પરંતુ પશ્ચિમ યુરોપમાં નિરક્ષરતા નીચલા સ્તરનાં લોકો પૂરતી જ મર્યાદિત હતી.

ફ્રાંસની તુલનામાં ઈંગ્લંડમાં પરિસ્થિતિ આ દૃષ્ટિએ વધુ અનુકૂળ હતી. સેમ્યુઅલ જ્હોન્સનનો ઈંગ્લંડ માટે **'nation of readers'** (વાચકોનું રાષ્ટ્ર) તરીકેનો દાવો ભલે કદાચ અતિશયોક્તિ ભરેલો હોય - એડમન્ડ બર્કે આપેલા અંદાજ પ્રમાણે ફ્રેંચ ક્રાંતિ વખતે ઈંગ્લંડમાં સુજ્ઞ વાચકોની સંખ્યા ૮૦૦૦૦થી વધુ નહોતી - હકીકત એ છે કે આ વાચકવર્ગ વ્યાપ અને વિસ્તારની દૃષ્ટિએ ઝડપથી બદલાતો જતો હતો અને તેની રુચિ પણ ઝડપથી બદલાતી જતી હતી. રેનેસાંના જમાનાથી ચાલી આવતી સામાન્ય વાચક અને વિદ્વાન વચ્ચેની 'સ્પર્ધા'માં અંતે વિજય વાચકનો થતો જતો હતો. સીધું, સરળ અને સ્પર્શી જાય તેવું લખાણ અને તે પણ લોકોની પોતાની ભાષામાં - એટલે કે અંગ્રેજીમાં - આ હકીકત સમગ્ર પરિસ્થિતિના મૂળમાં હતી.

આનું પરિણામ (અને જે તેનું પ્રચ્છન્ન કારણ પણ હતું) એ આવ્યું કે લૅટિન ભાષાની ભાષા તરીકે - જે મુખ્યત્વે પંડિતોની કે શિક્ષિત અગ્રવર્ગની જ ભાષા ગણાતી હતી તેમજ વિજ્ઞાન અને વિદ્વત્તાની સાધનાનું માધ્યમ પણ લૅટિન ભાષા હતી જે બધાને માટે સમાન હતી - લુપ્ત થવાની પ્રક્રિયા સાથેસાથે શરૂ થઈ. લગભગ સોળમી સદીના મધ્યકાળ સુધી લૅટિન વિદ્વાનોની ભાષા ગણાતી અને મોટા ભાગના ગ્રંથો લૅટિનમાં જ લખાતા. સોળમી સદીની શરૂઆતનાં વર્ષોમાં ફ્રાંસમાં પ્રસિદ્ધ થતાં ત્રણમાંથી બે પુસ્તકો લૅટિનમાં લખાતાં. પરંતુ ૧૭૮૦ સુધીમાં આ પ્રમાણ ઊલટાઈ ગયું હતું. ફ્રાંસમાં દર વીસ પુસ્તકે એક અને જર્મનીમાં દર અગિયાર પુસ્તકે એક પુસ્તક લૅટિનમાં લખાતું. આ સ્થિત્યંતર ઊભું કરવામાં પંડિતોનો પોતાનો ફાળો નાનોસૂનો નહોતો. સોળમી સદી સુધી મોટા ભાગના ઇતિહાસકારો અને દાર્શનિકો પોતાનાં લખાણો દ્વારા લૅટિન જાણતા સુજ્ઞ પણ નાના વાચકવર્ગને સંબોધતા, પરંતુ સત્તરમી સદીમાં હૉબ્સ અને દેકાર્તે પોતાના અત્યંત મહત્ત્વના ગ્રંથો અનુક્રમે અંગ્રેજી અને ફ્રેંચમાં લખ્યા. આજની સ્ટેન્ડર્ડ અંગ્રેજી કે ફ્રેંચ ભાષાની સરખામણીમાં સત્તરમી સદીનાં લખાણો કદાચ કઢંગાં અને બેડોળ લાગે, પરંતુ આ ભાષાકીય સ્થિત્યંતરે ભાષાકીય ક્રાંતિને જન્મ આપ્યો અને ફ્રેંચ પ્રબુદ્ધ ચિંતકોએ તેને પૂર્ણ કરી.

તે જ પ્રમાણે જર્મનીમાં ક્રિસ્ટિઅન થોમાસિઅસે ૧૬૮૮માં લાઈપઝિગ યુનિવર્સિટીમાં જર્મનમાં વ્યાખ્યાન આપીને ખળભળાટ મચાવી મૂક્યો અને **Monatsgesprache** નામના સાહિત્યિક અને સામાજિક મૅગેઝિનથી જર્મન જર્નાલિઝમની શરૂઆત કરીને જાણે કે વિદ્રોહ પોકાર્યો. કઢંગી ભાષા અને વધુ પડતા ફ્રેંચ શબ્દોના ઉપયોગ છતાં તેણે એક નાની પરંતુ મહત્ત્વની શરૂઆત કરી. અલબત્ત, આ પ્રકારનું ક્રાંતિકારી સ્થિત્યંતર મુખ્યત્વે કરીને પશ્ચિમ યુરોપમાં જ હતું. જેમ જેમ પૂર્વ યુરોપ તરફ જતા જઈએ તેમતેમ જ્યોતિમાં તમોગમય જેવી લાગણી થાય. પિટર ગેના શબ્દોમાં 'રશિયા સુધી પહોંચીએ ત્યારે જાણે સામાજિક કરારવાદીઓના કુદરતનું રાજ્ય (**state of nature**)માં દાખલ થયા હોઈએ તેવી અનુભૂતિ થાય. (**state of nature** નો ખયાલ હૉબ્સ, લૉક અને રૂસો નામના ચિંતકોએ આપેલો છે જેમાં તેઓ સભ્ય નાગરિક-સમાજના આવિર્ભાવ પહેલાં 'કુદરતના રાજ્ય'ની કલ્પના કરે છે. તેમના શબ્દોમાં આ 'કુદરતનું રાજ્ય એકાકી, ક્રૂર, ઘૃણિત અને અલ્પજિવી હતું). ઉદાહરણ તરીકે પિટર ધ ગ્રેટે રશિયાનું 'પશ્ચિમીકરણ' કરવાનો દાવો સિદ્ધ કરવાના પ્રયાસરૂપે ઢોલનગારાં વગાડીને જે અભિયાન શરૂ કરેલું તેમાં રશિયન પ્રેસને ટેક્નિકલ મૅન્યુઅલ્સ છાપવાનું કહેવામાં આવ્યું હતું, પરંતુ તેનો પૂરેપૂરો અમલ થયો નહિ એટલું જ નહિ, મોટા ભાગનું છપાયેલું સાહિત્ય

ધાર્મિક સાહિત્ય જ હતું. જે પ્રકારના બિનસાંપ્રદાયિક અને પ્રથોન્મૂલનલક્ષી સાહિત્યનો આવિર્ભાવ ફ્રાંસ અને ઈંગ્લંડમાં થયો તેમાંનું કશું જ કદાચ રશિયામાં નહોતું. આવું સાહિત્ય પ્રકાશિત કરવામાં રશિયન શાસકોનો રસ પણ કદાચ મર્યાદિત હતો અથવા બિલકુલ નહોતો, એમ કહેવામાં કદાચ અતિશયોક્તિ નથી. વાસ્તવમાં રશિયન સામ્રાજ્ઞી કેથેરીન ધ ગ્રેટે બેરન ગ્રિમને ૧૭૯૪માં લખેલા એક પત્ર મુજબ આપને યાદ છે કે મરહુમ પ્રશિયન રાજવીને હેલ્વેતિઅસે (અગ્રણી ફ્રેંચ પ્રબુદ્ધ ચિંતક) કહ્યું હતું કે 'ફિલાંસોફીસ'નો હેતુ યુરોપીય શાસકોનો તખ્તો પલટવાનો હતો અને 'એનસાઈક્લોપેડી' લખવા પાછળનો હેતુ બધા રાજવીઓ અને ધર્મોનું નિકંદન કાઢી નાખવાનો હતો ? આપને એ પણ યાદ છે કે આપની 'ફિલાંસોફીસ' સાથે જોડાવાની ક્યારેય ઈચ્છા નહોતી ? આપ સાચા હતા. અનુભવે પુરવાર કરી બતાવ્યું છે કે આ સમગ્ર આંદોલન પાછળનો હેતુ વિધ્વંસક જ હતો.' (જ્ઞાનપ્રકાશ યુગ અન્વયે પશ્ચિમ યુરોપમાં જે રીતે અને જે પ્રકારનો સર્વગ્રાહી સામાજિક, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક વિકાસ થયો તેવું રશિયામાં બન્યું નહિ તેનાં અનેક કારણોમાંનું આ એક મહત્ત્વનું કારણ જણાય છે. વીસમી સદીના આરંભ સુધી જડબેસલાક સરમુખત્યારશાહી અને સામંતિક વ્યવસ્થાએ લોકશાહી વ્યવસ્થા અને તેને સંલગ્ન મૂલ્યો અને તેનું સંવર્ધન, સંગોપન અને સમ્માર્જન કરતી રાજકીય સંસ્કૃતિ પાંગરવા જ દીધી નહિ જેને કારણે સમય જતાં અનેક વિકૃતિઓ પેદા થઈ. ૧૯૧૭માં થયેલી રશિયન ક્રાંતિનાં મૂળ કદાચ આ ઐતિહાસિક અનુભવમાં પડેલાં છે.)

લેખકની સ્વતંત્રતા માટે પરાવલંબન અને ગરીબીમાંથી મુક્તિ આવશ્યક હતી છતાં એ પૂરતું નહોતું, કારણ કે જ્ઞાનવિશ્વને અલ્પજનશાહીના યુગમાં જીવવાનું હતું. આ અલ્પજનશાહીઓને પોતાના વિશિષ્ટ અધિકારો અને સત્તા સાચવવામાં જ રસ હતો અને તે માટે નવા વિચારપ્રવાહો અને ખાસ કરીને આલોચનાત્મક વિચારો પર નિયંત્રણો લાદવાં અનિવાર્ય હતું. ઘણીબધી જગ્યાએ શાસકોએ એવાં નિયંત્રણો લાદયાં કે અર્થપૂર્ણ જાહેર ચર્ચા માટે કોઈ અવકાશ જ રહે નહિ. વૉલ્તેરે નોંધ્યું હતું તે પ્રમાણે 'આ અત્યંત દયનીય સ્થિતિ છે. લેખકો જે કહેવા માગતા હોય તે કહી શકતા નથી - ખાસ કરીને પરાભૌતિક બાબતો અને ઈતિહાસના વિષયમાં. બલ્કે લેખકોને જૂઠું બોલવાની ફરજ પાડવામાં આવે છે. અને છતાં પણ તેમનું ધાર્મિક ઉત્પીડન ચાલુ રહે છે, કારણ કે સત્તારુઢોના મતે તેઓ પૂરતું જુઠું બોલતા નથી. વૉલ્તેરની આ ફરિયાદ ફ્રેંચ પરિસ્થિતિના સંદર્ભમાં હતી, પરંતુ સમગ્ર યુરોપીય ઉપખંડ માટે પણ આ બાબત વત્તેઓછે અંશે સાચી હતી. અહીં, અલબત્ત, એક બાબત ખાસ નોંધવા જેવી છે. ઈંગ્લંડને બાદ કરતાં અન્ય યુરોપીય દેશોની સરખામણીમાં ફ્રાંસમાં પરિસ્થિતિ ઘણી જુદી હતી. ફ્રેંચ પ્રબુદ્ધ વિચારોના પ્રચાર અને પ્રસાર પાછળ એક મહત્ત્વનું કારણ સત્તામાં બેઠેલાઓને પક્ષે **political convictions**, કે અન્ય કોઈ કારણસર સભાનપણે આંખમિચામણાં કરવાની વૃત્તિ અને ક્યારેક ગર્ભિત પણ સક્રિય મદદ પણ જવાબદાર હતાં. આથી ઘણાં લખાણો 'ગેરકાનૂની' પ્રકાશનના ઓઠા નીચે પ્રસિદ્ધ થયેલાં. મહત્વની બાબત એ છે કે આ પ્રકારનાં લખાણો જાહેર જનતા સુધી પહોંચ્યાં.

આ બધું સાચું છે, પરંતુ તે સંપૂર્ણ નથી. સરકારનું પોતાનું સેન્સરોનું એક નાનું 'લશ્કર' હતું - ૧૭૪૧માં તેની સંખ્યા ૭૬ની હતી જે ૧૭૮૯માં (ફ્રેંચ ક્રાંતિનું વર્ષ) વધીને ૧૭૮ની થઈ. સેન્સર ઑફિસમાં કામ કરવાવાળા કારકુનો તેમની કાર્યક્ષમતા માટે ખાસ જાણીતા નહોતા અને ઘણી વાર પોતાના ઉપરી-અધિકારીને ખુશ કરવાના આશયથી અમુક પ્રકારના નિર્ણયો લેતા. અન્ય તુમારશાહીઓની જેમ ફ્રાંસમાં પણ આ પરિસ્થિતિ હતી. સેન્સરની સંખ્યામાં થયેલો ઉત્તરોત્તર વધારો એમ પણ સૂચવે છે કે ઉદામવાદી વિચારો અને સરકાર દ્વારા તેમને દબાવવાનાં પ્રયત્ન લગભગ એકબીજાને સમાંતર ચાલ્યાં. અલબત્ત, બધા જ સેન્સરો ભ્રષ્ટ કે બિનકાર્યક્ષમ નહોતા. કેટલાક તેમની દમનકારી જવાબદારીઓ ગંભીરપણે લેતા અને તેના પ્રત્યે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ પણ હતા. તે ઉપરાંત કોઈ પણ પ્રકારની ઢીલાશ મૂકવા કરતાં સેન્સરના કાયદાઓના સખ્તાઈપૂર્વક અમલમાં ક્ષતિ રહી જાય તો પણ તેમાં જોખમ ઘણું ઓછું હતું. કઈ બાબત ક્યા ધર્મગુરુ કે મિનિસ્ટર કે રૉયલ મિસ્ટ્રેસને વાંધાજનક લાગે તે કહી શકાય તેમ નહોતું. આથી ઘણી વાર સેન્સરો હસ્તપ્રતોની મંજૂરી માટેનો નિર્ણય અભેરાઈએ ચડાવી દેતા અને પ્રકાશકો સાથે કંટાળાજનક, દીર્ઘસૂત્રી ચર્ચાઓમાં સમય વેડફતા. આ સ્થિતિ સામે પોતાનો આક્રોશભર્યો પ્રતિભાવ આપતાં વૉલ્તેરે ૧૭૪૪માં કહેલું, 'મારે માટે પુસ્તક પ્રકાશિત કરવા કરતાં લખવું વધારે સરળ છે.'

બીજું, ફ્રાંસમાં પ્રકાશનની અનિશ્ચિતતા અને જોખમનું કારણ માત્ર સેન્સર જ નહોતા. તેમાં ચર્ચ અને પાર્લેમો (**parlement**) જેવી સંસ્થાઓનો પણ સમાવેશ થતો હતો, જેમણે સેન્સરશિપ અંગે સરકારનો ઈજારો કે અબાધિત અધિકાર સ્વીકાર્યો નહોતો. વાસ્તવમાં પાદરીઓ, યુનિવર્સિટીઓ વગેરે જેવાં સ્થાપિત હિતો સરકાર કરતાં વધુ સાવધ હતાં અને સરકારી અધિકારીઓને પોતાની ફરજ બજાવવા માટે સતત દબાણ કરતાં. ઉદાહરણ તરીકે પૅરિસના આર્ચબિશપ સોરબોં અને ત્યાંની પાર્લેમોના દબાણને કારણે સરકારને રૂસોની કૃતિ **'Emile'** ને વણલેખી મંજૂરી - **permission tacite** - અન્વયે આપેલી મંજૂરી પાછી ખેંચવાની ફરજ પડી. તે જ પ્રમાણે હેલ્વેતિઅસની કૃતિ **De l'sprit** કેટલાક ખ્રિસ્તીઓએ વાંચી, છળી મર્યા અને સમગ્ર રાજ્યતંત્રને હચમચાવી નાખ્યું. પરિણામે સેન્સરની નોકરી ગઈ અને પૅરિસનો આર્ચબિશપ, ઍટર્ની જનરલ અને પોપ પોતે પણ છાતી કૂટવામાં જોડાયા. અલબત્ત, હેલ્વેતિઅસને પોતાને ખાસ નુકસાન થયું નહિ, સિવાય કે થોડા સમય માટે તેને મૌન ધારણ કરવું પડ્યું. મુદ્દો એ છે કે આ બધી અનિશ્ચિતતા, બિનકાર્યક્ષમતા અને તરંગીપણાએ લેખકો માટે ગૂંચવાડો, તનાવ અને ક્યારેક ભય પણ ઊભાં કર્યાં.

આ બધી મર્યાદાઓ અને મુશ્કેલીઓ હોવા છતાં નવા વિચારોની આગેકૂચ અટકાવી શકાય તેમ નહોતું. પ્રાંતીય શહેરોમાં પ્રતિબંધિત પુસ્તકોનું છાપકામ હાથ ધરવામાં આવતું અને રાતના અંધકારનો લાભ લઈ તે ફ્રાંસમાં ઘુસાડવામાં આવતાં કે બહાર લઈ જવામાં આવતાં. સ્વાભાવિક રીતે આ રીતે છપાયેલાં પુસ્તકો મોંઘી કિંમતે વેચાતાં અને તેમનો ફેલાવો પણ પ્રમાણમાં મર્યાદિત હતો.

એક તરફ ધર્મ, પરંપરા અને એકહથ્થુ રાજકીય સત્તા અને બીજી તરફ આધુનિકતા વચ્ચેના આ સંગ્રામમાં 'ફિલોસાફીસે' બધા જ પ્રકારનાં શસ્ત્રોનો ઉપયોગ કર્યો. તેમાં સંપર્કો, પૈસા અને જુઠાણાં સુધ્ધાંનો સમાવેશ

થતો હતો. ચોક્કસ હેતુઓ સિદ્ધ કરવા માટે આ પ્રકારની પદ્ધતિનો ઉપયોગ એ કોઈ નવી વાત નહોતી. માત્ર એટલું જ કે એથી 'ફિલૉસોફિસ'નો આત્મા ડંખતો નહોતો. તેઓ મુક્ત રીતે જૂઠું બોલતા અને તેનો તેમને આનંદ પણ હતો. આમ કરવા પાછળના તેમના પરોક્ષ હેતુઓ જે હોય તે, પરંતુ જે કંઈ કરી રહ્યા હતા તે સાચું, નૈતિક અને ન્યાયી હોવા વિશે તેમના મનમાં લેશમાત્ર શંકા નહોતી. આ બધામાં અપવાદ તરીકે માત્ર રુસો જ હતો. તે જે કંઈ લખતો તેમાં પોતાની સહી કરતો અને તેથી જ કદાચ એક જગ્યાએથી બીજી જગ્યાએ નિરાશ્રિત તરીકે સતત ભટકવાનો તેનો વારો આવ્યો હતો. દાલેમ્બર્ત, દિદેરો, કોંદોરસે અને બુર્ફો જેવા પ્રબુદ્ધ ચિંતકો પ્રામાણિકપણે એમ માનતા હતા કે પ્રસ્થાપિત રાજકીય વ્યવસ્થાનું સ્વરૂપ જોતાં સ્વબચાવ માટે જૂઠું બોલવું તેમને માટે અનિવાર્ય હતું અને 'સાધનશુદ્ધિ'ના ખયાલને સરખું મહત્ત્વ આપી શકાય તેમ નહોતું. ૧૭૩૬માં વૉલ્તેરે આપેલા સૂત્ર પ્રમાણે 'જૂઠાણું ત્યારે જ ગુનો બને કે જ્યારે તેને કારણે કોઈ નુકસાન થતું હોય. જ્યારે તેનાથી લાભ થતો હોય ત્યારે તે મોટો ગુણ બને છે. તેથી વધુ ગુણવાન થાઓ. જો જૂઠું બોલવું હોય તો શેતાનની જેમ થોડા સમય માટે કે ભયભીત થઈને નહિ હિંમતપૂર્વક અને આગ્રહપૂર્વક જૂઠું બોલો.'

અહીં એક વાતની સવિશેષ નોંધ લેવી જોઈએ. ફ્રાંસમાં ક્રાંતિકારી લખાણો જાહેર જનતા સુધી પહોંચાડવાનો યશ મહદ્ અંશે માલેશર્બ્સ (**Christian Guilaume de Lamoignan de Malesherbes 1721-1794**) નામના ફ્રેંચ રાજનીતિજ્ઞને જાય છે. સોળમા લુઈના શાસનકાળ દરમ્યાન તેણે સરકારમાં અનેક ઊંચા હોદ્દાઓ શોભાવ્યા હતા. મૂળભૂત રીતે ઉદારમતવાદી મૂલ્યો અને અભિગમ ધરાવતો હોવાને કારણે તે 'ગેરકાનૂની' પ્રકાશન-પ્રવૃત્તિનો સૌથી મોટો સહાયક અને પ્રમાણમાં ઉદાર વલણ ધરાવતો ફ્રેંચ સેન્સર હતો. સરકારી અધિકારી અને મિનિસ્ટર હોવા છતાં પ્રબુદ્ધ વિચારોનો તે કદાચ સૌથી મોટો મિત્ર હતો. ગ્રંથાલયોના ડિરેક્ટર તરીકે 'એન્સાઇક્લોપેડી'ના વિનાઅવરોધ પ્રકાશનનો યશ તેને જાય છે. તે સાહિત્યકારોનો મિત્ર હતો અને તેણે **Memmoire sur la librairie et la liberte de la presse** પણ લખ્યું. ૧૭૭૫માં તે ફ્રેંચ અકાદમીનો સભ્ય બન્યો. ક્રાંતિ વખતે સોળમાં લુઈ સામે ચાલેલા ખટલામાં લુઈનો બચાવ કરવા માટે તેની ધરપકડ થઈ અને ૧૭૯૩માં તેનો ગિલોટિનથી શિરચ્છેદ કરવામાં આવ્યો. આમ છતાં જો માલેશર્બ્સ ન હોત, જોખમ ખેડનારા અને નીડર પ્રકાશકો, મુદ્રકો અને પુસ્તક વિતરકોનો ટેકો જો 'ફિલૉસોફિસ'ને સાંપડ્યો હોત અને 'ગેરકાનૂની' પુસ્તકો ભૂગર્ભમાર્ગે સરહદની પેલે પાર ન પહોંચાડી શકાયાં હોત તો એનલાઈનમેન્ટની નિયતિ શું હોત તે એક મોટો પ્રશ્ન છે. માલેશર્બ્સ પોતે સંસ્કારી સરકારી તુમાર હોવા છતાં એમ માનતો કે તેનું મુખ્ય કામ અસંમતિને દબાવી દેવાને બદલે પ્રતિભાને પ્રોત્સાહિત કરવાનું હતું. સરકારી અધિકારી હોવા છતાં સરકારને લેખકોથી બચાવવા કરતાં લેખકોને સરકાર સામે રક્ષણ આપવાની કામગીરી તેણે બજાવી. જો ફ્રાંસિસ પહેલાના જમાનાના કાયદાઓ અને વટહુકમો લાગુ પાડવામાં આવ્યા હોત તો પ્રકાશિત લખાણોમાંથી માત્ર નિર્દોષ પરીકથાઓ અને ઈશુ-પ્રવચનોને જ મુક્ત પ્રકાશન માટેનો અવકાશ હોત; કેમ કે આ વટહુકમો મુજબ ધર્મ, રાજ્ય અને નીતિમત્તાને સ્પર્શતી કોઈ પણ બાબત વિશે અગાઉથી મંજૂરી લેવી આવશ્યક હતી, જે સામાન્ય રીતે આપવામાં આવતી નહોતી.

પરંતુ આ વટહુકમો લાગુ પાડવામાં આવ્યા નહોતા અથવા તેમનો અમલ અર્ધદગ્ધ હતો. સાથેસાથે પ્રકાશકો સેન્સર સાથે અનૌપચારિક ગોઠવણ કરતા - વણલખી મંજૂરી (**permission tacite**) અન્વયે સેન્સર પ્રતિબંધિત લખાણવાળા પુસ્તક તરફ આંખ આડા કાન કરતા. અઢારમી સદીમાં ફ્રાંસમાં લખાયેલાં સૌથી જાણીતાં પુસ્તકો - વૉલ્તેર અને રૂસોનાં મોટા ભાગનાં લખાણો વણલખી મંજૂરી (**permissiom tac-ite**) નીચે અર્ધકાનૂની ઓઠા નીચે પ્રસિદ્ધ થયેલાં. યુરોપનાં અન્ય રાજ્યોમાં સંભવતઃ બીજો માલેશર્બ્સ નહોતો.

અગાઉ ઉલ્લેખ થયો છે તે પ્રમાણે ઉપખંડીય યુરોપના સંદર્ભમાં ફ્રાંસ અપવાદરૂપ હતું, પરંતુ બીજે બધે જ લેખકોની કનડગત, તેમને ધમકી આપવી અને અપમાન કરવું એ સામાન્ય બાબત હતી. ઉદાહરણ તરીકે ઑસ્ટ્રિયાના રાજવી જોસેફનું શાસન પ્રમાણમાં ઉદારમતવાદી ગણાતું હતું, પરંતુ ૧૭૯૦ પછી દમનની એક નવી શરૂઆત થઈ કારણ કે ૧૭૮૯માં થયેલી ફ્રેંચ ક્રાંતિએ યુરોપીય શાસનકર્તાઓની - જેમાંના લગભગ બધા જ 'પ્રબુદ્ધ' કે અન્ય પ્રકારના સરમુખત્યારો હતા - ઊંઘ હરામ કરી દીધી હતી. એટલે જૂનું દમન જૂની આક્રમકતા, જૂની પદ્ધતિઓ અને જૂનાં પરિણામો સાથે પાછું આવ્યું - સાહિત્યિક, સર્જક પરિબળોનું દમન. મુદ્દો એ છે કે મોટા ભાગનાં યુરોપીય રાજ્યોમાં રાજકારણ, ધર્મ અને શાસક વંશ પોતે - આ ત્રણ વિષયો પર વિચારો વ્યક્ત કરવા ઉપર સખત પ્રતિબંધ હતો અને તેમાંથી ભલભલા દાર્શનિકો પણ બાકાત નહોતા. પ્રશિયન રાજવી ફ્રેડરિક ધ ગ્રેટને પ્રમાણમાં પ્રબુદ્ધ શાસક માનવામાં આવતો અને તેના શાસનકાળ દરમિયાન લેખકો અને ચિંતકોએ વિચારઅભિવ્યક્તિનું સ્વાતંત્ર્ય ઠીકઠીક પ્રમાણમાં ભોગવ્યું પરંતુ ૧૭૯૪ પછી તેના અનુગામી ફ્રેડરિક વિલિયમ બીજાના શાસનકાળ દરમ્યાન વિચારસ્વાતંત્ર્યનું ગળું ટૂંપી દેવામાં આવ્યું. ધર્મ જેવા સંવેદનશીલ વિષય પર ઇમાનુએલ કાંટ જેવા મહાન દાર્શનિકને પણ મૌન ધારણ કરવાની ફરજ પાડવામાં આવી. ફ્રેડરિક બીજાએ કાંટને વ્યક્તિગત રીતે તેનાં લખાણો **Religion innerhalb der Grenzen der blossen Vernuft** માટે સખત ધમકાવ્યો. કાંટે ધર્મ વિશે પોતાના વિચારો પાછા ન ખેંચ્યા પરંતુ આ ઘટના પછી આ અત્યંત સંવેદનશીલ વિષયે તેણે કશું પ્રકાશિત કર્યું નહિ. મુક્ત અભિવ્યક્તિ માટેની અદમ્ય અને અફાટ ઝંખના અને તેની અપ્રાપ્તિ પ્રત્યે સૌમ્ય આક્રોશભરી લાચારી કાંટે પોતાના મૂળ લખેલા નિબંધમાં વ્યક્ત થાય છે :

"આ પ્રબુદ્ધતા માટે સ્વતંત્રતા સિવાય બીજું કશું જ જરૂરી નથી. અને તે વિશેની અલગ અલગ વ્યાખ્યાઓમાં સ્વાતંત્ર્યના આ ખયાલમાં કોઈ નુકસાન રહેલું નથી. સ્વતંત્રતા એટલે પોતાની તર્કનિષ્ઠાનો દરેક જગ્યાએ જાહેરમાં ઉપયોગ. પરંતુ મને બધી બાજુથી એમ સંભળાય છે, 'દલીલ ન કરો !' અધિકારી કહે છે, 'દલીલ ન કરો, (ઈશ્વરમાં) શ્રદ્ધા રાખો !' વિશ્વમાં માત્ર એક જ રાજવી કહે છે, 'જેટલી દલીલ કરવી હોય તેટલી કરો અને જે વિશે કરવી હોય તે વિશે કરો, પણ આજ્ઞાનું પાલન કરો !' બધે જ સ્વતંત્રતા પર નિયંત્રણ છે." ૧૭૮૬માં ફ્રેડરિક બીજાના શાસનકાળ વખતે કાંટે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી ઉચ્ચારેલી કે વિચારસ્વાતંત્ર્ય વગર કોઈ પણ સમાજ કે સંસ્કૃતિની સર્જનાત્મક ક્ષમતા

બહાર આવી શકે નહિ. ૧૭૯૩માં તેણે આ વાત વધુ ધારદાર રીતે મૂકી, 'કલમનું સ્વાતંત્ર્ય એ જ લોકોના અધિકારોનું સાચું રક્ષક છે. અગાઉ ઉલ્લેખિત ૧૭૮૪માં તેણે લખેલા નિબંધમાં એક સૂચક વિધાન કર્યું છે.' તેના પોતાના શબ્દોમાં, 'શું હવે આપણે પ્રબુદ્ધ યુગમાં જીવી રહ્યા છીએ ?' જવાબ 'ના'માં છે. પરંતુ આપણે પ્રબુદ્ધતાના યુગમાં જીવી રહ્યા છીએ. અથવા ફ્રેડરિકની સદીમાં જીવી રહ્યા છીએ.'' કાંટના આ વિધાનની જ્ઞાનપ્રકાશ યુગ સંલગ્ન અનેક લખાણોમાં નોંધ લેવામાં આવે છે, પરંતુ છેલ્લા ચાર શબ્દોની ખાસ નોંધ લેવાતી નથી. ફ્રેડરિકની સદીવાળી વાત અત્યંત સૂચક છે અને તે સમયના પરિવેશ વિશે આપણને ગર્ભિત રીતે ઘણું કહી જાય છે. તેનો સૌથી મહત્ત્વનો સૂચિતાર્થ એટલો જ છે કે પ્રબુદ્ધતાના યુગમાં પણ જ્ઞાન, દર્શન, બૌદ્ધિક સ્વાતંત્ર્ય, વિચાર અને વાણી સ્વાતંત્ર્ય વગેરેને પણ સર્વગ્રાહી રાજકીય સત્તાના ઓથાર નીચે જીવવાનું હતું તેની બધી જ દાર્શનિક તાકાત સાથે કાંટ જેવા ફિલૉસૉફર માટે પણ રાજકીય સત્તા સામે ક્ષયધર્મી અને પરિવર્તનની દૃષ્ટિએ પુંસક એવા વિચારો ખુલ્લી રીતે મૂકવા એ અત્યંત મુશ્કેલ હતું. અંગ્રેજીની એક સ્વયંસિદ્ધ ઉક્તિ પ્રમાણે **all rationality is powerless where there is a will to believe** (જ્યાં જ્યાં ધર્મમાં શ્રદ્ધા ધરાવવાની ઇચ્છાશક્તિ છે ત્યાં ત્યાં સર્વ વિવેકબુદ્ધિ સામર્થ્યહીન છે.) આ સંદર્ભમાં કદાચ સર્વાંશે યથાર્થ ઠરે છે. સ્વતંત્રતા હતી - અનુરૂપ થવાની સ્વતંત્રતા. તે સિવાયની બધી જ સ્વતંત્રતા અત્યંત મર્યાદિત હતી.


અન્ય જર્મન રાજ્યોમાં પણ વત્તેઓછે અંશે આ જ પરિસ્થિતિ હતી. તે જ રીતે જિનિવાની સરકારે ૧૭૬૨માં રૂસોની કૃતિ **'Emile'** અને **'Contrat Social'** પર પ્રતિબંધ જાહેર કર્યો અને તેની નકલો જપ્ત કરવામાં આવી. તેનાં પુસ્તકોની આયાત પર મનાઈ હુકમ જાહેર કરવામાં આવ્યો અને જો તે જિનિવામાં દાખલ થવાનો પ્રયત્ન કરે તો તેની ધરપકડ કરવાનો પણ હુકમ ફરમાવવામાં આવ્યો. એ અર્થમાં સ્વતંત્રતાને અનિશ્ચિતતા, અનુરૂપતા અને અનુદારતા સાથે સહઅસ્તિત્વ કેળવવાનું હતું.

આ બધાની સરખામણીમાં બ્રિટનમાં પરિસ્થિતિ પ્રમાણમાં જુદી હતી અને હ્યુમના મત પ્રમાણે બ્રિટન તે સમયે યુરોપનું સૌથી મુક્ત રાષ્ટ્ર હતું. આ છબિ ઊભી કરવામાં ફ્રેંચ અને જર્મન લેખકોનો ફાળો પણ નાનોસૂનો નહોતો. બ્રિટનમાં ઔપચારિક સેન્સરશિપ નહોતી અને શાસક, ધર્મ અને રાજકીય વ્યવસ્થાની ટીકા કરવા માટે કોઈને જેલમાં મોકલવામાં આવતા નહોતા. ૧૬૯૫માં ઘડાયેલા **Licensing Act** ને સરકાર દ્વારા પુનર્જિવિત કરવાનો પ્રયત્ન પણ નહોતો કરવામાં આવ્યો. આનો અર્થ એવો નથી કે બ્રિટિશ સરકાર પાસે પ્રતિબંધ લાદવા જેવું કશું હતું જ નહિ. પરંતુ અન્યત્ર જે જોવા મળતું હતું - લેખકની જાહેરમાં આલોચના કરવી, દંડ કરવો, જેલભેગો કરવો એ જાહેર ઉશ્કેરણી, રાજદ્રોહ અથવા ઈશ્વરદ્રોહ જેવા ગંભીર આક્ષેપો માટે મૃત્યુદંડ આપવો - આમાંનું કંઈ પણ બ્રિટનમાં નહોતું.

૧૭૬૦ના દાયકા પછી વાતાવરણ ઝડપથી બદલાતું જતું હતું અને ક્રાંતિની હવા જામતી જતી હતી. વૉલ્તેરે આત્મવિશ્વાસપૂર્વક એવો દાવો કર્યો કે જે સમયે ફ્રાંસમાં લોકમતનું આધિપત્ય સ્થપાવાની શરૂઆત થઈ ચૂકી હતી. બીજા ચિંતકોના મત પ્રમાણે સત્તરમી સદીના મધ્ય ભાગથી વિચારોના ઇતિહાસના યુગની શરૂઆત થઈ ચૂકી હતી. ઉદામવાદ વધુ ને વધુ જોર પકડતો જતો હતો અને પ્રબુદ્ધ પર્યાવરણ અન્વયે સ્વતંત્રતાની માત્રા અને વ્યાપમાં સંઘર્ષપૂર્ણ પરંતુ અવિરતપણે વૃદ્ધિ થતી જતી હતી તથા પશ્ચિમી સમાજના રાજકારણ, અર્થકારણ અને સમાજકારણમાં ભૂમિગત અને અપરિવર્તનીય ફેરફારોની શરૂઆત થઈ ચૂકી હતી. 'ફિલૉસોફિસ'ના પરિવારમાં જનતંત્રવાદીઓ અને નાસ્તિકોએ નેતૃત્વ હાથમાં લીધું અને તેની સાથે સમગ્ર પશ્ચિમી જગતમાં ઉદામવાદીઓએ પ્રસ્થાપિત રાજકીય વ્યવસ્થા સામે બળવો પોકાર્યો. ❐

ચેસ-કૉર્નર : કોયડો-૯

કાળું



સફેદ

સફેદ મહોરાની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો.
(white to play and mate in two)

મહોરાની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **Kg5, Qa1, Bb5, Ne5, Nf8, P-c2.**

કાળાં : **Kd5, P-e3, P-g7.**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૧૦, મંગલમ્ સોસાયટી, ભગવાન નગરનો ટેકરો, પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭ (**e-mail - shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે.

જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ સપ્ટેમ્બર મહિનાના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

•

'કુમાર'ના જૂન ૨૦૦૧ના અંકમાં આવેલા કોયડા નં - ૭નો ઉકેલ.

સફેદ	કાળું
(૧)	Q d 3+
(૨) Qe2	Qxe2 /

આ વખતે સાચો ઉકેલ મોકલનારનાં નામ : (૧) પુનિત જાની (વડોદરા) (૨) ઝેડ.એસ. ઝાલાવાડિયા (અમદાવાદ) (૩) મહેશ વૈદ્ય (મુંબઈ) (૪) સ્નેહલ પટેલ (અમદાવાદ) -અર્પી શાહ

ઈતિહાસધારા

અશોક હર્ષ

મુગલ સમ્રાટ શાહજહાંએ સલ્તનતની રાજધાનીને આગ્રાથી દિલ્હી ફેરવીને જમનાના કાંઠે લાલ કિલ્લો બંધાવવાનું શરૂ કર્યું. કિલ્લો બંધાઈ રહેતાં તેમાં પ્રવેશ માટેનું મુહૂર્ત નક્કી કરવામાં આવ્યું. તા. ૮મી એપ્રિલ ૧૬૪૮નો દિવસ એ માટે નક્કી થતાં આગ્રાથી શાહજહાંનાબાદ (દિલ્હી) તરફ પ્રયાણ કરવામાં આવ્યું, અને શાહજહાંને આ ખબર કાબૂલ પહોંચાડતાં તે પણ આવી પહોંચ્યો. લાલ કિલ્લામાં પ્રવેશ માટે શાહજહાંની સૌથી મોટી પુત્રી જહાનઆરા તથા સૌથી મોટા પુત્ર દારા શિકોહે ભવ્ય સમારંભ યોજેલો. કિલ્લાના મુખ્ય દ્વાર પરના નગારખાનામાંથી રાતદિન નિર્ધારિત વાદ્યોના સંગીતના સૂર પ્રસારિત થતા રહેતા. બર્નિયરે તેના પ્રવાસવર્ણનમાં લખ્યું છે તે મુજબ કુલ ૨૦ પ્રકારનાં વાદ્યો હતાં, જેમાંનાં કેટલાંક લોખંડનાં અને કેટલાંક પિત્તળનાં હતાં.

મુગલ સમ્રાટો પોતાની શાનોશૌકત પ્રદર્શિત કરવા માટે અવારનવાર શાહી સવારીઓ કાઢતા. આ પરંપરાને અનુસરી શાહજહાંના લાલ કિલ્લામાં પ્રવેશ પ્રસંગે પણ આવી એક ભવ્ય સવારીનું આયોજન કરવામાં આવેલું. શાહી સવારીની સાથે રહેતી બેગમોની સવારીની સજાવટ પણ જરાયે કમ નહોતી. સૌથી નોંધપાત્ર સવારી જહાનઆરાની હતી. ઝરીની ઝાલરોવાળી એની પાલખી કીમતી મોતીઓથી ખચેલી હતી. એની પાછળ બેઠેલી એક બાંદી એને ચમ્મર ઢોળતી રહેતી. જહાનઆરાની નાની બહેન રોશનઆરા 'મેઘાડંબર' નામના હાથી પર સવારી કરતી. આ હાથીનું આખું શરીર રેશમી દોરા વડે ગૂંથેલી જાળીથી ઢંકાયેલું રહેતું. બેગમોની સવારીની આસપાસ પણ અંગરક્ષકો સાથે સૈનિકોની એક ટુકડી રહેતી. ખુદ લાલ કિલ્લાની સજાવટ પણ ભારે શાનદાર હતી. મખમલ અને રેશમ વડે તેની દીવાલો સજાવવામાં આવતી અને અસંખ્ય દીવાઓથી આખો કિલ્લો ઝગમગતો રહેતો.

મૂરતના બરાબર નિર્ધારિત સમયે જ શાહજહાંએ લાલ કિલ્લામાં પ્રવેશ કર્યો. તેના પ્રવેશ સાથે જ શાહજાદા દારા શિકોહે સોનાચાંદીના સિક્કા લૂંટાવ્યા. કિલ્લામાં પ્રવેશીને શારજહાંએ દીવાને આમમાં મયૂરાસન પર પોતાનું સ્થાન લીધું. ❒

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

પાલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશન વખતે લગભગ ચારસો સાહિત્યકારોની હાજરીમાં મેં પરિષદને ૧૯૬૬ (સને)માં દ્વારકા જ્ઞાનસત્ર માટે નિમંત્રણ આપ્યું. પરિષદ કારોબારીમાં એવો સૂર ઊઠ્યો કે દ્વારકા જ્ઞાનસત્ર માટે પચ્ચાસ ડેલિગેટ પણ આવશે નહિ. ત્યારે પરિષદ પ્રમુખ જ્યોતીન્દ્રભાઈ દવે કહે, 'હું તો સુદામા છું. તેના જેવો અકિંચન અને સુકલકડી, એટલે કૃષ્ણપ્રભુને દ્વારે જવાનું નિમંત્રણ સ્વીકારું છું, આંતરિક દળદર તો ફીટશે.' પછી દ્વારકા જ્ઞાનસત્ર ભરાયું ત્યારે ૭૮૬ પ્રતિનિધિઓ આવ્યા. કેટલાક તો તે વર્ષે જ સભ્ય થયા હતા. દ્વારકાભૂમિમાં પવિત્ર આંક (ઇસ્લામ માટે) જેટલા પ્રતિનિધિ થયા. વ્યવસ્થા ભારે ન પડે એટલે ત્રણેક જગ્યાએ ઉતારો રાખ્યો, પરિષદની મધ્યસ્થ સમિતિના સભ્યોને અમે સ્વાગત સમિતિએ ઘરે ઉતાર્યા હતા.

મારે ત્યાં જ્યોતીન્દ્રભાઈ, સ્નેહરશ્મિ અને બાલમુકુંદ દવે સપરિવાર ઊતર્યા હતા, અને તે દિવસે ભોજનમાં અમારે ત્યાં સ્વાગત-પ્રમુખ અમારા કવિ સુંદરજીભાઈ બેટાઈ, પોતાને ત્યાં ઉતારેલા ઉમાશંકર જોશીને લઈ ભોજનમાં સાથે હતા. ફોન આવ્યો કે ગેસ્ટ હાઉસમાં અલાયદા ઊતરેલા પટેલબંધુઓ સર્વશ્રી પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર અને પરિષદમંત્રી પીતામ્બર પટેલ પૈકી પીતામ્બરભાઈએ આ ખાસ માવજતના વિરોધમાં, સૌને સમૂહભોજન સરખું મળતું નથી એવી ફરિયાદ કરી એટલે ઘરે અધૂરું જમવાનું છોડી ઉમાશંકરભાઈ ભોજનશાળાએ પહોંચ્યા, ભેગા જમ્યા અને જમીને કહે, 'પીતામ્બર, ભોજન તો સારું છે.' પીતામ્બર હસતાં હસતાં કહે, 'તમે ત્યાં મનભાવતાં ભોજન કરો અને અમે નિયત ભોજન જમીએ, કેમ ?'

તે દિવસથી જ્ઞાનસત્રના ત્રણેય દિવસ સ્વાગત સમિતિના સભ્યોને ત્યાં પ્રમુખ આદિના ભોજનોમાં નિમંત્રણ છતાં ઉમાશંકરભાઈ સામૂહિક ભોજનશાળામાં જ જમ્યા. જતી વખતે જયશ્રીએ છેલ્લે ગરમ નાસ્તો ઘરે કરાવ્યો. થોડાં વર્ષ પછી રાજકોટમાં આકાશવાણીએ 'ઉમાશંકર : એક ઘટના'નો વિશેષ કાર્યક્રમ યોજ્યો હતો. ત્યાં મારી ભાણેજોને ઉમાશંકરનો પરિચય કરવાનો ઉમંગ હતો. આકાશવાણીના કાર્યક્રમની સલાહકાર સમિતિના સભ્ય તરીકે હું ઉપસ્થિત હતો. મેં પરિચય કરાવ્યો, 'આ મારી ભાણેજ કમલ છે અને આ ભૈરવી. બન્ને નૃત્ય સારું જાણે છે.' ઉમાશંકરભાઈ કહે : 'પુષ્કરભાઈ, જયશ્રીએ દ્વારકા છોડતી વખતે કરાવેલ ગરમાગરમ નાસ્તો હું ભૂલ્યો નથી.' પછી તો કાર્યક્રમ ઘણા સાહિત્યકારોની ઉપસ્થિતિમાં અદ્ભુત રહ્યો. દશ વર્ષ પછી ગુજરાત ઇતિહાસ પરિષદના અધિવેશનમાં અમદાવાદ જવાનું થયું. સ્વાગત સમિતિમાં ઉમાશંકરભાઈ ભેગા થઈ ગયા. હું પગે લાગ્યો ત્યારે કહે, 'શું કરે છે પેલું સુંદર ફૂલ કમલ અને નૃત્યવાહિની રાગિણી ભૈરવી ? જયશ્રીબહેન સાથે આવ્યાં છે ? તેમનો નાસ્તો હું ભૂલ્યો નથી.' દશ વર્ષે પણ તેઓ તેમને ઘણાં લોકો મળતાં હતાં છતાં એ સર્વને સ્નેહ તો આપતાં પણ દરેકને નામજોગ યાદ કરી શકતા હતા એ દેખાઈ આવ્યું. જ્યારે મારી, ત્યારે પરણી ગયેલી બન્ને ભાણીઓને આ વાત કરી તો બન્નેનું દિલ ભરાઈ આવ્યું.

કંકાવટી

નિકેતા ઘિયા

નડિયાદની મૂળજીભાઈ પટેલ યૂરોલોજિકલ હૉસ્પિટલમાં છેલ્લાં કેટલાંક વર્ષથી એક યુવતી નિયમિત અઠવાડિયામાં ત્રણ વખત ડાયલિસિસ કરાવે છે. એ યુવતીની બંને કિડની ખરાબ થઈ ચૂકી છે.



ડાયાલિસિસના સહારે જીવતી એ યુવતી શારીરિક થકાન અને પોતાના સ્વાસ્થ્ય પર જોખમ વેઠીને પરહિત કાજે નૃત્યોના ચૅરિટી શો કરે છે. ગરીબ દરદીઓના લાભાર્થે નૃત્ય કરતી આ યુવતીનું નામ છે : કુમારી નિકેતા ઘિયા. શારીરિક રીતે બીમાર છે. પણ મનથી સંપૂર્ણ સ્વસ્થ છે. પોતાની જેવા જ દર્દથી પીડાતા ગરીબ દરદીઓની યાતનાનો ઉકેલ શોધવામાં કાર્યરત આ યુવતીની જીવનગાથા જાણવા જેવી છે.

અમદાવાદમાં રહેતા એક વેપારી પિતાની પુત્રી નિકેતાનો જન્મ ઈ.સ. ૧૯૭૧માં થયો હતો. ૧૦ વર્ષની હતી ત્યારે તેના પિતાનું અકાળે અવસાન થયું. ૧૯૮૬માં ૧૫ વર્ષની ઉંમરે નિકેતાએ એસ.એસ.સી.ની પરીક્ષા આપી, વૅકેશનની મજા માણવા પોતાના મામાને ત્યાં ગઈ હતી.

રમતી, કૂદતી નિકેતાના શરીરને થાક વર્તાવા લાગ્યો. અસ્વસ્થ નિકેતાને ડૉક્ટર પાસે લઈ જવામાં આવી. વિવિધ તબીબી તપાસના અંતે ડૉક્ટરે નિકેતાની બંને કિડની ખરાબ હોવાનું નિદાન કર્યું. ડૉક્ટરની સલાહ મુજબ નિકેતાને તાકીદે મુંબઈ લઈ જવામાં આવી.

ભગવાને માનવીને એક નહીં, પરંતુ બે કિડની આપેલી હોય છે. તેમાંથી જો એક કિડની ખરાબ થઈ જાય તો પણ માનવી એક સારી કિડની દ્વારા જીવન જીવી શકે છે. પરંતુ જો બંને કિડની ખરાબ થઈ જાય તો રક્તમાંથી હાનિકારક દ્રવ્યોને ગાળી લઈને રક્ત શુદ્ધ કરવાનું કાર્ય કરી શકતી નથી, જેને લીધે આ ઉત્સર્ગદ્રવ્યો અને રસાયણો લોહીમાં જ રહી જાય છે. તેનું પ્રમાણ લોહીમાં વધતું જાય છે, જે માનવશરીર માટે ભયજનક નીવડે છે.

મુંબઈના તબીબોએ નિકેતાને કિડની પ્રત્યારોપણ માટેની સલાહ આપી. નિકેતાની માતા રેણુકાબહેને પોતાની એક સ્વસ્થ કિડનીનું દાન આપ્યું. ડિસેમ્બર ૧૯૮૬માં મુંબઈ ખાતે નિકેતા પર કિડની પ્રત્યારોપણની શસ્ત્રક્રિયા કરવામાં આવી. સફળ શસ્ત્રક્રિયા પછી નિકેતા પોતાના ઘરે અમદાવાદ પાછી ફરી.

માતાએ આપેલી કિડની થકી જીવન જીવતી નિકેતાએ આ પછી તો ઉચ્ચતર માધ્યમિક તથા કૉલેજનો અભ્યાસ કરી, બી.કૉમ.ની ડિગ્રી મેળવી. આ ઉપરાંત તેણે સાત વર્ષ સુધી ભરત નાટ્યમની તાલીમ લીધી. ભરત નાટ્યમની તે એક કુશળ નૃત્યાંગના બની. ભરત નાટ્યમમાં નિપુણ બનીને અરંગેટ્રમ કરીને નિકેતાએ મુંબઈની સોફિયા કૉલેજમાં બાળઉછેરનો ડિપ્લોમા કોર્સ કર્યો.

પરંતુ નિકેતા સારી નૃત્યાંગના બને તેવું સ્વપ્ન કદાચ કુદરતને મંજૂર નહોતું. દસ વર્ષ સુધી કાર્યરત રહ્યા બાદ નિકેતાની ઉંમર ૨૫ વર્ષની હતી ત્યારે ૧૯૯૬માં તેની પ્રત્યારોપણ કરેલી કિડની પણ કામ કરતી બંધ થઈ ગઈ. નિકેતા હવે બીજી વખત કોઈની કિડનીનું દાન સ્વીકારવા તૈયાર નહોતી. તેના માટે હવે જીવનનો એક માત્ર આધાર હોમોડાયલિસિસ નામની બહોળા પ્રમાણમાં વપરાતી ડાયલિસિસ પદ્ધતિ છે, જેમાં એક પ્રકારે તેના દ્વારા લોહીમાં રહેલા વધારાનાં ક્ષાર તથા પાણી અને કચરો બહાર કાઢી શકાય છે. હાથમાં આવેલી લોહીની નળીમાં સોય મૂકવામાં આવે છે. હાથ ઉપરની ધમની તથા શિરાને જોડીને એક ફીસ્યુલા બનાવવામાં આવે છે, જેના દ્વારા ડાયલિસિસ કરવા માટેની સોય સહેલાઈથી મૂકી શકાય છે. ફીસ્યુલા એ એક પ્રકારની નાની શસ્ત્રક્રિયા છે કે જેમાં મોટા વ્યાસવાળી ધમની તથા સિરાને (હાથ ઉપર) જોડી દેવામાં આવે છે, જેનાથી ડાયલિસિસ સરળતાથી થઈ શકે છે.

કૃત્રિમ કિડની મશિનમાં દરદીના લોહીને પંપિંગ કરવામાં આવે છે કે જ્યાં લોહી શુદ્ધ થાય છે. એ શુદ્ધીકરણ પામેલું લોહી દરદીના શરીરમાં પાછું ફરે છે. આ એક સળંગ પ્રક્રિયા છે અને તે ૪ થી ૬ કલાક ચાલે છે. આ પ્રકારની પ્રક્રિયા અઠવાડિયામાં ત્રણ વખત કરવામાં આવે છે.

નિકેતાને પણ જાન્યુઆરી ૧૯૯૭થી અઠવાડિયામાં ત્રણ વખત ડાયલિસિસ કરાવવાનું શરૂ કરવું પડ્યું. વિશ્વવિખ્યાત નડિયાદની મૂળજીભાઈ પટેલ યુરોલૉજી હૉસ્પિટલમાં નિકેતાએ હોમોડાયલિસિસ શરૂ કર્યું.

એકાંતરા દિવસે ડાયલિસિસ કરાવતી નિકેતા ઘિયાએ તેના નૃત્યના શોખને આજે પણ જાળવી રાખ્યો છે એટલું જ નહીં, પોતાની નૃત્યકળાને સ્ટેજ પર રજૂ કરી એ દ્વારા પોતાની જેવા કિડનીના દરદીઓને સારવાર પાછળના ખર્ચમાં રાહત મળી રહે એ માટે તે ચૅરિટી શોનું આયોજન પણ કરે છે.

ડાયલિસિસ દ્વારા લેવી પડતી સારવાર ખૂબ જ ખર્ચાળ છે. ગરીબ અને સામાન્ય વર્ગના દરદીઓ આવો ખર્ચ કરી શકવાને સમર્થ હોતા નથી. નિકેતા આવા જરૂરિયાતમંદ દરદીઓની વહારે ચડી છે. ડાયલિસિસના સહારે જીવતી નિકેતાને જોતાં કોઈને કલ્પના પણ ન આવે કે આ યુવતીની બંને કિડની નિષ્ક્રિય થઈ ગઈ હશે.

ધૂપસળીની માફક અન્યોના કલ્યાણાર્થે પોતાની જાતને સમર્પી દેનારી નિકેતા કહે છે : 'હું ક્યારેય નિરાશ થવામાં માનતી નથી. જીવન ભલે ટૂંકું હોય, પરંતુ હું જે લોકો મૃત્યુના ઉંબરે આવીને ઊભાં હોય તેમના માટે મારાથી જે કંઈ થાય તે કરીને તેમના જીવનમાં ખુશાલી લાવવા માગું છું.'

કિડનીના ગરીબ દરદીઓના લાભાર્થે નિકેતાએ અમદાવાદ, વડોદરામાં પોતાના નૃત્યોના કાર્યક્રમો રજૂ કર્યા છે. આ દ્વારા જે ભંડોળ એકત્ર થાય છે તેમાંથી એક પૈસો પણ લીધા વિના નિકેતા એ રકમ નડિયાદની મૂળજીભાઈ પટેલ યુરોલૉજી હૉસ્પિટલને અર્પણ કરે છે. ટ્રસ્ટમાં જમા થતી આ રકમના વ્યાજમાંથી નાણાના અભાવે ડાયલિસિસનો ખર્ચ ન વેઠી શકતા જરૂરિયાતમંદ દરદીઓને સહાય કરવાનું આયોજન છે.

એકાંતરા દિવસે ડાયલિસિસ કરવાનું હોય ત્યારે સ્વાભાવિક છે કે નિકેતાના ચહેરા પર હતાશા લાગે. તેનું જીવન મશિન પર નિર્ભર છે. આવી માનસિક અને શારીરિક સ્થિતિમાં પણ નિકેતાએ પોતાનું મનઃસંતુલન કાબૂમાં રાખીને બીજાને કંઈક ઉપયોગી બનવા માટે જે જીવનદાયી ઉપક્રમ શરૂ કરેલ છે તે સહુને માટે પ્રેરણાદાયી છે. ('ફૂલછાબ'માંથી)□

અડકો દડકો

કૈલાસની સજા

ચંદ્રકાન્ત શેઠ

પસા પટેલનેત્યાં ગિરનારથી આણેલી હાથણી જેવી અલમસ્ત ભેંસ હતી. એને સંતાનમાં માત્ર એક પાડો હતો. હાથીના બચ્ચા જેવો એ પણ અલમસ્ત હતો. એનું શરીર તો કાળા આરસપહાણ જેવું લિસ્સું ને ચમકતું. એનાં શિંગડાંય વાંકાં ને મોટાં. ચાલતો ધીમે, પણ છટા ને રૂઆબથી. પસા પટેલે એનું નામ 'કૈલાસ' રાખેલું.

કૈલાસને એની પડોશમાં રહેતા ઘોડાના એક બચ્ચા-વછેરા-સાથે દોસ્તી થઈ. વછેરો અત્યંત તરવરાટવાળો હતો. દોડવા-કૂદવામાં ખૂબ આગળ રહેતો. જ્યારે જ્યારે ગામમાં ઘોડાઓની દોડ-કૂદની હરીફાઈ રાખે ત્યારે એને ખાસ ત્યાં લઈ જવામાં આવે. વછેરાનાં માનપાન અને એની સિદ્ધિઓ જોઈને કૈલાસ મનમાં એકલો એકલો હીજરાયા કરે. એને ઘણુંયે થાય : પોતે ઘોડદોડની હરીફાઈમાં ભાગ લે. પોતેય દોડકૂદની હરીફાઈમાં માનચાંદ મેળવી આવે, પણ એનું તો શરીર જ ભારેખમ. દોડવાની પ્રવૃત્તિ તો એની આખી જાતિમાં કેટલી ? અવતાર જ પાડાનો, પછી શું થાય ?

કૈલાસ તો પોતાના દોસ્ત વછેરાની ઊઠતાં તે સૂતાં સુધીની બધી દિનચર્યા પર બારીક નજર રાખતો. વછેરો ક્યારે ઊઠે છે, શું ખાય-પીએ છે, ક્યાં હરેફરે છે વગેરે પ્રવૃત્તિઓની ઝીણામાં ઝીણી નોંધ એ કરતો રહેતો. વછેરો રોજ તગારું ભરીને ચંદી ખાતો. કૈલાસેય એની મા આગળ ચંદી માટે હઠ પકડી. માને કહે : 'મને ચંદી ખાવા આપ, નહીંતર હું નહીં ખાઉં.' મા બાપડી પરાધીન. એને તો પસા પટેલ આપે તે ખાવાનું. એણે કૈલાસને ઘણું સમજાવ્યો : 'આપણે તો ભેંસપાડાની જાત. આપણે કંઈ ઘોડાની જાતનાં નથી કે પસો પટેલ આપણને ચંદી આપે. એ આપે છે તે ડાહ્યો થઈને ખા, નહીંતર ભૂખે મરી જશે. કૈલાસની હઠ તો બાળહઠ. એ તો મોઢું ચડાવીને બેસી ગયો. પસા પટેલે એની આગળ સરસ મજાની કડબ નીરી, પણ કૈલાસે એની તરફ નજર સુધ્ધાં ન કરી. સાંજે એને ગોળ ભેળવીને ગુવાર આપવામાં આવી, પણ ખાય તે બીજા. અરે પાણીયે તે ભાગ્યે જ પીતો. મા તો કૈલાસની આવી હઠ આગળ લાચાર હતી. એના મનમાં સતત ફડક રહેતી : 'આ કૈલાસનું શું થશે ?'

પસા પટેલે કૈલાસની ભૂખહડતાલ એક દહાડો તો વેઠી, બીજા દહાડેય એમ કરતાં તેમનેય ચિંતા થઈ. તેમણે ગામમાંથી ઢોરના ડૉક્ટરને તેડાવ્યો. તેણે કૈલાસની આમતેમ તપાસ કરી, પણ એમને તો કૈલાસમાં જરાયે રોગ દેખાયો નહીં. આમ છતાં કેટલીક વહેવારુ સૂચનાઓ આપીને તે વિદાય થયા. પસા પટેલે કૈલાસને ફરીથી ખાણ-પાણી નીર્યાં, પણ એ તો સ્વભાવનો અડિયલ તે મોઢુંયે ન નાખે એમાં. છેવટે પસા પટેલથી કૈલાસનું આવું વર્તન નહીં વેઠાયું. એક તો પાડાની ઓલાદ. પાછી આવી અકડાઈ કરે. એમનો તો પિત્તો ગયો. એમણે લઈ પરોણો ને રીસ કાઢવા માંડી કૈલાસની પીઠ પર. કૈલાસ તો ખરેખરો હચમચી ગયો. પસા પટેલે બે સાથીઓની મદદથી એના મોંમાં પરાણે ખાણ ઘુસાડવા માંડ્યું. કૈલાસને તો આવી દશાનો ખયાલ જ નહીં. કૈલાસની મા તો સાવ મૂઢ-શી થઈ ગઈ. એને તો સમજ જ ન પડી શું કરવું તેની. અલબત્ત, તે દિવસે પસા પટેલને કૈલાસની માએ રોજ કરતાં માંડ અર્ધું દૂધ આપેલું. બે દિવસમાં તો પસા પટેલ બરોબરના ત્રાસી ગયા. એમણે પાડોશીને કહ્યું, 'અરે માવજીભાઈ, આ ફેરે તમે શહેરમાં જાવ ત્યારે ગુજરીવાળાને પૂછી જોજો પાડાનો ભાવ. મારે હવે આ અડિયલને રાખવો નથી.'

ને આ વાત કાને પડતાં જ કૈલાસની મા ચમકી. એ તો જાણતી હતી કે ગુજરીમાં વેચાવું એટલું શું. ગુજરીમાં તો કસાઈઓ પણ આવે ને આવા પાડાઓને ખરીદીને કતલખાને લઈ જાય. માએ તુરત જ કૈલાસને કહ્યું, 'અલ્યા બેવકૂફ, હવે ચેત, નહીંતર ગુજરીમાં તને વેચી દેશે ને જાનથી જઈશ. મારું માન ને સરખી રીતે ખાતોપીતો થા, નહીંતર પસોકાકો તારી બૂરી વલે કરી નાખશે. કૈલાસને માની વાત તો સમજાઈ, પણ હજુ તેનો મમત ઊતર્યો નહોતો. તે ઊઠ્યો. ખીલે બાંધેલું દોરડું તોડીને રીસમાં ને રીસમાં કોઢની બહાર નીકળી ગયો અને ત્યાં જ પસા પટેલ એક ઘરાક સાથે સામે મળ્યા. એમણે આ છુટ્ટા થયેલા પાડાને નાથથી પકડી લીધો ને વાંસે બેચાર પરોણા ફટકાર્યા. પસા પટેલે કૈલાસને પેલા ઘરાકના હાથમાં સોંપતાં કહ્યું, 'આજે જ આને લઈ જાઓ.'

(અનુસંધાન પૃ. ૫૦૦)

પંડિત રવિશંકર

સિતાર, સરોદ, શહનાઈ, બાંસુરી – આ ચારે આપણા દેશમાં ખૂબ જ પ્રચલિત વાદ્યો છે. આ વાદ્યોના 'ખાંસાહેબ' વગાડનારા આપણા દેશમાં પાક્યા છે. અને તેઓએ આ વાદ્યોને પરદેશમાં મશહૂર કર્યાં છે.



સિતારનો અવાજ પહાડ ઉપરની ખળખળ વહેતી નદીના અવાજ, લય અને સૂરો સાથે જોડાએલો લાગતો હોય છે. એ જ રીતે સરોદનો અવાજ ધીર-ગંભીર મહાસાગરનાં મોટાં મોજાંઓના ઘેઘૂર અવાજને રજૂ કરતો હોય તેમ આભાસ થતો હોય છે. આપણા દેશમાં આજે ઘણાબધા સિતાર વગાડનારા છે, પણ સિતારની સાથે એક નામ જ એકમેકના પર્યાયની જેમ જડાએલું છે તે છે પંડિત રવિશંકરનું. એમનો જન્મ ૧૯૨૦,માં બનારસના એક ભારતીય સંસ્કૃતિના પરિવારમાં થયો હતો. નાનપણમાં પિતા સાથે પૅરિસ જેવા શહેરનું વાતાવરણ જોવા-જાણવા મળ્યું. ભારત આવ્યા બાદ થોડાંક વર્ષો પ્રાથમિક શિક્ષણ લીધું, અને તુરત જ તેમના મોટાભાઈ નૃત્યકાર ઉદયશંકરની નૃત્યમંડળી સાથે જોડાયા. તે જમાનામાં ઉદયશંકર અને તેમનું 'ડાન્સ બેલે' વિશ્વભરમાં પ્રખ્યાત હતું. સમગ્ર વિશ્વભરમાં શ્રી રવિશંકર આ મંડળી સાથે ફર્યા અને નૃત્ય સાથે સંગીત વિભાગનાં કામને કરવાનો અભ્યાસ અને અનુભવ મેળવ્યો.

અવારનવાર, પરદેશમાં યોજાતા કાર્યક્રમો દરમ્યાન રવિશંકરને મહાન ગાયકો-વાદકોને સાંભળવાનો અને મળવાનો મોકો મળ્યો, જેમાં વાયોલીનવાદક યહૂદી મોહ્યુદીન અને પાબ્લો કાસાન્સ તેમજ તાસ્કાનીની જેવા મુખ્ય છે. રવિશંકરને મહાન 'ઓપેરા' તેમજ 'ઓર્કેસ્ટ્રા' સાંભળ્યા બાદ ભારતીય શાસ્ત્રીય સંગીતનો અભ્યાસ કરવાની આંતરિક ખેવના જાગી. ભારતીય લોકસંગીત તે જમાનામાં ખૂબ જ લોકપ્રિય હતું. તેના સૂરો પંડિતજીના હૃદયમાં ઝણઝણતા હતા. ભારતમાં પાછા ફરતાંની સાથે જ રવિશંકર મધ્ય પ્રદેશના મહિયર ગામે ખાન સાહેબ અલ્લાઉદીનખાન પાસે પહોંચ્યા, અને પોતાને ગમતું વાદ્ય સિતાર શીખવવાની તેમજ શિષ્ય બનાવવાની વિનંતી કરી.

અલ્લાઉદીન ખાંસાહેબે જણાવ્યું કે ગુરુશિષ્યપરંપરા અને તાલીમનો રસ્તો ખૂબ જ વિકટ છે. અહીંની શિસ્ત પાસે શિષ્યો ટકતા નથી તે પણ જણાવ્યું. કહેવાય છે કે અહીંના રિયાઝમાં, પ્રાતઃકાળે ઊઠીને શિષ્યને ૨ કિલોમીટર દૂર શારદામાતાના મંદિરે, ૫૦૦ પગથિયાં ચડીને દર્શન કરવા નિત્ય જવું પડતું. ૧૨થી ૧૬ કલાક રિયાઝ કરવાની પ્રથા હતી. પોતાના પુત્ર અલી અકબરખાન તેમજ પુત્રી અન્નપૂર્ણા કે અન્ય શિષ્યો, બધાં માટે શિસ્તપાલન સરખાં હતાં. અહીં રવિશંકરે દિવસના સતત ૧૮ કલાક જેટલો સમય સાધના કરીને ઘણાં વર્ષે તપસ્યા પૂર્ણ કરી, અને સિતારવાદનમાં પ્રભુત્વ પ્રાપ્ત કર્યું.

પંડિત રવિશંકરે, તેમનો સિતારવાદનનો પ્રથમ વૈયક્તિક કાર્યક્રમ સન ૧૯૩૮માં માત્ર ૧૮ વર્ષની ઉંમરે અલ્હાબાદમાં આપ્યો. ત્યાર બાદ તેઓએ દેશવિદેશમાં સંખ્યાબંધ કાર્યક્રમો આપ્યા, જેની સંખ્યા નોંધપાત્ર છે. રવિશંકરનો પ્રથમ યુરોપ અને અમેરિકાનો પ્રવાસ ૧૯૫૬માં યોજાયો. બધા જ કાર્યક્રમો ખૂબ જ સફળ રહેતા અને ત્યાંની પ્રજાને સિતાર સાંભળવાની જાણે કે લગની લાગી. આજે પંડિતજી માટે ઘણાં વર્ષોથી પરિસ્થિતિ એવી છે કે તેઓ વર્ષના નવ મહિના પરદેશમાં અને માત્ર ત્રણ જ મહિના ભારતમાં ગાળે છે. આ છે તેમની પ્રતિષ્ઠા. સિતાર તેમજ ભારતીય સંગીતને દેશપરદેશમાં લોકપ્રિય કરવામાં તેમનો ફાળો અનન્ય છે. ઘણાં વર્ષો સુધી તેમણે પરદેશી વિદ્યાર્થીઓને સિતાર શીખવાડવામાં રસ દાખવ્યો છે. પંડિતજીએ સંગીતબદ્ધ કરેલી ફિલ્મો, સત્યજિત રાયની પથેર પાંચાલી, અપુર સંસાર, અપરાજીતા તેમજ મીરાં, કાબુલીવાલા, અનુરાધા, ગોદાન વગેરેનાં સંગીત અને ગીતો આજે પણ લોકધૂનો અને અવનવાં વાજિંત્રોના ઉપયોગને કારણે સાંભળનારાઓને તાનમાં લાવી શકે છે. તેમની અન્ય રચનાઓમાં 'કારવાં', ડિસ્કવરી ઑફ ઇન્ડિયા અતિલોકપ્રિય છે. કાબુલીવાલાના સંગીત માટે તેમને બર્લીન ફિલ્મ ફેસ્ટિવલમાં 'સીલ્વર બેર' એવોર્ડથી સન્માનવામાં આવેલા.

રવિશંકર ખૂબ જ દેખાવડા, શૃંગારિક પ્રકૃતિના, પરિધાનશોખીન તેમજ પ્રેક્ષકોને પ્રિય થવાના ગુણો ધરાવતા હોવાથી વધારે લોકપ્રિય થઈ શક્યા છે. પોતાના કાર્યક્રમ દરમ્યાન સંપૂર્ણ શાંતિ રહે તેમ ઇચ્છતા, અવાજ થાય કે શાંતિ હણાય તો કાર્યક્રમ રોકી દેવા સુધીની શિસ્તબદ્ધતાના આગ્રહી રહ્યા છે. સંગીતમાં રાગ, આલાપ, જોડા-ઝાલા અતિરાગની શરૂઆત જેવા સમયમાં સંગત આપનાર તબલાવાદક સાથે તેઓ રમતિયાળ પણ શાસ્ત્રીય રીતે સંગીત હરકતો કરીને પ્રેક્ષકો પાસે તાળીઓના ગડગડાટ કરાવી શકતા તે તેમને સાંભળનાર સૌએ અવારનવાર અનુભવ્યું છે.

દરેક મોટા કલાકારના જીવનમાં પ્રતિષ્ઠા, ધન વૈભવનો વધારો થતાં અહમ્‌નો ઉદ્‌ભવ થતો હોય છે. જાણે-અજાણે જીવનમાં બદલાવ આવે છે. રવિશંકર પણ પોતાનાં પ્રથમ પત્નીથી અલગ થતા અન્નપૂર્ણાએ જીવનભર જાહેર કાર્યક્રમ ન કરવાની પ્રતિજ્ઞા લીધી. પત્ની અન્નપૂર્ણા એ અલ્લાઉદીનખાંનાં પુત્રી તેમ જ અલીઅકબર ખાનનાં બહેન થાય. તેમને થોડાંક વર્ષ પૂર્વે પોતાનાથી ઘણી નાની ઉંમરનાં સંગીતકાર જેમને અનોશ્કા નામની એક પુખ્ત ઉંમરની પુત્રી પણ છે તેવાં કલાકાર સાથે લગ્ન કર્યાં. અહીં એમ કહી શકાય કે તેમણે અમેરિકાની સંસ્કૃતિને અન્ય મહાન કલાકારો કરતાં સાચી રીતે અપનાવી લીધી. પંડિતજી પુત્રી અનોશ્કા સાથે કાર્યક્રમો આપે છે અને તેના પ્રચાર-પ્રસારમાં સારો રસ લઈ રહ્યા છે. આજે તેઓ આપણી વચ્ચે હયાત છે. જૈફ વયે પણ સિતાર વગાડે છે તે સદ્‌ભાગ્ય છે. સમાપનમાં એટલું નોંધવું જોઈએ કે, દેશ-વિદેશમાં કોઈ સ્થળ એવું નથી કે જ્યાં પંડિત રવિશંકરનો કાર્યક્રમ ના યોજાયો હોય. તેમના સંખ્યાબંધ શિષ્યો, જેમાં બીટલ્સ ગાયક જ્યોર્જ હેરિસનનો પણ સમાવેશ થાય છે. તેમણે મહાન સંગીતકાર યેહુદી મેન્યુધન સાથે કાર્યક્રમો આપ્યા છે. તે અવિસ્મરણીય છે. રવિશંકરની કસેટ્સ, રેકોર્ડ્ઝ, સીડી, વીડીઓ, આલ્બમો, પુસ્તકો સંખ્યાબંધ છે. સર્વ દેશમાં ઉપલબ્ધ છે. તેમના કાર્યક્રમો 'હાઈસફૂલ' જવા તે સામાન્ય ઘટના છે. આવા સિતાર વાદક રવિશંકર રહેશે ત્યાં સુધી લોકોમાં યાદ રહેશે. અગાઉ પદ્મશ્રી, પદ્મભૂષણ, પદ્મવિભૂષણથી નવાજાયેલા આ સિતારવાદકનું થોડા સમય પહેલાં જ 'ભારતરત્ન'થી સરકારે ઉચિત સન્માન કર્યું છે. એવા કલાકારને વંદન.

-ગજેન્દ્ર શાહ

કલાવાર્તા

કલાકાર વાસુદેવ સ્માર્ત

'પોતાની જાતને છેતર્યા વગર, નિતાંત સાધનામાં રત રહીને, સર્જન દ્વારા આત્મોન્નતિ પ્રતિ લક્ષ રાખે અને જનસામાન્યમાં કલા પ્રત્યેની



અભિરુચિ પ્રગટાવે એ મારે મન સાચો કલાકાર.' વાસુદેવભાઈના આ શબ્દો તેમને માટે સાચા પુરવાર થયા છે. એ ગાંધીયુગના કલાકાર હતા. ચુંમોતેર વર્ષની ઉંમરે, અડગ ચાલે ચાલતા, આકાશ-અવકાશને પેલે પાર નીકળી ગયા. ચોવીસમી ઑગસ્ટ ૧૯૯૯ની વહેલી સવારે ટેલિવિઝન ઈન્ટર્વ્યૂ આપીને, સુરત નજીક વેડછીમાં શ્રી નારાયણ દેસાઈને મળવા ગયા. બસમાંથી ઊતરી વેડછી આશ્રમ જવાના ઢોળાવ પર અચાનક ઢળી પડ્યા. આ ગાંધીવાદી કલાકારે ગાંધી-સંસ્કારભૂમિ વેડછીને જ વિદાયભૂમિ બનાવી. રસ્તામાં ઢળી પડેલ આ માનવી કોણ ? લોકોને તો શી ઓળખ હોય ? હા, વસ્ત્રો પૂર્ણ ખાદીનાં હતાં. ધોતી, બંકી ટોપી, પણ તેથી શે ઓળખાય. બગલથેલો ફંફોસતાં સ્કેચબુક મળી. સ્કેચબુક તેમની ઓળખ બની ગઈ. ૭૪ વર્ષની વયે પણ કાંઈક સુંદર, નવું, નોંધવા જેવું હોય તો નોંધપોથી રાખતા. સ્કેચબુક એટલે કલાકારનું પ્રતીક.

'હું ઘુમ્મકડ છું. પ્રવાસોમાં હું જે કાંઈ જોઉં, અનુભવું એને વ્યક્ત કરવા, સંયોજન-પ્રધાન ચિત્રયોજના મને વધુ ફાવે છે. ચિત્રમાં ઘણું ઘણું કહેવાનો મારો સ્વભાવ છે. મારી શૈલી અલંકરણ-પ્રધાન છે. હું માનું છું કે ચિત્રમાંથી કાંઈ પણ અર્થ નીકળવો જોઈએ. માત્ર રંગ-રેખાની ચાતુરી પર્યાપ્ત નથી.' ('કુમાર' જાન્યુઆરી ૧૯૭૭) શ્રી ચંપક મહેતાએ મારી માન્યતા માટે લીધેલ 'કુમાર'ના ઈન્ટર્વ્યૂમાં આવાં વિધાનો કર્યાં છે. શ્રી વાસુદેવભાઈ પોતે લેખક, વિચારક અને પ્રવાસી હતા. સંસ્કૃત સાહિત્યના તેઓ વાચક, અભ્યાસી અને પાઠી પણ ખરા. સંસ્કૃતનાં અનેક સુભાષિતો તેમને કંઠસ્થ હતાં. વાતે વાતે તેમની પંડિતાઈ છતી થતી. આવા કલાકારના સન્મિત્ર થવું એ ખરેખર લહાવો હતો. સંસ્કૃતના વિદ્વાનોના તેઓ સતત સંપર્કમાં રહેતા. કાલિદાસ, ભવભૂતિ બાણ વગેરેનો અભ્યાસ કર્યો. રઘુવંશ, કુમારસંભવ, ઋતુસંહાર ને મેઘદૂત પર ચિત્રો કર્યાં. તે પર ઈનામો લીધાં ને તેના નિર્ણાયક થવાનું સૌભાગ્ય પણ પ્રાપ્ત કર્યું.

શ્રી રાયકૃષ્ણદાસ, વી.એસ. અગ્રવાલ, કંચનલાલ મામાવાળા, ડૉ. પંડિત દલસુખ માલવણિયા અને શ્રી ગૌતમ પટેલ જેવા વિદ્વાનોના મિત્રોના મિત્ર હતા. અમદાવાદ આવે એટલે પંડિત દલસુખ માલવણિયાને મળે ને જૈન સાહિત્યની વાતો જમાવે. શ્રી ગૌતમ પટેલનું ઘર ખૂબ દૂર, ઠેઠ અખબારનગર. મારે ઘેરથી રિક્ષાના રૂ. ૫૦ થાય પણ કાકા તે ખર્ચે અને શ્રી ગૌતમભાઈનું આતિથ્ય માણે. એ દંપતી એમને આનંદથી ભરી દે એ મેં મારી આંખે જોયું છે. શ્રી વાસુદેવભાઈ વાર્તાડિયા હતા પણ સાથે રસજ્ઞ હતા, અભ્યાસી હતા. ક્યારેક એમ થાય કે એ જે પલંગ પર બેઠા હોય તેની નીચે ટેઇપ રેકોર્ડર ગોઠવ્યું હોય તો વાતોમાંથી ય જે તે વિષયની એક નાનકડી પુસ્તિકા થઈ જાય. રમૂજ પણ એટલી જ કરે.

શ્રી અનિલ રેલીઆ આર્ચર મૂળ સુરતના. વાસુદેવભાઈને તેઓ કાકા કહે. કાકા અમદાવાદ આવ્યા હોય ત્યારે ગમે ત્યાંથી ફોન કરે. અનિલ તુરત ગાડી મોકલે. કાકા તેનું ગૌરવ લેતા. અનિલ સાધના અને ધંધામાં બાહોશીથી સારું કમાયા નામ અને પૈસા બન્ને. કાકાનું પુસ્તક 'રૂપસંહિતા' તેણે ફરી પ્રગટ કર્યું. શ્રી વાસુદેવનું આ પુસ્તક ભાતચિત્ર-જગતમાં અદ્વિતીય પુરવાર થયું. મૂળ આ પુસ્તક 'કુમારે' પ્રગટ કરેલું. ડિઝાઇનના અનેક મોટીફ ભારતીય શિલ્પ, ચિત્રમાંથી મેળવી સંકલિત કર્યાં. વાસુદેવભાઈના અવસાન બાદ શ્રી જગદીપ સ્માર્તના અને સુરતની જીવનભારતીના સહયોગથી એક અતિ સુંદર પોર્ટફોલિયો 'વાસુદેવ સ્માર્ત' અનિલે પ્રગટ કર્યો, જેમાં વાસુદેવ સ્માર્તની કલાનો ક્રમિક વિકાસ અને પ્રભાવ દેખાય છે. આ પૂર્વે નિવૃત્ત થતાં પત્ની પ્રમિલા સ્માર્તની યાદમાં લગ્નજીવનના વિરહમાં રસિકપ્રિયા સંપુટ પ્રગટ કરેલો. પાછલાં વર્ષોમાં સુરત સ્થાયી થયા ત્યારે ગાર્ડન સિલ્ક મિલવાળાં શ્રી પ્રફુલ્લા શાહ અને શિલ્પા શાહના સહકારથી અનેક સર્જનો કર્યાં, જે એમના સંગ્રહમાં છે. તેમણે સેન્ટ્રલ ગવર્નમેન્ટની સ્કૉલરશિપથી દક્ષિણ ગુજરાતનાં જૈન મંદિરોનાં પટચિત્રોનો અભ્યાસ અને અનુકૃતિઓ કરી, જેનું પ્રકાશન બાકી છે. અમદાવાદના શ્રી નવીન શાહ પાસે પણ ચિત્ર અને સ્લાઈડોનો સંગ્રહ છે. શ્રી વાસુદેવભાઈ માટે તેમને પણ અનુરાગ ખરો. 'ભારતનાં ભીંતચિત્રો' અને 'કલાદર્પણ' પુસ્તક કરવામાં શ્રી બચુભાઈ રાવતનો ફાળો હતો. ડૉ. સુશ્રુત પટેલ પણ એમની ખૂબ નજીક હતા.

શ્રી તુષાર ભટ્ટે તેમનો વિષદ ઈન્ટર્વ્યૂ







કલાકાર શ્રી વાસુદેવ સ્માર્તનાં ત્રણ રેખાંકનો

'ટાઈમ્સ'માં પ્રગટ કરેલો. અંગ્રેજીમાં એમને માટે ખૂબ મોટો ઈન્ટર્વ્યૂ સચિત્ર છાપ્યો.

શ્રી વાસુદેવભાઈ ૧૭-૧-૧૯૨૫માં સુરતમાં જન્મ્યા. મુંબઈની કલાશાળામાં ભણ્યા. શ્રી અહિવાસીભાઈ ગુરુસ્થાને રહ્યા. ત્યાં ફેલોશિપ મેળવી. સ્વભૂમિ જીવનભારતીમાં અધ્યાપન કાર્ય કર્યું. બાદ ભારત સરકારની સ્કૉલરશિપ મળી. ૧૯૬૧-૬૨માં થોડા સમય માટે સી.એન. કલાવિદ્યાલયમાં રહ્યા. ત્યાર બાદ બનારસ હિંદુ યુનિવર્સિટીમાં ૨૮ વર્ષ અધ્યાપન કાર્ય કર્યું. તેમના જીવનમાં બનારસનો વાસ અને પ્રવાસો ખૂબ ફળ્યાં. પ્રવાસમાંથી અસંખ્ય રેખાંકનો થયાં. એમનાં ચિત્રોમાં જુદા જુદા પ્રદેશો પણ પ્રતિબિંબિત થાય છે.

એમણે પત્રલેખન પણ ખૂબ કર્યું છે. એમના પત્રો એટલે નાનકડા લેખો. ૬-૭-૭૯ એ એમણે પુત્રતુલ્ય ભત્રીજા જગદીપ પર લખેલો પત્ર જોતાં લાગે કે એમને લખતાં થાક નથી. પત્રના આરંભથી અંત સુધી જરાયે છેકછાક નહિ. અક્ષરો નાના. વચમાં હાસ્ય પણ ખરું. ભાષા રસાળ. ગોવર્ધન પર્વત અને કુસુમ સરોવર બન્નેએ સાથે કામ કરેલું. તે લખે છે : 'આ દરમિયાન આપણે ચિત્રોમાં જે ગરક થઈ જતાં એ જ સાચી સાધનાની પ્રક્રિયા હતી... તેં અને તારી કાકી પ્રમિલાએ કુસુમ સરોવર છોડ્યું અને હું એકલો છત્રીઓ તરફ વળ્યો. તે વખતે જરા એકલતા લાગી. થોડું સુનકાર લાગ્યું. પરંતુ સામે કામનો ઢગલો હતો, એટલે કામે લાગી ગયો. કુસુમ સરોવર છોડતી વખતે, ઉપરની છત્રીઓની અંતિમ વિદાય લેતી વખતે આંખમાં પાણી આવ્યાં. કંઠ ગદ્ગદ થઈ ગયો. પેલા કાંગરા, રાજસ્થાની, પહાડી કલમનાં કૃષ્ણલીલાનાં ચિત્રો અહીં મૂર્તિમંત થયાં. અને એ ભાગવતની ભાવનાથી હૃદય ભીંજાયું, કે આ ભૂમિ, આ વ્રજરજ, એ નટખટ, મહાન અવતાર, પૂર્ણાવતાર ભગવાન શ્રી કૃષ્ણચંદ્રની સાક્ષી હશે....' આ પત્રલેખકનું હૃદય કેટલું ભીનું હશે !

૧૯૮૫માં પુષ્પવાટિકા ચિત્ર દોર્યું. વિધવિધ વૃક્ષવેલીઓનું ભારતીય શૈલીનું તે ચિત્ર. તેમાં તેમનો વૃક્ષ સંબંધી અભ્યાસ, આલેખનશક્તિ અને ધીરજ સ્પષ્ટ દેખાય છે. એ ચિત્રમાં અસંખ્ય વૃક્ષો છે.

તેઓ સ્વભાવે બોલકા, પ્રેમાળ, ક્યારેક ઉતાવળિયા પણ ખરા. ભાષણ અને ભોજનના રસિયા. સાથે કુટુંબવત્સલ. પણ એટલા જ. કુટુંબનાં બધાં બાળકોને ખૂબ ચાહે ને તેમની ચિંતા કરે. અમારો ને એમનો સંબંધ કાકાભત્રીજાનો હોય તેથી સવિશેષ રહ્યો, કારણ કે બન્ને કલાને વરેલા હતા. શ્રી જગદીપ પાસે તેમના અસંખ્ય પત્રોનો સંગ્રહ છે. કોઈકે તેનું પુસ્તક કરવા જેવું ખરું.

એમનાં સ્મરણો વાગોળતાં એમ થાય કે તે સુરતનું હીર હતા અને ભારતના અગ્રિમ કલાકાર હતા. ભારતીય કલાના પુનરુત્થાન કાળના પુરોધા હતા. જીવનભર નિષ્ઠાપૂર્વક એટલું કામ કર્યું છે કે તેમના કામની એક સ્વતંત્ર ગૅલરી થઈ શકે !

ભારતીય કલાના ઇતિહાસમાં આ એક અવિસ્મરણીય નામ રહેશે. 'કુમાર' ૧૯૯૬ના ઑક્ટોબર માસમાં આ જ વાસુદેવભાઈનો વિષદ પરિચય આપેલો છે.



શ્રી રવિશંકર રાવળ (ચિત્રકાર : એસ.એમ. વાઘેલા)


આવા ભારતીય કલાના પુરોધાને એમની દ્વિતીય પુણ્યતિથિના પ્રસંગે એક સ્મરણાંજલિ.

-નટુભાઈ પરીખ

કલાવૃત્ત

કલાકાર એસ.એમ. વાઘેલા

વડોદરાનિવાસી એસ.એમ. વાઘેલા એક મોઝેઈક ચિત્રકાર છે. તેમણે શ્રી રવિશંકર



રાવળની આખરી તસવીર (પૉર્ટ્રેટ) બે સિટિંગમાં એક અડધો કલાક અને બીજી પંદર મિનિટમાં નાઈફના પેંચથી પૂરી કરી હતી. સપ્રમાણ રીતે બનાવેલી આ તસવીરમાં વાસ્તવિક રંગોના પેંચ તેમણે હાંસલ કર્યા છે. શ્રી વાઘેલાનાં મોઝેઇક ચિત્રો અગાઉ 'કુમાર'માં પ્રકટ થઈ ગયાં છે.



એક મોઝેઇક કૃતિ (ચિત્રકાર : એસ.એમ. વાઘેલા)

ગુજરાત વિધાનસભા ખંડમાં મૂકવા માટે કૅનવાસ પરનાં તૈલચિત્રો પણ તેમણે કર્યાં છે. વાઘેલાની છબીકલાની હથોટી જામેલી છે.

તેમનાં ચિત્રોનું પ્રદર્શન તાજ આર્ટ ગૅલરી, તાજમહલ હૉટેલ મુંબઈમાં યોજાયું હતું. શ્રી વાઘેલાએ રવિશંકર રાવળ ઍવૉર્ડ-૧૯૯૦, બાબુ જગજીવનરામ મેમૉરિયલ ઍવૉર્ડ-૧૯૯૪, ઑલ ઇન્ડિયા ફાઇન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ સોસાયટી બહુમાન-૧૯૯૬, વગેરે મેળવ્યાં છે. ઍર ઇન્ડિયા-મુંબઈ, તાતા કેમિકલ્સ મીઠાપુર, તાજ મહેલ હૉટેલ-મુંબઈ, તાતા સ્ટીલ કંપની-મુંબઈ, બરોડા પૅલેસ-વડોદરા, ગુજરાત વિધાનસભા-ગાંધીનગર, શ્રી અરવિંદ આશ્રમ-પૉન્ડિચેરી અને વડોદરા, વગેરે ઘણી જગ્યાએ તેમણે પોતાની કલા રજૂ કરી છે.
-કા.વ. રામી

અંકિત પટેલ

વડોદરાની ફૅકલ્ટી ઑવ્ ફાઇન આર્ટ્સના શિલ્પ વિભાગમાંથી સર્જનાત્મક શિલ્પકલામાં માસ્ટર ઑવ્ ફાઇન આર્ટ્સની ઉપાધિ મેળવનાર અને વર્ષોથી જયપુરની ફાઇન આર્ટ્સ કૉલેજમાં શિલ્પકલાનું અધ્યાપનકાર્ય કરતા ગુજરાતી, સુપ્રસિદ્ધ યુવા શિલ્પકાર અંકિત પટેલ વર્ષોથી નોંધપાત્ર અને અનેક ઈનામવિજેતા શિલ્પકૃતિઓનું સર્જન કરતા આવ્યા છે. તેમના એક શિલ્પે તેમને રાષ્ટ્રિય ઍવાર્ડ પણ અપાવ્યો છે. અનેક મહત્ત્વપૂર્ણ પ્રદર્શનોમાં તથા શિલ્પકળાની શિબિરોમાં ભાગ લેનાર તથા અનેક સ્થાનિક સંસ્થાઓ તથા ખાનગી સ્થળોના સંગ્રહોમાં સ્થાન પામનાર શિલ્પોના સર્જક અંકિત પટેલનાં શિલ્પોમાં રૂપપ્રદતા, પોતકીય ગુણવત્તા અને માધ્યમ તથા સાધનો અંગેની ઊંડી સૂઝ-સમજ, લયયુક્ત ગતિ, આકારોના વળાંકોનું સૌંદર્ય જોવા મળે છે.

જે ગતિમાન શિલ્પો માટે ઍલેક્ઝાન્ડર કાલ્ડર સુખ્યાત હતા તેવાં જ તાજેતરનાં શિલ્પો અંકિત પટેલે વિશાળ કદમાં તથા કેટલાંક નાના કદમાં સર્જ્યાં છે. તાજેતરમાં દિલ્હીમાં ભરાયેલા વિશ્વના ગિનાલે પ્રદર્શનમાં તેમનાં બે શિલ્પોએ સ્થાન પામવાનું ગૌરવ હાંસલ કર્યું છે.

હવાના હલકા સંચારથી હાલતાં તથા ગોળ ફરવા માંડતાં આ શિલ્પોને ગતિમાન યા કાયનેટિક શિલ્પો તરીકે સમુચિતપણે ઓળખવામાં આવ્યાં છે. કંસારા લોકોનાં બનાવેલાં તથા ટીપેલાં તાંબાપિત્તળનાં વાસણો જેવાં કે થાળી, વાટકા, ઘડા, વગેરેનું અંકિતે કલાત્મક રીતે, સમગ્ર શિલ્પના એક જૈવિક, અવિભાજ્ય અંગો તરીકે વિનિયોગ કરી સર્જનાત્મક પ્રભાવકારી શિલ્પકલાકૃતિઓનું નિર્માણ કર્યું છે. વળી, તેમણે કંસારાઓની હથોડીથી ટિપાયેલાં ચિહ્નોવાળાં તથા ધાતુની ચળકતી સપાટીવાળાં આ વાસણો પર તેના ટકાઉપણા માટે પિગમેન્ટેશનની પ્રક્રિયા કરી આકર્ષક રંગીન દૃશ્ય અસરો પણ નિપજાવી છે.

વિશાળ બગીચાઓ કે પ્રાંગણોમાં કે પ્રાકૃતિક સૌંદર્યયુક્ત ખુલ્લી જગ્યાઓમાં આ ગતિમાન શિલ્પો આજુબાજુના માહોલની સાથે સંવાદિતા હોવાથી તેમને આપણે પર્યાવરણીય મિત્ર સમાન શિલ્પો તરીકે ઓળખાવીએ તો તે બિલકુલ વાજબી ગણાશે. અહીં આપેલા ચિત્રમાં બાજુના વૃક્ષનાં પાંદડાં પવનમાં હાલે છે તો ઊભેલાં 'પતંગિયા'ના આકારનાં શિલ્પની પાંખો (વાસણોનો ઉપયોગ કરી બનાવેલી) પણ હાલવા માંડે છે. -બંસીલાલ દલાલ



ત્રણ પતંગિયા આકારનાં શિલ્પાંકનો (શિલ્પી : અંકિત પટેલ)

અનુસંધાન] અડકોદડકો [પૃ. ૪૯૯થી

'પણ આની કિંમત તમે કેટલી મૂકો છો?' પસા પટેલે કહ્યું, 'તમારે જે મૂકવી હોય તે મૂકજો, બસ પણ આને લઈ જાઓ.'

પેલાએ કહ્યું, 'પટેલ, આજે તો સોએક આપું છું. બાકીના પછી આપીશ. હાલ તો મારી આટલી પહોંચ છે.'

પસા પટેલે કહ્યું, 'ભલે, ભલે; તમે તમારે ઉપાડી જાવ આને.' ને પસા પટેલે કૈલાસને વિદાય આપી. પેલો ઘરાક ધંધે પખાલી હતો. એની પાસે આ પહેલાં એક પાડો હતો પણ તે હમણાં ગુજરી ગયેલો. તે નવા પાડાની શોધમાં હતો ને ત્યાં પસા પટેલના કૈલાસની ભાળ એને મળી. એ પસા પટેલને મળ્યો ને આમ કૈલાસનો સોદો કરી લીધો.

હવે તો કૈલાસ પોતાની પીઠ પર પાણીની પખાલ લઈને આખો દહાડો ગામ વચ્ચેથી આંટાફેરા કરતો હોય છે. કૈલાસ એની માની નજરે ચડે છે ત્યારે તે બિચારી મૂંગી મૂંગી રોઈ દે છે. એ જોતાં કૈલાસની આંખ પણ ભીની થઈ જાય છે, ને એમાંય કોઈ વછેરાને રવાલ ચાલે દોડતાં જુએ ત્યારે તો કૈલાસ ઊંડા નિસાસા નાખે છે. ક્યારેક તો એ વછેરાની રીતે દોડવાયે જાય, પણ પીઠ પરની પખાલનો ભાર એને તુરત જ નડે છે ને વધારામાં પખાલીનાં ડફણાં વાગે તે જુદાં. આ કૈલાસને તક મળે ત્યારે મા જરૂર આશ્વાસન આપીને કહેતી, 'બેટા, જે મળ્યું એમાં આનંદ માનીને રહેવું. આપણે તો ભેંસ-પાડાની જાત. આપણને હાથીઘોડાની વાતો પોસાય નહીં. ને કૈલાસ પણ હવે એની આ વાત બરોબર સમજતો થયો હતો. ❒

શબ્દકથા : વ્રજ

'વ્રજ'નું નામ પડતાં જ એક અનોખી અનુભૂતિ થવા પામે છે. બાળ કૃષ્ણની લીલાભૂમિ 'વ્રજ' કોઈ ગામ વિશેષ હોવા છતાં ગોકુળ મથુરા જેવું જ કોઈ સ્થાનવિશેષ હોય તેમ લાગે છે.

સર્વપ્રથમ 'વ્રજ'નો કોશગત અર્થ તપાસીએ : (૧) વ્રજ (સં.) - વૃંદાવન (ગોકુળ પાસે), ગોવાળોનું ધામ ગામ, સમૂહ (સાર્થ જોડણીકોશ' પૃ. ૭૯૧). (૨) વ્રજ (સં.) સમૂહ, ટોળું, નેસડો, ગોપવાસ, ગોવાળોનું ગામડું, ઘોષ, મથુરાની આસપાસનો આહીરોનો પ્રાચીન પ્રદેશ, આજની વ્રજભૂમિ, પં. કે. કા. શાસ્ત્રી (બૃહદ્ ગુજરાતી કોશ ભા. ૨, પૃ. ૨૧૨૧) (૩) વ્રજ = ગાયોનો વાડો અથવા-પશુચરણ-સ્થાન. રૂઢિગત અર્થ - જ્યાં શ્રીકૃષ્ણે ગાયો ચરાવેલ તે જગ્યા અર્થાત્ મથુરા અને વૃંદાવન આસપાસનો પ્રદેશ. ડૉ. રાજબલી પાંડેય ('હિન્દૂધર્મકોશ' પૃ. ૬૧૨).

એક વાત સ્પષ્ટ છે કે 'વ્રજ' કોઈ 'સ્થાન વિશેષ' નહોતું, પરંતુ ગાયો ચરાવવાનું ગોચર હતું અને જ્યાં શ્રીકૃષ્ણે ગાયો ચરાવી તે પ્રદેશ વિશેષ બની ગયો ! વ્રજનો સર્વપ્રથમ ઉલ્લેખ ઋગ્વેદમાં મળે છે. ત્યાં પણ તેનો અર્થ પશુસમૂહનું ચરિયાણ એવો જ થાય છે. વેદોના 'ગોષ્ઠિ' અર્થમાં પ્રયોજાયેલ 'વ્રજ' આગળ જતાં ભૂમિવાચક બન્યો. પ્રાચીન સમયમાં ભારતના જે મધ્યભાગને મથુરામંડલ કે સૂરસેન પ્રદેશ કહેવાતો તે આજનો વ્રજપ્રદેશ (ચોર્યાસી) કોશની ભૂમિ વ્રજ કહેવાય છે. વળી, તે 'વ્રજમંડલ' તરીકે પણ ઓળખાય છે.

ઇત બરહદ ઉત સોનહદ ઉત સૂરસેન કો ગાંવ,
વ્રજ ચૌરાસી કોસમેં મથુરામંડલ ધામ.

વ્રજા ભૂમિ 'જિત દેખૌ તિત શ્યામચી હૈં' હોઈ, આપણા ભક્ત કવિ નરસૈયાએ પણ ગાયું જ છેને 'વ્રજ વહાલું રે વૈકુંઠ નહિ આવું...'

— હસમુખ વ્યાસ

સાહિત્યસંપર્ક

અદ્‌ભુત સંચય

'સ્વસ્થ-માનવ'ના નિષ્ઠાવાન તંત્રી ચીનુભાઈ ગી. શાહે. પોતાની પ્રવૃત્તિમય સમયસારણીમાંથી કકડે કકડે ક્ષણોને ચોરીને ઉર્દૂ સમૃદ્ધ ગઝલરાશિમાંથી વિવિધ વિષયોને લગતાં ચોટદાર અને યાદગાર શેરો ચૂંટીને 'કોહેનૂર'



નામે સંચય પ્રકટ કર્યો છે. આમે ય ઉર્દૂ ગઝલની અસર ગુજરાતી ગઝલના આરંભિક કાળ પર ખૂબ રહી હતી. એમાંથી પ્રેરણા અને પ્રોત્સાહન મેળવીને ૧૯મી સદીના અંતભાગે ગુજરાતી ગઝલ જે રીતે પરિપુષ્ટ થતી હતી તેમાં જે બળ પુરાયું તેનો આ શેરો પ્રત્યક્ષ પુરાવો છે.

અહીં ૧૦,૦૦૦ શેર રજૂ કરાયા છે. એને અકારાદિ ક્રમમાં ગોઠવવામાં આવ્યા છે. વળી, છેલ્લે વિષયસૂચિ પણ આમેજ કરાઈ છે, જેથી વાચક-ભાવકને જે વિષય પરનો શેર આસ્વાદવો હોય તેનો પૃષ્ઠ-ક્રમાંક પણ મળી રહે. પ્રત્યેક શેરની સાથે એનો ગુજરાતી ગદ્યાનુવાદ આપવામાં આવ્યો છે, જેથી પરભાષાના મૂળ શબ્દને સમજવામાં સહાય પ્રાપ્ત થઈ રહે. અહીં ગાલીબ, ઈકબાલ, ફિરાક઼ ગોરખપુરી, સાગ઼ર, અદમ, અફસર મીરઠી, સાજન પેશાવરી, રઈશ ફરોગ઼, ઉમર અંસારી, હાલી, શકીલ બદાયૂની, દાગ઼, જિગર, મોમિન, બહાદુરશાહ 'જ઼ફર' - કેટકેટલા કવિઓનાં નામ ગણાવવાં ? પ્રત્યેક શેરની શેરિયત હૃદયગમ્ય છે. ગ઼ાલીબ કહે છે.

'નુકતાચીં હૈ ગ઼મે-દિલ ઉસકો સુનાએ ન બને
ક્યા બને બાત, જહાં બાત બનાએ ન બને.'

દાગ઼નો શેર છે :

'ખ઼ત મેં મુઝે અવ્વલ તો સુનાઈ હૈ હજારોં,
અખ઼િર મેં યહ લિખ્ખા હૈ કે મૈં કુછ નહીં કેહતા.

મીરનો શેર છે :

'તલવાર કે તલે હી ગયા અહબે ઇમ્બિસાત,
મર-મર કે હમને કાટી હૈં અપની જવાનીયાં.'

તો જિગરના શેરમાંની ખુમારી જુઓ :

'મુઝે રાહબર કી જ઼રૂરત નહીં હૈ,
સલામત મેરી લગ઼્જિ઼શોં કે સહારે.'

આવા તો અનેક શેરોનો અહીં સમૃદ્ધ સમુચ્ચય થયો છે. કોઈ પણ કવિતાપ્રેમીને ગમી જાય તેવું આ શ્રમનિષ્ઠ અને સૂઝપૂર્વકનું રસમય સંપાદન આપણા સાહિત્યમાં એક અદ્‌ભુત ઉમેરો છે. ડબલ ડિમાઇ કદના ૫૮૪ પૃષ્ઠના સુઘડ મુદ્રણ અને આકર્ષક પાકી બંધાઈના આ ગ્રંથની કિંમત છે રૂ. ૬૦૦. પ્રકાશકના જણાવ્યા પ્રમાણે એમના આ પુસ્તકના ખરીદનારને એટલી કિંમતનાં એમનાં અન્ય પુસ્તકો ભેટ મળી શકશે. આ માટે ચીનુભાઈ ગી. શાહનો આ સરનામે સંપર્ક કરવો : તંત્રી- 'સ્વસ્થ-માનવ', સી-૧૪, રમણકલા, સંઘવી હાઈસ્કૂલ રેલવે ક્રૉસિંગ પાસે, અમદાવાદ-૩૮૦૦૧૩. -ધી.પ.

ગુજરાતનું સંસ્કૃતિ દર્શન

લોકસંસ્કૃતિ, લોકકળા, લોકજીવન અને લોકસાહિત્યનાં સંશોધન, લેખન અને પ્રકાશનપ્રવૃત્તિના સિદ્ધહસ્ત લેખક જોરાવરસિંહ જાદવના આ ભાતીગળ પુસ્તકમાં અગિયાર પ્રકરણો છે. દરેક પ્રકરણ તેની આગવી રજૂઆત કરે છે. લોકજીવનમાં બહુ ઝડપથી પરિવર્તન આવી રહ્યું છે ત્યારે લોકજીવન પાસે પરંપરિત લોકસંસ્કાર, લોકકળાઓ, વસ્ત્રાલંકારો, આલેખ-ચિતર, ભરતકામ, રાસ, ગરબા, લોકનૃત્યોનો કળાવારસો છે, એ ઉપરાંત દૂહા-સોરઠા, કલામંડિત લોકજીવન, ગુજરાતનું લોકનાટ્ય-ભવાઈ અને તેના વેશો, પહેરવેશ, ગુજરાતના લોકદેવો, લોકવાર્તાઓ વગેરેનું આ પુસ્તકમાં સંશોધનાત્મક વિગતે સચિત્ર આલેખન થયું છે તે ખરેખર પ્રશંસનીય છે. પ્રકા. જોરાવરસિંહ જાદવ, 'સજ્જનસ્મૃતિ' ૨, પ્રોફેસર્સ કૉલોની, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯, ડિમાઈ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૩૬, કિં. રૂ. ૭૦. -કા.વ. રામી

સમયને સથવારે : આપણાં પંચાંગ- કેલેન્ડર

જ્ઞાન પ્રાપ્ત કરવાના વિવિધ વિષયોમાં ખગોળશાસ્ત્રનો સમાવેશ થાય છે. આપણાં કેલેન્ડર-પંચાંગની અનેક બાબતો ખગોળને

લગતી છે. મોટા ભાગના શિક્ષિત લોકો ખગોળને કેવળ ગાણિતિક વિષય સમજે છે, આથી તેઓ એને શુષ્ક અને ગૂઢ વિષય સમજી એનો અભ્યાસ કરવાનું ટાળે છે. ખગોળના અવકાશ પદાર્થોનો પરિચય સૌ કોઈને હોવો જરૂરી છે. આવી ખગોળવિષયક અને કેલેન્ડર-પંચાંગની માહિતી દર્શાવતા લેખો અગાઉ 'કુમાર'માં હપ્તાવાર પ્રસિદ્ધ થયા હતા. ખગોળ અને કેલેન્ડર-પંચાંગના અભ્યાસી શ્રી પ્રફુલ્લ પરીખની સિદ્ધહસ્ત કલમે લખાયેલા એ લેખો આ પુસ્તકમાં ગ્રંથસ્થ થયા છે. પ્રકાશક : નવભારત પ્રકાશન મંદિર, હિંગલોક જોષીની પોળ, બાલાહનુમાન, ગાંધી રોડ, અમદાવાદ-૧, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૧૭૨, કિં. રૂ. ૧૦૦. -કા.વ. રામી

પ્રાપ્ત પ્રકાશનો

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય (રતનપોળ નાકા સામે, ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧)નાં પ્રકાશનો : એક વાર રસ્તામાં સામે મળી જિંદગી (લેખસંગ્રહ) લે. ડૉ. ચંદ્રકાન્ત મહેતા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૬૪, રૂ. ૯૦. લીલા વાંસના મીઠા સૂર (લેખસંગ્રહ) લે. ડૉ. ચંદ્રકાન્ત મહેતા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૭૨, રૂ. ૯૦. હૈયાંને છાંયે છૈયાં (લેખસંગ્રહ) લે. ડૉ. ચંદ્રકાન્ત મહેતા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૦૮, રૂ. ૬૦. ઈશ્વરના ઘરનો ટેલિફોન નંબર ક્યો છે ? (લેખસંગ્રહ) લે. ડૉ. ચંદ્રકાન્ત મહેતા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૧૪૮, રૂ. ૮૦. શ્યામ ગુલાબી આકાશ (લેખસંગ્રહ) લે. ડૉ. ચન્દ્ર કાન્ત મહેતા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું પૃ. ૧૪૮, રૂ. ૮૦. ધોરણ ૧૨ પછી શું ? (વિશેષ માહિતી) લે. પ્રો. ભાસ્કર અ. શુક્લ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૫૭૨. રૂ. ૨૫૦. ગણિતના જાદુપ્રયોગો (ગણિત-વિષયક લેખો) લે. ઈન્દ્રજિત એચ. ડોક્ટર, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૬૫. **Yoga and Health** (અંગ્રેજી લેખસંગ્રહ) લે. સ્વામી અધ્યાત્માનન્દ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૯૨, રૂ. ૧૦૦.

ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ. (૧૯૨, અપર લેવલ, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦ ૦૦૬)નાં પ્રકાશનો : ચહેરા (નવલકથા) લે. મધુ રાય, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું પૃ. ૧૨૮, રૂ. ૭૦ ઝલક નવરંગ (લેખસંગ્રહ) લે. સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું. પૃ. ૧૧૨, રૂ. ૭૦ સંસ્કૃતિપુરુષ કાકાસાહેબ : સંપાદન : સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૪૦૦, રૂ. ૨૫૦. સંઘર્ષમાં ગુજરાત : લે. નરેન્દ્ર મોદી, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું. પૃ. ૨૪૮, રૂ. ૧૫૦. **Homage to mother Liberty** લે : મકરન્દ દવે, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૨૪, રૂ. ૧૦. તારકનો ટપુડો (ટપુડો વિશેષ) લે. તારક મહેતા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૨૨૪, રૂ. ૧૪૦. હાસ્યેન્દ્ર જ્યોતીન્દ્ર (જ્યોતીન્દ્ર દવે-વિશેષ) સંપાદક : વિનોદ ભટ્ટ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૬૯, રૂ. ૧૬૫. ઝલક-વિશેષ (લેખસંગ્રહ) લે. સુરેશ દલાલ, ફુલસ્કેપ ૧/૮ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૮૦, રૂ. ૧૩૦.


અન્ય પ્રકાશકોનાં

નવવધૂ (આફ્રિકન સાહિત્યની કૃતિ) લે. એસ્ટિન બુકેન્યા, અનુવાદ અને સમીક્ષા : ડૉ. કુમારપાળ દેસાઈ, પ્ર. ગુજરાત સાહિત્ય અકાદમી, ટાઉન હૉલ કૅમ્પસ, ગાંધીનગર-૨૮૨૦૧૭, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૬૦. તત્ત્વરૂપા (કાવ્યસંગ્રહ) લે. પલ્લવી ભટ્ટ, પ્ર પોતે, 'અભીપ્સા', ૨૨, ગોકુલ સોસાયટી, સાંઈનાથ રોડ, પેટલાદ, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૫૪, રૂ. ૧૨૫.

રન્નાદે પ્રકાશન (૫૮-૨, બીજે માળ, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧)નાં પ્રકાશનો : સાક્ષરનો સાક્ષાત્કાર-૫ (સાક્ષર-પરિચયગ્રંથ) લે. રાધેશ્યામ શર્મા, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૪૭૦, કિં. રૂ. ૨૦૦ ક્ષણોની સફર (કાવ્યસંગ્રહ) લે. નંદિતા ઠાકોર, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૭૦. મંગળના ગ્રહમાં (બાળસાહિત્ય) લે. નવનીત સેવક, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૫૦. સાગરવાટ (નવલકથા) લે. નવનીત સેવક, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૭૬, રૂ. ૬૫ સમાંતર રેખા (નવલકથા) લે. નવનીત સેવક, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૩૨૦, રૂ. ૧૨૦. સ્વપ્રપ્રિયા (નવલકથા) લે. નવનીત સેવક ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૨૪, રૂ. ૮૫. ખેલંદો ભાગ-૧-૨ (નવલકથા) લે. મહેશ યાજ્ઞિક, ક્રાઉન સાઈઝ, પાકુ પૂઠું ભાગ-૧ પૃ. ૩૬૮, રૂ. ૧૪૦, ભાગ-૨ પૃ. ૩૮૪, રૂ. ૧૪૫. તપોવન (નવલકથા) લે. સુમંત રાવળ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૩૦૪, રૂ. ૧૧૫. અક્ષરની આંખે (જીવનચિત્રો) લે. રજનીકુમાર પંડ્યા, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૫૨, રૂ. ૬૦. સંશયની સાધના (નિબંધસંગ્રહ) લે. રમણ પાઠક 'વાચસ્પતિ', ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૭૬, રૂ. ૬૫. પૂછ્યું અને કહ્યું ભાગ-૧ અને ભાગ-૨ (આરોગ્યના મૂંઝવતા પ્રશ્નોના માર્ગદર્શક ઉત્તરો) લે. વૈદ્ય જાદવજી નરભેરામ શાસ્ત્રી, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું ભાગ-૧ પૃ. ૩૨૦, રૂ. ૧૨૦, ભાગ-૨ પૃ. ૩૩૬, રૂ. ૧૨૫. વાર્તાક્રમણ (ટૂંકીવાર્તાસંગ્રહ) લે. સુમંત રાવલ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૪૮, રૂ. ૯૫. ક્ષણાર્ધનું મહાભારત (આત્મકથાનો તારુણ્ય ખંડ) લે. યૉસેફ મેકવાન, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૩૫. નિત નવા વંટોળ (લેખસંગ્રહ) લે. પ્રીતિ સેનગુપ્તા, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૨૬૪, રૂ. ૧૦૦. અરણ્યે પાનખર (નવલકથા) લે. રશ્મિ શાહ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૮૦. હોઠ પર આવ્યું એક નામ (નવલકથા) લે. વીણા સી. ઉપાધ્યાય, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૫૬, રૂ. ૯૫. કૉમનમેન (લેખસંગ્રહ) લે. હસમુખ પટેલ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૨૪૦, રૂ. ૯૦. સતી વ્યાકુળ (નવલકથા) લે. ઈન્દુ પુવાર, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૮૦, રૂ. ૧૦૫. ઈલાજ બ્હોંતેરી (અનેક રોગોના ઈલાજો) લે. લાભશંકર ઠાકર, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૧૬૮, રૂ. ૬૫. શ્રીમત અભગવદ્ ગીતા (હાસ્ય-કટાક્ષની સળંગ પેરડી) લે. ખોડભાઈ પટેલ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૭૧ ભારતીય ભાષાઓની પ્રથમ ૧૫ વાર્તાઓ (વાર્તાસંગ્રહ) સંપાદક-અનુવાદક સાં.જે. પટેલ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૮૪, રૂ. ૭૦. સાગરજ્વાલા (નવલકથા) લે. નવનીત સેવક, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૨૫૬, રૂ. ૯૫. જંગ (નવલકથા) લે. નવનીત સેવક, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૮૮, રૂ. ૧૧૦. સુબાહુનાં સાહસો (બાળસાહિત્ય) લે. નવનીત સેવક, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૦, રૂ. ૫૦. મંગળના મોરચે (બાળસાહિત્ય) લે. નવનીત સેવક, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૫૦. સૈયર (અંજલિ કાવ્યસંગ્રહ) લે. ચિનુ મોદી, ક્રાઉન સાઈઝ, કાચું પૂઠું,, પૃ. ૩૬, રૂ. ૧૫. અદૃશ્ય અનામિકાની આપવીતી (બાળ વિજ્ઞાનવાર્તા) લે. લાલશંકર ત્રિવેદી,

સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



શબ્દનાં એને કુંડાળાંઓ નડે,
મૌન ઉત્તમ છે કલાસંબંધમાં !
-મનહરલાલ ચોકસી



માનવી ને આ જગત આદમથી શેખાદમ સુધી,
એ જ દોરંગી લડત આદમથી શેખાદમ સુધી.
-શેખાદમ આબુવાલા


ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૫૬, રૂ. ૩૦. કાવ્ય પરિચય (ગુજરાતી કવિતાઓનો આસ્વાદ) લે. સુરેશ દલાલ, સં. મનહર મોદી, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૯૬, રૂ. ૫૦. ભગવાનની ભેંસ (બાળનાટિકાઓ) લે. ઇન્દુભાઈ દવે, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૬૫. અડસઠ તીરથ ('મનહર અને મોદી' વિશેના પ્રતિભાવ) સંકલન : હંમેશ મોદી, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૬૫. આપની યાદી (કલાપીની અને મનહર મોદીની) તુલનાત્મક આસ્વાદ : ડૉ. રશીદ મીર, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૨૫. ગઝલ-સુભાષિત (ગજરાતી ગઝલકારોના ચૂંટેલા શેર) સંપાદક મનહર મોદી, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૩૫. ધીરે વહે છે ગીત (ગઝલ-ગીત સંગ્રહ) લે. ડૉ. ચન્દ્રકાન્ત મહેતા, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૪૮, રૂ. ૨૫. કિચુડ કિચુડ (કાવ્યસંગ્રહ) લે. લાભશંકર ઠાકર, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૪૦. થોડો અમસ્તો તડકો (નિબંધસંગ્રહ) લે. લાભશંકર ઠાકર, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું. પૃ. ૧૭૬, રૂ. ૯૦. શિક્ષકનો ધર્મ અને કર્મ (શિક્ષણ વિષયક) લે. ડૉ. મફતલાલ પટેલ, ડિમાઇ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૫૦. ચશ્માંનાં કાચ પર (ગઝલસંગ્રહ) લે. રમેશ પારેખ, ડિમાઇ સાઇઝ, પાકું પૂઠું, પૃ. ૧૦૮, રૂ. ૬૫. 'એ'(રૂબાઈ-મુક્તક) લે. ચિનુ મોદી 'ઈર્શાદ', ફુલસ્કેપ ૧-૮ સાઇઝ, કાચું પૂઠું, પૃ. ૬૦, રૂ. ૫૫. રમતાં રમતાં ભણીએ (શિક્ષણ વિષયક) લે. ડૉ. પ્રવીણ દવે અને દિનકરરાય દવે, ક્રાઉન સાઇઝ, પૃ. ૧૧૨, રૂ. ૧૦૦.

મુન્નાર
(દેશાટન-૩૧)



એક શતાબ્દીથી પણ વધુ સમય પહેલાંથી બ્રિટિશ શાસકોએ મુન્નારને એક પર્વતીય આરામગૃહ તરીકે વિકસાવેલું છે. કેરલ રાજ્યનું આ રમણીય સુંદર સ્થળ સમુદ્રકાંઠાથી ૧૬૫૦ મીટરની ઊંચાઈએ આવેલું છે. અહીં ચાનાં વિશાળ ખેતરો આવેલાં છે. મુન્નાર ઉષ્ણકટીબંધ પર આવેલું છે, અને લીલી વનરાજીથી ભરપૂર જંગલો આવેલાં છે. મુથીરપુઝા, નાલાથાની તથા પેરિઆવુર્ઝાઈ આ ત્રણનદીઓના સંગમસ્થાને મુન્નાર આવેલું છે. મુન્નાર જવાના રસ્તે ઊંચાં ઊંચાં તાડ અને કેળનાં વૃક્ષોની લાંબી લાંબી કતારો નજરે પડે છે.

મુન્નાર ચારે બાજુ ગાઢ જંગલોથી ઘેરાયેલું છે અને એ જંગલોમાં નીલગાય, શિયાળ, સિંહ, હાથી વગેરે પશુઓ જોવા મળે છે. સાધારણ રીતે મુન્નારમાં વર્ષભર ઠંડક રહે છે, અને સાંજના સમયે ધુમ્મસ છવાઈ જાય છે. ચાના બાગોનું સોડમયુક્ત વાતાવરણ મુન્નારનું મુખ્ય આકર્ષણ છે અને દૂર દૂર સુધી ફેલાયેલા ચાના બાગોની વચ્ચેનું ભ્રમણ પર્યટકોને પ્રદૂષણરહિત વાતાવરણ પૂરું પાડે છે. રાજામલૈ વનસ્થલી અને મત્તૂપટ્ટી બંધ તથા મોટો ધોધ જોવાલાયક છે. મુન્નારમાં ઊંચા દરજ્જાનાં અને વાજબી ભાવના રહેઠાણોની સુવિધા છે, અને વિમાનમાર્ગે, ગાડીથી કે સડકમાર્ગેથી અહીં સહેલાઈથી પહોંચી શકાય છે. નજીકનું એરપોર્ટ કોચીન એરપોર્ટ છે. મુન્નારથી તામીલનાડુનાં બે મુખ્ય શહેર મદુરાઈ ૧૭૫ કિ.મી. દૂર ને કોઈમ્બતૂર ૧૮૫ કિ.મી. દૂર આવેલાં છે, અને તે સડકમાર્ગથી જોડાએલાં છે. ('યોગક્ષેમ'ને આધારે)



રોજ, ઝાકળ ! આંખમાં આવો નહીં
કાચને નાહકનો ભીંજાવો નહીં;
આમ અનરાધાર શું વરસ્યાં કરો ?
બંધ છત્રી રોજ ખોલાવો નહીં.

('એ'માંથી) -ચિનુ મોદી 'ઈર્શાદ'

દીનાનાથ મંગેશકર

૨૦૦૧ની સાલમાં વિવિધ ક્ષેત્રોનાં જે કેટલાંક કલાકારોની જન્મ-શતાબ્દી આવે છે તેમાં મરાઠી નાટ્યકાર અને સંગીતકાર દીનાનાથ મંગેશકર (૧૯૦૧-૪૨)નો પણ સમાવેશ થાય છે. ભારતીય ફિલ્મ જગતમાં મંગેશકર કુટુંબનું વિશેષતઃ ગીત-સંગીત ક્ષેત્રે પ્રદાન ખાસ જાણીતું છે.

તે પરિવારના આદ્ય સભ્ય દીનાનાથજીએ પોતાના માત્ર ચાર દાયકાના ટૂંકા જીવનકાળમાં એકસાથે અનેક ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા ઝળકાવી હતી. તેઓ શાસ્ત્રીય સંગીતના જ્ઞાતા અને મરાઠી રંગભૂમિના જાણીતા કલાકાર હોવા ઉપરાંત ફિલ્મ-નિર્માતા, સારા ગાયક અને દેશભક્ત પણ હતા.

આવું બહુઆયામી વ્યક્તિત્વ ધરાવનાર દીનાનાથ મંગેશકરનો જન્મ આજથી પૂરી એક સદી પહેલાં ૧૯૦૧માં ગોવાના એક નાનાસરખા ગામ 'મંગેશી'માં થયો હતો, જેના પરથી તેમની અટક મંગેશકર પડેલી છે. પાંચ વર્ષની કુમળી વયમાં જ તેમણે બાબા મલશેકર પાસેથી સંગીતનું શિક્ષણ લેવાનું શરૂ કરી દીધેલું. હજુ તો તેઓ અગિયાર વર્ષના થયા ત્યાં જ 'કિર્લોસ્કર નાટક મંડળી'માં સામેલ થઈ ગયા.

પોતાના પરિશુદ્ધ અને સુરીલા સ્વર તથા પોતાના પ્રિયદર્શી વ્યક્તિત્વ વડે એમણે નાટ્યપ્રેમીઓનાં દિલ જીતી લીધાં હતાં. એવી જ રીતે તે સમયે મરાઠી તખ્તાનું મોટું માથું ગણાતા મહાન રંગમંચકર્મી બાલ ગંધર્વ પણ એમનાથી ભારે પ્રભાવિત થયા હતા. એમણે તો ખુલ્લેઆમ ઘોષણા કરી કે 'પોતાની સંસ્થામાં તેઓ દીનાનાથના પ્રવેશનું તેમના પગ તળે રૂપિયાના સિક્કાની જાજમ પાથરીને સ્વાગત કરશે.'

ફક્ત અઢાર વર્ષની ઉંમરે દીનાનાથે પોતાની 'બલવંત સંગીત નાટક મંડળી'ની સ્થાપના કરી અને રામ ગણેશ ગડકરી લિખિત પ્રસિદ્ધ નાટક 'ભવબંધન'નું મંચન કર્યું. આ નાટકમાં એમણે 'લતિકા' નામક સ્ત્રીપાત્રની ભૂમિકા એટલી કુશળતાથી ભજવી કે એ દિવસોમાં એમનું નામ 'લતિકા'નું સમાનાર્થી બની ગયું ! પાછળથી શ્રી ગડકરીનાં બીજાં બધાં નાટકો પણ એમણે એવી જ કુશળતાથી તખ્તા પર ઉતાર્યાં.



દીનાનાથ મંગેશકરની ટપાલટિકિટ

એક સંગીતાત્મક નાટક 'માન અપમાન'ના પરંપરાગત સંગીતમાં એમણે પંજાબી અને કર્ણાટકી સંગીતશૈલીઓનું મિશ્રણ કરીને આમૂલ પરિવર્તન આણ્યું. આ પરિવર્તનનો એટલો ઊંડો પ્રભાવ પડેલો કે સંબંધિત પાત્રો અને સંગીતપ્રિય શ્રોતાઓએ ધીમે ધીમે જૂના પારંપરિક સૂર

ભૂલીને દીનાનાથ દ્વારા દાખલ કરાયેલી નવી શૈલી અપનાવી લીધી.

નાટ્ય અને સંગીતની સાથોસાથ એમને ફિલ્મ સાથે પણ લગાવ હશે. કદાચ તેથી જ ૧૯૩૫-૩૮ દરમ્યાન તેમના હાથે ત્રણ મરાઠી ફિલ્મોનું નિર્માણ પણ થયેલું. દીનાનાથ ફક્ત ભારતીય શાસ્ત્રીય સંગીતમાં જ પ્રવીણ નહોતા, બલકે સંસ્કૃત અને જ્યોતિષશાસ્ત્રના પણ વિદ્વાન હતા. તેઓ પોતાના અસાધારણ સુરીલા અવાજ થકી મહારાષ્ટ્રભરમાં ખૂબ જાણીતા બન્યા. ('સુરીલો' એ પર્યાય અંગ્રેજી શબ્દ '**Sonorous**' પરથી મૂક્યો છે), જેનો શબ્દકોશમાં અર્થ 'ગાજતો કે પડઘાતો અવાજ' થાય છે.

કલાકાર દીનાનાથ મંગેશકર અડગ રાષ્ટ્રવાદી પણ હતા અને ભારતમાં અંગ્રેજી શાસન ચાલુ રાખવાના વિરોધી હતા. એમણે વીર વામનરાવ જોશીકૃત 'રણદુંદુભિ' અને સ્વાતંત્ર્યવીર સાવરકરકૃત 'સંન્યસ્ત ખડ્ગ' જેવાં નાટકોને લોકપ્રિય બનાવીને દેશની સ્વતંત્રતા પ્રતિ પોતાનો પ્રેમ પ્રદર્શિત કર્યો હતો. આ નાટકોમાં લખાયેલાં કેટલાંક દેશભક્તિનાં ગીતો એમણે એવા મર્મસ્પર્શી જુસ્સા સાથે ગાયેલાં કે એ દિવસોમાં બ્રિટિશ સરકારના ગુસ્સાનો ભોગ બનવું પડેલું.

દુર્ભાગ્યવશ તેઓ પોતાના ૪૧ વર્ષના અલ્પાયુમાં જ ૨૪મી એપ્રિલ, ૧૯૪૨ના રોજ અવસાન પામ્યા. આજે પણ દીનાનાથ મંગેશકરની સંગીત અને સ્વરકલાનો વારસો તેમની ચાર પુત્રીઓ અને હિન્દી સિનેસૃષ્ટિની કોકિલકંઠી પાર્શ્વગાયિકાઓ લતા મંગેશકર, આશા ભોંસલે, ઉષા મંગેશકર અને મીના મંગેશકર તથા એક યશસ્વી સંગીતકાર પુત્ર હૃદયનાથ મંગેશકર સાચવી રહ્યાં છે, જેઓ પોતાના અવિસ્મરણીય ગીત-સંગીતથી ભારતનાં જન-મનનું રંજન કરી રહ્યાં છે.

લલિતકલાની વિવિધ પાંખોનાં ભારતીય કલાકારોની ઉચિત સ્મૃતિ જાળવી રાખવા આપણું ટપાલ ખાતું સમય સમય પર વિશેષ ટપાલ-ટિકિટો પ્રસિદ્ધ કરતું આવ્યું છે. ટપાલ-ટિકિટોના વિશ્વની આ આકાશગંગામાં દીનાનાથ મંગેશકર પણ સામેલ થઈ ગયા છે. એમના માનમાં ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૩ના રોજ (૫૧મી પુણ્યતિથિના વર્ષમાં પ્રાયઃ ૯૨મી જન્મજયંતી પર) ખાસ ટિકિટ બહાર પાડવામાં આવી છે, જે ભારતની ફિલ્મ-વિષયક આઠમી સ્ટેમ્પ હતી.

આછા બદામી રંગમાં છપાયેલી, આડા આકારની અને એક રૂપિયા મૂલ્યની આ સ્મારક સ્ટૅમ્પ પર લલિતકલાનાં શિલ્પોની પાર્શ્વભૂમાં આ યુવા કલાકારની છબી ચિત્રિત છે. જ્યારે ડાબી બીજુ કળાનાં જે ક્ષેત્રોમાં એમણે પ્રદાન કર્યું તે સંગીત (ઢોલક-તંબુર), નાટ્ય (મહોરું) અને ચલચિત્ર (ફિલ્મ-પટ્ટી)નાં પ્રતીકચિહ્નો દર્શાવવામાં આવ્યાં છે.

ટિકિટ ઉપરાંત એમનું નામ અપાયેલ વિલેપાર્લે-પૂર્વ (મુંબઈ-૫૭) સ્થિત 'દીનાનાથ મંગેશકર હૉલ' પણ આ મરાઠી કલાકારની ચિરંજીવ સ્મૃતિ જાળવી રાખી રહેલ છે. -ભરત'કુમાર' પ્રા. ઠાકર

નેતાજી સુભાષચંદ્ર બોઝને ટપાલ ખાતાની શ્રદ્ધાંજલિ

માતૃભૂમિ ભારતવર્ષની સેવા માટે કુરબાની આપનાર અનેક મહાન નરવીરોની પરંપરામાં નેતાજી સુભાષચંદ્ર બોઝનું નામ પહેલી હરોળમાં ગણનાપાત્ર છે. એમના સમર્પણને જનતાએ જયજયકારથી, કવિઓએ કાવ્ય રચીને પ્રશસ્તિથી અને અખબાર-સામયિકોના તંત્રીસંપાદકોએ આદરથી વધાવી લીધું છે.



૧૫ નયા પૈસા, ૫૫ નયા પૈસા અને આઠ આનાની ટપાલટિકિટ

ઓરિસ્સા રાજ્યના કટક શહેરમાં તા. ૨જી જાન્યુઆરી ૧૮૯૭ના રોજ જન્મેલા સુભાષે આરંભનું શિક્ષણ યુરોપિયન સ્કૂલમાં લઈને ૧૯૧૯માં ઈંગ્લંડ જઈ આઈ.સી.એસ.ની પરીક્ષા ચોથે નંબરે માન સાથે પસાર કરી.

ભારત આવ્યા પછી તેમના જીવન પર દેશબંધુ ચિત્તરંજન દાસનાં ત્યાગ ને દેશભક્તિનો ગાહન પ્રભાવ પડ્યો. એમના અગ્રગણ્ય પત્રના સંપાદનની જવાબદારી એમણે સ્વીકારી હતી. પ્રિન્સ ઑફ વેલ્સના ભારત આગમન ટાણે સમગ્ર ભારતમાં એમના બહિષ્કારનો જુવાળ પ્રગટ્યો હતો ત્યારે તેની આગેવાની બંગાળમાં તેમણે લીધી હતી. તેમની પ્રવૃત્તિઓ રૂંધવા માટે તા. ૨૫મી ઑક્ટોબર ૧૯૨૧ના રોજ બ્રિટિશ સરકારે એમને બર્માની માંડલે જેલમાં ગોંધી દીધા, પણ ખરાબ તબિયત થતાં તેમને તા. ૧૭ મે ૧૯૨૭ના રોજ છોડવામાં આવેલા. વળી, ૧૯૩૦માં કાયદા ભંગના અપરાધને લીધે તેમને ફરીથી પકડવામાં આવ્યા. પણ તબિયત બગડતાં તેમણે તબિયત સુધારવા વિદેશ જવાની પરવાનગી માગી ને તે ચાર વર્ષ માટે યુરોપ ગયા. ત્યાંથી પાછા આવ્યા પછી ગુજરાતના હરિપુરા ગામે ભરાયેલ કૉંગ્રેસ અધિવેશનના તેઓ પ્રમુખ તરીકે વરણી પામ્યા. ત્યારે ૧૯૩૯માં ગાંધીજીની ઇચ્છાની વિરુદ્ધ જઈને તેઓ તે અધિવેશનના અધ્યક્ષપદની ચૂંટણીમાં ઊભા રહ્યા હતા ને ગાંધીજીના ટેકાવાળા ડાં. પટ્ટાભિસિતારામૈયાને ૨૦૩ મતોથી હરાવીને ચૂંટાઈ આવ્યા હતા.

ત્યાર બાદ તેમને ફરીથી ભારત સંરક્ષણ ધારા હેઠળ પકડવામાં આવ્યા. પણ જેલમાં આમરણ અનશન કર્યાથી તેમને જેલમાંથી મુક્ત કરીને નજરકેદ રાખવામાં આવ્યા હતા. તે દરમ્યાન તેમણે સમાધિ લેવાની જાહેરાત કરી હતી, પણ એક દિવસ સત્તાવાળાઓની આંખમાં ધૂળ નાખીને તેઓ મૌલવીનો વેશ ધારણ કરી અડધીરાતે ત્યાંથી ભાગી છૂટ્યા હતા. કલકત્તાથી પેશાવર જઈને ઉત્તમચંદની મદદથી મુસલમાનનો વેશ ધારીને કાબૂલ થઈ જર્મની પહોંચી ગયા. ત્યાં જઈને તેમણે ભારતની આઝાદી માટે આઝાદ હિંદ ફોજની રચના કરી હતી ને જપાનની મદદ લઈને તેમણે બર્મા ને મલાયામાં અંગ્રેજોને પીછેહઠ કરી ભગાડ્યા હતા. તેમનું સૂત્ર હતું, 'તમે મને રક્ત આપો, હું તમને આઝાદી આપીશ'. ત્યારે વિશ્વનાં નવ રાષ્ટ્રોએ આઝાદ હિંદ ફોજને માન્યતા આપી હતી. તેમણે એ સેનાનું નેતૃત્વ તા. ૫ જુલાઈ ૧૯૪૩ના રોજ સંભાળ્યું હતું. ૧૯૪૫માં તેમણે બીજું ભારે આક્રમણ કર્યું પણ જર્મનીના પરાજયથી આઝાદ હિંદ ફોજના પાસા અવળા પડ્યા. તેના સૈનિકો પકડાઈ ગયા, વિમાન દ્વારા નેતાજી જપાન જઈ રહ્યા હતા ત્યારે અકસ્માતે વિમાન સળગી જતાં તેમણે ૧૯ ઑગસ્ટ ૧૯૪૫ના રોજ ચિરવિદાય લીધી.

આવા ક્રાન્તિવીર નેતાજીના સન્માનમાં ભારત સરકારે સર્વપ્રથમ તા. ૨૩ જાન્યુઆરી ૧૯૬૪ના રોજ ખાસ ટપાલટિકિટો પ્રકટ કરી હતી :

આઠ આનાની, બાર આનાની તથા એક રૂપિયાની. એમાં હિંદનો નકશો અંકિત છે ને ગુલામીની જંજીર તૂટતી તેમાં બતાવવામાં આવી છે. એની સાથે જ 'ચલો દિલ્હી'વાળી ત્રણ ટિકિટો પણ કાઢી હતી. ભારતીય ટપાલ ટિકિટ ખાતા તરફથી તા. ૨૪ જાન્યુઆરી ૧૯૬૪ના રોજ નેતાજીના ૬૭મા જન્મદિન પ્રસંગે બે ખાસ ટપાલટિકિટો બહાર પાડી હતી. એ પૈકી એક ૧૫ નયા પૈસાની ટપાલ ટિકિટમાં નેતાજી બોઝને આઝાદ હિંદ ફોજના બેજ સાથે ને ૫૫ નયા પૈસાની ટિકિટમાં આઝાદ હિંદ ફોજની સાથે અંકિત કરવામાં આવ્યા છે. છેલ્લે ૧૯૯૭માં ટપાલ ખાતાએ રૂ. ૧૦૦ની ખાસ ટિકિટ કાઢીને તે અમર દેશભક્તને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

-ડૉ. ધર્મેન્દ્ર માસ્તર 'મધુરમ્'

કરમદાં

કરમદીનાં કાંટાવાળાં ઝાડ ડુંગરાળ વનપ્રદેશમાં થાય છે. તેમાં સફેદ ફૂલો અને ફૂલોનાં ચણીબોરથી કંઈક મોટાં લીલાં સહેજ લંબગોળાકાર ફળો થાય છે. કાંટા વચ્ચે લીલાં પાન, સફેદ ફૂલો તથા ફળો આવે છે ત્યારે કરમદીના ઝાડની શોભા જોવા જેવી હોય છે. કાચાં ફળ ખાટાં હોય છે. વનપ્રદેશનાં લોકો તેનું અથાણું બનાવી ખાય છે, અને દાળશાકમાં ખટાશરૂપે વાપરે છે.

કરમદાં પાકે છે ત્યારે કાળાં થઈ જાય છે અને નાનકડી શાલિગ્રામ શીલા જેવાં સુંદર લાગે છે. તેમાં કોફીના દાણા જેવાં પણ તેથી કંઈક નાનાં કઠણ બી હોય છે ને બીજ સહિત પાકેલાં કરમદાં ચાવીને ખાવાની મઝા લૂંટવા જેવી છે. પરંતુ વરસાદના અભાવના કારણે, પાણીની અછત, ખતરનાક બગડેલું પર્યાવરણ અને છેલ્લાં ૫૦ વરસથી મનુષ્યો જે રીતે વનનાં વૃક્ષોની કટાઈ કરી રહ્યાં છે તેને કારણે જંગલનાં ઉત્તમ સ્વાદિષ્ટ ફળો મળતાં હતાં ને ઊપજ શહેરો સુધી પહોંચતી હતી અને નાગરિકો પણ તેનો સ્વાદ લઈ શકતાં હતાં તે વાતો તો આજે જાણે દંતકથાઓ જ બનીને રહી ગઈ છે. ૫૦ વરસ પહેલાંનો એ વખત, ત્યારે ટીમરુ રાયણ, સુક્કી રાયણ-કોકડી, કરમદાં ફળોના સુંડલા ભરાઈને ગામડાં તથા શહેરોમાં વેચાવા આવતાં હતાં અને લોકો તેનો સ્વાદ આસ્વાદતા હતા. આ જંગલી ફળોમાં જે તે સમયે ગરમીના દિવસોમાં લોકોને રાહત થાય તેવા ગુણો અને રોગનો પ્રતિકાર કરવાની શક્તિ પણ હોય છે હાલ આવાં ફળાઉ વૃક્ષો બહુ જ ઓછાં થઈ ગયાં છે અને તેનાં ફળો અદૃશ્ય થતાં જાય છે.

કાચાં કરમદાં દૂધ જેવા સફેદ રસથી ભરેલાં અને ખાટાં હોય છે. તેનો ચીકણો રસ રુચિકારક, ભારે અને કફ કરે તેવો હોય છે. આ કરમદાં જોતાંની સાથે જ મોઢાની વિરસતા જાય છે અને મોઢામાં પાણી છૂટે છે અને તે ખાઈએ છીએ ત્યારે મોઢું રસથી ભરાઈ જાય છે. તે શીઘ્ર તરસ છિપાવવાનું કામ કરે છે.

પાકાં ફળો કાળાં, મીઠાં, રુચિકારક, પચવામાં હળવાં હોઈ પિત્ત તથા વાયુને મટાડે છે.

કરમદીના ઝાડનાં મૂળથી પેટની ચૂંક, મંદાગ્નિ તથા તાવ દૂર થાય છે. અને પેટના કૃમિ તથા વિષનો દોષ મટે છે. સુશ્રુત મુનિએ તેનાં પાકાં ફળ તથા મૂળથી રક્તપિત્તનો રોગ, ધાતુદોષ તથા સર્વ પ્રકારનાં મેદ (ચરબી) અને સોજા દૂર થાય છે.

-વૈદ્ય રમણીકલાલ ઠાકર

બાટ બિચારી ક્યા કરે પથી ન ચલે સુધાર,
રાહ અપની છાંડિકે ચલે ઉજાર ઉજાર.

રવીન્દ્રનાથ ટાગોર યુરોપના પ્રવાસે ગયા હતા ત્યારે તેમને કોઈએ પૂછ્યું : 'હિન્દુસ્તાનમાં કોઈ બીજો મોટો કવિ છે ?' 'ભાઈ, હું પણ કંઈ બહુ મોટો કવિ નથી. પણ અમારા દેશમાં દળની-કાંતની સ્ત્રીઓ, ખેડૂતો કંઈક ગુંજન કરતાં રહે છે. ભારતીય બાળકને કાવ્યના સંસ્કાર ગળથૂથીમાંથી જ મળે છે. ભારત દેશનો અણુએ અણુ કાવ્યમય છે.'

*

કારેલાંનો રસ મધ સાથે મેળવીને પીવાથી લોહીનું શોધન અને શમન થાય છે, અને ચામડીના રોગો થતા નથી.

*

ઉત્તર અમેરિકામાં 'વિનસ ફલાઈ ટ્રેસ' નામનો છોડ થાય છે. જે તેના ખોરાક માટે માખીઓ પકડવાનું કામ કરે છે. આ છોડની નજીક કોઈ માખી આવે તો તેનાં પાંદડાં પર માખી ચોંટી જાય છે અને ગૂંગળાઈને મરી જાય છે.

*

ઈ.સ. ૧૬૬૯માં ભારતમાં ઔરંગઝેબે હિંદુ ધર્મ પાળવા ઉપર મનાઈ હુકમ ફરમાવી ભારે જુલમ ગુજાર્યો હતા.

*

'ડાંક્ટર, આમને ઊંઘમાં નખ કરડવાની ખરાબ આદત પડી ગઈ છે.'

'પણ એમના નખ તો સાજાસમા છે.'

'હોય જ ને!' ઊંઘમાં એ મારા નખ કરડે છે!



ચબૂતરો આકારમાં ચબૂતરો શબ્દ (મહેબૂબ ઝ. સૈયદ)

भवन्ति नम्रास्तरवः फलागमैः,
नवाम्बुभिर्भूमिविलम्बिनो घनाः ।
अनुद्धताः सत्पुरुषाः समृद्धिभिः;
स्वभाव एवैष परोपकारिणाम्

ફળોથી લદાઈ જતાં વૃક્ષો નીચે ઝૂકે છે. વાદળાં પાણીથી ભરેલાં હોય ત્યારે ધરતીની નજીક આવે છે અને સત્પુરુષો સમૃદ્ધિ પ્રાપ્ત થતાં વિનમ્ર બને છે; આમ ઝૂકવું કે નમ્ર થવું એ લોકકલ્યાણ કરનારા સત્પુરુષોનો સ્વભાવ છે.

જુલાઈ ૨૦,૧૯૬૯ના રોજ અમેરિકાના નિલ આર્મસ્ટ્રોંગે અવકાશયાનની બહાર નીકળીને ચંદ્ર ઉપર સૌપ્રથમ પગલાં પાડ્યાં હતાં.

*

જી.ઈ. કંપનીના સ્વિડિશ એંજિનીઅર અર્ન્સ્ટ એફ ડબ્લ્યુ એલેક્ઝાન્ડરસને જાન્યુઆરી ૧૯૨૮માં સૌપ્રથમ ટી.વી. પ્રસારણનો સફળ પ્રયોગ કર્યો હતો.

*

ગણિતગમ્મત

ગણિત-ગમ્મત : ૧૪૨૮૫૭ એવી રકમ છે કે જેને ૧,૨,૩,૪,૫, યા ૬ થી ગુણવામાં આવતાં જે રકમ આવશે તેમાં એના એ અંકો પણ આડા-અવળા આવશે. જેમકે-

૧૪૨૮૫૭	૧૪૨૮૫૭	૧૪૨૮૫૭
x ૧	x ૨	x ૩
૧૪૨૮૫૭	૨૮૫૭૧૪	૪૨૮૫૭૧
૧૪૨૮૫૭	૧૪૨૮૫૭	૧૪૨૮૫૭
x ૪	x ૫	x ૬
૫૭૧૪૨૮	૭૧૪૨૮૫	૮૫૭૧૪૨

*

હૃદયના લોહીના ભ્રમણના કાર્યમાં તેની નબળાઈને નિયમનમાં રાખવામાં ઉપયોગમાં લેવામાં આવતું 'સ્પેસમેકર' સૌપ્રથમ ઈ.સ. ૧૯૫૮માં ઉપયોગમાં લેવામાં આવ્યું હતું.

*

ચીને ઈ.સ. ૧૧૦૦માં સૌપ્રથમ ગનપાઉડરના ઉપયોગવાળા તમંચા અને પિસ્તોલ બનાવ્યાં હતાં.

*

જંતરમંતર એ કોઈ મંતરતંતર નથી, પરંતુ પ્રાચીન વેધશાળાનું નામ છે.

*

સૌપ્રથમ છાપખાનું ઈ.૧૪૭૦માં ફ્રાન્સમાં શરૂ કરવામાં આવ્યું હતું.



જ્યારથી સરકારે એમની ગાડી ઉપરથી ધ્વજ હટાવી લેવાની ફરજ પાડી છે ત્યારથી તે આ રીતે ધજા ફરકતી રાખી પોતાની જાતને વી.આઈ.પી. દેખાડી રહ્યા છે !

*

કલાકણિકા : મૈસૂરમાં તૈયાર થયેલી ઘોડેસવારની કલાત્મક કાંસ્યપ્રતિમા

